# અમૃત મંથન

અમૃત સરિતા પ્રશ્નોત્તરી સ્વરૂપે

## ભાગ-2

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૭૯

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

## જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંત:શત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ:** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ
પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન !

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
**નારાયણભાઈ ગી. ઠક્કર**
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# અમૃત મંથન

## ભાગ-૨

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૧૯

સંસ્થાપકઃ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ-૩૮૦૦૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

## સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

**● પ્રકાશન સમિતિ ●**

*: પ્રેરક - માર્ગદર્શક:*

**● અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ●**

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદઃ ૧૯૮૧)
ઈન્કમટેક્સ એક્ઝેમ્પશન u/s 80(G)5

***પ્રથમ આવૃત્તિ***

પ્રત : ૨૦૦૦

૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી

સં. ૨૦૭૯ મહા વદ અગિયારસ

***સેવા મૂલ્ય*** : રૂ. ૪૦/-

***પ્રકાશક***
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆ 079-27682120
E-mail : info@shriswaminarayandivinemission.com
Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***
મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ
આંબલી ગામ, અમદાવાદ.

# નિવેદન

સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ, અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી, સદ્‌ગુરુઓ, અનાદિમુક્તોને પ્રગટ થવાનો મુખ્ય હેતુ અનંત જીવોને ભગવાનના સર્વોત્તમ સુખનો અનુભવ કરાવી અને ભગવાનના સ્વરૂપમાં જોડવાનો છે.

પરમકૃપાળુ શ્રીજીમહારાજ આ દિવ્ય કલ્યાણકારી કાર્ય જુદાં જુદાં અનેક માધ્યમો દ્વારા કરતા રહે છે. તેમાંનું એક સર્વોત્તમ માધ્યમ છે અનાદિમુક્ત.

અનાદિમુક્તની દિવ્યવાણી અતિ સુખકારી અને કલ્યાણકારી હોય છે. કારણ કે તેમના દ્વારા સ્વયં શ્રીહરિ બોલતા હોય છે.

આપણા સૌના લાડીલા પ્રાતઃસ્મરણીય ગુરુવર્ય અનાદિ મુક્તરાજ શ્રી નારાયણભાઈ ગી. ઠક્કરની અનુભવસિદ્ધ દિવ્યવાણીને ધ્વનિ મુદ્રણના આધારે "અમૃત સરિતા" ગ્રંથ ત્રણ ભાગમાં પ્રકાશિત કરવામાં આવેલો છે. "અમૃત સરિતા" સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન, અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીએ પ્રવર્તાવેલ સર્વોપરી ઉપાસના, અનાદિમુક્તની દિવ્ય સ્થિતિ, ધર્મ-ભક્તિ, જ્ઞાન-ધ્યાન, કાર્ય-કારણ સત્સંગ, સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા વિશ્વધર્મ વગેરે જેવા અનેક ગહન વિષયોથી ભરપુર છે.

**"જે જ્ઞાન આપણા જીવન ઘડતરમાં ઉપયોગી ન થાય તો તેનો અર્થ ખરો? જીવન ઘડતરમાં ઉપયોગી થાય એ જ્ઞાન કામનું."**

- પૂજ્યશ્રી નારાયણભાઈ

જીવન ઘડતર માટે આ દિવ્ય પરાવાણી "અમૃત સરિતા" ને પ્રશ્નોત્તરી સ્વરૂપે આ "અમૃત મંથન" ગ્રંથ ત્રણ ભાગમાં શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન દ્વારા પ્રકાશિત કરતા આનંદની લાગણી અનુભવીએ છીએ. આશા રાખીએ કે આ ગ્રંથ મુમુક્ષુ માટે પ્રભુ પ્રાપ્તિરૂપ અંતિમ મુકામ તરફ દોરી જનારી દીવાદાંડી સમ બની રહે.

સર્વોપરી શ્રીજીમહારાજ, પરમ કૃપાળુ બાપાશ્રી, મહાન સદ્ગુરુશ્રીઓ તથા શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન સંસ્થાના આદ્ય સંસ્થાપક, પ્રેરક, પોષક ને સંવર્ધક એવા અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની પ્રસન્નતા આ ગ્રંથનો અભ્યાસ કરનાર, પ્રસાર અને પ્રચાર કરનાર સર્વે સત્સંગી-બિનસત્સંગી ભાઈ-બહેનો સર્વ કોઈ ઉપર ઊતરે એવી અંતરની અભ્યર્થના.

ઈ. સ. ૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી — **પ્રકાશન સમિતિ**
સં. ૨૦૭૯, મહા વદ અગિયારસ — **શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

# અમૃત મંથન

ભાગ-૨

## ૧૩૨

**કોઈ વખત સંજોગ એવા આવે કે બાહ્ય રીતે સત્સંગનો જોગ ન રહે ત્યારે શું કરવું.?**

જ્યાં બેઠા હોઈએ ત્યાં મહારાજની મૂર્તિ લઈને બેસીએ એટલે મુક્તો તો આવે જ ને? મહારાજ આવે એટલે મુક્તો આવે અને મુક્ત હોય તો ભેગા મહારાજે ય હોય. બરાબર? જો મૂર્તિને બરાબર વળગી રહીએ તો આનંદ આવે. મૂર્તિ સાથે હોય તો જ્યાં જઈએ ત્યાં સુખિયા. ત્યાં બધી સભા ભેગી દેખાય. પછી એમ ન લાગે કે એ સભા નથી ને સત્સંગ નથી ને શું કરીશું એવા વિચાર ન આવે. આ જ્ઞાન થઈ જાય તો આનંદ આવે. જ્યાં જાવ ત્યાં સુખિયા લાગો. એમ ન લાગે કે અહીં સત્સંગ નથી.

## ૧૩૩

**સત્સંગ સભામાં સંતો-મુક્તો દ્વારા બોલનાર કોણ હોય છે?**

શ્રીજીમહારાજ આ સંત-મુક્તો દ્વારા પોતે બોલે છે.

## ૧૩૪

### સત્સંગ સભામાં જવાથી શો લાભ થાય છે?

મહારાજ કહે, આ સત્સંગ સભા થાય ત્યારે હું પૂર્ણ સ્વરૂપે ખૂબ લાભ આપું છું. દિલથી કૃપાવર્ષા કરું છું. માટે આવી સત્સંગ સભા હોય ત્યારે ખાસ હાજર થઈ જવાનો આગ્રહ રાખવો. તો સભામાં ભગવાન એવી કૃપા વરસાવે છે. અન્યથા નહિ. સત્સંગમાં આપણે ભેગા થવાનો આ લાભ છે. સમુહ પ્રાર્થના પણ ઘણી શક્તિશાળી છે. સમુહમાં ભગવાન જે રાજી થાય એ વાત અલૌકિક છે. તો સત્સંગ સભા ગુમાવવી નહિ. દિવ્ય સભામાં સ્વામિનારાયણ ભગવાન કૃપાવર્ષા વરસાવ્યા જ કરે છે.

## ૧૩૫

### સત્સંગમાં એવો ભ્રમ પ્રવર્તે છે કે અબજીબાપાશ્રીમાં માનવાવાળા અબજીબાપાશ્રીને ભગવાન માને છે. તે બાબતે પૂજ્યશ્રી નારાયણભાઈ પોતાના જીવનના પ્રસંગ દ્વારા શું સમજાવે છે?

સ. ગુ. ભગવત્સ્વરૂપદાસજી સ્વામી પાસે એક જણે આવીને એમ કહ્યું કે, આ નારાયણભાઈને ઉપાસના નથી. એ છે મહારાજના મુક્ત, પણ એમને ઉપાસનામાં ફરક પડી

ગયો છે. એમને બોલાવીને તમે સમજાવો. સ્વામી કહે, કેમ એવું કહો છો? તો કહે, તેઓ બાપાને ભગવાન માને છે. તો કહે, બોલાવીએ. બેસો ઘરે હોય તો બોલાવીએ. પછી કોઈને મોકલ્યા એટલે હું આવ્યો. હું ઘેર જ હતો. પછી સ્વામી કહે, આ દરબાર ગરાસિયા (ભક્ત સારા હતા. આજ્ઞા ઉપાસના બરાબર પાળે.) એમ કહે છે કે નારાયણભાઈની ઉપાસના બરાબર નથી. બાપાને ભગવાન માને છે. મેં કહ્યું, અરે દરબાર! બાપા કોણ હતા એ તમને ખબર છે? મહારાજના સંકલ્પથી મહારાજના સુખમાં રહ્યા થકા એ મહારાજના અનાદિમુક્તરૂપે અહીં દેખાયા. એમનામાં રહીને દર્શન આપનારા કોણ હતા? સ્વામિનારાયણ ભગવાન હતા. એ તો મહારાજની મૂર્તિના સુખમાં રહેલા મહા અનાદિમુક્ત હતા. એમણે કહ્યું છે કે આજ્ઞા અને ઉપાસના એ બેમાંથી એક સરખું ન હોય તો ધામમાં ન પહોંચાય. પણ એ બાપાએ જે શિખવ્યું હોય એ હું અવળું સમજ્યો છું? હું તમને કહું જુઓ, સ્વામિનારાયણ ભગવાન સિવાય જો હું કોઈને ભગવાન માનતો હોઉં તો પાંચસો સાધુ ને પાંચસો પરમહંસના સમ છે. આ સ્વામીના સાંનિધ્યમાં કહું છું. અને હવે તમે કહો કે જો તમે જોઈને ખરેખર સાચું કહેતા હો કે મારી ઉપાસના બરોબર નથી. તો તમે એમ કહો કે પાંચસો સાધુ અને પાંચસો પરમહંસના સમ ખાઈને કહું છું કે તમારી ઉપાસના બરોબર નથી. તો હું

તમારી વાત ગ્રહણ કરીશ જાવ. ભલે મારી વાત સાચી હોય. પછી સ્વામી કહે, દરબાર, કેમ જવાબ નથી આપતા? તો તે કહે, સ્વામી, હવે ખ્યાલ આવી ગયો કે એમની (નારાયણભાઈની) ઉપાસના ખોટી નથી, સાચી છે, બરાબર છે. બાપા સત્યમૂર્તિ છે. પછી સ્વામીએ એમ કહ્યું કે, ગોપાળાનંદ સ્વામીનું એક જણ ભજન કરતો હતો. ગોપાળાનંદ સ્વામીએ તેને એમ કહ્યું કે મારા ગુરુ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરો. તો કહે તમે મારા ભગવાન છો. તમે કહેશો તો ય હું એમનું ભજન નહિ કરું, તમારું જ કરીશ. પછી મહારાજે એમ કહ્યું કે સ્વામી, તમારું ભજન કરશેને તો ય એ કલ્યાણમાંથી નહિ પડે. એમ કહી અને તે દરબારને સ્વામીએ એમ કહ્યું. મહારાજે કહ્યું સ્વામી, તમે શું કામ ફીકર કરો છો? તમારું ભજન ભલે કરે એના કલ્યાણમાં જરા ય ફેર નહિ પડે. થઈ રહ્યું ને? શા માટે એમ કહ્યું? એ મૂર્તિરૂપ હતા. એમાં રહીને ભગવાન જ દર્શન દેતા હોય. પછી સ્વામીએ એમ કહ્યું કે, દરબાર, જો કોઈ અબજીબાપાને ભગવાન જાણશે ને તો ય એના કલ્યાણમાં ફેર મહારાજ નહિ પાડે. તમે શું કામ ચિંતા કરો છો? સ. ગુ. ભગવત્‌સ્વરૂપદાસજી સ્વામી આ મૂળી દેશના અને બંને દેશમાં જેમના માટે કોઈ બેમત નથી એવા એ અદ્વિતીય સંત હતા. એમણે આ વાત કરી. પેલા દરબાર કહે કે, મેં એમને (નારાયણભાઈને) સમ ખવડાવ્યા એટલે મને

પાપ લાગ્યું? તો કહે, હા, પાપ જરૂર લાગ્યું. પછી સ્વામી કહે, હવે તમારે કોઈ દિવસ સંકલ્પ ન કરવો તો તે પાપના અપરાધનું પ્રાયશ્ચિત્ત થશે. જો ફરી સંકલ્પ કરશો તો હતું એને એ પાપ ફરી ચોંટશે. આ પ્રાયશ્ચિત્ત છે, બીજું પ્રાયશ્ચિત્ત નથી. પ્રાયશ્ચિત્ત એટલું જ. ભગવાનના સાચા સંત હોય એના વિશે મનુષ્યભાવ લાવી અને એને ખોટા કહેવા એ પાપ છે. બાપાએ એમને સાચું સમજાવ્યું છે. અને તમે એની ઉપાસના ખોટી કીધી. એટલે એનો અર્થ એ થયો કે બાપા પણ ખોટા થયા! તો ગોપાળાનંદ સ્વામી અને મહારાજ બેય ખોટા ઠર્યા, તો કલ્યાણ કેવી રીતે થશે? પછી તો પેલા ભક્ત રડી પડ્યા ને બે હાથ જોડ્યા, આજથી હવે હું કોઈ દિવસ અબજીબાપામાં મનુષ્યભાવ નહિ લાવું. અબજીબાપાનો તો નહિ આવે, પણ એમને મળેલા સાચા સંત હશે એના વિશે પણ મને મનુષ્યભાવ નહિ આવે.

## ૧૩૬

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના અનાદિમુક્ત અને સત્સંગ વિશે કેવો દિવ્યભાવ થવો જોઈએ?

આપણને બધાયને મહારાજે મૂર્તિમાં રાખ્યા છે એ હકીકત છે. એવો દિવ્ય ભાવ જેણે સત્સંગને ને ભગવાન સ્વામિનારાયણને ઓળખ્યા હોય એને વિષે તો થવો જોઈએ ને? ભલે એમને સ્થિતિ ન હોય. કલ્યાણ તો ભગવાન

સ્વામિનારાયણને કરવાનું છે તે એ જરૂર કરશે. એના શરણે આવ્યા એને, જેનો હાથ ઝાલ્યો એને એ મૂકવાના છે? બધાયને એકસરખા સુખમાં રાખી અને આનંદ-કિલ્લોલ કરાવશે.

## ૧૩૭

## શ્રીજીમહારાજે અનાદિમુક્ત દ્વારા મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા છે તે આશીર્વાદ ફક્ત સત્સંગ પૂરતા સીમિત છે?

આપણને મૂર્તિમાં રાખ્યા છે એની એવી તો હા પાડી દેવી કે કોઈ દિવસ ડગે નહિ. જાદવજીબાપાએ હમણાં જ કહ્યું કે ચંદ્ર ફરે, તારા ફરે, પૃથ્વી ફરે પણ આ બાપાશ્રીએ આપેલા -શ્રીજીમહારાજે આપેલા -આ આશીર્વાદ કદી પણ નહિ ફરે. આ આશીર્વાદમાં આખા જગતનો આપણે ભાગ રાખીએ છીએ. કોઈ મનુષ્યને બાકી રાખતા નથી. આપણે એમને જણાવીએ છીએ કે શ્રીજીમહારાજ અને બાપાશ્રી એકે એક મનુષ્યને પોતાની પાસે જ ખેંચી લેવાના છે. ભલે પછી તે અમેરિકન હોય, અંગ્રેજ હોય કે રશિયન કે ચાઈનીઝ હોય કે ગમે તે ધર્મના હોય, પરંતુ તે બધા જ પોતાના જ જીવ છે. જેમણે જુદા જુદા ધર્મો સ્થાપ્યા છે એ ધર્મ-સ્થાપકોને પણ વહેલા મોડા આ મૂર્તિના સુખમાં ખેંચી લાવશે એ નિશ્ચિત છે. જે નાની પેઢી છે એ જોઈ શકશે અને

જે પેઢી અદૃશ્ય થશે એ દિવ્ય સ્વરૂપે દેખશે.

## ૧૩૮

**સત્સંગમાં અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી અને તેમના ગ્રંથો માટે અણસમજણ પ્રવર્તે છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

સત્સંગમાં જૂની ગ્રંથિને લઈને, જૂની પ્રણાલિકાની બહુ સમજ નહિ હોવાથી ગરબડ પેદા થઈ છે. મન એ એવું ખરાબ છે કે એક વાર એમાં એક વસ્તુ ઘૂસી જાય તો એને બહાર કાઢવી બહુ કઠણ પડે છે. ઘણી વાર તો વર્ષો જતા રહે. કોઈને એમ સંકલ્પ થાય કે શ્રીજીમહારાજના પડખે અનાદિ મુક્તરાજની મૂર્તિનું સ્થાપન કે પધરાવવી શા માટે જોઈએ? હું એમ કહું છું કે એ ખાસ જરૂરી છે. જો ભગવાનના સંકલ્પથી કોઈ મુક્ત પૃથ્વી ઉપર પધારે અને એમના સમાગમમાં આવ્યા હોય તેઓ શ્રીજીમહારાજની પડખે અનાદિમુક્તની મૂર્તિ પધરાવે એમાં હું કોઈ જાતનું ખોટું નથી જોતો. ભારતની સંસ્કૃતિ પ્રમાણે સીતા-રામ, રામ-લક્ષ્મણ-સીતા. લક્ષ્મણજી અને સીતાજી એ ભગવાન નથી એ સેવક છે. એ બંને માટે આપણે એમ કહી દઈએ કે આખા ભારતમાં સીતાજી અને લક્ષ્મણજીને સેવક તરીકે રામચંદ્રજી પાસે નહિ પધરાવો. તો ચાલશે ખરું? નહિ ચાલે. મહારાજ અને તેમના અનાદિમુક્ત હંમેશાં સાથે હોય છે.

અનાદિમુક્ત પાસેથી ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ સુધી લઈ જઈ અને જોડી દે છે તેવી પ્રેરણા મળે છે તો શા માટે નહિ લેવી? સીતાજી પાસે શું મળે છે? દિવ્ય પ્રેરણા મળે છે. રાધાજી અને લક્ષ્મીજી પાસેથી પણ દિવ્ય પ્રેરણા મળે છે. એ કંઈ થોડા ભગવાન છે?

કૃષ્ણ અવતાર એ સૌથી મોટો અવતાર છે, પણ સાથે રાધાજી ન હોય તો ખોટ લાગે છે, ખામી લાગે છે. અત્યારે બધી જગ્યાએ જુઓ રાધા અને કૃષ્ણ. રાધાજી તો ઊભા જ હોય. કોઈ એવી ભૂલ નથી કાઢતું કે રાધાજીને ન પધરાવાય.

મહારાજના અનાદિમુક્ત જેને મૂર્તિમાંથી ભગવાને પ્રગટ કર્યા. પોતાની દિવ્ય સ્વરૂપવાળી મૂર્તિના સ્વરૂપને સમજાવાને માટે. તેઓ એક મૂર્તિ પાસે ખાલી ઊભા રહે તો મગજમાં ગરબડ થાય. અને એમ થાય કે ઉપાસના ભંગ થયો. આ કંઈ બુદ્ધિ છે? ભણેલા-ગણેલાઓ, પીએચ.ડી. થયેલાઓ પણ આ ગ્રંથિથી પીડાય છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ આવા દિવ્ય મુક્તો પધરાવી શકાય. પાછા એની દલીલ શું કરે છે એ ખબર છે? એમના સેવકની મૂર્તિ પધરાવેને તો ઉપાસના ભંગ થઈ જાય. અનાદિમુક્ત સેવક કહેવાય અને મહારાજ સ્વામી કહેવાય. તો રામચંદ્રજી સાથે સીતાજીને રાખ્યા તો તુલસીદાસજીની ઉપાસના ક્યાં રહી? તો પેલાને કહોને? આ વૈજ્ઞાનિક સાદું-સીધું સત્ય સમજ્યા વગર

સત્સંગમાં ગરબડ ઊભી કરે. અને એ ભગવાનની મૂર્તિનું સુખ ન આવવા દે. મને ખબર નથી પડતી કે આ વૈજ્ઞાનિક યુગમાં આવી ગેરસમજ કેમ ચાલે છે? શું મગજ જડ થઈ ગયા છે? બોલો? વાત ખોટી હોય તો જવાબ આપો.

એક જણે મને એમ કહ્યું કે બધાય પોતાના ગુરુને ભગવાન સાથે મૂકી દે. ત્યારે હજારો વર્ષ થઈ ગયા છતાં રાધાજી અને લક્ષ્મીજીની જગ્યાએ બીજા કોઈ ગુરુને પધરાવ્યા? અરે એવા મામૂલી ગુરુને કોઈ પધરાવતું હશે? જરાક તો વૈજ્ઞાનિક રીતે સમજીએ. અરે એક જરા અભણ હોય એ પણ ન પધરાવે. જેનામાં માલ ન હોય એવા ગુરુને બેસાડી દે કોઈ? એ તો જે ભગવાનના સંકલ્પથી પધાર્યા હોય એ મહારાજ પાસે ઊભા રહે. અને દિવ્ય પ્રેરણા આપે એ શા માટે ન લેવી? આ તો ભારતની સંસ્કૃતિ છે એમાં ઉપાસના ક્યાં જતી રહી? ઉપાસનાનો અર્થ પણ ખબર ન હોય એવા ગતાગમ વગરના હોય છે. ઉપાસના કોને કહેવાય? નિશાન ચૂકવું નહિ અને મુકામ મુકવો નહિ. નિશાન એટલે આજ્ઞાઓ ચૂકવી નહિ અને મુકામ કહેતા ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ. એ મુકામ એક જ રહે. પછી કોઈ આજ્ઞા કે ઉપાસનાનો ભંગ થયો કહેવાય?

એમ અનાદિમુક્ત તો મહારાજની મૂર્તિમાં રહીને મૂર્તિમાં લીન થઈ જાય છે. પછી ઉપાસ્ય મૂર્તિ તો એક શ્રીહરિ જ રહે છે. ક્યાં ઉપાસના ભંગ થઈ? શું ઉપાસના?

અરે ધ્યાનમાં પૂરી મૂર્તિ ન દેખતા હોય અને ઉપાસના-ઉપાસનાની ખોટી માથાકૂટ કરતા હોય. એક પાંચ મિનિટ જો મૂર્તિ નખ-શીખા જોવી હોય તો પણ શક્ય બનતું નથી. અને સમજ્યા વગરની ઉપાસનાના મોટા થોથાની વાતો કરે. એક ને એક બે જેવી વાત હોય તેમાં આમ ચાળા કરે, આમ ચૂંથણા કરે તેમાં કશું જ ઠેકાણું હોય નહિ. મને નવાઈ લાગે છે કે મેં જ્યારે આવી વાત કરી ત્યારે એક લાખ માણસની મેદનીમાંથી એક પણ જણે વિરોધ ન કર્યો. એનો અર્થ તો એ થયો કે એ પાછળથી ગરબડ કરે છે. કારણ કે, એક વાર મગજમાં ગ્રંથિ પડી ગઈ હોય ને એ કાઢે તો નાના દેખાય. કે ભાઈ હવે કાઢીશ તો એમાં પ્રતિષ્ઠા નહિ રહે. એટલે પકડ્યું ઠૂંઠું મૂકે જ નહિ.

હવે એક વાત કરું. આ દિવ્ય સભા છે. એમાં આખા ભારતમાંથી કોઈ પણને પ્રશ્ન પૂછવો હોય તો પૂછે કે આમાં કોઈ ઉપાસના ભંગ છે? ચાલો, આપણા શાસ્ત્રોમાં પણ છે. વૈજ્ઞાનિક રીતે એક વત્તા એક બરાબર બે, નહિ કે ચાર. એવી જ વાત કરવી. એવી જ ન કરીએ? તો પછી શાસ્ત્રોના ચૂંથણા કરવા જ ન પડે. એવા ભગવાનના અનાદિમુક્ત આ પૃથ્વી ઉપર કોઈ યુગમાં એકાદવાર જ આવે. બાપાશ્રી શું કહેતા કે મહારાજ અમને જે બ્રહ્માંડમાં મોકલે ત્યાં જઈને અમે મહારાજની સર્વોપરીતાનો ડંકો વગાડીએ છીએ. સર્વોપરીનો ડંકો વગાડવો સહેલો છે? ત્યારે એ કામ પોતે

કર્યું. ભગવાનની જેમ આપણા ઉપર કૃપા વરસાવી. ભગવાને જે કાર્ય એમણે સોપ્યું તે એમણે પાર ઊતાર્યું. તો એ અનાદિમુક્તનું સ્વરૂપ સાથે રહે. જેમ રામ-લક્ષ્મણ અને સીતાજી શોભે છે. અવરભાવની દૃષ્ટિએ કહીએ તો એ બે ન હોય તો ખોટ જણાય છે અને પરભાવની દૃષ્ટિએ સર્વ સેવકો ભગવાનને લઈને શોભે છે.

ભગવાન એમ કહે છે કે મારા મુક્તો એ મારો શણગાર છે, આભૂષણ છે. એમના લીધે તો હું શોભું છું. આવી પ્રેમ વર્ષા કરે છે. પોતાના મુક્ત કેટલા વહાલા છે વિચાર કરીએ. અને એમ કહ્યું, સંત તે સ્વયં હરિ. એ સંત તો સેવક છે. એમ કેવું સરસ વહાલ બતાવ્યું. સંત તે હું ને હું તે સંત. આવું ભગવાન બોલે છે. ભગવાન સાથે રસબસ થઈ જવાય ત્યારે ભગવાનની વાણી સમજાય. તો બાપાશ્રીની મૂર્તિ ત્યાં પધરાવી છે એ મારી દૃષ્ટિએ અને ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ બિલકુલ ઉચિત છે. એનો શું વાંધો છે? જ્યારે ત્યારે આ જડતા કાઢવી પડશે. મૂર્તિ મુખ્ય આવવી જોઈએ. પછી ક્યાં રહ્યું? જો ચૈતન્યમાં શ્રીજીમહારાજ સિવાય બીજું કાંઈ ન હોય તો ઉપાસના ભંગ કહેવાય ખરો? બોલો? ના. નથી. ચૈતન્યમાં એક શ્રીહરિની મૂર્તિ ધર્મ-ભક્તિના પુત્રની જ રહેવી જોઈએ.

મહારાજ તો એમ કહેતા હતા કે અમે તો કોઈના પુત્ર નથી. અમે કોઈના બાપ નથી. છતાં અવરભાવની દૃષ્ટિએ

એમ કહેવાય કે ધર્મ - ભક્તિ સૂત શ્રીહરિ. એ મૂર્તિ જ ચૈતન્યમાં પધરાવવી. બાપાએ કહ્યું છે, શ્રીહરિની મૂર્તિ એ આપણો મુકામ છે. અક્ષર કોટી સુધી કોઈ મુકામ નથી. એમાં રહેતા જ નથી. એવા આશીર્વાદ આપી દીધા. હવે એ દિવ્ય સ્વરૂપ અનાદિ મહામુક્તરાજ મહારાજ સાથે રાધાજી-કૃષ્ણની જેમ માને તો કેટલું સારું! તો આ ખોટી સમજણ સારા ય સત્સંગમાંથી કાઢવાની જરૂર છે. અને એવી માથાકૂટ કરે છે કે આ ગ્રંથ આમ છે તેમ છે. વચનામૃતનું નાંકુ સમજતાં ન આવડતું હોય. એક વચનામૃત વાંચીને પૂછીએ તમે કાંઈ સમજ્યા? તો એવી વાત કરે કે... હમણાં એક વાત ન કરી એક સાધુ આવ્યા હતા. આવી વાતો કરે. એટલે ભગવાન અને ભગવાનના અનાદિમુક્તનો વિરોધ કરતા પહેલાં સો ગરણે પાણી ગાળવું જોઈએ. નહિતર ક્યાંથી થાય? આવડા મોટા મુક્તનો સહેજ પણ અપરાધ થઈ જાય તો મોક્ષનું દ્વાર બંધ થઈ જાય. મૂર્તિ દેખાય જ નહિ.

ગોપાળાનંદ સ્વામીના મોટામાં મોટા એક શિષ્યએ મહાનુભાવાનંદ સ્વામી વિશે સંકલ્પ કર્યો, સ્વામીને વિશે આમ છે, તેમ છે એવું બોલ્યા હતા, તો મૂર્તિ જતી રહી. અંધકાર છવાયો. એ તો જ્યારે એણે મહાનુભાવાનંદ સ્વામી પાસે જઈ ક્ષમા માંગી ત્યારે પાર આવ્યો અને અંતરમાં મહારાજ દેખાયા.

## ૧૩૯

## ધર્મશુદ્ધિ વગર વહીવટશુદ્ધિ હોય ખરી? અને છેવટની સમાધિ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

જ્યાં ધર્મશુદ્ધિ હોય, ત્યાં વહીવટશુદ્ધિ હોય જ. કારણ કે ધર્મ વહીવટને અણીશુદ્ધ રાખે. વહીવટશુદ્ધિ ધર્મશુદ્ધિ વગર શક્ય નથી એ હકીકત છે. મને તો એક જ વાત આવડે કે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપમાં રહેવું. બીજું કાંઈ આવડે નહિ. આડું-અવળું બોલાય, એક વાત પહેલા બોલાય ને એક વાત પછી બોલાય. પણ એક વાત તો નક્કી કે ભગવાનની કૃપા એવી છે કે એનું સ્વરૂપ મને એક ક્ષણ પણ ભૂલવા દેતા નથી. એવી કૃપા આપણા બધા ઉપર વરસી છે. નિર્ગુણદાસજી સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે સ્વામી! મને કેમ સમાધિ નથી કરાવતા મહારાજ? ગોપાળાનંદ સ્વામી કહે, સ્વામી! સમાધિ બે પ્રકારની છે. એક છેવટની સમાધિ અને એક નજીકની સમાધિ. જે બીજાને કરાવીએ છીએ એ નજીકની સમાધિ છે. કારણ કે, એ નજીકની સમાધિ જ જીરવી શકે અને તમને સમાધિ કરાવીએ તો એ છેવટની સમાધિ થાય તો તમે તો એ જીરવો એટલે એમાંથી નીકળો જ નહિ. પછી આ કામ કોણ કરે?

## ૧૪૦

## બાહ્યવૃત્તિ અને અંતરવૃત્તિએ ભક્તિ કરવામાં શું ભેદ છે? અને એ બંને ભક્તિમાંથી કઈ ભક્તિ શ્રેષ્ઠ છે?

કેવળ બાહ્યવૃત્તિ નહિ, અંતરવૃત્તિથી ખુશી મળે છે. આંતર શું તો જો ભક્તિ બહારથી કરીએ એના કરતાં આંતરિક કરીએ તો આડંબર અને દંભ ન થાય. આપણાથી એટલું ન થાય? બીજા આપણી ભક્તિ કે અંગ વખાણે એમાં નુકસાન કોને? આપણને. એટલા માટે ભક્તિ અંદર કરવી. મહારાજના સ્વરૂપમાં રહીને ભક્તિ કરીએ એ કોને ખબર પડે? બાપાશ્રીએ કહ્યું છે કે છ મહિનામાં સાક્ષાત્કાર થઈ જાય. બરોબર છે. એ કઈ રીતે થઈ શકે? આખું જીવન બાહ્યવૃત્તિમાં જાય, પણ કોઈ પ્રાપ્તિ ન થાય. પણ બાપાશ્રીએ કહ્યું છે તેમ છ મહિના અંતરવૃત્તિએ ધ્યાન કરે તો સાક્ષાત્કાર થાય.

## ૧૪૧

## શ્રીજીમહારાજ પ્રત્યે પતિવ્રતાની ટેક-ભક્તિ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

હું તો સારા ય સત્સંગના સંતોને કહું કે જ્યાં સારું મળે, ત્યાં જવામાં મુશ્કેલી ક્યાં? હનુમાનજીને મોતીનો હાર

પહેરાવ્યો તો કહે મને જોવા દો. તો જે મોતીમાં રામનું નામ ન જડે એ ફેંકી દે એવી પતિવ્રતાની ભક્તિ હોવાને લીધે અત્યારે હનુમાનજીની પ્રતિષ્ઠા બધે ય થઈ રહી છે. માટે આપણે સર્વોપરી ભગવાન સ્વામિનારાયણના પતિવ્રતા ભક્તોને એવું જ હોવું જોઈએ કે ભગવાન સ્વામિનારાયણ સિવાય આપણી દૃષ્ટિમાં બીજું કાંઈ દેખાવું જોઈએ નહિ. અહીંયા જુઓ, ભગવાન સ્વામિનારાયણ જ દેખાય છે કે બીજું કોઈ? આપણે તુલસીદાસ જેવા બનવાનું. અરે! તુલસીદાસે ભગવાન કૃષ્ણને પણ કહી દીધું કે તમને આ મસ્તક નહિ નમે પ્રભુ! રામચંદ્રજી ભગવાનનું સ્વરૂપ ધારણ કરો, ધનુષ-બાણ હાથમાં લો, તો જ આ મસ્તક નમે, નહિતર નહિ નમે. એવા પતિવ્રતાના અંતરમાં કોઈ અસ્થિરતા આવે ખરી? અરે! કૃષ્ણભગવાને આનંદથી સ્વરૂપ બદલી નાખ્યું! તો આપણને તો રામકૃષ્ણાદિક અવતાર નહિ, પણ અવતારી એવા ભગવાન સ્વામિનારાયણ મળ્યા, તો પછી આપણી પતિવ્રતાની ટેક કેટલી હોવી જોઈએ? અરે! આભ તૂટી પડે તો ય શું? ગમે તેવા સંજોગો ભલે આવે. સંજોગો તો બદલાતા જ રહે. ભગવાનની કળ પ્રમાણે સંજોગો ન બદલાય? જરૂર બદલાય, પણ આપણી જે દૃઢતા, આપણું જે વલણ તે ન બદલાય. જો એ બરાબર દૃઢ થઈ ગયું હોય તો સંજોગો એને શું કરે? આત્માને - ચૈતન્યને ક્યાં કંઈ અડવાનું જ છે? બસ

એ રીતે દઢતા રાખવી.

ભગવાન સ્વામિનારાયણે તો એમ કહ્યું કે શાહુકાર પાસે જેમ રાંક હોયને! એમ દેવો ભગવાન આગળ ગૌણ છે. ભગવાને તો બધાયને એક બાજુ મૂકીને એમ કહી દીધું કે હવે તમારે કોઈનું સ્મરણ કરવાની જરૂર નથી. માત્ર સ્વામિનારાયણ નામનું ભજન કરવું. મારા નામની અંદર બધા જ અવતારોના નામનો સમાવેશ થઈ જશે. એ ભગવાન સ્વામિનારાયણ આપણને ઓળખાયા. ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે જે રીતે હું ભગવાન સ્વામિનારાયણને જોઉં છું ત્યારે મને એમ લાગે છે કે ભગવાનનું પ્રાગટ્ય એ થોડા માટે નથી, પણ સારાય વિશ્વમાં ધીરે ધીરે પ્રસરી જશે અને એમણે એમ કહ્યું કે હજી તો પાંદડે-પાંદડે ભજન થશે. પાંદડે-પાંદડે ભજન કેવી રીતે થાય? સત્સંગ કરાવવો એ સિવાય કોઈ વિકલ્પ ખરો? પાંદડામાંથી સ્વામિનારાયણ - સ્વામિનારાયણ દિવ્ય નાદ નીકળે તો બધાને આશ્ચર્ય થાય કે આ શું? પણ મોટા પુરુષ - સત્પુરુષ બોલે છે એ વાક્ય કોઈ દિવસ ફરતું નથી. ત્યારે, જરૂર પાંદડે-પાંદડે ભજન થવાનું છે. એ એક સમયની વાત છે. સમય તો તમે જુઓને વૈરાજ પુરુષનો દિવસ અને રાત્રિ ગણો તો આપણો કોઈ મેળ ખાય ખરો? હું તો બધાયને કહું કે હવે તમે બધું જ છોડીને ભગવાન સ્વામિનારાયણને અને એમના સંતોને વળગી પડો. ત્યાં તમને બધું જ મળી રહેશે.

# ૧૪૨

## ભગવાનની સાચી ભક્તિ કરી ક્યારે કહેવાય?

આ બધાયની વચ્ચે આપણે ચોરી કરીશું ખરા? ચોર ચોરી કરે બધા હોય ત્યારે? નહિ કરે. બધા અંધારામાં હોય ત્યારે એ ચોરી કરીને ચાલ્યો જાય. ત્યારે ભગવાન હાજર છે, સદાય નિરંતર હાજર છે, એની હાજરી અખંડ છે. જો એવું સમજાય તો કોઈ પણ ખોટું કાર્ય ન થાય. ચોરીનું કર્મ પણ ન થાય. અપ્રમાણિકતા પણ ન થાય. કોઈના વિશે ખોટો સંકલ્પ પણ ન થાય. કોઈના વિશે અદેખાઈ પણ ન થાય. કોઈની ઈર્ષા પણ ન આવવી જોઈએ. ત્યારે પ્રભુનો સંબંધ આનું નામ કહેવાય. પ્રભુનું રૂપ ધાર્યા કરીએ અને ગુણ એકે ય ન આવે તો એ તો યાંત્રિક વસ્તુ થઈ. ભક્તિ કરીએ અને પ્રભુના એકે ય ગુણ આવે નહિ તો એ ભક્તિની ફળશ્રુતિ શું? આત્માનું કલ્યાણ તો ત્યારે જ થાય કે પરમેશ્વરનું ભજન કરતાં કરતાં પરમેશ્વરના કલ્યાણકારી ગુણો આપણા જીવનમાં ઉતરે તો પ્રભુની ભક્તિ સાચી. પ્રભુની ભક્તિ નિષ્કામ ભક્તિ હોવી જોઈએ, કોઈ પણ ઈચ્છા વગરની.

## ૧૪૩

**ભગવાનની ભક્તિ કરતા માર્ગમાં કેવા વિઘ્નો આવે છે?**

ભક્તિ માર્ગ લાં...બો માર્ગ છે. કેટલી...ય વિધિ બતાવે. આમ કરવું..., આમ કરવું... એ કરતાં કરતાં પછી કાર્યમાં ગૂંચવાઈ જવાય. બરાબર? ભક્તિ કરનારા ભક્તિ મૂકી સાધનમાં જ પડ્યા રહે. ભક્તિ કરો તે બધાને ખબર પડેને? દેખાયને? ભક્તિ કરીએ તે દેખાયને? માળા ફેરવીએ, જમાડીએ, કીર્તન બોલીએ એ બધું દેખાય. દેહભાવ ત્યારે જ આવે કે જ્યારે આપણી ભક્તિ બીજા દેખે. અને બીજા દેખે એટલે આપણી પ્રશંસા કરે. પછી એનો ગર્વ આવે કે હું ભક્તિવાળો છું. એમ મોટાઈ આવતા હંમેશાં થોડીક ઉન્મતાઈ વધે. ઉન્મતાઈ એટલે હું, I am something. આમ ભક્તિ માર્ગમાં આવા વિઘ્ન હોય છે.

## ૧૪૪

**પૂજ્યશ્રી નારાયણભાઈએ આપણને ભગવાનની ભક્તિ કઈ રીતે કરતા શીખવ્યું છે?**

ભક્તિ કરવી એ ગુપ્ત રીતે કરવી. કોઈને ખબર જ ન પડે કે હું ભક્તિ કરું છું. મહારાજની મૂર્તિમાં જોડાઈ જઈએ તો એમાં કોઈ શું જાણે? આપણે જ જાણીએ એકલા. મૂર્તિ

સાથે જોડાઈએ એટલે અહમ્ ન આવે. કારણ કે મહારાજ કર્તા થઈ જાયને? હું દાસ ને મહારાજ સ્વામી એવું વર્તે. એટલે અહંભાવ જતો રહે. દેહભાવ જતો રહે. આપણે મનમાં ચિંતવન કરવું હું કાંઈ નથી, મહારાજનો દાસ છું. I am nothing but the humble servant, humblest servant. Servant of the humblest servants of Lord Swaminarayan. ભગવાન સ્વામિનારાયણના દાસનો દાસ છું. એવું અખંડ વર્તે તો આનંદ આવે. આપણી ભક્તિ બીજા દેખે એટલે પ્રશંસા કરે. પણ એ પ્રશંસા કોની થાય છે? મહારાજની ભક્તિ કરીએ છીએ તે ભક્તિની પ્રશંસા થાય છે. આપણી થતી નથી. એમ સમજણ તે વખતે રહેવી જોઈએ, એટલે મહારાજની ભક્તિ કરવી તો અંદર વધુ કરવી. ગુપ્ત રીતે. કોઈને ખબર જ ન પડે કે આપણે મહારાજની મૂર્તિમાં ગૂંજન કરીએ છીએ.

## ૧૪૫

**બાહ્યવૃત્તિ કેવી રીતે કાઢવી જોઈએ? અને બાહ્યવૃત્તિ ટળી જાય ત્યારે કેવું લાગે છે?**

આપણે મહારાજના દિવ્યસ્વરૂપમાં છીએ જ એવું અનુસંધાન, એવી અખંડ સ્મૃતિ, તેલધારા વત્ વૃત્તિ થવી જોઈએ. બાહ્યવૃત્તિ સદંતર કાઢી નાખીએ તો એવું ન લાગે કે આપણે અક્ષરધામ સિવાય બીજે છીએ. જ્યાં જઈએ ત્યાં

અક્ષરધામ. બધાનું સારું થાય ને? ભલે થાય. આપણે દેહભાવ લાવવો નહિ.

## ૧૪૬

## શ્રીજીમહારાજને અંતર્વૃત્તિએ થાળ ધરાવવા વિશે એક છોકરાના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બાહ્યવૃત્તિ અને અંતર્વૃત્તિ બેય દુશ્મન છે. અંતર્વૃત્તિ સામે બાહ્યવૃત્તિ માયા છે. અત્યાર સુધી આપણે જન્મો-જન્મથી બાહ્યવૃત્તિ કરતા આવ્યા છીએ. એટલે જલદી અંતર્વૃત્તિ થવા નથી દેતી. એની સામે અંતર્વૃત્તિ બળવાન છે હોં. બાહ્યવૃત્તિ એ ઘણા બધા વખતથી કંઈક બળવાનપણું દેખાડે છે, પણ અંતર્વૃત્તિ એ સર્વોપરી બળ છે. એટલે કોઈ વાર બાહ્યવૃત્તિને હટાવી નાંખે છે. તો એ બાહ્યવૃત્તિને હટાવી નાખવાની. કામ-કાજ બધું કરવાનું. મહારાજ ક્યાં કહે છે કે કામ ન કરો. બધું કરો. બધા પ્રત્યે ફરજ બજાવવાની. પણ પ્રતિલોમ ધ્યાનથી. મહારાજ કહે છે એવા ધ્યાનની સ્થિતિ થઈ એટલે બધું પતી ગયું. મહારાજ બધું જ કરે. અને પછી એવી સ્થિતિ થાય કે દોષો ક્યાં આવવાના? ઊભા રહે ખરા? જાય ભાગ્યા.

અંતર્વૃત્તિવાળાને ધ્યાન-ભજનની એ મજા છે. ત્યારે મહારાજને સંભારી મહારાજનું સ્મરણ કરવું. તો બધા સંમત

થતા હોય તો જાહેર કરી દઉં. આપણે આ સારીયે સભા મહારાજની મૂર્તિમાં રહેલા મુક્ત છે બરાબર? મુક્તનાં દર્શન મહારાજથી નોખા ક્યાં છે? આપણા ઘરે મહારાજની દિવ્ય મૂર્તિ છે. જુઓ આપણે રોજ થાળ ધરાવીએ છીએ તે અમથો-અમથો ધરાવીએ છીએ? કહો? મહારાજ જમે છે એ વાત ચોક્કસ છે. જો ન જમતા હોય તો ધરાવવાની ક્યાં જરૂર છે? પરંતુ મહારાજ જમે છે. એક છોકરો હતો. આ વાત તમને બધાને ખબર છે. એ છોકરાનો બાપ રોજ ભગવાનને થાળ ધરાવે. એને બહારગામ જવાનું થયું. એના છોકરાને કહ્યું, ભગવાનને જમાડ્યા વિના જમતો નહિ હોં. છોકરો કહે, હા, બાપુજી. ભગવાનને જમાડીને જ જમીશ. બાપા ગયા ગામ. પાછળથી છોકરાની માએ થાળ તૈયાર કરી આપ્યો. થાળ લઈને છોકરો ભગવાનની મૂર્તિ પાસે જઈ ભગવાનને કહે, ભગવાન જમો. એના બાપુજી આડો પડદો રાખતા તેથી એણે પણ પડદો રાખ્યો, કે ભગવાન શરમાય છે એટલે પડદો રાખો, તો જમે. પછી ભગવાનને કહે, ભગવાન, શરમાતા નહિ હોં? ખૂબ સારી રીતે જમજો. કાંઈ જોઈએ તો માંગજો. એમ પાછો કહે. એને એમ કે ભગવાન સાક્ષાત્ જ છે. એટલે ફરી પડદામાંથી જુએ ને કહે, ભગવાન, કાંઈ જોઈએ છીએ? ભગવાન બોલે નહિ એટલે એને એમ થાય કે ભગવાન જમે છે. પછી જોયું તો થાળ એમનો એમ હતો એટલે કહે, ભગવાન કેમ ન જમ્યા?

મારા બાપા જમાડતા હતા ત્યારે જમતા હતા અને આજે જમ્યા નહિ? ન કેમ જમો? ભગવાન પ્રતિમાભાવે વર્તતા હતા. એવી રીતે રહેવાનો સંકલ્પ કર્યા પછી એ દૃષ્ટાંત પૂરું પાડવા માટે ભગવાન પ્રતિમારૂપે વર્તે છે, પરંતુ સાક્ષાત્ અંદર બિરાજે છે. પછી એ છોકરાએ વાત લીધી કે તમે ન જમો તો હું ન જમું. એ બે દિવસ સાવ ભૂખ્યો રહ્યો. પછી કંટાળ્યો. પછી લાકડી લીધી આજ તો મારીશ. ન જમો તો સોટીએ-સોટીએ હું ઢીબી નાંખીશ. પછી તો મૂર્તિ હાથમાં બરાબર લીધી. ભગવાનને એમ થયું કે હવે લીલા કરીશું અને મારી મૂર્તિને મારે તો એને અપરાધ થઈ જાય. અને આ છોકરાને તો કાંઈ ખબર નથી. એટલે મહારાજ કહે, એલા છોકરા જમું છું તું લાકડી હેઠી મૂકી દે. છોકરો કહે, લો ત્યારે સારું હોં ભગવાન લાકડી હેઠી મૂકી. જમો. જેમ બાપ છે એ દીકરાને જમાડ્યા વગર જમે? ત્યારે મહારાજ કહે, તું પણ મારી પડખે બેસ. એને પણ થાળીમાં ભગવાને બધું આપ્યું. અને કહે, જમ તું. છોકરો કહે, ભગવાન, તમે જમો મારા બાપાએ કહ્યું છે કે, ભગવાનને જમાડીને જમજે. મહારાજ કહે, ભલે લે હું જમું છું હવે તું પણ જમ. બંને જમ્યા. પછી છોકરાનો બાપ આવ્યો એટલે બંધ થઈ ગયું. પછી છોકરો કહે, બાપા, ભગવાન તો મને પણ જમાડતા હતા. તમને જમાડતા હતા? બાપા કહે, ના ભાઈ, મને તો કોઈ દિવસ જમાડતા નહોતા. છોકરો કહે, તમે એમને જમાડતા ત્યારે

તમારું નહોતા જમતા? બાપા કહે, મારી સાથે જમતા નથી. તારી ભેગા જમતા હતા? છોકરો કહે, અત્યાર સુધી જમતા હતા. આજે જ જમતા બંધ થઈ ગયા.

ભગવાન કહે છે કે, એમ ન સમજો કે આ ચિત્રામણ છે. હું સાક્ષાત્ પુરુષોત્તમ મહારાજ બિરાજું છું. એમ પ્રતિમાભાવ ધારી વર્તું છું. જો એમ ન વર્તું તો મારું સુખ લોકો ભૂલી જાય. ભૂલવા માંડે તો પાત્રતા વગર ક્યાંય પાર ન આવે. તો ભગવાન એમ પુરવાર કરે છે કે, આ મૂર્તિમાં હું નિરંતર છું. એ પ્રત્યક્ષ ભાવ લાવવો. એટલે આગળ વધો એમ વધતા-વધતા-વધતા મારી મૂર્તિના સુખમાં આવશો.

## ૧૪૭

**અંતર્યામીપણું એટલે શું? ભગવાનના મુક્તો ભગવાન પાસે અંતર્યામીપણું માંગતા નથી તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

જેમ આરસીમાં આપણું પ્રતિબિંબ દેખાય એમ ભગવાનના અનાદિમુક્તોને દરેકે દરેકનું અંતર જો જાણવાને ઇચ્છે તો એવું ને એવું દેખાય. આપણે આ ઘડીએ જે વિચારવાના છીએ અને બીજી ઘડીએ જે વિચારવાના છીએ એય એના જાણ્યામાં ભગવાનના પ્રતાપે આવે છે.

પરંતુ ભગવાનના મુક્તો કોઈ દિવસ અંતર્યામીપણું ઇચ્છતા જ નથી. મુક્તો તો મહારાજને એમ કહે છે કે હે

મહાપ્રભુ! આપ તો કૃપાસાગર, દયાસાગર છો. દયા કરીને તમારું અંતર્યામીપણું ન આપશો. અંતર્યામીપણું મહારાજની મૂર્તિના સુખમાં વિક્ષેપ કરે છે. જો મહારાજ નિરાવરણ દૃષ્ટિ આપી દે તો બધું જોયા જ કરે મૂર્તિ સિવાય. બધા લોક દેખાવા માંડે. એ તો ધાંધલ ધમાલ થઈ એને. જુદા જુદા ધામો અને ન જોવાનું હોય એય દેખાય. નિરાવરણ કોને કહે? કોઈનું અંતર સરખું ન હોય એવું ય દેખાય. તો આવું બધું જ જો દેખાય તો શી દશા થાય? એટલે મહારાજ પાસે કોઈ દિવસ અંતર્યામીપણું માગવું નહિ.

## ૧૪૮

## શ્રીજીમહારાજના અનાદિમુક્ત પોતાનું અંતર્યામીપણું ઢાંકીને કેમ વર્તતા હોય છે?

સોમચંદબાપા એક વાર બધું કામ કરીને પછી આખડતા પાખડતા ગમે એમ કરીને ઘરે આવ્યા. રસ્તામાં રાત પડી ગઈ હતી. બાપા પાસે આવી પહોંચ્યા અને બાપાશ્રી તેની રાહ જોઈને આમ બેસી રહેલા. જેમ મા પોતાનો દીકરો મોડો પડે ને રાહ જુએ, એમ રાહ જોતા હતા. બાપા કહે, અહોહો! આટલું બધું મોડું કર્યું? હું તો ક્યારનો ય વરસાદની જેમ રાહ જોઉં છું. ચિંતા થતી હતી કે આ છોકરો કેમ મોડો પડ્યો? પછી એમણે (સોમચંદબાપાએ) કહ્યું કે બાપા! તમે તો અંતર્યામી છો

એમાં કોઈ શંકા નથી. અને તમે આમ બધી લીલા બતાવીને એમ કહ્યું કે તું કેમ મોડો પડ્યો? તમે બધું જાણો છો ને હું કહું એ સારું કહેવાય? ત્યારે બાપાએ સમજાવવા માટે એમ કહ્યું કે જુઓ, હું પૂછું ત્યારે ભલે હું બધું જાણતો હોઉં તો પણ તારે મને બધું કહી દેવાનું. બાપા! એમ કેમ? એનું શું કારણ? તો બાપાએ કહ્યું જુઓ, આ જે હું જાણતો હોઉં તો તું એમ ધારે કે હું બધું જ કહી દઉં, તો આશ્ચર્યો ઊભા થાય. આવા આશ્ચર્યોની અપેક્ષા બધાય રાખે. ત્યારે હું જો મારું અંતર્યામીપણું ઢાંકુ નહિ તો ભગવાનની મૂર્તિમાં જોડાવાને બદલે ઐશ્વર્યોમાં જોડાઈ જાય. એને ઐશ્વર્યો જ માફક આવે. અને પછી ભગવાન કે મુક્ત ઐશ્વર્ય ન બતાવે તો મનુષ્યભાવ આવી જાય. એ મનુષ્યભાવ જેવી બૂરી ચીજ એકે ય નહિ.

## ૧૪૯

## ધ્યાન વગરની સ્થિતિ એટલે શું? ધ્યાન વગરનુ ધ્યાન કેવી રીતે થાય?

એક સ્થિતિ એવી થાય કે તે ધ્યાન વગરની થઈ જાય. ધ્યાન વગર એટલે? આંખો મીંચવી કે આંખો ઉઘાડવી એ બંને સરખું. આંખો મીંચીએ એટલે ધ્યાન થાય છે એમ નહિ સમજવાનું. આંખો ખૂલી રાખે એટલે ધ્યાન નથી એનો એવો અર્થ નથી. કોઈ આંખો મીંચીને ધ્યાન કરે એટલે તેને

ધ્યાની કહેવાય એમ નથી. મૂર્તિમાં રહે એ ખરું ધ્યાન. ધ્યાન વગરનું ધ્યાન એમ ગોપાળાનંદ સ્વામી કહેતા. (એટલે ધ્યાનનો પ્રયત્ન ન કરવો પડે.) જેને અંતર્વૃત્તિ ને બહિર્વૃત્તિ કરવાની જરૂર જ નથી એને ભગવાન પોતે કામ કરતા બને છે. પછી સવાલ રહેતો નથી. એ ધ્યાન વગરની સ્થિતિ એટલે મૂર્તિમાં રહીને સુખ ભોગવે અને કામ પરમાત્મા કરે.

## ૧૫૦

### પૂજ્યશ્રી નારાયણભાઈને એક ભક્તે કહ્યું, મૂર્તિમાં રાખ્યા હવે શું ધ્યાનની જરૂર છે? તે વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

કશું કરવાની જરૂર નથી. પૂજ્યશ્રી નારાયણભાઈએ કહ્યું, બરોબર, એ વાત તમારી. એ મૂર્તિમાં રહ્યા પછી કંઈ કરવાની જરૂર નથી. બસ. પણ આ તો બે પૈસાનો માલ નહતો અને કૃપાસાધ્ય બની ને ચૈતન્ય ઉપર કૃપા વરસાવીને પકડી રાખ્યા છે. એ મૂર્તિમાં પ્રવેશ છે. મૂર્તિમાં પ્રવેશના અનેક અર્થ છે. તો કૂદાકૂદ નહિ કરવાની. કેટલાક કહે છે ધ્યાન ન કરવું. ધ્યાન શું કરવાનું? પોતાને ધ્યાન ન થાય એટલે બીજાને કહે કે તારે ધ્યાન ન કરવું. આવા વેવલા હોય છે. અરે! ધ્યાન તો કરવું જ જોઈએ. શ્રીહરિનું અખંડ ચિંતન, અખંડ સ્મૃતિ રાખવાનું મહારાજે કહી દીધું છે. બાપા કહે છે - અઠે દ્વારકા કરવું નહિ. નહિ તો રહી જશો.

એ (નાવમાંથી) કૂદકો માર્યો કહેવાય. પછી ક્યાં રહ્યું? અમે તો મૂર્તિમાં રાખી દીધો છે. જે વખતે આશીર્વાદ આપ્યા પછી ચૈતન્ય મુક્ત થઈ ગયો. પછી બીજી ક્ષણે એ મનમાં સંકલ્પ કરે છે એ કૂદકો મારે છે. એટલે વારંવાર આશીર્વાદ મેળવવાની જરૂર પડે છે. તો આ રીતે મહારાજની મૂર્તિમાં રાખ્યા એ આશીર્વાદનો કેફ રાખી ને પ્રસન્નતાના સાધન કરવા. આજ્ઞા આટલી (હાથના ઈશારાથી કહે છે) પણ ન લોપાય. અને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. બાધિતાનુવૃત્તિવાળાનું માની અને એ મૂર્તિનું ધ્યાન ન કરીએ અને કાર્યમાં ભડાભૂટ કરીએ એ કેમ ચાલે?

## ૧૫૧

## શ્રીજીમહારાજના સ્વરૂપનું સર્વોત્તમ ધ્યાન કેવી રીતે કરવું? ધ્યાન કરવા વિશે આલોકના વૈજ્ઞાનિક જ્ઞાનના સંદર્ભમાં પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આપણે શ્રીજીમહારાજનું સ્વરૂપ જોઈએ ત્યારે આપણને લાગે કે મહારાજ જ હોય, પણ જેમ તમે મને દેખો ને હું તમને જોઈ શકું, એટલી જ સ્પષ્ટ રીતે અંતર્વૃત્તિએ દેખાય, ત્યારે આંખ સામે મૂર્તિ હોય ને આંખ ઉઘાડીને ય મૂર્તિ જ હોય અને પછી આંખ બંધ કરી એ જ મૂર્તિ પ્રતિલોમપણે ચૈતન્યમાં જોઈએ. ચૈતન્ય નિરાકાર છે. ભગવાનનું તેજ જે પ્રકાશ, એ પણ નિરાકાર. તો નિરાકાર

ને નિરાકાર એ રીતે સાથે એકતા તો થાય જ ને? આ ટ્યુબલાઈટ સાથે સૂર્યના પ્રકાશની એકતા તો થાય છે, નહિતર તો સૂર્યનો પ્રકાશ એક બાજુ રહે ને ટ્યુબલાઈટનો એક બાજુ! એમ નથી બનતું. ત્યારે આપણાં ચૈતન્યને અક્ષરધામરૂપ બનાવી દઈયે. અક્ષરધામરૂપી એકતા આમ ધ્યાનનો એક પ્રકાર છે, કે આપણે એમ માનીએ કે આપણો ચૈતન્ય પ્રકાશ તેજોમય સ્વરૂપ છે. એ તેજોમય આપણે અક્ષરધામનાં તેજ સાથે વિલીન થઈને મહારાજની મૂર્તિ એ જ તેજમાં ધારવી – દેખાય. કારણ કે ચૈતન્ય નિરાકાર એને વળી આંખો કેવી? ચૈતન્ય! સમગ્ર ચૈતન્ય ભલે નિરાકાર, ચેતના નિરાકાર પણ એ સમગ્ર ચૈતન્ય આંખનું કામ કરે. કાનનું કામ કરે, દસેય ઇંદ્રિયોનું કામ કરે – દિવ્ય સ્વરૂપે! આખો ચૈતન્ય એ નેત્ર છે! હવે એ ચૈતન્યમાં મહારાજની મૂર્તિ જોવાની. ધારો કે આ મૂર્તિ તમે ધારતા હો, બદલ બદલ નહિ કરવાનું. ઘડીકમાં પેલી મૂર્તિ, ઘડીકમાં આ. જુઓ, અહીં કેટલાય સ્વરૂપ છે. એક, બે, ત્રણ, ચાર! ચાર સ્વરૂપ તો છે જ. તો એ ચારેય સ્વરૂપ ભલે રાખ્યા. પણ એ ચારેય સ્વરૂપમાંથી જે સરસ લાગે, અથવા બીજું કોઈ સ્વરૂપ ક્યાંઈ જોયું હોય, એમનો ફોટોગ્રાફ પાડી લેવો. અને પછી એ સ્વરૂપ કેમ જોવું? અક્ષરધામ સાથે પોતાના આત્માને મિલાવીએ, એટલે આ દેહ રહ્યો હવે? ચૈતન્ય તો નિરાકાર છે! આ દેહ તો સાકાર છે! તો દેહને તો ભૂલવો જ પડે કે

નહિ, ભૂલવામાં શું? નથી એમ ધારી લઈએ! It is not! એ વિચાર જ બંધ કરી દેવો, બિલકુલ. હવે એમ ધારીએ કે તેજનો સમૂહ છે. એમની સાથે આપણા આત્માની એકતા છે. એ આપણો એ શબ્દ કોણ બોલે છે? આત્મા પોતે જ પોતાને કહે છે! કે આપણા આત્મા – એટલે આપણા આત્માનો અર્થ તો એ થાય ને કે આપણે જુદા ને આત્મા જુદા? એમ નહિ! આત્માને આત્મા પોતે બોલે છે કે આપણા આત્માની ભગવાનના સ્વરૂપ સાથે એકતા કરીએ. અને તેજની અંદર તેજના સમૂહમાં મહારાજની મૂર્તિ ધારીએ. આ એક ધ્યાનનો પ્રકાર. હવે આ ધ્યાનના પ્રકારથી Concentration એ મૂર્તિ ઉપર કરવું પડે ને? તો સન્મુખ ભાવ તો રહ્યો નહિ ને! ચૈતન્ય તેજ સાથે એકરૂપ થઈ ગયો, બરાબર? અચ્છા! તો તેજ સાથે એકરૂપ થઈ ગયો, તો આખા તેજનાં સમૂહની અંદર એ મૂર્તિ, એ ચૈતન્ય એના અણુએ અણુ નેત્ર બનીને જુએ છે અને પછી આંખ ઊઘાડીએ અને તે મૂર્તિ જોઈએ અને પછી તેજના સમૂહમાં મૂર્તિ ચૈતન્યે કરીને જોવાય, બરોબર? હવે આની સાથે બીજી એક વાત કરી દઉં, ધ્યાનની કે એ ચૈતન્ય પ્રકૃતિ અને શ્રીજીમહારાજના પ્રકાશરૂપ ચૈતન્ય પ્રકૃતિ, એ બે જુદી વસ્તુ છે. ટ્યુબલાઈટનો પ્રકાશ અને આ (દિવસનો) પ્રકાશની એકતા છે, પણ તેમાં અલગપણું પણ છે. તો મહારાજની પ્રકાશરૂપ જે ચૈતન્ય પ્રકૃતિ તે આપણા ચૈતન્યને ધીમે-ધીમે-

ધીમે સાકાર બનાવી દે છે. જેમ વાશું તો એ નિરાકાર છે એમાંથી પ્રવાહી બને તેમાંથી બરફરૂપી ઘન પદાર્થ બને. તેમ ભગવાનની દિવ્ય ચૈતન્ય પ્રકૃતિ તે પ્રકાશરૂપ, એ આપણી ચૈતન્ય પ્રકૃતિ જેને આપણે એની સાથે મિલાવી દીધી, એને ધીરે-ધીરે-ધીરે સાકાર બનાવે છે. અને એ સાકાર જગ્યા રોકતી નથી. કારણ કે એ દિવ્ય છે. ભૌતિક પદાર્થના તમામ ગુણધર્મોથી એના ગુણધર્મો તદ્દન અલગ છે. બે વસ્તુ હોય તો આમ ગણીએ તો (બે જુદી-જુદી વસ્તુઓ હાથમાં લઈ સમજાવે છે.) બે અલગ અલગ જગ્યા રોકે છે કે નહિ? અંદર જતી રહે છે? ના, તો એવું નથી! આપણો ચૈતન્ય દિવ્ય સાકાર બને. જો ચૈતન્ય દિવ્ય સાકાર બને તો એક તેજ બીજા તેજ સાથે ભળી જાય છે કે નહિ? એક શક્તિ બીજી શક્તિ સાથે ઓતપ્રોત થઈ જાય છે કે નહિ? હીટ (ઉષ્મા) એક બાજુ, એક બાજુ લાઈટ (પ્રકાશ), એક બાજુ સાઉન્ડ (ધ્વનિ) એવું કાંઈ અલગ અલગ રહે છે? એ એક બીજા સાથે મર્જ (Merge) થઈ (ભળી) જાય છે, બરોબર? હીટની અંદર લાઈટ, લાઈટની અંદર સાઉન્ડ. અને પછી આપણે અલગ પાડીએ એ વાત જુદી. એવી જ રીતે એ દિવ્ય સાકાર જ્યારે બને, ત્યારે તે ચૈતન્ય કોનું ધ્યાન કરતો તો? સ્વામિનારાયણ ભગવાનનું!! સર્વોપરી પરમાત્માનું!! એ સર્વોપરી પરમાત્મા એ જ છે. જેની સાથે એ ચૈતન્ય જ્યારે એકરૂપ થતોતો, ત્યારે એ પ્રભુ જેવો જ દિવ્ય સાકાર થઈ

જાય છે, અમુક સમયે. આ ધ્યાન કરો પહેલા. અક્ષરધામમાં મૂર્તિ ભગવાનના પ્રકાશ સાથે ચૈતન્યને મિલાવીને ધ્યાન કરવું તો સહેલું થઈ ગયું! મહારાજ જ જોઈએ તો કાંઈક લક્ષ્ય inward થાય. અંદર ભીતર તરફ આપણું આખું લક્ષ્ય ચૈતન્ય કેંદ્રિત થાય ત્યારે આ મૂર્તિ ધારતાં હો, તો એ મૂર્તિ તમને પ્રત્યક્ષ લાગે એવી ને એવી દેખાય – વાર લાગે. તમે ભ્રમર ધારો તો બીજા દિવસે પાછો, Concept(સ્પષ્ટ ખ્યાલ) સમજાણો પણ જોવામાં unclear(અસ્પષ્ટ) થઈ જાય - એવું ને એવું ન દેખાય. એવી ને એવી આંખ દેખાવી જોઈએ તો એ આંખ ઉપર (મન) કેંદ્રિત કરવું પડે કે નહિ કો? આખું સ્વરૂપ પાકું કરવું. સમજો પહેલાં! સુખ તો ત્યારે જ આવે કે નહિ? મજા તો ત્યારે જ પડે ને? તો ભગવાનનું દરેક અંગ એટલું બધું રમણીય છે કે ભગવાન પોતે જ મનુષ્યરૂપે પ્રગટ થાય તો યે એટલું સૌંદર્ય લઈ અને ન પ્રકાશી શકે. જો પ્રકાશે તો જીવો બધાય ખેંચાઈ જાય, બધી પ્રવૃત્તિઓ બંધ, આખું ઠપ્પ-જગત. એક પણ અંગ એવું નથી કે જે અતિ સુંદર ના હોય! એટલું Symmetrical (સમરૂપ) છે! દરેકે દરેક અંગ કેટલું રમણીય લાગે છે! એ કિશોર મૂર્તિ આઠ વર્ષના બાળક જેવી નિર્દોષ હોય છે. એકદમ Innocent (નિર્દોષ) ત્યારે આ ધ્યાન કરતાં કરતાં જ્યારે સાકાર નિશ્ચય કરે, જે સ્વરૂપનું ધ્યાન કરતાં હોય ને! એ સ્વરૂપ અતિ રમણીય એક ઝબકારામાં થઈ જાય (ચપટી

વગાડી) આખું પલટાઈ જાય. એ સ્વરૂપ – જે મૂળ સ્વરૂપ છે પ્રભુનું એ અતિ રમણીય છે. એમ પ્રતિલોમ ધ્યાન કરતાં કરતાં મહારાજની મૂર્તિ, નાસિકા જેવી હોય, એવી જ દેખાવી જોઈયે. એક જ મૂર્તિ. જ્યારે મંદિરોમાં જાવ દર્શન કરવા તો એ જ મૂર્તિ સામે જોવી. ખૂબ પાકું કર્યું હોય તો સામું તરે ને! આંખ સામું? આંખ સામે એક આભાસ થાય કે નહિ મૂર્તિનો? બહુ અભ્યાસ થાય ત્યારે આ મૂર્તિ – જોવા જાવને તો આ જ મૂર્તિ સામે આબેહૂબ દેખાય. કારણ કે એ દૃઢ થઈ ગઈ. મહારાજની મૂર્તિમાં આવરણ કરનાર માયા જતી રહી. તો એક વસ્તુનું ધ્યાન રાખો.

બીજી વસ્તુ એ કે એ પ્રયત્નની સાથે સમજી લ્યો નિશ્ચે, કે આ દેહ તો જેમ પેલામાં (આગળ કહ્યું તેમ) ભૂલી ગયા, તેમ દેહ જ ભૂલી જઈએ. (ખોળામાં પ્રતિમા સ્વરૂપને રાખીને) મહારાજને આમ રાખે છે ને ઘણી વાર – પ્રતિલોમ. તો આપણું કાર્ય નિશ્ચિત છે કે નહિ? ત્યારે આવું ધ્યાન કરતા તે કંઈ ભૂલવું પડતું નથી. ભગવાન – પ્રભુજી Shines in him. (ભગવાનનો પ્રકાશ તેનામાં ઝળકે છે.) બીજાને એ આવિર્ભાવથી કુદરતી, અંદરથી જ અસર થાય છે કે આ માણસ કોઈ જુદી જાતનો છે. આપણે અત્યારે એક સ્થિતિમાં હોઈએ, જ્યારે પરિવર્તન પામીએ ત્યારે જુદી જ કક્ષામાં જઈને ઊભા રહીએ કે નહિ! તો આ પ્રકારનું ધ્યાન એ પૂર્ણ યોગ છે. કેટલું સરળ ભગવાને બતાવ્યું! અષ્ટાંગ

યોગ સાધવો, હઠ યોગ સાધવો એ કેટલી માથાકૂટની વાત! અને તે અત્યારના યુગમાં? Is it ever possible? (શું આ શક્ય છે?) એના પુસ્તકો વાંચીને શું કરવાના? જે પુસ્તકની અંદર રહેલું જ્ઞાન આપણા જીવન ઘડતરમાં કામ ન આવે તો તેનો ઉપયોગ ખરો? જે ભોજન ખાવામાં જ કામ ના આવે તો એ ભોજન કામનું ખરું? તો જગત આખું પુસ્તકોના ખડકલાના ખડકલા પડ્યા છે. પણ એ કામના શું? તો કે જીવન ઘડતરમાં ઉપયોગ થાય એ કામનું, તો મને એમ લાગે છે કે બધા પ્રશ્નોનો ઉકેલ શ્રીજીમહારાજની મૂર્તિ. જેમ અનેક રોગની ઔષધિ એક, એના જેવું છે. અનેક પ્રશ્નોનો ઉકેલ એ ભગવાનનું રમણીય સ્વરૂપ. તો નખથી શિખા પર્યંત મૂર્તિ પહેલા દૃઢ કરવી. એક જ સ્વરૂપ રાખવું. પ્રયત્ન કરવો. આ એક સૌભાગ્યની વાત તો ખરીને? પછી જુઓ કે આપણને એમ લાગશે કે આપણે કંઈક પહેલાં કરતાં બદલાયેલા છીએ. બરોબર? આગળ વધ્યા છીએ એવું લાગશે. તમે બીજા ગમે એટલા પ્રયત્ન કરો. તો પણ પંદર વર્ષ, વીસ વર્ષના થાઓ, ત્રીસ વર્ષના થાઓ કે ચાલીસ વર્ષના થાઓ, તો તમે છો તેવી ને તેવી સ્થિતિમાં તમને લાગશે. આગળ વધેલા નહિ લાગો. ઉંમરમાં વધેલા લાગશો. આ લોકની વિદ્યામાં આગળ વધેલા... પણ આંતરિક રીતે જ્યાં છો ત્યાં જ જેવા લાગશો. વિચારો! આપણે નાના હતા ત્યારે વધારે innocent (નિર્દોષ)

હતા. That means we have gone backward. પાછા પડ્યા! તો હવે આ ધ્યાન – ધ્યાન એટલે ભગવાનનો સંબંધ ખરો કે નહિ? તો પરમાત્માનો સંબંધ એટલે નરી નિર્મળતા. તો આપણને એ સ્વરૂપ બદલી નાખ્યા વગર રહે ખરી? આપણા આવરણ હટાવતી જ જાય અને આપણને આનંદ આવે. તો આપણે બધા હવે (ધ્યાન) શરૂ કરી દઈએ. બરોબર?

## ૧૫૨

**આપણને અનાદિમુક્તે મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા છે તેનું અનુસંધાન રાખીને ધ્યાન કરવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

આપણે ખૂબ આનંદપૂર્વક, પ્રીતિપૂર્વક મહારાજની મૂર્તિમાં જોડાવાનો પ્રયાસ કરીએ. બાપાશ્રી એમ કહેતા કે ધ્યાન કરતાં પહેલાં પોતાના સ્વસ્વરૂપનું એટલે મુક્તસ્વરૂપનું-મહારાજના અનાદિમુક્તના ગુણો, એમની સ્થિતિનું-ચિંતવન-મનન કરવું, પ્રેરણા મેળવવી અને ત્યાર પછી નેત્રો મીચીને આપણા દેહની વિસ્મૃતિ કરી નાખવી. આપણે આપણા દેહની જગ્યાએ ચૈતન્યસત્તાએ મહારાજની મૂર્તિ જોવી. જરૂર દેખાય. દેહની જગ્યાએ મહારાજ જોવા એમાં કેટલી અઘરી વાત? મહારાજ તેજના અધોઊર્ધ્વ સમૂહમાં બેઠા છે અને મહારાજ સર્વ રીતે પ્રકાશમાન છે.

એમની મૂર્તિમાંથી તેજની ધારાઓ છૂટે છે એવી કલ્પના કરીને એ મૂર્તિમાં અંદર રહીને જોડાવાનું. જેમ દેહમાં રહીને જોડાયા છીએ તેમ. આપણી આંખો બંધ કરીએ તો તરત આપણો દેહ દેખાય આપણને. એ દેહનું વિસ્મરણ કરીને એ દેહની જગ્યાએ જ મહારાજની મૂર્તિ સળંગ જોવી. એ મૂર્તિમાં આપણા ચૈતન્યને રાખ્યો છે એવી ચૈતન્યસત્તાએ ધારણા કરવી. અને એ મૂર્તિનું ધ્યાન ધરવું.

## ૧૫૩

**પ્રતિલોમ ધ્યાનમાં માનસીપૂજા કરવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

હવે આ મૂર્તિ અંદર રહીને જોવી તો પાંચવાર માનસીપૂજા કેવી રીતે કરવી? મહારાજને નવડાવવા, ધોવડાવવા જેવી બધી જ ક્રિયાઓ જેમ આપણે કરીએ છીએ તેમ પાંચ વખતની માનસીપૂજામાં શી રીતે કરવી? તો પ્રતિલોમ ધ્યાનમાં પણ તે ક્રિયાઓ થઈ શકે, અને ન થઈ શકે તો કોઈ ચિંતા નહિ. ક્રિયા કરાવવાની કોઈ જરૂર નથી. દસ મિનિટ-પંદર મિનિટ કે વધુ સુધી એ મૂર્તિમાં જોડાઈ રહેવું. એ માનસીપૂજા. મહારાજ સ્નાન કરે છે, મહારાજ વસ્ત્રો પહેરે છે, વસ્ત્રો પહેરી અને પૂજામાં બેસે છે, મહારાજ થાળ જમે છે એમ દરેક ક્રિયામાં ચિત્ત વળગી રહે એટલા પૂરતી જ એ ક્રિયા કરવાની રહે. જો ધ્યાનમાં વિક્ષેપ

ન આવે તો પાંચવારની માનસીપૂજામાં કોઈ જ ક્રિયા કરાવવાની જરૂર રહેતી નથી. જે ક્રિયાઓ લખી છે તે તો એમાં જોડાઈ રહેવાય, મનની વૃત્તિ મૂર્તિમાં જોડાઈ રહે, આડીઅવળી ડહોળાય નહિ એટલા માટે લખી છે. કારણ કે વિજ્ઞાનમાં એમ કહ્યું છે કે કોઈ પણ વસ્તુની ઉપર એક મિનિટ પણ ધ્યાન કેન્દ્રિત કરી શકાતું નથી. તરત જ Divert થઈ જાય. મન બીજી વસ્તુ તરફ જતું રહે. એટલા માટે આ માનસીપૂજાની વિધિ મહારાજે લખી છે. એક ક્રિયા પછી તરત જ બીજી ક્રિયા શરૂ થઈ જાય ભગવાન માટે. ત્યારે માનસીપૂજાનો અર્થ આ જ છે કે ભગવાનના સ્વરૂપમાં જોડાવું.

## ૧૫૪

## અનાદિમુક્ત, સાધુ અથવા સંતનું ધ્યાન ન થાય તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે અને એમના સંતો એમના દિવ્ય તેજોમય સેવકો છે એ સમજાયા પછી ભગવાન સ્વામિનારાયણની મૂર્તિના ચિંતવન સિવાય કંઈ રહેવું જોઈએ નહિ. બધા જ મુક્તો મહારાજની મૂર્તિમાં લીન થઈ જાય છે. અને છેવટે એક શ્રીજીમહારાજ રહે છે. બાપાશ્રી એમ કહે છે કે મહારાજ જેવું હેત મુક્તને વિશે પણ ન કરવું. બીજું કહેવાનું એ છે કે અનાદિમુક્તનું પણ ધ્યાન

ન કરવું. એમ પોતે રહસ્યાર્થમાં કહ્યું છે. અનાદિમુક્ત પણ સેવક છે. સેવકનું ધ્યાન ન થાય. સ્વામીનું થાય. પરંતુ દિવ્ય સભાએ સહિત ધ્યાન કરવાની વાત છે એ એટલા માટે છે કે દિવ્ય સભાની સ્મૃતિ કરવાથી વિક્ષેપો દૂર થઈ જાય છે. ભગવાનની ઈચ્છાથી આવરણો દૂર થઈ જાય છે. થોડીવાર ભગવાનના મુક્તોની સ્મૃતિ કરી, દિવ્ય સભાની સ્મૃતિ કરી અને પછી બધું વિસારી જઈને એક મૂર્તિ ઉપર લક્ષ કરવું.

બે-ત્રણ મિનિટ સભાની સ્મૃતિ કરવાની હોય પછી સ્મૃતિ કરવાની સાથે ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, પર્વતભાઈ જેવા મહા અનાદિમુક્તની સ્મૃતિ કરવાથી કેટલાક વિક્ષેપો હોય એ દૂર થઈ જતા હોય છે. એટલે મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડાઈ જાય છે. ત્યાર પછી સારી યે દિવ્ય સભા મહારાજના સ્વરૂપમાં લીન થઈ જાય છે. અને એક મૂર્તિ જ રહે છે. એમ બાપાશ્રી કહે છે. મુક્તો દેખાતા નથી. એક મહારાજની મૂર્તિ જ રહે છે. ત્યારે એવી રીતે ભગવાનમાં વૃત્તિ જોડી દેવી. જેમ અર્જુનને પેલા પક્ષીની આંખ વિંધવાની હતી તો એની આજુ-બાજુનું કાંઈ દેખાતું નહોતું. એમ સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિમાં પણ એવી એકાગ્રતા કરવી.

# ૧૫૫

## સન્મુખ અને પ્રતિલોમ ધ્યાન વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આપણે સન્મુખ દૃઢ થયા પછી પ્રતિલોમ કરી નાખવાનું. પ્રતિલોમ ધ્યાન એ જ એવું ધ્યાન છે કે જેમાં મૂર્તિ ભૂલાય જ નહિ. બધું જ મહારાજ કરે. કામ-કાજ બધું કરતા દેખાય. અંદર રહીને દેખે. આ આંખની ક્યાં જરૂર છે? આ તો સાવ ખોટી આંખ છે. ધ્યાને કરીને જેને આ આંખ જતી રહી તેને દિવ્યચક્ષુ ખૂલે. ત્યાં સુધી ન ખૂલે. આ આંખે ય ભમરાળી જાત-જાતનું જુએ ને અંતરમાં ઘાલે. એ કેદી ભેળું થાય? ત્યારે મહારાજ કહે છે કે આ આખું ભૂલો. નખથી મસ્તક સુધીનો બધો આકાર ફેંકી દો એક વાર. બધું જ જ્ઞાન ભૂલી જાઓ. જો મારી મૂર્તિનું સુખ જોઈતું હોય તો બધું ભૂલી જાઓ. જે શાસ્ત્રો વાંચીને ભેળું કર્યું હોય એ બધું ભૂલી જાઓ. જો એ નહિ ભૂલો તો મારી મૂર્તિના સુખમાં તમે કેવી રીતે આવી શકો? એક કોરે (મનમાં સંઘર્યું હોય એનું) એનું મનન અને એક કોરથી મૂર્તિનું મનન કરે તો થાય?

પહેલા મૂર્તિ દૃઢ કર્યા પછી પ્રતિલોમ ધ્યાન કર્યા વગર છૂટકો નહિ.

બાપાશ્રી એમ કહે છે કે સળંગ મૂર્તિ ન દેખાય, મુખારવિંદ દેખાય તો હાથ ન દેખાય, હસ્ત દેખાય તો

મુખારવિંદ ન દેખાય. ત્યાં સુધી સાધન દશા છે. નખશિખાંત મહારાજની મૂર્તિ દેખાવી જોઈએ. એવું ધ્યાન કરવું કે સળંગ મૂર્તિ દેખાય. તો ધ્યાન કરવા માટે પહેલા તો ભલે પ્રતિલોમ ધ્યાન એકદમ ન થાય, તો સન્મુખ મહારાજની મૂર્તિના ચરણારવિંદને પહેલા નીરખવાં જોઈએ. એ કેવા છે એ ઝીણવટથી જોવું એના ઉપર ચિત્તને એકાગ્ર કરવું. અને એ ચરણાવિંદમાં મન એકાગ્ર કરવું કે આંગળીઓ કેવી છે? એમ દરેક આંગળીઓને ધ્યાનપૂર્વક જોવી જોઈએ. ઉપર-ઉપરથી નહિ. એવી રીતે ચરણારવિંદનો ભાગ એકદમ તાદૃશ્ય બનાવી દેવો કે આ આંખો મીંચતા એ ચરણારવિંદ જેવા છે તેવા દેખાય. જેવા ઉઘાડી આંખે દેખાય એવા જ ચૈતન્યમાં એ ચરણારવિંદ દેખાય.

પછી થોડા આગળ જવાનું. દરેક ભાગ જેટલો પહોળો, લાંબો કેવો છે એ બરાબર નીરખવાનું. ત્યાં સુધી સન્મુખ ધારવાનું. એમ થાય કે એટલી મૂર્તિ બરાબર દેખાય છે. જ્યારે સામે જુએ ત્યારે ખબર પડે કે આ મહારાજ એકદમ આવીને ઊભા રહે. એમ કરતાં-કરતાં મૂર્તિના એકે એક અંગનું ચિંતવન ને એનું ધ્યાન એકાગ્રતાપૂર્વક કરવાનું. હસ્ત કેવો છે? આંગળીઓ કેવી છે? મહારાજના એકે એક અંગ ઉપર સમય લેવાનો. એકે એક અંગ દૃઢ થઈ જવું જોઈએ. એમ કરતાં-કરતાં મસ્તક સુધી જવાનું. અને

ધ્યાનમાં મહારાજના નેણ કેવા છે? નાસિકા કેવી છે? આમ જોઈએ તો નાસિકા બરાબર દેખાય. કાન ઊપર એકાગ્રતા કરવી કે ભગવાનના કર્ણ કેવા છે. એ મય થવાનું. ભગવાનનું ભાલ, ભ્રમર, ગાલ, હોઠ, દાઢી બધો ભાગ બરાબર નીરખવાનો ઉપર-ઉપરથી નીરખીને ધ્યાન નહિ કરવાનું. પછી મસ્તકથી નીચે ઊતરતા જવાનું ધીમે-ધીમે તે ઠેઠ ચરણારવિંદ સુધી. પછી પાછા નીરખતાં નીરખતાં ચરણારવિંદથી મસ્તક સુધી જવાનું. એમ ધ્યાનની ઉપાસના કરતાં-કરતાં ભગવાનની કૃપાથી એ મૂર્તિ સળંગ દેખાશે. ભક્તે શું કામ ધીરજ ખોવી? જેમ આપણને આ લાભુભાઈનું મુખારવિંદ ને બધું દેખાય છે એવી રીતે મહારાજની એ મૂર્તિ દૃઢ કરવી. ધ્યાન કરતાં કરતાં કહ્યા પ્રમાણે મૂર્તિ સામું જોઈ રહેવું. ખૂબ નીરખવું. નીરખતાં-નીરખતાં એવું થઈ જશે કે કામ કરતાં-કરતાં ય ચારે કોર મૂર્તિ દેખાશે. આમ જુઓ તો ય દેખાય અને આ બાજુ જુઓ તો પણ દેખાય. સામે તર્યા જ કરે.

એક જણ કહે, મેં એક બાવા સામે બે કલાક જોયું તો મારી આંખ સામે તર્યા જ કરે છે, તો હવે કાઢવો કેવી રીતે? ત્યારે સોમચંદભાઈએ એને કહ્યું, તારે એના સામું નીરખીને જોવાની શું જરૂર હતી? પછી એ બાવો અંતરમાં પેસી જ જાયને? પછી એને ભેટ્યા ત્યારે એને શાંતિ થઈ. એમ શ્રીજીમહારાજની મૂર્તિ જેમ છે તેમ ચારે કોર એક મૂર્તિ જ

દેખાય એ તો પરમ કૃપા છે. આ રીતે મૂર્તિને દૃઢ કરવી. ભૂલી ન જવાય. ભૂલે તો ય ન ભૂલાય એવી દૃઢ કર્યા પછી એ જ મૂર્તિ રહે. પછી આપણો આકાર ભૂલવાની શરૂઆત કરવી. હું છું જ ક્યાં? દેહ તો પડી ગયો. મહારાજે જ્યારથી મૂર્તિમાં રાખ્યો, ત્યારથી દેહ પડી ગયો કે નહિ? પડી જાય ત્યારે જ દેહ પડ્યો કહેવાય એવું કોણે કહ્યું? દેહ ક્યારે પડ્યો કહેવાય? કે જ્યારે દેહ રહિત, દેહભાવ જતો રહે ત્યારે. મૂર્તિમાં રાખ્યા છે, આશીર્વાદમાં બેઠા છીએ, એવું તદાકાર થઈ જાય તો વાત પતી જાય. એમ દેહને ભૂલીને મૂર્તિરૂપ થઈ મૂર્તિ જોવી. જેમ દેહમાં જીવ છે તો અત્યારે આપણે કહીએ છીએ કે આપણો ચૈતન્ય અહીં છે ને દેહ ત્યાં છે? એવું તો નથીને? અંદર રહીને ચૈતન્ય દેહ મારફત બધી ક્રિયા કરે છે. તો આ દેહભાવ ભૂલીને શ્રીજીમહારાજની મૂર્તિમાં નખશિખાંત આપણો ચૈતન્ય ભગવાનની કૃપાથી ભાગવતીતનુ દેહ ધારણ કરીને અંદર સુખ ભોગવે છે પણ નખશિખાંત રહ્યો છે.

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે, એવો ભક્ત એવો ઓત-પ્રોત થઈ જાય છે કે અમારા હાથમાં હાથ, પગમાં પગ, મસ્તકે-મસ્તક, આવી રીતે પુરુષોત્તમરૂપ થઈ તે મારું ધ્યાન કરે, ત્યારે મારો સાક્ષાત્કાર થાય. આવી રીતે દેહભાવ ભૂલી જાય પછી મહારાજ બેઠા છે એમ લાગે. કારણ કે મૂર્તિ તો પાકી

થઈ ગઈ. મૂર્તિનું સ્વરૂપ તો બરોબર દઢ થઈ ગયું. પછી આમ કરીને બેસે તો મહારાજ આમ કરીને બેઠા લાગે. કારણ કે આંગળીઓ પાકી થઈ ગઈને. હવે આપણી આંગળીઓ ક્યાં દેખાય જ. સ્વરૂપને દઢ કરી લીધા પછી આ કંઈ દેખાતું નથી. પછી મહારાજ બેઠા છે, મહારાજ બધી જ ક્રિયા કરે છે. અને પોતે અંદર રહીને મૂર્તિનું દર્શન કરે છે. આ પ્રતિલોમ ધ્યાન.

સન્મુખ ને સન્મુખ દર્શન કરે તો અનાદિમુક્તની સ્થિતિની પ્રાપ્તિ ન થાય. પરમએકાંતિક મુક્તની સ્થિતિ થાય. અનાદિમુક્તની સ્થિતિને પામેલા પર્વતભાઈ જેવા જે સુખ ભોગવે છે. એની સામે પરમએકાંતિકનું સુખ કાંઈ ગણતરીમાં નથી. એમ પ્રેમાનંદ સ્વામી કહે છે. ત્યારે એ અનાદિમુક્તનું સુખ એવું છે. પ્રતિલોમ ધ્યાનમાં એક જ મહારાજ અને પોતે સેવક. એ કોઈ દિવસ ભગવાન નથી થઈ જતા.

## ૧૫૬

## ધ્યાનની લટક વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શ્રીજીમહારાજ અને સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામીના પ્રસંગ દ્વારા શું સમજાવે છે?

મહારાજે કહ્યું કે જગતને વિષેની વાસના ટાળવી એ અતિ કઠણ સાધન છે અને મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવી એ તો કઠિનમાં કઠિન. સૌથી કઠિન છે. સંસારના બંધન થકી

મુક્ત થઈને આ બધી વાસનાઓ દૂર કરીને ભગવાનને પામવું હોય તો એનો સર્વોત્તમ ઉપાય સ્વામિનારાયણ ભગવાને બતાવ્યો. કે જો ખરી શાંતિ, ખરું સુખ અને છતી દેહે તમારે એ સુખ ભોગવવું હોય- અંતે તો હું પૂરું કરી દેવાનો છું એ બિરૂદ છે મારું, પણ કોઈને એવી તાલાવેલી લાગે કે હું છતી દેહે જ ભગવાનનાં દર્શન કરી લઉં. ઈચ્છા ન રાખે અને પોતે કામ કરે. કારણ કે ઈચ્છા રાખે તો ભગવાન તો જાણે છેને કે ક્યારે એને દિવ્ય દર્શન આપવા- તો વાસના તોડવાનો એક જ માર્ગ મહારાજે બતાવ્યો. સર્વોત્તમ માર્ગ તે ધ્યાન. મહારાજે કહ્યું કે જે મારી મૂર્તિનું ધ્યાન કરે એના ઉપર હું કૃપા વરસાવું છું. પોતાને ઓળખે તો જ કૃપા વરસેને એના ઉપર? તો મહારાજે ધ્યાન કરવાનું કહ્યું.

(એક હરિભક્તને મહારાજ ધ્યાન કરતાં શીખવે છે.)

મહારાજ કહે છે કે મારી મૂર્તિનું ધ્યાન કરવું. મહારાજ ધ્યાન કરવાનું શીખવે છે કે જો ભાઈ! આ હું સામે બેઠો છું અને તું મને નીરખે છે. નખશિખા બરાબર નીરખી લે. અને પછી આંખો મીંચીને જો, હું બરાબર દેખાઉં છું કે નહિ? એકીટશે એણે લગભગ પાંચ-દશ મિનિટ જોઈને મહારાજની મૂર્તિનું નિરીક્ષણ કર્યું, ખૂબ નિહાળી. અને નિહાળ્યા પછી આંખો મીંચી તો અંદર કાંઈ દેખાય જ નહિ. મૂર્તિ જ ન દેખાય. તો મહારાજ કહે અમારી મૂર્તિ દેખાણી? તે કહે કે ના, મહારાજ નથી દેખાણી. મહારાજ કહે કે સારું.

એમણે એમ કહ્યું કે જો ભાઈ, અનેક જન્મો થયા ત્યાં સુધી તમે બાહ્યવૃત્તિ કરી છે. ખાવું-પીવું, મજા કરવી અને દેહ પડે એટલે બીજો જન્મ ધરવો; એમ ભટકવાનું જ કામ કર્યું છે. તો એટલી બધી બાહ્યવૃત્તિ કાઢીને અમારી મૂર્તિનું સ્વરૂપ જોવું એ સહેલું નથી. ત્યારે એણે એમ કહ્યું કે મહારાજ! તમે તો શક્તિમાન છોને? હું તમારા શરણે આવ્યો અને તમે કહો એમ કરવું જોઈએ. મહારાજ કહે કે તો બરાબર. હું કહું એમ તો કરીશને? તે કહે કે હા. પછી મહારાજે પોતાની મૂર્તિનું સ્વરૂપ એને આપ્યું. હવે તું આ સ્વરૂપ રાખ. સવારે એ મૂર્તિ રાખી અને સામે નીરખ્યા કરવું. વળી આંખો મીંચી જોઈ લેવું. ન દેખાય તો મૂંઝાઈશ નહિ. કારણ કે તું ભગવાનનું સ્વરૂપ આંખો ઉઘાડીને તો ધ્યાન કરે છેને? આમ ધ્યાન કરવું એ ધ્યાન નથી? ધ્યાન જ છે. પણ સર્વોત્તમ સ્થિતિને પામવું હોય તો અંતર તરફ પ્રતિલોમ તો થવું પડેને?

નેપોલિયને આખું વિશ્વ જીતવાની તૈયારી ઘણી ખરી કરી નાખી. પણ મરતી વખતે એણે શું કહ્યું? કે મારું જીવન નિષ્ફળ ગયું. મેં બાહ્ય દુનિયા જીતી એ તો મામૂલી વસ્તુ છે. કોઈ પણ પ્રયત્ન કરે તો એ મેળવી શકે, પણ અંદરનું તો મેં કાંઈ ન મેળવ્યું. એમ કહી અને એણે દેહ છોડ્યો. જુઓ, ત્યારે એને અંદરની મહત્તા સમજાણી.

ભગવાને એને કહ્યું અને એણે લગભગ છ મહિના સુધી એમ કર્યું ત્યારે એને શાંતિ થઈ, પણ મહારાજની મૂર્તિ

ન દેખાય. ત્યારે મહારાજને કહ્યું કે મહારાજ! મને મૂર્તિ નથી દેખાતી હજી, શું કરવું? મહારાજ કહે કે તું મને કેવો સમજે છે? તે કહે કે ભગવાન! હું તો આપને સર્વોપરી ભગવાન સમજું છું. મહારાજે કહ્યું કે તો મારું સ્વરૂપ તને દેખાય એ મને ખબર પડે કે નહિ? મેં કહ્યું એમ તું કર્યા કર. હું અંતર્યામી ખરો કે નહિ? મહારાજ! તો કેમ પૂછે છે? કંટાળ્યા વગર તું ધ્યાન કર્યા કર. તો એણે સન્મુખ મૂર્તિનું ધ્યાન કર્યા કર્યું. તો આંખો મીંચી તો ભગવાન સ્વામિનારાયણ સન્મુખ દેખાણા! હા હો! જે બિલકુલ નહોતા દેખાતા. આંખ મીંચેને અંધકાર જ લાગે. અને હવે મહારાજની મૂર્તિ દેખાણી! વળી પાછી એ ઝાંખી થઈ જાય. એકદમ બંધ થઈ જાય દેખાતું. વળી આંખ ઉઘાડે અને મહારાજની મૂર્તિ નખશિખા દેખે. તો એક અંગ સરખું દેખાય, એક અંગ સરખું ન દેખાય આવું બધું થાય. તો એણે બ્રહ્માનંદ સ્વામી જેવા અનાદિમુક્તને પકડ્યા. સ્વામીને કહે કે મારે ધ્યાનમાં આવું થાય છે. શું કરવું? એક અંગ સરખું દેખાય, એક અંગ સરખું ન દેખાય, મહારાજની મૂર્તિ ઘડીકમાં સરખી દેખાય, ઘડીકમાં સરખી ન દેખાય, ઘડીકમાં કંઈ જુદું સ્વરૂપ દેખાઈ જાય. આ બધું શું થાય છે? બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે તને ધ્યાન કરતાં બરાબર નથી આવડતું. તે કહે કે સ્વામી! ત્યારે ધ્યાન કરતાં શીખવોને?

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે જુઓ, તમે મૂર્તિને

નિહાળો છો, પણ મહારાજનું ભાલ કેવું છે એ ખબર છે બરાબર? મને બોલી બતાવો. તે કહે કે ના સ્વામી! એ તો ન આવડે. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે તમે કેવી રીતે મહારાજનું સ્વરૂપ નીરખ્યું? ભાલ નીરખો, નેણ નીરખો, નાસિકા કેવી સરસ છે એ નીરખો; એમ દરેકે દરેક અંગ નીરખી અને અંતરમાં ઊતારીને જુઓ. ભલે સન્મુખ દેખાય તો સન્મુખ જુઓ, પણ જેવા તમે આંખ ઉઘાડીને મહારાજને દેખો છો એવું જ દેખાય ત્યારે જંપ ખાઓ. તે કહે કે સારું. પછી એણે પહેલાં મુખારવિંદ જોયું. એ મુખારવિંદને દૃઢ કરતાં છ માસ ઉપર વીતી ગયા. તો મુખારવિંદ સરસ દેખાવા લાગ્યું. તો બ્રહ્માનંદ સ્વામી કહે કે હવે સ્વરૂપ આ જ રીતે દૃઢ કર્યા કર. તો એમણે એ સ્વરૂપ દૃઢ કરી લીધું ધીરે ધીરે. બે વર્ષ કે ત્રણ વર્ષ જેટલો સમય વીતી ગયો તો ય એ ભગવાનના ભક્ત કંટાળ્યા નહિ. વચનામૃતમાં પણ કહ્યું છે કે ધ્યાન કરતાં જો મારી મૂર્તિ ન દેખાય અને એ પડી ન મૂકે એ ભક્તને હું વશ થઈ જાઉં છું. લખ્યું છેને? તો કંટાળવું તો ન જોઈએને? અંતે તો પૂરું જ કરી દેશે, પણ છતી દેહે મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરવા માટેનું જ આ ધ્યાન છે હો! બાકી યમ-નિયમ-ધર્મ પાળશો અને પાંચ વાર માનસીપૂજા - પાંચવાર તો બધા નહિ જ કરી શકતા હો અને એકાદ-બે એક વાર તો કરતા હશો, કદાચ સવારે કે સાંજે. પણ પાંચવાર માનસીપૂજા કરવી જોઈએ એવો મહારાજનો

આદેશ છે. તો એણે મૂર્તિ દઢ તો કરી. આંખ મીંચે અને મૂર્તિ એવી સરસ દેખાય. ત્યારે હવે કહ્યું કે ભગવાનનું સ્વરૂપ તો દેખાય છે, પણ ભગવાનના સ્વરૂપનું સુખ તો આવતું નથી; અને બીજી વસ્તુ જમું છું તો એનો સ્વાદ આવે છે, સારી વસ્તુ જુએ તો આંખ ડોલી ઊઠે છે. તો આ ભગવાનનું સ્વરૂપ જોઈને મને સુખ કેમ નથી આવતું? એ સારી વસ્તુ જમું છું તો મજા પડે છે. મૂર્તિ દેખાય તો છે, પણ સુખ નથી આવતું.

ત્યારે બ્રહ્માનંદ સ્વામી એને આગળ કહે છે કે ભાઈ! એ ભગવાનનું સ્વરૂપ જે સામે છે એ સ્વરૂપ ને તારી વચ્ચે એકતા ક્યાં છે? અંતર છે. ભગવાન અને ભક્ત કોઈ દિવસ એકબીજાથી જુદા નથી રહેતા. તો તું તો જુદો થયો. તું અહીં ને ભગવાન અહીં. તે કહે કે તો શું કરવું? બ્રહ્માનંદ સ્વામી કહે કે એમ કરવાનું કે એના ઢૂકડું થવાય એવું કરવું જોઈએ. ઢૂકડું જવું જોઈએ. તો એમણે પંચ વર્તમાનની એટલી બધી વાતો કરી ખૂબ. અત્યારે હું નહિ કરું. પણ પંચ વર્તમાન સ્થૂળ અને સૂક્ષ્મ સ્વરૂપમાં સમજીને પાળે તો મહારાજની મૂર્તિ આબેહૂબ દેખાય. ભગવાનને બોલાવવા પડે નહિ. આપોઆપ આગળ આવીને ઊભા રહે. પણ આ જે પંચ વર્તમાન છે એનું સ્થૂળ સ્વરૂપ જ આપણે પાળીએ છીએ. સૂક્ષ્મ સ્વરૂપનું અર્થઘટન સત્પુરુષ થકી સમજવું પડે. પંચ વર્તમાનમાં કંઈ જ કહેવાનું મહારાજે બાકી રાખ્યું નથી. એ

સન્મુખનું ધ્યાન એને અનુલોમનું ધ્યાન કહે છે. એ ઢૂકડું નથી. એ ધ્યાનમાં ભગવાન અને ભક્ત વચ્ચે અંતર રહે છે. એ અંતર ઢૂંકડું કરવું છે. બ્રહ્માનંદ સ્વામી કહે કે તું એ મૂર્તિને ઢૂંકડી કરને? તે કહે કે ભગવાનને હું નજીક ધારું? બ્રહ્માનંદ સ્વામી કહે કે હા, હા. તો ધારતા ધારતા એને અડી ગઈ. તો તે કહે કે હવે ધ્યાન જ કેવી રીતે કરું? મને કોઈ વસ્તુ અડી જ જાય તો હું ધ્યાન કેવી રીતે કરું? ભગવાન દૂર હોય તો ધ્યાન થાયને? ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે કે હું તને ઢૂંકડું થવાય, જરા ય અંતર ન રહે એવું ધ્યાન શીખવું છું.

તો બ્રહ્માનંદ સ્વામી જેવા અનાદિમુક્ત એને પ્રતિલોમ ધ્યાન શીખવે છે. એ શું શીખવે છે? એ એને કહે છે કે તારો હાથ બતાવ જોઈએ. તો કહે કે આ રહ્યો સ્વામી. સ્વામી કહે કે તારું મુખ બતાવ જોઈએ. તો કહે કે આ રહ્યું. સ્વામી કહે કે અરે! તને તો બધી ખબર પડે છે દેહની. તો દેહની જ્યાં સુધી સ્મૃતિ રહે, ત્યાં સુધી મહારાજની સ્મૃતિ કેવી રીતે થાય? એની સાથે એકતા કેવી રીતે થાય? તું આંખો મીંચી જા. હવે તારો દેહ તને દેખાય છે? ના. તો પછી આંખો મીંચેલી જ રાખને. દેહ દેખાય જ નહિ. તે કહે કે જો હું આંખો મીંચેલી જ રાખું તો દેહ દેખાય જ નહિ. તો ધ્યાન થઈ શકે ખરું? બ્રહ્માનંદ સ્વામી કહે કે આંખો મીંચી જા પછી તું પલાંઠી વાળીને બેઠો છો એવોને એવો સામે જોવે એવી ધારણા આવડે ખરી? હા, સ્વામી. કર જોઈએ. તારો દેહ -

આ તું કેમ બેઠો છે એ- દેખાયો? હા, સરસ દેખાયું. તું આટલો બધો દેહ સાથે જોડાયેલો છે, માટે તને દેહ તરત દેખાયો. ત્યારે મહારાજની મૂર્તિનું ધ્યાન કરવાનો તું હજી આરંભ જ કરે છે, જ્યારે દેહનું ધ્યાન તો તેં અનેક જન્મો સુધી કર્યું. એ સમજી લે. એ ભૂલવો છે. તો હવે એમ કર જોઈએ તારા દેહની જગ્યાએ- તારો દેહ તેં જોયોને એ જોઈ શકેને? હવે કંઈ દેખાય? કે કાંઈ નો દેખાય. તો જે મૂર્તિ છે એ માયિક દેહ ભૂલીને એ દેહની જગ્યાએ મૂર્તિને જોતો થઈ જા તો. વળી પાછા સ્વામી મૂર્તિ પોતાના ખોળામાં લઈને કહે છે કે આવી રીતે પ્રતિલોમપણે ધ્યાન કરી તો જો. પ્રતિલોમપણે એ જોવા માટે એને ખૂબ તકલીફ પડતી કે હું કઈ રીતે જોઉં? તો પ્રશ્ન ઊઠ્યો કે ભગવાનની મૂર્તિ અહીં આંખ પાસે આવી ગઈ, પણ એને જોવી કેવી રીતે? બ્રહ્માનંદ સ્વામી કહે કે એ આ આંખથી નથી જોવાની. ત્યારે કઈ આંખથી જોવાની? તો દિવ્ય ચક્ષુથી જોવાની છે.

તો સ્વામી કહે છે કે તને દિવ્ય ચક્ષુ હું આપીશ. ઉતાવળ ન કરીશ. હું તને રસ્તો બતાવું કે આ દેહમાં તું રહ્યો છે, તો દેહમાં રહીને તું બધું જુએ છેને? તારી આંખ નથી જોતી, પણ તારો ચૈતન્ય આ બધી વસ્તુ જુએ છે. સાંભળે છે ચૈતન્ય, જમે છે ચૈતન્ય. ચૈતન્ય નીકળી જાય તો શબ જમે ખરું? માટે દેહનું અસ્તિત્વ જ્યારે ભૂલી જવાય ત્યારે જ ભગવાનની ખરી સ્મૃતિ રહે. અને આપણે જમીએ ત્યારે

ભગવાનને જમાડવું એમ કહીએ છીએને? ઠાકોર જમાડવા. તો ખરેખર ઠાકોર જમાડીએ છીએ? મહારાજ જો અહીં હોય તો આમ આમ જમવું? કઈ રીતે જમવું? અરે ભાઈ! એમ નહિ જમવાનું. મહારાજ જમે ને તું દર્શન કરે એવો થઈ જા. આ દેહ, પગ આમ હાલે એ તું જોવે છે શેમાં રહીને? દેહમાં રહીને. તો મહારાજની મૂર્તિના સ્વરૂપમાં તું ઊંડો ઊતરી જા એવી ધારણા કરને. અને એવી રીતે જો. તો કહે કે હા સ્વામી. હું પ્રયત્ન કરી જોઉં. તો એમને પ્રયત્ન કરતાં કરતાં લટક હાથ આપોઆપ આવી ગઈ. તે અંદર રહી અને એ ચૈતન્યસત્તાએ ભગવાનનું સ્વરૂપ આમ જોયા કરે. હવે જમે ત્યારે મુશ્કેલી ઊભી થાય. તો જમે તો મહારાજ જમેને? તો એને દેહની સ્મૃતિ થઈ આવે કે આ તો હું જમું છું.

ત્યારે ભગવાનના અનાદિમુક્ત બ્રહ્માનંદ સ્વામી જેવા કહે છે કે જો દેહને ભૂલવો એ કેટલી અઘરી વાત છે! થોડી ધીરજ રાખો. એમ કરતાં કરતાં મારી મૂર્તિમાં રહીને જેટલું ઘડી-બે ઘડી, સવાર-સાંજ એવો અભ્યાસ કરો. તમને પ્રવૃત્તિ હોય તો થોડું થોડું કરો. સવારે ધ્યાન કરો થોડું આ રીતે. સાંજે કરો. પણ એમ પ્રતિલોમ ધ્યાનનો અભ્યાસ કરતાં કરતાં તે સહજ થઈ જાય છે. જુઓ સાઈકલ ચલાવવી હોય તો પહેલાં બેલેન્સ ગોઠવવામાં કેટલી મહેનત કરવી પડે? તરવું હોય તો એકબીજા હાથ આમ આમ હલાવે અને જ્યારે તરવાની રીત આવડી જાય પછી સહેલું થઈ જાય

છેને? એમ ભગવાનના સ્વરૂપમાં રહીને ભગવાનના સ્વરૂપનાં દર્શન કરીએ ત્યારે એ સ્થિતિ સહજ થઈ જાય ભગવાનની કૃપાથી. પુરુષ-પ્રયત્ન પચાસ ટકા. મહારાજ ત્રણ વસ્તુ ગણાવે છેઃ પ્રારબ્ધ, પુરુષાર્થ અને કૃપા. હે મહારાજ! પુરુષાર્થનું અને પ્રારબ્ધનું શું કામ? અરે ભાઈ! પ્રારબ્ધ એટલા માટે કહું છું કે તું ભગવાનનું ભજન કરતો કરતો જો આવ્યો હો તો તારા એવા પ્રારબ્ધથી જલદી તને મહારાજના સ્વરૂપનું દર્શન થાય. તું જ્યાંથી અટક્યો હતો ત્યાંથી આગળ આવવાનું. પણ તેં બાહ્યવૃત્તિ કરી અને અંતરવૃત્તિ કરી જ નથી અને આવ્યો છો માટે ટાઈમ લાગે. આ તો એકને એક બે જેવી વાત. અને અનંત જન્મો સુધી થાક્યા નહિ અને હવે એક જન્મ સુધી પ્રવૃત્તિ કરતાં કરતાં ભગવાનની મૂર્તિ ધારવામાં કંટાળો આવે? એ કઈ રીત? બધું કરો પણ ભગવાનની સ્મૃતિ સહિત કરો. ત્યારે એ મૂર્તિમાં પ્રવેશ કે સંબંધ કહેવાય. પણ એ હજી અનુસંધાન છે માટે એ પ્રવેશ હજી સાધનદશામાં છે. એ સહજ થઈ જવો જોઈએ. એ ક્યારે થાય? અભ્યાસથી બધી વસ્તુ સહજ થાય. તરવાની વસ્તુ જો સહજ થઈ જતી હોય તો આવડી મોટી સહજ વસ્તુ કરવા માટે થોડો અભ્યાસ તો કરવો પડેને?

એક ગ્રેજ્યુએટ થતાં અઢાર વર્ષ સુધી હેરાન થઈ જાય. નિશાળમાં, ઘરે, ગૃહકાર્ય કરે, પરીક્ષાઓ આપે, ત્રાસ થઈ જાય. તો ય એ ગધ્ધાવૈતરું કર્યા જ કરે. પણ ભગવાનના

સ્વરૂપને પામવાનો સંકલ્પ થાય નહિ એનું કારણ શું? એને એવા સંત કે એવા ભાગવત સંત, એવા અનાદિમુક્ત મળ્યા નથી. તો ભગવાનના અનાદિમુક્તની શોધમાં નીકળવું જોઈએ. અને એ અનાદિમુક્તનો જોગ બાહ્ય રીતે અને આંતરિક રીતે કરીને એના થકી જ્ઞાન સમજવું પડે. એ સમજ્યા પછી એ સમજણ પ્રમાણે એ કહે એમ કરવું પડે અને અંતરવૃત્તિએ એ કહે એમ કરીએ એ અંતરવૃત્તિએ સમાગમ કહેવાય. એ કહે એમ કરીએ એ બાહ્ય સમાગમ કહેવાય. તો બાહ્ય સમાગમમાંથી અંતરસમાગમમાં જતા રહેવું જોઈએ. મહારાજની મૂર્તિમાં રહ્યા છીએ એવું અનુસંધાન રહે એ પ્રતિલોમ ધ્યાન.

એ વખતે એ યાદ રાખીએ કે ચૈતન્ય તો નિરાકાર અને તેજોમય છે. પણ એના પર આવરણ હોય છે. તો એ નિરાકાર ચૈતન્ય જ્યારે ધ્યાનમાંથી ભગવાનની મૂર્તિમાં પ્રવેશ કરે, ત્યારે એ નિરાકાર તેજોમય ચૈતન્ય સાકાર બની જાય છે. પણ એના ઉપર આવરણ છે. એ આવરણને લીધે એનું જે તેજ-ચૈતન્યતેજ છેને? એ ચૈતન્ય-પ્રકૃતિ એ ચૈતન્યનું તેજ અને શ્રીજીમહારાજની ચૈતન્ય-પ્રકૃતિ. એ વિલક્ષણ પ્રકૃતિ. ચૈતન્ય-પ્રકૃતિ એટલે તેજ. એ તેજ તેજમાં ભેદ છે. ટ્યુબલાઈટ હોય અને એક ઘાસલેટનો દીવો મૂકો તો એ ઘાસલેટના દીવાનો પ્રકાશ એમાં વિલીન થઈ જાય છે. કંઈ જતો નથી રહ્યો. ટ્યુબલાઈટ બંધ કરો એટલે તરત

જ એનો પ્રકાશ જોવામાં આવે. એમ આપણો ચૈતન્ય-આત્મા જ્યારે આવરણથી રહિત થાય, ત્યારે એ તેજોમય બને છે. એને આ ભગવાનના અક્ષરધામરૂપ તેજની સાથે આપોઆપ જ એકતા થાય. ત્યારે પ્રતિલોમ ધ્યાનમાં ચૈતન્ય નિરાકાર સ્વરૂપે -જેમ દેહમાં નિરાકાર સ્વરૂપે રહ્યો છે એમ- એ ચૈતન્ય પ્રકૃતિથી એમાં રહી અને મહારાજનું સ્વરૂપ જોવે છે. એ જોતાં જોતાં મહારાજની કૃપાથી એ ચૈતન્ય ઉપરના આવરણ હટતા જાય છે. એ જેવા હટી જાય તે જ ક્ષણે મહારાજની ચૈતન્ય-પ્રકૃતિ એની ચૈતન્ય-પ્રકૃતિને દિવ્ય સાકાર બનાવી દે છે. અને દિવ્ય સાકાર બનતાની સાથે જ એ મૂર્તિની અંદર મહારાજની મૂર્તિને તો દિવ્ય સાકાર જુએ છે; અને પોતાને પણ જાણે છે કે દિવ્ય સાકાર મહારાજે મને બનાવી દીધો.

## ૧૫૭

## શ્રીજીમહારાજની મૂર્તિરૂપ થઈને ધ્યાન કરવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

અનુલોમ પ્રમાણે એવું ધ્યાન પાકું કરો કે મંદિરમાં જઈને મૂર્તિ જોવા જઈએ તો જ દર્શન થાય એમ નહિ. એવી જ મૂર્તિ આપણને અહીંયા દેખાવી જોઈએ એવી પાકી કરો. મંદિરમાં મહારાજની મૂર્તિ હોય એનો ફોટોગ્રાફ લઈ લેવો. એ મૂર્તિ સિદ્ધ કરવી. મંદિરમાં જાવું, સમાસ માટે પછી

જવાનું રહે. પણ પાકું તો એવું કરવું કે મંદિર જઈએ તો જ શાંતિ થાય અને અહીંયા બેઠા ન થાય એમ ન થવું જોઈએ. આ સારીયે દિવ્ય સભા અને મહારાજ અખંડ ભેળા રાખીએ. એમાં ફેરફાર ન થવો જોઈએ. એટલે મૂર્તિ પાકી કર્યા પછી આ દેહ કેમ દેખાય છે એ વિચારવું. અંતરવૃત્તિ કરો તો પણ આ દેહ પાકો થઈ ગયો હોવાથી ખબર પડે કે આ મારો દેહ છે. બરોબર? પણ જો મૂર્તિ પાકી કરીને દેહભાવ ભૂલતાં જઈએ તો એ મૂર્તિ અનુલોમ પ્રમાણે પાકી થઈ. પછી આમ પ્રતિલોમ કરીને એમ ધારવું કે આ મહારાજ ઊભા છે. અને અંગોઅંગ મહારાજના જોવા-નીરખવા. અને એના માટે બ્રાહ્મમુહૂર્તમાં જ્યારે શાંત વાતાવરણ હોય ત્યારે મૂર્તિનું ધ્યાન કરવું. પણ જો મૂર્તિ બરાબર ન દેખાય ત્યાં સુધી આંખો ઉઘાડીને જોયા કરવી. એવી પાકી કરવી કે પછી એ મૂર્તિને નીરખવી જ ન પડે. પાકું થઈ જાયને? આપણને આ લોકનું જ્ઞાન થઈ જાય તો કેટલું દૃઢ થઈ જાય છે?

તો પ્રતિલોમ ધ્યાન એ દૃઢ થઈ ગયું પછી એટલું સરળ કે બે વૃત્તિ કરવાની ન રહીને? મહારાજની મૂર્તિરૂપ થઈને કામ કરીએ તો મહારાજ જ કર્તા. આપણે આ હાથથી કામ કરીએ છીએ, બુદ્ધિથી વિચારીએ છીએ, આ આંખથી જોઈએ છીએ. પણ જોનારો કોણ? ચૈતન્ય. ચૈતન્ય ન હોય તો શબ જ થઈ જાય કે બીજું કંઈ? ત્યારે ચૈતન્ય બધું જ જોવે

છે, અંદર રહીને જોવે છે. બહાર રહીને જોવે છે? ના. ત્યારે આપણે મૂર્તિમાં રસબસ છીએ. આપણો ચૈતન્ય હવે દેહમાં નથી. દેહમાંથી કાઢી નાખ્યો બાપાએ. દેહભાવ કાઢીને ચૈતન્યને મૂર્તિમાં રાખ્યો તો શું કામ દેહને સંભારવો? એ ક્રિયા થયા કરશે એની મેળાએ. પણ મૂર્તિરૂપ થઈને સ્મૃતિ એવી પાકી કરવી કે આમ દેખતા જ આપણને મહારાજ દેખાય. બોલ બોલ ના કરવું. જો બોલ બોલ કરીએ તો પછી બીજે પણ ધ્યાન જાય. ખરુંને? એટલે કહે છે કે મોટા મુક્તો દાસત્ત્વપણે મહારાજનું સુખ લે છે.

બાપાને કોઈકે પૂછ્યું કે તમે સમાધિ શું કામ કરો છો? બાપા કહે કે બીજા ઓળખી શકે કે આ મહારાજની મૂર્તિરૂપ વર્તે છે એટલા માટે. નહિતર કોઈ ઓળખે નહિ અને ઓળખે નહિ તો કલ્યાણ કેમ થાય? બાપાને ક્યાં પ્રસિદ્ધિની જરૂર હતી? પણ બીજા જીવોનું કલ્યાણ થાય એટલા માટે એમણે સમાધિ કરી. એટલા માટે તો ભગવાનને અને સંતને ઓળખવા એ જબરી ઘાંટી કહી. એ વિધિ સમજવો જોઈએ. આ બધી વાત મેં મુક્તો પાસેથી સાંભળેલી છે. બરોબર? તો બરાબર સમજી લો. તો ગમે એમ કરીને મૂર્તિરૂપ થઈને ધ્યાન કરતાં રહેવું.

# ૧૫૮

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણનો સાક્ષાત્કાર કરવો હોય તો ભગવાનના કયા સ્વરૂપનું ધ્યાન અને ઉપાસના કરવી જોઈએ?

સ્વામિનારાયણ! એક જ ભગવાન સ્વામિનારાયણ અને એ સ્વામિનારાયણ ભગવાનમાંથી દિવ્યશક્તિ પ્રગટ થાય છે. એ દિવ્યશક્તિ જુદા જુદા સ્વરૂપે અનંત બ્રહ્માંડમાં વહેંચાઈ ગઈ છે અને જુદા જુદા સ્વરૂપ ધારણ કરે છે અને ભૂત-ભૈરવોમાં એ શક્તિ વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે. કારણ કે એ દેવોમાં એટલી જ પાત્રતા છે. એને એ કામ માટે મૂક્યા છે. જીવોની કક્ષા બહુ નીચી હોય ત્યારે એ સમાસ કરે છે. પછી ધીરે ધીરે જ્યારે જીવો ઊંચા આવતા જાય છે, જ્યારે એની પ્રગતિ થતી જાય છે, ત્યારે એને વધારે ને વધારે ઉચ્ચ દેવોની પ્રાપ્તિ થતી જાય છે. મલિન દેવોની પ્રાપ્તિ ઘટતી જાય છે. ભગવાને આખા બ્રહ્માંડોની રચનામાં અનેક દેવ-દેવતાઓ બધું જ પ્રગટ કર્યું છે અને સ્વામિનારાયણ ભગવાનની શક્તિ આ બધામાં કામ કરે છે.

મહારાજ એમ કહે છે કે કરોડો સૂર્ય ભેગા કરો, તો ય પણ મારા પ્રકાશમાં એ બધા પ્રકાશ લીન થઈ જાય છે. જો ભગવાન સ્વામિનારાયણનું સ્વરૂપ આવડું મોટું પ્રકાશમાન હોય તો જીરવાય કેવી રીતે? રાડ પાડી જવાય, નાડી-પ્રાણ

ખેંચાઈ જાય. અરે! ભગવાને એવી દયા કરી છે કે મારી મનુષ્યરૂપ મૂર્તિ, અક્ષરધામની મૂર્તિ અને આ મારી દિવ્ય પ્રતિમા એમાં રોમનો ફરક નથી. માટે આ દિવ્ય પ્રતિમાને પ્રત્યક્ષ માનીને મારું ભજન કરજો. એમાં હું સાક્ષાત્ બિરાજું છું. હું બધી રીતે તમારું રક્ષણ કરીશ અને કોઈ ચિંતા ન કરશો. મારે શરણે આવ્યા પછી 'સર્વધર્માન્પરિત્યજ્ય' બધા ધર્મોનો ત્યાગ કરીને મારા શરણે આવો. એમ ભગવાન કહે છે. આપણે સર્વે ભગવાન સ્વામિનારાયણના ભક્તો છીએ. એ ભગવાનના ભક્તોએ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપ સિવાય પોતાના ચૈતન્યમાં બીજા કોઈ સ્વરૂપનું ધ્યાન કરવું નહિ અને ભગવાને પધરાવેલા જુદા જુદા સ્વરૂપો છે. ગોપીનાથજી, રણછોડ-ત્રિકમરાયજી એ બધા સ્વરૂપો ભગવાને ધારણ કરેલા, એ સ્વરૂપે દર્શન આપેલા. એમાં (મૂર્તિમાં) ભગવાન સ્વામિનારાયણ બિરાજે છે, પણ અક્ષરધામમાં બિરાજમાન ભગવાનનું દિવ્યસ્વરૂપ છે એવું સ્વરૂપ એ નથી. એમનું ધ્યાન થાય નહિ. મહારાજે તો એમ કહ્યું છે કે હું ધર્મ-ભક્તિનો પુત્ર, હું ભગવાન સ્વામિનારાયણ, ઘનશ્યામ મહારાજ એવા મારા દિવ્ય સ્વરૂપ સિવાય કોઈ સ્વરૂપનું ધ્યાન ન થાય. મેં પધરાવેલી બીજી મૂર્તિઓ એ મેં જે સ્વરૂપો ધારણ કરેલા એની સેવા-પૂજન બધું જ થાય, પણ ઉપાસના ન થાય, ધ્યાન ન થાય. માટે ધ્યાન તો એક ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપનું જ

કરવું, તો જ ભગવાન સ્વામિનારાયણનો સાક્ષાત્કાર થાય. સાક્ષાત્કાર કરવો હોય તો આ દિવ્યસ્વરૂપ સિવાય આપણા ચૈતન્યમાં બીજું કાંઈ જ રહેવું જોઈએ નહિ. તો જ સાચી ઉપાસના કહેવાય. એક જ, રોમેરોમ સ્વામિનારાયણનો ધ્વનિ નીકળવો જોઈએ તો જ ભગવાનના સાચા ભક્ત કહેવાઈએ.

## ૧૫૯

## અંતર્મુખ અને બહિર્મુખ ધ્યાન વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બે જાતના ધ્યાનઃ અંતર્મુખ ને બહિર્મુખ. બહિરદૃષ્ટિ અને અંતરદૃષ્ટિ. બહિર્મુખ ધ્યાન તો બધા જીવો ચોવીસ કલાક કરે છે. જો ભણવું હોય તો પણ ચિત્ત લગાડવું પડે કે નહિ? બ્રશ કરીએ તો બ્રશમાં પણ ચિત્ત રહે કે નહિ? ખાવું - પીવું કરીએ તો પણ ધ્યાન થયું. ધ્યાન એટલે જે વસ્તુ કરતા હોઈએ એ બરાબર થાય એનું ચિંતવન. ધ્યાનનું ચિંતવન દરેક ક્રિયા કરતા કરવું જ પડે, ક્યાં જાય? ત્યારે બહિર્મુખ ધ્યાનની સાથે અંતર્મુખ ધ્યાન વણી લેવાનું બાપાએ શીખવ્યું. કે ભાઈ, પ્રવૃત્તિ કે ક્રિયા વગર તો રહી શકવાના જ નથી. દેહ રહે ત્યાં સુધી, પણ એ ઇંદ્રિયોના દ્વાર અંદરના બંધ રાખીએ અને બહારના ખોલીએ તો એ ઇંદ્રિયો વાટે બધા અંદર પેસે કે નહિ? પણ જો ઇંદ્રિયોના દ્વાર બહારના

બંધ કરી દઈએ અને અંતર્મુખ થઈને જો મૂર્તિનું ધ્યાન થોડીવાર કરીએ તો ધીમે ધીમે એ પ્રતિલોમ ધ્યાન થઈ જાય. અંતર્મુખ ધ્યાન એટલે પ્રતિલોમ ધ્યાન. એમાં મહારાજે કહ્યું કે જેવી સમજણ એવી ગતિ. જો અનુલોમ ધ્યાનમાં પૂર્ણપણું મનાઈ જાય તો પરમએકાંતિકની સ્થિતિ રહે. એથી આગળ ન જવાય. પરમએકાંતિકની સ્થિતિ પણ એટલી મોટી છે કે એને એમ જ થાય કે આથી અધિક કાંઈ નથી.

એક કૂવામાંનો દેડકો હતો, કોઈકે કહ્યું, હાલ એલા મહાસાગરમાં. તો કહે અરે! આથી કયો મોટો મહાસાગર છે? બરાબર! એને ખ્યાલ નથી. ત્યારે બાપાએ પ્રતિલોમ ધ્યાન કહ્યું. અનુલોમ ધ્યાન થયા પછી પ્રતિલોમ ધ્યાન બરાબર થાયને? માટે મૂર્તિને એવી એકાગ્રતાથી નિરખવી કે કુશળકુંવરબાઈએ જેવી રીતે મનની વૃત્તિ જોડી દીધી કે આંખો મીંચી ભગવાનનું એકેએક અંગ અંતરમાં ઉતારતા જાય. એમ મહારાજની મૂર્તિનું જે સ્વરૂપ આપણને ગમે - બધા સાકરના નારિયેળ કહેવાય. સાકરના નારિયેળના આકાર તો અલગ અલગ હોયને? પણ સ્વાદ તો એક સરખો કે નહિ? તો જે મૂર્તિ હૈયામાં ચોટી જાય પછી ફેરવવી નહિ. સિદ્ધ થાય ત્યાં સુધી. હવે આ જુદા જુદા સ્વરૂપો નથી? ઘનશ્યામ મહારાજની મૂર્તિ, મહારાજની મૂર્તિ એક સરખી નથી. અલગ-અલગ લાગે, પણ સાકરના નારિયેળ.

મહારાજ કહે, અમે જ્ઞાન કરીને સમજાવીએ, એની

મેળાએ પાત્ર થવું જોઈએ. એમ લખે છે બાપા કે પાત્ર તો જાતે જ થવું પડે. કંસારા કૂટી - કૂટીને કરે, એમ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો તો કહે, અમે આ શું કરીએ છીએ? કૂટી - કૂટીને પાત્ર જ કરીએ છીએને? સ્વામી! આથી વધુ ક્યો કંસારો સારો. તો પાત્ર કરે છે. પાત્ર કરીને જો આપીએ તો ટકે. અમુક ક્ષણભર કરે ને ઉલટું પૂર્ણકામ મનાઈ જાય પછી આગળ જ ન વધે. પછી મુક્તની ગરજ ન રહે. માટે આપણે એમ કહેવું કે હે પ્રભુ! તેં અમને મૂર્તિમાં રાખ્યા, બરાબર. હવે તું એવું બળ આપજે કે જેથી આ ધ્યાન મને થયા કરે. કંટાળવું નહિ. અંત સુધી કર્યા કરવું. અંતે તો સુખની પ્રાપ્તિ છે જ.

એક બીજી વાત કે પ્રતિલોમ ધ્યાનની વાત પાકી કરવી. કેમ કે કામ કરતા કરતા મૂર્તિમાં એવી સ્થિતિ થાય. ભલે મહારાજને આંખ ઉઘાડીને જોઈએ. મહારાજે આપણા બે દેહ કર્યા. એક દેહ ભાગવતીતનુ. બીજે દેહે કામ કરાવે છે. આ સેવા કોણ કરાવે છે? આ દેહે મહારાજ સેવા કરાવે છે. તો જેને મૂર્તિમાં રાખે અને છેલ્લા જન્મના આશીર્વાદ આપે એને બે દેહ કરી નાંખ્યા. આ દેહે અંતરશત્રુ નડે એવું ય દેખાય. એની સાથે આપણે નિસ્બત નથી. આપણે તો એક જ તાન રાખવું. હું તો મહારાજની મૂર્તિમાં છું. મહારાજે મને રાખ્યો છે.

## ૧૬૦

## ધ્યાન કરતા ઘાટ-સંકલ્પ થાય ત્યારે શું કરવું જોઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્ત રચિત ગ્રંથોમાંથી કોઈ ગ્રંથ વાંચવો. સરસ રીતે વાંચવો. ભલે એક વંચાય, પણ સરસ રીતે વાંચવો ને મહારાજની મૂર્તિનું થોડું ધ્યાન કરવું. સરસ રીતે. એવું ધ્યાન પંદર મિનિટ કરવું. ભગવાનનું ધ્યાન કરતાં પહેલા ભગવાનના આખા સ્વરૂપનું થોડીવાર ચિંતવન કરવું અને પછી મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. આવું પંદર મિનિટનું ધ્યાન એ એક કલાકના ધ્યાનથી ચડી જાય. એક કલાક ધ્યાન કરો તો સરખું સ્વરૂપ ધારવામાં આવે નહિ તો શું કામનું? મૂર્તિનું સ્વરૂપ ધારતા ધારતા ઘાટ-સંકલ્પ થાય, કાંઈક બીજો વિચાર મગજમાં આવી જાય. આ આપણું ભેજું કેવું છે એ ખબર છે? આપણા મનમાંથી એક સેકન્ડમાં હજારો તરંગો નીકળે છે. ક્યારે કયો નીકળશે એ કલ્પનામાં જ ન આવે. હજી સુધી કોઈ જોઈએ એવો માઈન્ડનો (મનનો) અભ્યાસ કરી શક્યું નથી. માઈન્ડ છે શું? ત્યારે એ મન માંકડા જેવું છે. ઘડીકમાં ક્યાં ને ઘડીકમાં ક્યાં કૂદા-કૂદ કર્યા જ કરે. સ્થિર થાય જ નહિ. ઘડીકમાં કોઈ વિચાર આવે. ક્યાંક ગયા હોયને! તો એ વિચાર આવે તો એ વિચારે ચડી જાય અથવા કોઈ કામ કરતા કોઈ પ્રશ્ન

ઊભો થયો હોયને! તો એ પ્રશ્નનો વિચાર ચાલે કે બહુ થયું હવે શું કરવું? મૂર્તિનું મનન તો ક્યાંથી થાય? તો એક વસ્તુ યાદ રાખીએ કે જુઓ પ્રશ્ન એ જીવનનો એક ભાગ છે. પ્રશ્ન ન ઊભા થાય એવું કદી ન બને બરોબર! જીવન એ જ પ્રશ્ન છે, પ્રૉબલેમ છે, કોયડો છે. તો દેહ ધારણ કર્યો એટલે એ થવાનું જ અને જો પ્રશ્ન ઊભો ન થાય, તો જ્ઞાન પણ ન સમજાય. પ્રૉબલેમો જરૂરી છે, પણ એ પ્રૉબલેમ ભગવાનનું સ્વરૂપ ધારતાં આડો ન આવે એવું માઈન્ડને કેળવવું જોઈએ. આપણે નક્કી કરીએ તો ન આવે. આપણે જો હાથે કરીને વિચારીએ તો પછી શું થાય? ગમે તેવા પ્રશ્નો ઊભા થાય, તો ય મૂર્તિ ધારવા બેસીએ ત્યારે જય ભગવાન! સૌ-સૌના રસ્તે. એવું કરી મૂકવું. માઈન્ડને એવું ટ્રેઈન કરવું પડે, કેળવવું જોઈએ, બસ.

# ૧૬૧

## શ્રીજીમહારાજના અનાદિમુક્તનું ધ્યાન ન કરવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સજાવે છે?

મુક્ત હોય એ ભગવાનને મોટા કરી અને બતાવે કે તમે ભગવાનમાં જોડાવ. જેના સુખમાં રહેવું છે એમને વળગવું જોઈએને? એમ મુક્ત તો એ સુખમાં જોડવા માટે તમને મદદ કરે છે. તમને પહોંચાડે છે ત્યાં, પણ જોડાવાય તો ભગવાનમાંને? પ્રભુ એ પ્રભુ! ને મુક્ત એ મુક્ત! એટલે

આ મનન કરીને સુખિયા રહેવું બસ! અને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. મુક્તદશા પ્રાપ્ત થાય ત્યારે જીવ ભગવાન જેવો સાકાર બને અને પછી જો એ મૂર્તિમાં જ એકલીન થઈ જાય, ત્યારે ભગવાન જ એક રહે અને મુક્ત અંદર રહે સુખમાં. જેમ લક્ષ્મીજી અતિ સ્નેહે કરીને લીન થઈ જાય એમ. મહારાજે લખ્યું, એમ મુક્ત છે તે અતિ સ્નેહ થાય ત્યારે મૂર્તિમાં - ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય. એટલે દેખાવ ભગવાનનો રહે, પણ જ્યારે મુક્ત મનુષ્યરૂપમાં હોય, ત્યારે એ એનો ચૈતન્ય પુરુષોત્તમરૂપ બની જાય. પણ એનો જે મનુષ્યદેહ છે એ કંઈ એનો આકાર બદલતો નથી એમ. અને અનાદિમુક્તની સ્થિતિમાં આ દેહ નિર્ગુણ ને દિવ્ય થઈ જાય છે. આમ છતાં પણ એ મનુષ્યરૂપનો આકાર પ્રભુ જેવો થઈ જતો નથી. કારણ કે સેવક છે એટલે.

બાપાએ એમ કહ્યું કે મુક્તનું ધ્યાન ન કરવું, પણ શ્રીજીમહારાજનું ધ્યાન કરવું. એ નિષેધ કર્યો, કારણ કે સેવક છે અને સેવકનું ધ્યાન ન થાય, પણ સુખદાતા એવા ભગવાન સ્વામિનારાયણનું ધ્યાન કરવું. એમ બાપાએ આજ્ઞા કરી. મુક્ત ગમે તેટલા પ્રતાપી દેખાય પણ મુક્તનું ધ્યાન ન થાય. એની સાથે હેત થાય કે જેથી હેત થાય તો ભગવાનમાં લગની લાગે. ને એમ હેત કરવું, પણ સ્નેહ ભગવાનને વિષે રાખવો એ ભક્તિ કહેવાય.

# ૧૬૨

## ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવા માટે દેહને ભૂલવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મૂર્તિનું ધ્યાન કરવા માટે દેહમાં જેમ જીવ રહ્યો છે, તેમ આપણે મૂર્તિમાં છીએ. આપણે આ દેહને ભૂલી જવાનો. પહેલા તો આપણું શરીર ભૂલવા પ્રયત્ન કરો કે આપણે છીએ જ નહિ. બધું ભૂલી જાવ. આંખો મીચી જઈએ ત્યારે ક્યાં દેહ દેખાય છે? પછી મન કલ્પના કરે છે. બધું ભૂલી જાવ. મનને સ્થિર રાખીએ અને જેમ દેહમાં જીવ રહ્યો છેને? તેમ ભગવાનના સ્વરૂપમાં આપણો ચૈતન્ય રહ્યો છે. અને અંદર રહીને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. પછી દાસપણું વધતું જશે. નખથી શિખા પર્યંત મહારાજની મૂર્તિ ધારવાની. આ શરીર નથી. એની જગ્યાએ મહારાજની મૂર્તિને નિહાળવી, દર્શન કરવું. પછી નખ-શિખા પર્યંત પાકી કરવી. એ સ્વરૂપને બરોબર જોવાનું. અને જોતાં-જોતાં-જોતાં મસ્તકથી નખ સુધી અને નખથી શિખા પર્યંત એમ એકે એક અંગ બરાબર નિહાળી અને પછી હવે મહારાજને ક્રિયા કેમ કરાવવી? પાંચ માનસીપૂજાઓ કેમ કરવી?

પુરુષોત્તમરૂપ બનવાનો અર્થ એ છે કે પુરુષોત્તમરૂપ બનવું હોય તો આ દેહનું ખોખું ભૂલવું પડે કે નહિ?

દેહમાંથી રાગ ત્યારે જ ટળી જાય કે જ્યારે આ દેહ ભૂલાય. દેહ ભૂલવા માટેનો એક સારો રસ્તો એ આ પ્રતિલોમ ધ્યાનનો છે. દેહ ભૂલીને ભગવાનનું સ્વરૂપ ધારવું. એના ઉપર એકદમ એકાગ્રિત થાવ. એટલે મહારાજનું સ્વરૂપ તમને દેખાય. પછી હાલતા-ચાલતા તમે એમ જ દર્શન કરો છો કે મહારાજ હાલે છે, મહારાજ ચાલે છે એવું તમને દર્શન થાય છે. પોતે ભગવાન બની જવાતું નથી. એ તો દેહભાવમાં જ્ઞાન ન હોય ત્યારે એવું સમજે છે. વધુ દાસપણું આવતું જાય છે ને ભગવાનના અખંડ દર્શન કરે છે. ત્યારે અખંડ દર્શન કોણ કરે? સેવક હોય એને આનંદ આવે કે નહિ? ત્યારે એ રીતે ધ્યાન કરવાથી વધુ સારું ધ્યાન થાય છે.

પ્રતિલોમ ધ્યાન સહેલું છે, અઘરું નથી. વધારે સહેલું છે. બસ, ભગવાનની મૂર્તિ પાકી કરી લીધી તો આપણે ભગવાનને ક્રિયા કરતા અખંડ જોયા જ કરીએ તો ભગવાનનો હાથ દેખાય કે નહિ? ભગવાનને જમતાં જોયા કે નહિ? ભગવાનને શયન કરતા, પોઢાડતા જોયા, કે નહિ? તો યોગનિદ્રામાં પોઢી જવાય છે. પ્રતિલોમ ધ્યાન કરતા કરતા ઊંઘમાં પણ તમને એમ લાગે કે જાણે હું મહારાજના સ્વરૂપનું ધ્યાન કરું છું અને દેહ આરામ કરે છે. આ યોગાભ્યાસ કહેવાય. મૂર્તિ સિદ્ધ કરવાનો એક યોગાભ્યાસ. આ યોગાભ્યાસની થોડી વાતો વૃંદાવન સ્વામીએ કરેલી. અને મહાન અનુભવી સંતો સદ્‌ગુરુઓ, મોટા-મોટાઓએ

આ રીતે ભગવાનનું પ્રતિલોમપણે ધ્યાન કર્યું. આ એક ધ્યાનની વાત કરી. આ છેલ્લા ધ્યાનની વાત. બીજા શરૂઆતના ધ્યાન અનુલોમ વગેરે બધા ધ્યાન તો છે જ અને પહેલા એ કરવા જોઈએ કે જેથી મૂર્તિ દઢ થાય. તમારે મંદિરમાં જઈને મૂર્તિ જોવી પડે એમ નહિ. મંદિરમાં ઘનશ્યામ મહારાજ બિરાજે છે. તમો એવી મૂર્તિ દઢ કરો કે તમે જ્યાં જાવ, ત્યાં એ જ નખ-શિખાંત દેખાય. પછી જેવી મૂર્તિ સિદ્ધ કરી તેવી પ્રતિલોમ આપણે કરી નાંખવી, જેથી એ મૂર્તિ આપણને બરાબર દેખાય અને પછી કથા-કીર્તન બધું સાંભળીએ તો બહુ જ આનંદ આવે. આ મૂર્તિમાં રહીને સાંભળવાની વાત છે. મહારાજના મસ્તકે મસ્તક, ભાલે ભાલ, અને દિવ્યસ્વરૂપમાં રહેવાની રીત છેને! એ ગળે ઉતરે એવી નથી.

## ૧૬૩

## શ્રીજીમહારાજના સન્મુખ ધ્યાન વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સન્મુખ ધ્યાનમાં આપણે જુદા વર્તીએ છીએ. આપણે અહીંયા છીએ ને મહારાજને જોઈ રહ્યા છીએ એવું લાગે છે. મહારાજથી જુદાપણું લાગે છે. જ્યું મીસરી પય માંહી ભળી. એવું લાગતું નથી. એ અનુલોમ વૃત્તિ બહુ અઘરી પડે છે. એ અનુલોમવૃત્તિમાં શું થાય છે કે જ્યાં સુધી તમે સ્થિર

રહીને એના સામું જોયા કરો, ત્યાં સુધી એ મૂર્તિ વિશે તમને થોડીક સ્થિરતા થાય, પણ પછી પ્રવૃત્તિ કરો એટલે પાછું દેહભાવમાં આવીને ભૂલી જવાય. જેમ દેહમાં જીવ રહ્યો છે તો આપણે આ શ્રીજીમહારાજના સ્વરૂપને જોઈ શકીએ છીએ. આપણા ચૈતન્યને જોઈ શકતા નથી. પરંતુ એ ચૈતન્ય દિવ્યદેહ ધારણ કરે, દિવ્યસ્વરૂપ ધારણ કરે, ત્યારે આપણે એ દિવ્યસ્વરૂપને જોઈ શકીએ છીએ. એ તો ભગવાનને પમાય ત્યારે ચૈતન્યને દિવ્ય ભાગવતીતનું મળે છે. ત્યાં સુધી નથી મળતું.

## ૧૬૪

**આપણને સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ ક્યારે ઓળખાયા છે? અને શ્રીજીમહારાજ ઓળખાયા છતાં ઘાટ-સંકલ્પ બંધ થતા નથી અને અંતરમાં શ્રીજીમહારાજની મૂર્તિ પણ બરાબર દેખાતી નથી તેનું શું કારણ છે?**

મહારાજ એમ કહે છે, કે હું તમને ઓળખાયો એ તમારું પરમ ભાગ્ય છે એ વાત તો ચોક્કસ કારણ કે બધા અવતારો પછી અવતારી એવા મહાપ્રભુ પ્રગટ થયા અને એ જેમને ઓળખાય, એમણે પોતે કેટલા સુકૃત કર્યા હોય! ઘણા બધા સુકૃત કર્યા હોય, ત્યારે એ મહાપ્રભુ ઓળખાય. એ ઉપરાંત સારો જોગ મળે, કે જેમાં રહીને ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થઈને લક્ષ્યાર્થ

થાય. આપણને જોગ તો સારો મળ્યો છે! મહાપ્રભુ ઓળખાયા, પૂર્વે ઘણા સુકૃત કર્યા હોય, ઘણા પુણ્ય, તપ-જપ કર્યાં હોય, તો જ બને. છતાં, પણ આમ કેમ! ગુણાતીતાનંદ સ્વામી પોતે એમ કહે છે કે, ઘાટ-સંકલ્પનો અભાવ એ જ અક્ષરધામનું સુખ. ભગવાનની મૂર્તિ સંભારતા જો ઘાટ-સંકલ્પ બીલકુલ ન થાય અને મહારાજની તદાકાર મૂર્તિ આપણને અંતર્વૃત્તિએ દેખાય, તો એ અક્ષરધામનું સુખ. હવે વસ્તુ એમ છે કે મહારાજના સ્વરૂપ– અંગ્રેજીમાં Concept કહે, ગુજરાતીમાં તેનો સ્પષ્ટ ખ્યાલ. હવે સ્પષ્ટ ખ્યાલ શું? કે મહારાજનું સ્વરૂપ – આપણે ઉપર ઉપરથી આખો આભાસ જોઈએ છીએ, પણ મૂર્તિ જેમ છે એમ નથી ધારતા.

## ૧૬૫

## શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ ક્યારે આવે? અને તે સુખ કેવું છે?

આપણો ચૈતન્ય શ્રીજીમહારાજ સાથે એકરૂપ થઈ જાય ત્યારે એની એટલી એકતા થાય છે કે ભગવાનના મસ્તકે મસ્તક ને ચરણે ચરણ, બધું એકરૂપ લાગે! અને પછી ભગવાનની જો કૃપા ઊતરે એમ કરતાં કરતાં તો સુખ આવવા માંડે. જેમ પાણીમાં પડીએ ને ઠંડું લાગે, લાગે ને? પાણીનો હોજ હોય ને અંદર કૂદકો મારીએ તો કેવી મજા પડે

ને? તરવૈયો હોય, Swimming (તરવું) કરે, એને મજા નો પડે? તો તે સુખનો અનુભવ થાય ત્યારે એની વાત જુદી થઈ જાય! રોમે રોમ સુખ ભોગવે છે. રોમે રોમ શું? ત્યારે આપણને અત્યારે આંહીં મારે તો થોડુંક ખબર પડે? કે બધેય થોડું થોડું? આ સુખનો અનુભવ એવો છે કે સમગ્ર રીતે જેમ લાડવામાં જુદી જુદી વસ્તુ ના હોય? લાડવો બનાવે તો ખાંડ, ગોળ, ઘી, એલચી એ બધાનો સ્વાદ જેમ ભેગો આવે ને? એમ મહારાજની મૂર્તિનું સુખ વિવિધ હોવા છતાં ય એવું સરસ લાગે છે.

## ૧૬૬

## શ્રીજીમહારાજની કૃપાથી મૂર્તિનું સુખ આવવા માંડે ત્યારે કેવી સ્થિતિ થાય છે? સદ્. શ્રી પરમચૈતન્યાનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એકદમ સ્થિતિ એવી આવે કે તમને ક્યાંય જવાની જરૂર જ ન લાગે. એમ ન થાય કે લાવો હું મંદિર જાઉં. ન પણ જાવ. પરમચૈતન્યાનંદ સ્વામી હતા ને? તેમને જ્યારે ભગવાનનું દર્શન થયું તો તેર વર્ષ સુધી મંદિરમાં ઓરડા હોય, ને જ્યાં એમનું આસન ત્યાં જ પડ્યા રહેતા. મંદિર બહાર જ નહોતા નીકળતા. ત્યારે મહારાજ પ્રત્યક્ષ બીરાજતા હતા. એમનાં દર્શન કરવા નહોતા જતા. ત્યારે કોઈને એમ થયું કે આ શું? મહારાજના કોઈ દિવસ દર્શન

નહિ? તો કોઈકે એમ કહ્યું કે સ્વામી, મહારાજનાં દર્શન કરવા તો ચાલો. હું તમને લઈ જઉ. તો કહે લઈ જા. તો થોડેક લઈ ગયા ને કોઈકે મશ્કરી કરી કે સ્વામી, હવે શું આટલા વર્ષે નીકળવાનું? તો કહે, ભલે તું કહે એમ. લઈ જા ત્યાં. કોઈકે મહારાજને પૂછ્યું, ત્યારે મહારાજ કહે તેમને આવરણ ને અંતર બધાય દૂર થઈ ગયા છે. એમને ગઢડું, અક્ષરધામ બધું જ હસ્તામળ છે. હવે આંહીં શું આવે? એ નથી આવતા એમ કેમ કહેવાય? તું દૂર છે પણ એ દૂર નથી. તું નજીક છેં છતાં ય દૂર છેં. એ દૂર છે છતાં ય મારી સાથે એકરૂપ છે. એમ એ ભગવાનનું સ્વરૂપ ખૂબ દૃઢ થઈ જતાં, તમને પછી મંદિર જવું - જાવ તો સમાસ અર્થે. નહિ કે સુખમાં ફરક પડે તમને એમ ન લાગે કે આજ મંદિરમાં ગયા તો મહારાજનાં દર્શન સરસ થયા. તેમ સુખમાં ફરક નો પડે. અત્યારે જેવું સુખ છે તેવું ગમે ત્યાં જાવ. છપૈયા જાવ તો ય એવું ને એવું લાગે. જેવું અત્યારે છે.

## ૧૬૭

### શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્ત મળ્યા અને મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ મળ્યા, છતાં પણ દાખડો (પુરુષાર્થ) શા માટે કરવો જોઈએ?

બાપા કહે છે કે, દાખડો કરીને મેળવ્યું હોય તો એ કાયમ ટકે. ઈશ્વરચરણદાસજી સ્વામી કહે, બાપા, કંસારો

ટીપી-ટીપીને પાત્ર કરે છે. તમે ટીપી-ટીપીને પાત્ર કરો. બાપા કહે, અમે તો ટીપી-ટીપીને પાત્ર કરીએ તો પણ દુઃખ નથી આપતા. કંસારો તો ટીપે ખરો પણ ઘા મારે છે. અમારે એવા ટીપી-ટીપીને નથી કરવા. પરંતુ અમારે તો તમને સુખમય દૃષ્ટિથી પાત્ર કરી મૂકવા છે. એટલે બાપા કહે, એટલે ટીપવાનો અર્થ એ છે કે થોડો ઘણો દાખડો કરવો પડશે. એ દાખડો કરે એટલે ભગવાન તરત સુખનો અનુભવ કરાવી દે છે. માટે દાખડો તો કરવો જોઈએ. નહિતર અમે ભગવાન ન્યાયી કેવી રીતે કહેવાઈએ? આ વાત એવી સાદી છે. એમાં કહે છે ને સ્વામિનારાયણનો માર્ગ સાવ સરળ છતાં પૂર્ણ છે. આવું હોય કોઈ દિવસ? સાદો-સરળ, સાવ સરળ છતાં પૂર્ણ માર્ગ? થઈ રહ્યું! ધામમાં લઈ જઈશું એમ કોઈ કહેનારો નીકળે છે બીજો? એ તો એવું પુરુષોત્તમ નારાયણ જ કહી શકે. એમના અનાદિમુક્તમાં રહી પોતે કહી શકે. આ વખતે ભગવાને આપણને ખૂબ માનદ્ (પદવી) આપી છે. એ માનદ્ આપણને કેટલા પુણ્ય-સુકૃત કર્યાં હશે, કેટલાં સંતોના આશીર્વાદ મેળવ્યા હશે, ત્યારે આપણને ભગવાન સ્વામિનારાયણ ઓળખાયા. એક દરબાર હતા. (લોકો એમ કહેતા) એલા કે શું છે? તો કહે સ્વામિનારાયણ. ભગવાન કોણ? સ્વામિનારાયણ. લે સ્વામિનારાયણ જોઈએ છીએ? મહારાજના સંતો એમ જ કહેતા હતા ને? લે સ્વામિનારાયણ, પરંતુ લે નહિ એવા

જીવ હતા. લાડવા આપે તો ન લે પણ સૂકા રોટલા, છાશ, ગોળ આપે એટલે લે. ભિક્ષા માંગવા જાય ત્યારે દૂધપાક પૂરી, માલપૂવા આપે તો કહે અમારે નથી જોઈતા આવા જીવ હતા. એ જીવને આપણે માફ કરવાના. સેવા કરવાની. એ સેવા કરીએ તો બાપા કહે, એક જીવને ઉગારે તો એક બ્રહ્માંડ ઉગાર્યાનું ફળ મળે. ભગવાનની જીવો ઉપર કેટલી દયા છે એમ જુઓ! ગમે-એમ કરીને પાર પાડીને સુખિયા કરવા છે. કેટલા નિઃસ્વાર્થ હતા. તો આપણે પણ એમના જેવા થવું. થોડો સાધારણ દાખડો કરીએ તો મહારાજ રાજી થાય.

## ૧૬૮

## અક્ષરધામમા કોની દિવ્ય મૂર્તિઓ છે? અને તે મૂર્તિઓમાં શું વિશેષતા છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક વાર બહેચરભાઈએ મને વાત કરી કે, જગતમાં કોઈએ સ્વામિનારાયણ ભગવાન સિવાય નિરાકાર ચૈતન્યને સાકાર મૂર્તિમાન બનાવવાનો એકે ય દાખલો છે? નિરાકારને સાકાર બનાવવાનો. તો આપણો જીવ ચૈતન્ય નિરાકાર છે એમાં બે મત નથી. એ ચૈતન્ય ઉપર ભગવાન સ્વામિનારાયણની સીધી કૃપા ઊતરે, ત્યારે એ નિરાકાર સ્વરૂપ સાકાર દિવ્ય સ્વરૂપ થાય છે. બરાબર શ્રીજીમહારાજ

જેવું જ. નખ-શિખાંત બધું એવું. એ રીતનો એ તેજનો આકાર બને છે અને નિયંતાપણું કુદરતી રીતે જ ખબર પડી જાય. એ સ્વરૂપ મને સમજાયું છે. તો ભગવાનરૂપ આત્માનું તેજ એ મહારાજના તેજની પાછળ-પાછળ અંદર વિલીન થઈ જાય છે. અને સ્વરૂપ એક જ. એ સ્વરૂપ જીરવાય એવી રીતે દેખાય તો ખબર ન પડે કે શ્રીજીમહારાજ કોણ? આમાં ભગવાન કોણ? એમ ખબર ન પડે. માટે એ બધી અક્ષરધામની દિવ્ય મૂર્તિઓ એ અનાદિમુક્તની એ શ્રીજીમહારાજના જેવા જ સ્વરૂપ છે, પણ એ સેવક છે. એમાં એટલું બધું દાસપણું છે કે વાત જ મૂકી દો. કારણ કે એ અપારપણું અનુભવે છે.

આપણામાં થોડું દાસપણું ઓછું દેખાય છે. એનું કારણ એ છે કે આપણને એ જોવામાં આવતું નથી. એટલે એવું થઈ જાય છે. એક વાર જોવામાં આવે પછી કોઈ દિવસ દાસપણાનું અનુસંધાન ન રાખવું પડે. એ તો સહેજે દાસપણું રહ્યા જ કરે. એ એની વિશેષતા છે.

## ૧૬૯

## અનાદિમુક્ત દ્વારા કૃપાસાધ્ય શ્રીજીમહારાજે આશીર્વાદથી મૂર્તિમાં રાખી અનાદિમુક્તની પંક્તિમાં બેસાડી દીધા તેમ છતા મૂર્તિનું સુખ શા માટે આવતું નથી? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સાત મહાકલ્પ સુધી જો યજ્ઞ કરે અને જે પ્રાપ્તિ થાય તે આ સાત દિવસના સાર્ધ-શતાબ્દી મહોત્સવરૂપી યજ્ઞથી થતી પ્રાપ્તિની સરખામણીમાં કાંઈ જ નથી. કારણ કે ભગવાન પોતે અનાદિમુક્ત દ્વારા પ્રકાશતા હોય અને તે વખતે તે દૃષ્ટિ કરે, જમાડે, ભેટે આ બધી જ ક્રિયાને લીધે આપણો આખો ચૈતન્ય બદલાઈ જાય. જો ચૈતન્ય બદલાઈ જાય તો તરત મહારાજની મૂર્તિનું સુખ આવે. છતાં પણ ભગવાન એવા દયાળુ છે કે એ ચિત્તની વૃત્તિને બાધિત કરે છે. બાધિતાનુવૃત્તિને લીધે ભગવાનના સ્વરૂપમાં એની વૃત્તિ જોડાઈ રહે છે, પરંતુ એનો દેહ પડી જતો નથી.

પણ મહારાજની કૃપા એવી છે અને બાપાશ્રીએ પણ કહ્યું કે વર્તમાનકાળે શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્ત કૃપાસાધ્ય બન્યા છે. કૃપાને કોઈ શરત નથી. એ કૃપા કરે તો ઘડીકમાં એવી સ્થિતિ થઈ જાય. પણ એ એમની મરજીની વાત છે. એમાં ઘણા કારણો હોય. ક્યારે કયું કામ કરવું છે એ નિર્ણય એ મહાપ્રભુ લે છે. એની કલ્પના કરવી, એમાં ઊંડા ઊતરીને સમજવું એ શક્ય નથી. પરંતુ આપણને એટલી વાત તો ચોક્કસ થઈ કે મહારાજે આપણને મૂર્તિમાં રાખ્યા છે એ વાત હકીકત છે.

મહારાજે આપણને અનાદિમુક્તની પંક્તિમાં બેસાડી દીધા. પાત્રતાની તારતમ્યતાએ ભલે વધતું-ઓછું સુખ આવે મહારાજની મૂર્તિનું, પરંતુ આપણને અનાદિમુક્ત

કર્યા એ સત્ય પણ ખરું. અનાદિમુક્તની પંક્તિમાં તો બેસાડ્યા જ ને? ભલે કૃપાએ કરીને બેસાડ્યા. હવે એ સ્થિતિમાં આગળ વધવાને માટે કૃપા તો વરસ્યા જ કરે છે. એ સ્થિતિ સરળતાથી થઈ શકે. અશક્ય પણ નથી. આ સભામાં બેઠેલા બધા જ મુક્તો એવી સ્થિતિ જરૂર કરી શકે. ભલે એ સ્થિતિ છેલ્લી ઘડીએ થાય તો ય શું? અનંત જન્મ થઈ ગયા તો પણ આપણે કંટાળ્યા નથી, કાયર થયા નથી. તો આ જન્મની છેલ્લી ઘડી સુધી પણ શા માટે ધીરજ ગુમાવીએ? શા માટે અવિશ્વાસ કરીએ કે હું ભગવાનની આટલી બધી ભક્તિ કરું છું, આટલું કરું છું તો કેમ મહારાજ એમની દિવ્ય મૂર્તિનું સુખ નથી અનુભવ કરાવતા? મને એમની મૂર્તિ તેજના સમૂહમાં કેમ દેખાતી નથી? મારા ઘાટ-સંકલ્પ કેમ બંધ થતાં નથી? આવા બધા જ વિચારો આવે, પણ એ બધું જ ધીરે ધીરે શમી જશે.

અને મહારાજનું આવું મૂર્તિમાં રાખવાના આશીર્વાદનું જે અનુસંધાન તે જો બરાબર દૃઢ થાય તો હર્ષ-શોક કે સુખ-દુઃખ ન થાય. આ ભવસાગરમાં અને સંસારમાં રહ્યા થકા જે હર્ષ-શોક કે સુખ-દુઃખ ઉપસ્થિત થાય એ તો થતા જ રહેવાના. ભવસાગર કોને કહેવાય? ઘાટ-સંકલ્પ થાય, વિક્ષેપ થાય, અનેક પ્રશ્નો ઊભા થાય એનું નામ જ ભવસાગર. તો એ તો થવાના જ; ભલે થાય. આપણે એની સાથે શું સંબંધ? એક જ વસ્તુઃ મહારાજે મૂર્તિમાં રાખ્યા છે

એનું અનુસંધાન રાખવાનું. જો એ પાકું હોય તો આ હર્ષ-શોક નહિ થાય. તે અનુસંધાન જેટલી ઘડી ભૂલાય તે દરમ્યાન જ એ હર્ષ-શોક થઈ જાય છે. જેવું આ અનુસંધાન આવે કે તરત જ શોક કે દુઃખ કશું જ રહેતું નથી. તો એ દૃઢ કરવાનો અભ્યાસ કરવાનો, આનંદમાં રહેવાનું. કેટલી સરળ વસ્તુ મહારાજે કરી દીધી છે! સ્વરૂપમાં જોડાવાથી વગર સાધ્યે અષ્ટાંગ-યોગ સધાઈ જાયને? ભગવાનના સ્વરૂપમાં જોડાવાથી ભગવાનના ગુણ આપોઆપ આપણામાં આવતા જાય. કામ, ક્રોધ, લોભાદિક અનેક દોષો એની મેળાએ જ વિદાય થતા જાય. કારણ કે ભગવાનનું અનુસંધાન થાય ત્યાં એ દોષો રહે નહિ. આપણને ભગવાન તરત જાગૃત કરે. હર્ષ-શોક જો થાય તો સમજવું કે આપણે અનુસંધાનનો કેફ ભૂલી ગયા.

## ૧૭૦

**મૂર્તિના સુખમાં રાખ્યાના આશીર્વાદ મળ્યા પછી પણ ભગવાનને કેવી પ્રાર્થના કરવી જોઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

હું સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરું છું કે આપની દિવ્ય સ્મૃતિ પરમ પૂજ્ય બાપાશ્રી સહિત હંમેશાં રહે. આપણે એ સ્મૃતિ મૂર્તિરૂપ થઈને કરી શકીએ એવી કૃપાવર્ષા કરી છે તે મહાપથારી સુધી જાળવી રાખી અમારું

સેવન કરજો અને અમને એ દિવ્ય સુખના અનુભવમાં મૂકી દેશો કે જે મૂર્તિના સુખમાં અત્યારથી જ અમને રાખવાના આશીર્વાદ આપી દીધા છે. એ આશીર્વાદ મુક્ત દ્વારા અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીએ જ આપ્યા અને એમાં એ આશીર્વાદમાં મુખ્ય બોલનાર તો ભગવાન સ્વામિનારાયણ જ છે. અનંત મુક્તો સુખભોક્તા છે, કાર્ય તો મુક્તને નિમિત્ત બનાવીને પોતે કરે છે. તો માધ્યમ- સર્વોત્તમ માધ્યમ- તો અનાદિમુક્ત જ કહેવાયને? કારણ કે અનાદિમુક્ત દ્વારા ભગવાને અનેક કામ કર્યાં. અને આ સદાવ્રત માત્ર થોડા સમય માટે જ નહિ, પણ આ પૃથ્વી-બ્રહ્માંડ ચાલશે ત્યાં સુધી આ સદાવ્રત સ્વામિનારાયણ ભગવાન તેમના અનાદિમુક્તોને આ પૃથ્વી ઉપર પ્રગટ કરીને ચાલુ જ રાખશે.

## ૧૭૧

## ઉપાસ્યમૂર્તિ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ સિવાય ક્યાંય સારપ્ય નહિ રહેવી જોઈએ. બધા જ અવતારો, બધા જ દેવો એમાં ભગવાન સ્વામિનારાયણનો પ્રેરણા દ્વારા આવિર્ભાવ છે. એટલે એ બધા જ પૂજનીય, આદરણીય છે. આપણે એમનું દર્શન કરીએ, પરંતુ સર્વોપરી પરમાત્મા સિવાય એ કોઈ પણ ઉપાસ્યમૂર્તિ ન ગણાય. ઉપાસ્યમૂર્તિ તો એ ગણાય

કે જેનો મંત્ર સર્વોપરી હોય. તે સિવાય બીજો કોઈ મંત્ર અધિક નથી. માટે આપણે એક વસ્તુ નક્કી કરવી કે કોઈ પણ જાતનું દુઃખ આવે - એ તો આ જન્મ લીધો છે અને આ જગતમાં આવ્યા તો સુખ-દુઃખ તો ચાલ્યા જ કરવાનું. અને - એ સહન કરવું એ જ ભગવાનની પ્રસન્નતા છે. વિશ્વાસ રાખીને. જો વિશ્વાસ ડગી જાય અને બીજે ક્યાંય સારપ્ય જો મનાઈ જાય તો સર્વોપરી ઉપાસનામાં કચાશ કહેવાય. ગમે તેવું દુઃખ પડે તો વધુમાં વધુ શું થઈ જવાનું છે? આ દેહ પડી જવાનો છે. તો સર્વોપરી ઉપાસના રાખવાની એટલે કે કોઈ જગ્યાએ સારપ્ય નહિ રાખવાની. ભગવાન સિવાય કોઈ બીજા દેવી-દેવતાઓ દુઃખ મટાડે એ શું? ભગવાનની પ્રેરણાથી જ બીજા દેવ-દેવીઓ દુઃખ મટાડે છે. એ બધા દેવો પોતે મટાડે છે? ના, ના. ભગવાન સ્વામિનારાયણે આપેલાં ઐશ્વર્યથી મટાડે છે. જો એ પાછું ખેંચી લે, તો કોઈ કામ કોઈ દેવથી થઈ શકે જ નહિ.

તો આ વાત આપણે દૃઢ કરી ભગવાન સ્વામિનારાયણના એવા મજબૂત અડગ સિંહ-સૈનિક બની રહીએ કે જેથી આપણને એ મૂર્તિ સિવાય ક્યાંય સારપ્ય મનાય નહિ. એ મૂર્તિ જ આનંદરૂપ લાગે. બાપાએ કહ્યું કે બધી જ ક્રિયા કરતાં કરતાં ભગવાનનું અનુસંધાન રાખી અને કામ કરવું. અને ભગવાનને પ્રાર્થના કરું છું કે આ આશીર્વાદ બધાય અખંડ ઝીલાયા કરે.

## ૧૭૨

**મૂર્તિમાં રાખ્યા અને મૂર્તિ, મૂર્તિ અને મૂર્તિ જ એવું શાસ્ત્રોમાં ક્યાંય લખ્યું હોય અથવા શ્રીજીમહારાજ કોઈ મુક્ત દ્વારા બોલ્યા છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

દિવ્ય સભામાં પરમ કૃપાળુ પરમ દયાળુ શ્રીજીમહારાજે તેમના દિવ્ય સ્વરૂપમાં રહેનાર અનાદિ મુક્તરાજ બાપાશ્રી દ્વારા સૌને મૂર્તિમાં રાખ્યા! એમણે પાત્ર-અપાત્ર જોયું નહિ! જેને ભાવ થયો, જે શરણે આવ્યા એમને મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા! જેમ ભગવાન સ્વામિનારાયણે વરદાન માગી લીધા. સૌને છેવટના આશીર્વાદ આપ્યા! તો અત્યાર સુધીના શાસ્ત્રોમાં મૂર્તિમાં રાખ્યા અને બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ એવું ભગવાન સ્વામિનારાયણ કોઈ મુક્તના મુખે બોલ્યા છે ખરા? નથી બોલ્યા. બોલ્યા છે, પણ બહુ જ મર્મમાં બોલ્યા છે કે કોઈ સમજી શક્યા નથી. ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સમર્થ સદ્‌ગુરુઓ ભગવાન સ્વામિનારાયણની સર્વોપરીતા ઓળખાવવા ઘણું બોલ્યા છે. બાપાશ્રી કહે છે કે બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ રાખો તો બધું જ મળી જશે.

# ૧૭૩

## અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીનો આદેશ-જ્ઞાન એટલે શ્રીજીમહારાજની મૂર્તિ, મૂર્તિ અને મૂર્તિ. તેને આપણે જન જન પ્રત્યે કેવી રીતે ફેલાવીએ? તે વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બાપાશ્રીનું સામર્થ્ય તો સહુ કોઈ જાણતું થઈ ગયું છે. પુસ્તકોમાં પણ લખ્યું છે. ભૂજના મંદિરમાં જાઓ કે વડતાલના મંદિરમાં જ્યાં જ્યાં હું જાઉં છું ત્યાં એમ કહ્યું છે કે બાપાનું સામર્થ્ય આવડું મોટું હતું- ભલે બાપાશ્રીએ સમજાવેલી વાત એમને ત્યાં પહોંચી ન હોય એવું બને. પણ સારુંયે જગત બસ મૂર્તિ, મૂર્તિ અને મૂર્તિ જ કરશે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે હજી તો પાંદડે પાંદડે ભજન થશે સ્વામિનારાયણ ભગવાનનું. બાપાશ્રીએ કહ્યું કે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ, મૂર્તિ, મૂર્તિ જ દરેકના હૃદયમાં થશે ત્યારે બધા ખરી શાંતિ પામશે. અને આપણે આ મૂર્તિ, મૂર્તિ અને મૂર્તિ વડે જ સુખિયા છીએ.

આપણે બધાએ બાપાશ્રીનો જે આદેશ ઝીલ્યો છે એ સર્વત્ર ફેલાવાનું કામ કરવાનું. ખૂણે ખૂણે પહોંચી જઈએ. મહારાજના વખતમાં એકેએક જણને નિયમ આપવામાં આવ્યું હતું કે તમારે પાંચ જણને વર્તમાનની દીક્ષા આપવી. તો આપણે પાંચ જણ ન શોધી શકીએ કે જેને બાપાશ્રીનું

જ્ઞાન હૈયામાં ઊતરી જાય? આપણે એવા જ બળીયા છીએ. તો શા માટે બાપાશ્રીની વાણી બીજાને પહોંચે એવું ન કરવું?

## ૧૭૪

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં/મૂર્તિમાં કોણ જોડી/રાખી શકે?

અબજીબાપા આપણને ગમે છે એનું કારણ - સર્વોપરી ભગવાને તેમને જે માટે મોકલ્યા હતા તે કામ તેમણે કર્યું. તેમણે શા માટે બાપાશ્રીને મોકલ્યા? શ્રીહરિની મૂર્તિમાં જોડવા. મહારાજની મૂર્તિમાં જોડવું હોય તો ભગવાન કેવા છે એનું માહાત્મ્ય કહેવું જોઈએ. એમણે એ માહાત્મ્ય કહ્યું. એમને એમ લાગ્યું કે જો મારે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાં જોડવું હોય, તો ભગવાન સ્વામિનારાયણ કેવા છે એ કહેવું પડે. જો સર્વોપરી હોય તો કેમ સર્વોપરી છે - સર્વોપરી તો છે જ છતાં પણ -એ એને સમજાવવું પડે. મનુષ્યને સ્પષ્ટતા કરવા માટે. કારણ કે બધાની કક્ષા એક હોતી નથી.

ભગવાન સ્વામિનારાયણમાં જોડવું એ માત્ર એને અભિમુખ કરવું એ ય જોડવું કહેવાય અને એ મૂર્તિમાં રસબસ કરી સળંગ મૂર્તિમાં સુખ આવે એવું જોડવું એને પણ યોગ કહેવાય.

મૂર્તિમાં કોણ રાખી શકે? એક ભગવાન

સ્વામિનારાયણ. હવે એ પાત્રતા ન હોય ને મૂર્તિમાં રાખવું એ કંઈ સહેલી વાત છે? આખો જન્મ સુધારી દે એનું નામ કૃપાસાધ્ય ભગવાન અને એના કૃપાસાધ્ય અનાદિમુક્તો. ભગવાન આ ઉચ્ચત્તમ કલ્યાણકારી કાર્ય કરવા માટે પોતાના ઉચ્ચત્તમ સ્થિતિને પામેલા અનાદિમુક્તો દ્વારા કામ કરવાનું પસંદ કરે છે.

અનાદિ મુક્તરાજ અબજીબાપાએ તો કૃપા જ વાપરી. ને કૃપાસાધ્ય કોને કહેવાય? કે કાંઈ કરવું પડે નહિ. પૂર્વે શાસ્ત્રોમાં લખાણ છે કે સેંકડો-હજારો વર્ષ સુધી તપ કરીને રાફડા થઈ ગયા તો ય ભગવાનનાં દર્શન થયા નહિ. એ શું બતાવે છે? કે સાધનમાત્ર કાંઈ કામ આવે નહિ. મૂર્તિ વગર -ભગવાનના સ્વરૂપ વિના- સાધન બધા વ્યર્થ છે. સાધન તો કરવા પડે, પણ મૂર્તિ વિના કરેલાં સાધન બધા નિષ્ફળ નીવડે છે. મહારાજે એમ કહ્યું કે જો મારા પરમપદની સ્થિતિ- અનાદિમુક્તની સ્થિતિને પામવું હોય, તો એટલું બધું કઠણ છે કે એના જેવી કોઈ કઠિન વસ્તુ નથી. ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી એનાથી કોઈ કઠિન સાધન નથી. જો કઠિનમાં કઠિન સાધન એ હોય, તો એ કામ થઈ શકે થોડાથી. તો ભગવાનને કોણ પામે? માટે ભગવાને જોયું કે હું જો કૃપા નહિ વાપરું તો આ જીવો મને નહિ પામે. ત્યારે એમણે કૃપારૂપી સાધનનો ઉપયોગ કર્યો અને કહી દીધું કે જાવ તમને અમારી મૂર્તિમાં રાખ્યા!

# ૧૭૫

## નિરાકાર ચૈતન્યને સાકાર બનાવી ભગવાનની મૂર્તિમાં કોણ મૂકી શકે?

તો ભગવાન સ્વામિનારાયણે તો પાત્ર-અપાત્ર જોયા વગર કહી દીધું કે જાવ મૂર્તિમાં રાખ્યા છે! અમે હાથ પકડ્યો એ પણ મૂર્તિમાં પ્રવેશશે. ત્યારે આ મહોત્સવમાં છેલ્લા જન્મના આશીર્વાદ કોણ આપે છે? ભગવાન સ્વામિનારાયણ આપે છે. એમ એ આશીર્વાદ આપીને એમના અનાદિમુક્ત અબજીબાપાશ્રીનો મહોત્સવ આપણી પાસે આપણા સર્વ દ્વારા ઉજવાવે છે. જે કોઈ આવ્યા હોય, આ હવા ઊડીને આગળ જઈને જેના ઉપર પડશે તે બધાનો સર્વોત્તમ ઉદ્ધાર થશે એમ ભગવાન સ્વામિનારાયણ કહે છે. ભગવાનથી શું અશક્ય? કોઈ શેઠને કરોડ રૂપિયા કોઈ ગરીબને આપી દેવામાં વાર લાગે? જરીયે ન લાગે. આ નાગજીભાઈ શેઠ બેઠા છે, નવીનભાઈ બેઠા છે, બીજા ધનાઢ્ય બેઠા છે. એમાંથી કોઈને ના પાડી શકે? ત્યારે ભગવાનની શક્તિ એવી છે.

મહારાજે આપણને સરળ આજ્ઞા આપી અને કહ્યું કે ભાઈ! પુરુષાર્થ કરવો પડેને એ તો જીવનનો એક ક્રમ છે. ફળ માત્ર બિલકુલ મહેનત કર્યા વગર મેળવી લેવું અને ખાવું એ તમને બરાબર લાગે છે? અરે! થોડુંક તો કરીએ. એ

આપણે કરી ગયા. હવે આટલું કરવાથી જ મહારાજ તેડવા આવવાના આ હકીકત છે. અને એ વખતે તેડવા આવે પણ પાત્ર ન હોય પણ વરદાન આપી દીધું હોય પોતે જ ધણીએ કે હું તને મારા દિવ્ય સુખમાં રાખીશ, તો રાખવા પડેને? પોતાના દિવ્ય પ્રભાવથી એ સ્થૂળ દેહમાંથી છૂટા પડેલા ચૈતન્યના આવરણો એક દૃષ્ટિમાત્રે હટાવી દે છે. અને એ હટાવી અને એ નિરાકાર ચૈતન્યને સાકાર બનાવી પોતાની મૂર્તિમાં મૂકી દે છે. આ કોણ કરી શકે? એક સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ.

## ૧૭૬

## શ્રીજીમહારાજની મૂર્તિની અંદર રહીને સુખ ભોગવવાની કળા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

અનંત દિવ્ય સાકાર સ્વરૂપો એટલે કે અનાદિમુક્તો એ મૂર્તિમાં રસબસ રહી અને સુખ લીધા કરે છે. એ સુખ લેવાની કળા અલૌકિક છે. કોઈને એમ કહીએ કે આ સાકર કેવી? તો કહે ખાધા જેવી. એનું વર્ણન થઈ શકે? ખાવી જ પડે. ત્યારે અનુભવથી ખબર પડે કે મૂર્તિની અંદર રહીને એ સુખ ભોગવવાની કળા કેવી અલૌકિક છે! કોઈકે કહ્યું કે માછલાં રમે એમ કિલ્લોલ કરે છે મહારાજના મુક્તો. તો માછલાંની જેમ કરે છે? ભાઈ! માછલું કેવું ત્યાં. માછલાંનું દૃષ્ટાંત તો અપૂર્ણ છે, માયિક છે. આ તો દિશ બતાવવા માટે

આપ્યું છે. તો એ કિલ્લોલ શું? તો મહારાજની મૂર્તિની અંદરથી નવીન નવીન સુખ પ્રગટ થતું રહે છે. એની પાસે માછલી તો શું પણ કોઈ પણ પ્રાણી કરતાં પણ એને વધારે ને વધારે સુખનો આનંદ રહે છે. મુક્તોને તો આ સુખ એ જ આહાર. અનંત કાળ સુધી તૃપ્ત થતા નથી. હવે ત્યાં કઈ પ્રવૃત્તિ હોય કહો? ત્યાં કોઈ સેવા નહિ, ત્યાં કોઈ થાળ કરીને ધરાવવાનો નહિ.

પણ એક વાત કહું કે અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીએ મને આ વાત એમના મુક્તો દ્વારા સમજાવી. અને એ સંતો પણ જેમ અવતાર હોયને એ અવતારથી પણ ચડી જાય એટલી સામર્થીવાળા હતા એવું મને ખબર પડી.

અવતારો પ્રગટ થાય છે મૂર્તિમાંથી અને મૂર્તિમાં લીન થાય છે. કયા અવતાર? અરે! ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી કહે છે કે અન્ય અવતારોને તો મહારાજનાં દર્શન પણ નથી! કેવી રીતે થઈ શકે? ભગવાનનાં દર્શન કરવા હોય એ તો બગાસું ખાતા સાકરનો ગાંગડો મહારાજે આપણા મોઢામાં મૂકી દીધો એટલે આપણે ફાવી ગયા છીએ. એ અવતારોની ગણતરી આ મુક્તાવતાર પાસે શું છે? તે મુક્તાવતારનાં દર્શન કરવા -આ પર્વતભાઈનાં દર્શન કરવા- માટે અવતારો ને દેવો ફરે છે.

# ૧૭૭

## મૂર્તિમાં રહીને માનસીપૂજા કેવી રીતે થાય? તે વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજને નવડાવવા, ધોવડાવવા, થાળ જમાડવો આ બધું મૂર્તિમાં રહીને કેવી રીતે થઈ શકે? એનો ઉત્તર એમ છે કે આપણો ચૈતન્ય બહાર રહીને ક્રિયા કરે છે? ના. એ તો આપણા દેહમાં રહીને ક્રિયા કરે છે. તો આપણે જ્યારે મહારાજની મૂર્તિનું ધ્યાન કરીએ, ત્યારે દેહમાં નથી એ ભાવ ખૂબ દૃઢ કરવો પહેલાં. એકદમ ધ્યાન કરવા નહિ લાગી જવાનું. એવો ભાવ દૃઢ કરવો કે આપણી જાતને થોડીવાર ભૂલી જઈએ. કે હું પુરુષોત્તમરૂપ છું, મારું સ્વરૂપ સ્વામિનારાયણ ભગવાન જેવું જ છે, પણ હું સેવક છું. એ સ્વરૂપની ભાવના કરીને જેમ દેહમાં જીવ રહે છે, તેમ આપણે મૂર્તિની અંદર રહીને મહારાજને બધી ક્રિયા કરાવી શકીએ. ક્રિયા જરૂરી ખરી? હા, જરૂરી ખરી. શરૂઆતમાં મૂર્તિને દૃઢ કરવાને માટે, દેહથી અલગ પડવા માટે માનસીપૂજા સિવાય બીજો કોઈ સારો વિકલ્પ નથી. પાંચવારની માનસીપૂજા કરવી જ. એ માનસીપૂજા કરતાં કરતાં મહારાજની મૂર્તિમાં વૃત્તિ ખેંચાતી જાય છે. જેમ તરવાની કળા શીખીએ, સાયકલ શીખીએ ત્યારે શરૂઆતમાં કેવું થાય છે? પણ એક વાર સાયકલ આવડી

જાય કે મોટર-સાયકલ આવડી જાય પછી કંઈ ધ્યાન રાખવું પડતું નથી. એમ માનસીપૂજા કરતાં કરતાં એ મૂર્તિમાં સળંગ સ્થિરતા આવી જાય ત્યાર પછી એ મૂર્તિ દેખાવા લાગે અને પછી જે ક્રિયારૂપ માનસીપૂજા છે એ બંધ થતી જાય. પછી ભગવાનના અનાદિમુક્તો આમ બેસીને ધ્યાન કરે એ બીજાને શીખવવા માટે. મૂર્તિમાં સળંગ સ્થિરતા આવી જાય પછી કોઈ ક્રિયા કરવાની રહેતી નથી. પૂજા, પાઠ, ભગવાનને જમાડવા એવી બધી ક્રિયા સમાપ્ત થઈ જાય છે.

પણ એ કેવી રીતે થાય? તો માનસીપૂજા કરતાં કરતાં. એ માનસીપૂજા મહારાજની મૂર્તિમાં રહીને કરવાની. બહાર કરીએ તો મહારાજે ય દેખાય ને કોઈકવાર બીજો વિચાર પણ આવે. પણ જો આ પ્રયોગ કરીએ ત્યારે પહેલાં દેહથી ભૂલવાનું. હું દેહથી અલગ છું હું દેહમાં નથી ને આ દેહ મારો નથી. મને તો મહારાજની મૂર્તિમાં મુક્ત કરીને રાખ્યો છે. આમાં બે અર્થ રહેલા છેઃ એક શ્રીજીમહારાજનું વ્યક્તિત્વ અને બીજું ચૈતન્ય કેવો બનાવ્યો એ વ્યક્તિત્વ. મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો એનું આપણને મનન થાય. મહારાજે એવા આશીર્વાદ આપ્યા છે કે મારો ચૈતન્ય મુક્ત થઈ ગયો અને મૂર્તિમાં છે. તે ભાવના કરવી. તે ભાવના કરતાં કરતાં થોડીવાર દૃઢ થાય એટલે માનસીપૂજા શરૂ કરવી. પછી મહારાજને નવડાવો, ધોવડાવો, જે કરવું હોય એ અંદર રહીને કરો. આ ક્રિયાઓ આપણે અંદર રહીને

કરીએ છીએ એવો ય ભાવ થાય. અને બીજો ભાવ એ થાય કે મહારાજ બધી ક્રિયા કરે છે ને આપણે નિહાળીએ છીએ, દર્શન કરીએ છીએ. એમ બે વસ્તુ ચાલે. એમ કરતાં કરતાં સળંગ મૂર્તિ દૃઢ થઈ જાય. પછી આખો ચૈતન્ય છે એ નેત્ર તરીકે કામ કરે. રોમે રોમ નેત્ર, રોમે રોમ કર્ણ, રોમે રોમ નાસિકા. આનું નામ અલૌકિકતા. જે અનુભવ્યે જ ખબર પડે. તે આમ વિચારથી થોડોક ખ્યાલ આવે, પણ કઈ રીતે એ દેહભાવ જુદો થઈ અને મહારાજ સાથે જોડાઈને કિલ્લોલ કરે છે એ તો અનુભવ્યે જ ખબર પડે.

## ૧૭૮

**શ્રીજીમહારાજની મૂર્તિમાં અનંત મુક્તોને સુખનો અનુભવ એક સરખો થાય છે? અને મૂર્તિના સુખનો ક્યારેય અંત આવે ખરો? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

બાપા એમ કહે છે કે જેમ ઘડામાં ઘી થીજી જાય એમ મુક્તો મૂર્તિના સુખમાં થીજી જાય. બીજીવાર એમ કહે છે કે માછલા જેમ રમે અને કિલ્લોલ કરે એમ મૂર્તિમાં મુક્ત કિલ્લોલ કરે છે. મૂર્તિમાંથી નવા નવા સુખની ધારા છૂટે છે અને અનંત મુક્તો ભેળા રહી એ સુખ ભોગવે છે અને કોણ કેટલું સુખ ભોગવે છે એ પણ કેટલીકવાર એમની ઇચ્છાથી ખબર પડે છે. પણ ત્યાં કોઈ ઈર્ષ્યા-દ્વેષ થતાં નથી. બધાને

સરખું સુખ. અનુભવ સરખો અને સુખ ભોગવવાની ગતિ અલગ અલગ. અને એનો અંત ન આવે. જો અંત આવી જાય તો એ અપાર ક્યાંથી? માટે એ તો અનાદિકાળ સુધી આપણે સુખ ભોગવ્યા જ કરીએ એવું લાગે. હવે એ સુખમાં આપણને રાખી દીધા.

## ૧૭૯

### આપણને અનાદિમુક્તે મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા છે તેનો કેફ રાખવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

શ્રીજીમહારાજના આ આશીર્વાદ આપણે અખંડ સાથે રાખીને ખૂબ સરસ રીતે આનંદના કેફમાં રહીએ. કોઈ દિવસ આ લોક કે દેહની ફરિયાદ કરવી જ નહિ. કારણ કે દેહભાવ જ કાઢી નાંખ્યો પછી ફરિયાદ ક્યાં રહી? તો હવે આપણે ફરિયાદ કરવી નહિ. સદાય સુખિયા રહેવું. એટલું જ માનવું કે એ કૃપાળુ ભગવાન આપણી સાથે અખંડ છે અને એ આપણી સંભાળ રાખે જ છે. આપણે જે કંઈ કહેવું હોય તો શા માટે એ આપણી પાસે ભેળા જ છે તેને ન કહેવું? કહેવાની જરૂર ન પડે, પણ છતાં ય કહેવાની ઈચ્છા થઈ જાય તો એ પ્રભુને એમ કહેવું કે તમે મારા ભેળા જ છો, મને આ થોડી તકલીફ આવી છે તો દયા કરીને નિવારો. તો તરત નિવારી નાંખશે. મહારાજ માટે કોઈ વસ્તુ અશક્ય ખરી?

જરા ય અશક્ય નથી. પણ આપણને થોડું બળ ઓછું થઈ જાય છે એનું કારણ એ છે કે આપણે એનું અનુસંધાન ભૂલી જઈએ છીએ. આ દિવ્ય સભા અખંડ ભેળી છે એ ભૂલવું નહિ. એવી ને એવી સાથે રાખીને બધું કાર્ય કરવું.

આ દિવ્ય આશીર્વાદ સદાય સંભારીને સુખમાં રહીને અને બાપાશ્રીને પ્રાર્થના કરીએ કે તમે આ ભેળા જ છો અને જે જે કોઈ અમારા સંપર્કમાં આવે એને તમે દયા કરી અને મૂર્તિમાં રાખી દેજો! એ જરૂર રાખી દેશે. રાખનારને રાખવા છેને? આપણા ભેળા ભગવાન છે તો આપણા દ્વારા કલ્યાણનું કામ નહિ કરે? એકે એક જણ પ્રત્યે કરશે. એને કરવું છે. માટે શ્રીજીમહારાજ અને બાપાશ્રીના આ આશીર્વાદ અને વચનો સાથે રાખી અને અનેકને વર્તમાન ધરાવી દેવાના. પહેલાંના સંતોએ જેમ નક્કી કર્યું હતું કે રોજના પાંચ જણને વર્તમાન ધરાવવા તેમ. વર્તમાન ધરાવવાના કોણે? મહારાજે અને બાપાએ. એમણે તો આપણને કહ્યું કે હું તમારા ભેળો છું. તમે એટલું તો બોલજો કે નજર ચડે એ બધાને મૂર્તિમાં બાપાએ રાખી દીધા. તો મહારાજ કહે છે કે હું રાખી દઈશ. આપણે તો કહેવું જ છેને કે હે મહારાજ! તમે મારા ભેળા છો, જે જે નજરમાં આવે એને તમે મૂર્તિમાં રાખી દેજો. અરે! એ શું ન કરે? એકે એકને કારણ સત્સંગ એટલે કે પોતાની મૂર્તિથી રંગી દેવાના. આપણે સદાય એવો કેફ રાખવો કે મારા ભેળા

ભગવાન છે એ બધું જ કરશે. મૂક મૂક રીતે આ બોલવું. એ દયાળુ બોલે છે. એ પરભાવની વાણી બોલે છે. એ પરભાવની વાણી આપણે સાંભળી શકતા નથી; એટલા જ માટે કે એણે આપણી સ્થિતિ રોકી રાખી છે- આપણા સુખને માટે, સમાસને માટે.

## ૧૮૦

### શ્રીજીમહારાજની સર્વોપરિતા અને મૂર્તિમાં રસબસ રહેવાની રીત કોણે સમજાવી છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામી ભગવાન સ્વામિનારાયણને સર્વોપરી કહેવા માટે ઉપદેશ કરે, પ્રચાર કરે તો અયોધ્યાપ્રસાદજી મહારાજને કોઈએ ફરિયાદ કરી કે સ્વામી શાસ્ત્ર વિરુદ્ધ બધી વાતો કરે છે. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું કે સ્વામી, આ કરશો એ નહિ ચાલે. બધાએ એવું નક્કી કર્યું કે નિર્ગુણદાસજી સ્વામીને આપણે રજા આપીએ. શ્રીજીમહારાજે પોતાની ગાદી ઉપર બેસાડેલા પોતાના પુત્રની આમન્યા તો રાખેને? આમ જોવા જઈએ તો અયોધ્યાપ્રસાદજી મહારાજ અને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની દિવ્યસ્થિતિમાં ફરક તો ખરો જ, પણ અવરભાવની દૃષ્ટિએ એ ગાદી ઉપર ભગવાને બેસાડેલા એટલે મહાપ્રભુજી એમના દ્વારા કામ કરે, માટે

આપણે બધી જ આમન્યા રાખવી પડે. ગોપાળાનંદ સ્વામીને ના પાડી તો ગોપાળાનંદ સ્વામી પણ નહોતા આવી શકતા. મહારાજે એમને દર્શન આપીને કહ્યું કે આ તમે શું કરો છો? હું કોણ છું એ તમને ખબર નથી? હું તો સર્વોપરી પરમાત્મા છું. મારાથી પર કોઈ જ નથી. હું સર્વમાં રહીને કામ કરું છું. અનંત બ્રહ્માંડો મારા સંકલ્પથી અને મારી ચડાવેલી કળ વડે ચાલે છે. ત્યારે એ એવો હું એમને આ ગોપાળાનંદ સ્વામીના શિષ્ય સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામી આ કામ કરી રહ્યા છે તો તમે એમને કાઢી મૂકવા માંગો છો? આ ખોટું કરો છો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે, પ્રભુ મને આ ખબર નહોતી આજે જ ખબર પડી. આપ કેવા છો એ મને પણ ખબર નહોતી. દયા કરીને તમે જ મને તમારું સ્વરૂપ ઓળખાવ્યું. કારણ કે તમે મને ગાદી ઉપર પ્રસ્થાપિત કરેલ છે, એટલે હવે હું આ વાત બધાને કહીશ અને નિર્ગુણદાસજી સ્વામી મુક્ત કંઠે પ્રચાર કરશે. એમનો કોઈ પણ વિરોધ નહિ કરે. અયોધ્યાપ્રસાદજી મહારાજની વિનમ્રતાની એ પરાકાષ્ઠા હતી. પોતે ખૂબ મહાન હતા. એ તો આપણે જાણીએ છીએ. ધામમાંથી આવેલા હતા. બીજા સદ્‌ગુરુઓ પણ નિર્ગુણદાસજી સ્વામીને બોલાવીને કહે છે કે સ્વામી, તમારો અપરાધ થઈ ગયો. કે અમને ખબર નહિ કે મહારાજ આવા સર્વોપરી પ્રભુ છે. અવતારની બધા વાતો કરે છે એને

પણ કંઈ ખબર નથી તો આપ સુખે મહારાજને ઓળખાવો. તમને કોઈ વિરોધ નહિ કરે. પછી નિર્ગુણદાસજી સ્વામીએ છૂટથી સર્વોપરીપણાની વાતો કરવા માંડી.

શ્રીજીમહારાજને એમ લાગ્યું કે મારે એવા મહાઅનાદિ મુક્તરાજ પૃથ્વી ઉપર પ્રગટ કરવા પડશે કે જે વાત કરે અને સામી વ્યક્તિના હૈયામાં હા પડી જાય. ભગવાને મહાસત્તા આપીને, મૂર્તિમાં રાખવાની સંપૂર્ણ સત્તા અને સામર્થ્ય આપીને બાપાશ્રીને આ પૃથ્વી ઉપર પ્રગટ કર્યા, આ હકીકત છે, સંપૂર્ણ સત્ય છે. બારસો સાધુ અને પાંચસો પરમહંસ સહિત શ્રીજીમહારાજની સાક્ષીએ કહું છું કે આ જે સર્વોપરીનું જ્ઞાન મૂર્તિમાં સળંગ રહી રસબસ રહેવાની રીત જે બાપાશ્રીએ અને સદ્‌ગુરુઓએ સમજાવી એ સંપૂર્ણ સત્ય છે, કપોળકલ્પિત નથી. જેને આ વાત સમજવાની ગતિ નથી તેને તો કપોળકલ્પિત જ લાગેને! જે કલ્પનાતિત હોય એની શું ખબર પડે? સ્વાભાવિક છે. આપણે એ સ્થિતિમાં હોઈએ તો આપણને પણ એવું લાગે કે મહારાજની મૂર્તિમાં અનંત મુક્ત રસબસ રહે અને છતાં મૂર્તિ જેમ છે તેમ જ રહે. એ વાત આજના વિજ્ઞાનને પણ કદાચ સમજવામાં અઘરું પડી જાય.

એક વાત છે કે ભૌતિક વસ્તુની અંદર ભૌતિક વસ્તુ ન રહી શકે. કારણ કે એ જગ્યા રોકે છે. ત્યારે દિવ્ય વસ્તુ અને ભૌતિક વસ્તુ એ બેમાં આસમાન જમીનનો ફરક છે. દિવ્ય

વસ્તુ એવી વસ્તુ છે કે એનો સ્પર્શ જેને થાય એ પણ દિવ્ય બની જાય. મારા મુક્ત દિવ્ય સાકાર બને છે એમ મહારાજ પણ લખે છે. શ્રીજીમહારાજ એ તો દિવ્ય સાકારસ્વરૂપ. મુક્તનો આકાર માયિક તો મટી ગયો, ભૌતિક દેહનો તો સવાલ જ રહ્યો નહિ, તો અનેક દિવ્ય વસ્તુ એક દિવ્ય વસ્તુમાં એકમેકની સાથે રહી શકે છે. એમાં કોઈ સંકોચ-વિકાસ અવસ્થા જ નથી. સંકોચ-વિકાસ અવસ્થા એ અવરભાવમાં ભૌતિક વિજ્ઞાનને આધારે છે. આ વસ્તુ ભૌતિકવાદથી પર છે. એ તો શ્રીજીમહારાજની કૃપાથી દેહથી અલગ પડી જાય છે. દેહથી અલગ પડવું કંઈ સહેલું છે? બહુ જ અઘરી વાત છે.

આશ્રિત એને કહેવાય જે ભગવાનની આજ્ઞાઓનું પાલન અણીશુદ્ધ રીતે કરવા સતત પ્રયત્નશીલ રહે, શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના દૃઢ હોય, ઉપાસનાનો અર્થ તો ઘણો વિશાળ છે.

ટૂંકમાં ઉપાસનાનો અર્થ એ થાય કે સ્વામિનારાયણ ભગવાન સિવાય ક્યાંય પ્રતીતિ ન આવવી જોઈએ. મહારાજે કહ્યું તેમ બધા દેવાલયો આવે, બધા ઈશ્વરો, અવતારો તો બધાને વંદન કરી શકાય. કારણ કે ભગવાન સ્વામિનારાયણ એ દરેક અવતારોની અંદર આવિર્ભાવરૂપે કામ કરે છે. પરંતુ શ્રીજીમહારાજના પતિવ્રતા ભક્ત સર્વોપરી ભક્ત છે. આ વાત કોના જેવી છે કે બાળક હોય

એને પીએચ.ડી. નું જ્ઞાન આપવા બેસે તો પાંચ મિનિટેય બેસે ખરું? નહિ બેસે. એને કંઈ ખબર જ નહિ પડે. ગ્રીક અને લેટીન જેવું, કે આ શું બોલે છે? ત્યારે આ સર્વોપરીનું જ્ઞાન કાર્ય સત્સંગની જેમ જલદી પ્રસરે એવું નથી. આ જ્ઞાન તો કેવળ કૃપાસાધ્ય બનીને મૂર્તિમાં રાખવા પધારેલા બાપાશ્રીનું જ કામ.

મહારાજે બાપાશ્રીને શું કામ પ્રગટ કર્યા એ વાત ટૂંકમાં જણાવું કે અનંત કોટી બ્રહ્માંડો છે કે જ્યાં મનુષ્યોની વસતી છે. આપણામાં સૂર્યમંડળની બહાર તો કોઈ જઈ શકે તેમ નથી. જે ગ્રહો છે એમાં જ વિજ્ઞાન આંટા મારે છે. ત્યારે એવા તો અનંત બ્રહ્માંડો છે કે જ્યાં ભગવાન સ્વામિનારાયણનું વિચરણ થઈ ચૂક્યું છે. ત્યાં સ્વામિનારાયણ - સ્વામિનારાયણ ભજન પણ થાય છે. તો મહારાજે જોયું કે જે બધા પંચ વર્તમાન પાળે એમાં કસર રહી જાય તે પૂરી કરે અને મહારાજ તેડવા પણ જાય, પણ અર્જુનને જેમ વિશ્વદર્શન કરાવ્યું તો ખમી ન શક્યો. રાડ પાડી, ચીસ પાડી કે પ્રભુ! મને તમારું મનુષ્યસ્વરૂપ જ બહુ વહાલું લાગે છે. તમારું આ વિશ્વસ્વરૂપ સંકેલી લો, ત્યારે મહારાજ જીવોને તેડીને આવે પોતાના સ્વરૂપમાં, પણ અક્ષરધામમાં રહી શકે એવી પાત્રતા જ નહિ શું કરે? પછી જ્યાં જ્યાં એમને ઠીક લાગે, ત્યાં ત્યાં એમને પાછો સત્સંગમાં જન્મ ધરાવે અને પાછું ધીરે ધીરે પાત્ર કરીને

સુખમાં લઈ જાય. આ ઉત્ક્રાંતિની ક્રિયા છે. છેવટની ઉત્ક્રાંતિ એ કે જ્યારે સંપૂર્ણ પાત્રતા મેળવીને શ્રીજીમહારાજના સુખમાં રસબસ અનુભવ થાય, એ પૂર્ણ ઉત્ક્રાંતિ. ત્યારે આ ઉત્ક્રાંતિની ક્રિયા અનંત બ્રહ્માંડમાં ચાલે છે.

મહારાજને મુક્તોએ કહ્યું કે મહારાજ, આ તો કોઈ ધામમાં આવતા નથી ને અહીં રહી શકતા નથી શું કરવું? કાંઈ વાંધો નહિ હજી અમારા ગોપાળાનંદ સ્વામી વિચરે છે, ગુણાતીતાનંદ સ્વામી પણ વિચરે છે અને અમારા સંકલ્પસ્વરૂપ એવા અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી અબજીબાપા નામ ધારણ કરી અને પૃથ્વી ઉપર પ્રગટ કરીશું. જેથી અમારા સુખમાં જેઓ રહી શકતા નથી અને પાછા પુનઃ સત્સંગમાં મોકલવા પડે છે એ જે સ્થિતિ છે એ બંધ થઈ જાય. તો મહારાજ કૃપાસાધ્ય બન્યા કે જેને ભાવ આવ્યો, જેને દિવ્યભાવ આવ્યો એ બધાને મૂર્તિમાં રાખ્યા, પણ પાત્ર નહિ હોવાથી બાધિતાનુવૃત્તિનું આવરણ રાખ્યું. કારણ કે જો એ ન રાખે તો એ દિવ્ય સ્વરૂપનાં દર્શન જ જીરવાય એવા નથી. અનંત કોટી સૂર્યનું તેજ, પ્રકાશ જેમાંથી નીકળતું હોય અને એ સુખની પરાકાષ્ઠા એટલી કે અહીં અતિ ઠંડી પડે ને હાથ બરફ જેવો થઈ જાય તો જીરવી શકાય? એમ એ સુખ એટલું બધું છે કે અંદર પાત્રતા વગર રહેવું અઘરું પડી જાય. ત્યારે યાદ રાખીએ કે જો બાપાશ્રીને મહારાજે ન મોકલ્યા હોત તો આ કામ ન થઈ શક્યું હોત.

હજીયે આપણે આંટા-ફેરા વધુ કરવા પડત. તો મહારાજે કૃપાસાધ્ય બનાવી દીધા. કૃપાને કોઈ શરત નથી. એક પશુઓ ઉપર જો કૃપાસાધ્ય બને તો એ બધા પશુઓના ચૈતન્ય ઉપરથી પણ એક સેકન્ડની વાર પણ ન થાય એટલામાં આવરણો હટી જાય અને એ પાત્ર બની જાય. અને એ પાત્ર બને તો સુખમાં સરળતાથી રહી શકે.

પ્રણવનાદ કોઈથી ખમી શકાય એમ નથી. મૂર્તિના તેજમાંથી જે દિવ્યધ્વનિ નીકળે છે એ પણ આ કાને સાંભળી શકાય એમ નથી. કાનના પડદા પણ તૂટી જાય. એ ધ્વનિ એવો લાગે છે, પણ જ્યારે એ ધ્વનિ આરતીના અવાજ જેવો, બંસરીના અવાજ જેવો મધુર લાગે, ત્યારે એ મૂર્તિના સુખમાં રહેવાય એવી પાત્રતા આવી કહેવાય. ભગવાન કહે છે કે હું જેટલો નિર્મળ છું, એટલો નિર્મળ મારા મુક્તને બનાવું ત્યારે એ મારી મૂર્તિના સુખમાં રહી શકે છે. માટે ભગવાનના સુખમાં રહેવું એટલે ભગવાન જેટલા નિર્મળ બનવું પડે. એ રીતે મહારાજ જો બાપાશ્રી દ્વારા કૃપાસાધ્ય ન થયા હોત તો શું થાત?

મૂર્તિમાં રહેવાની વાતનો એક દાખલો આપું કે નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે મહારાજના સ્વરૂપમાં મુક્તની જળતરંગવત્ એકતા છે. જળતરંગવત્ એકતા એટલે શું થયું વિચારો? અલગપણું થયું? જળ અને તરંગ એ જુદી વસ્તુ નથી. એક જ છે, પણ જળતરંગવત્ અનાદિમુક્ત મૂર્તિની

અંદર રસબસ એકતા અનુભવે છે. દિવ્યમૂર્તિની સાથે અનંત દિવ્યમૂર્તિરૂપ મુક્તો સેવકભાવે રહે છે અને એ મૂર્તિનું સુખ લીધા જ કરે છે અને મહારાજ પોતાના મુક્તોને ફક્ત દ્વાર બનાવે છે. કાર્ય પોતે કરે છે. જુઓ તો ખરા! કેટલી વિનમ્રતા! કે જે અનંત બ્રહ્માંડોનું કામ કરે છે એ મહાપ્રભુજી આપણને બધાને બીજાનું કલ્યાણ કરવાને માટે નિમિત્ત બનાવે છે. કરે છે એ પોતે. કેટલા આપણા ભાગ્ય કે આપણને બધાયને મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપીને માધ્યમ બનાવ્યા!

## ૧૮૧

## શ્રીજીમહારાજની મૂર્તિના સુખને આપ બળે પામી શકાય ખરું? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

નારદજીએ તુંબરુની ઈર્ષા કરી અને ગાનવિદ્યા શીખવામાં બાકી ન રાખ્યું, પણ જેવી ગાનવિદ્યા કરે એવા ભગવાન શ્રીકૃષ્ણ ઉઠીને ચાલતા થાય. જ્યારે એ તુંબરુ પાસે શીખ્યા, ત્યારે ભગવાન રાજી થયા. ભગવાન નારદજીને કહે છે કે તમારી ઈર્ષા બીજા જેવી નહોતી. ભલે સાત્ત્વિક હતી, છતાં એ પણ ન જોઈએ. જેવું તુંબરુ ગાન કરે એવું તમે કેવી રીતે શીખી શકો એના સિવાય? જે વિદ્યા ભણ્યો હોય એ જ બીજાને ભણાવી શકે. ત્યારે એ જ રીતે આ બ્રહ્મવિદ્યા તો જે મહારાજના અનાદિમુક્ત હોય એ થકી જ

સમજાયને? એ રીતે એમ સમજાવું છું કે જેમ તુંબરુ અને નારદજીનું જે દૃષ્ટાંત છે એમાં એમ કહેવા માંગે છે કે મારા અનાદિમુક્તને જે રાજી કરે એના ઉપર હું વધુ રાજી થાઉં અને સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે કોટી સાધન કરે, અનંત કોટી સાધન કરે, પણ મહારાજના અનાદિમુક્ત વગર મહારાજની મૂર્તિના સુખને પમાતું નથી. પોતાના બળે કરીને પમાતું નથી. બાપાશ્રી દ્વારે શ્રીજીમહારાજે આપણને બધાને મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા એ સર્વોપરી ભગવાને આપ્યા.

## ૧૮૨

### શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાવા માટેનું અમોઘ સાધન કયું છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

વિશ્વાસીને શીશ એમ બાપાએ કહ્યું. એ વિશ્વાસ તો જોઈએ જ. એ વિશ્વાસ એ આશીર્વાદ અદ્ધરથી ઝીલ્યા એનું પ્રતિક છે. વિશ્વાસ જો એક વાર આવી ગયો, તો જાણે અજાણે કાંઈ આજ્ઞા લોપાઈ જાયને! તો પણ મહારાજ એ માફ કરી દે છે. એમ દાસપણું એવું આવે કે કોઈકવાર નાની સરખી એવી આજ્ઞા ભૂલથી લોપાય તો દિલમાં એની દાઝ રહી જાય કે બાપા! આવું કેમ થઈ ગયું? દયા કરીને આવું કદીયે ન થાય, તમારી આજ્ઞા લોપાય નહિ, એ મર્યાદા લોપાય નહિ, એવી દયા કરજો એવી પ્રાર્થના કરવી. આ

પ્રાર્થના એ નિષ્કામ વસ્તુ છે. જે પ્રાર્થના સ્વાર્થ કે આ લોકના હિત પૂરતી હોય, કે બાપા, આ રોગ મટાડી દેજો, આમ કરતા થોડી તકલીફ થાય છે તો માફ કરી દૂર કરજો, એવી બધી જે પ્રાર્થના એ સકામ છે, છતાં પણ બાપા તો જાણેને! એ દૂર કરી દે છે. નિષ્કામ પ્રાર્થના એ કોઈ ઈચ્છા કે સકામ વસ્તુ નથી. પ્રાર્થના એ તો મહારાજની મૂર્તિમાં જોડવા માટેનું એક અમોઘ સાધન છે. એવી પ્રાર્થનાની વાત કરું છું અને એ પ્રાર્થનામાં દાસત્વભાવ મહારાજ અને બાપાનું સતત અનુસંધાન કરતાં કરતાં કરવો.

## ૧૮૩.

## શ્રીજીમહારાજની મૂર્તિમાં ત્યાગ-ભાગ નથી તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ વૈજ્ઞાનિક તથ્યો દ્વારા શું સમજાવે છે?

નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે અનાદિ મહામુક્તની સેવકોરૂપે જળ-તરંગવત્ એકતા થાય છે. જળ-તરંગ, જળ અને તરંગ જુદી વસ્તુ નથી, પણ એકતા એવી. જરા ય ભિન્નતા નહિ. દૂધ-સાકરનું દૃષ્ટાંત તો એક સેવક અને સ્વામીભાવ બતાવવા પૂરતું છે. એ વૈજ્ઞાનિક રીતે સત્ય નથી. જળ-તરંગવત્ એકતા ભગવાનની મૂર્તિ સાથે નખશિખાન્ત સુખમાં, એ વ્યાખ્યા, એ અનાદિમુક્તની સ્થિતિ છે. એક નાની કોઠી હોય તેમાં દાણા ભરે તો ભરાઈ જાય. શા માટે? એ પોલી છે. અને પોલી હોવાથી એ

ભૌતિક છે એટલે વધુ ભરે તો નીકળી જાય. ત્યારે આ મૂર્તિ પોલી નથી. એટલે મહારાજે જે લખ્યું છે એ તમને ખબર છે કે તેમાં ત્યાગ-ભાગ નથી? અરે સળંગ દિવ્યમૂર્તિ છે. એ સળંગ દિવ્યમૂર્તિ સાથે અનંત દિવ્યવસ્તુ જો એના જેવી થાય તો એની સાથે રહી શકે. એમ અનંત મુક્તો અંદર રહીને સુખ ભોગવે છે. એ તો ત્યાં (એ સ્થિતિમાં) પહોંચીએ ત્યારે ખબર પડેને? તો એ મૂર્તિ પોલી હોત તો એકાદ જ સમાત. આ વાતો વૈજ્ઞાનિક સત્ય છે.

## ૧૮૪

## શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

જ્યારે ચૈતન્ય મૂર્તિમાં સ્થિર થાય, ત્યારે આનંદ આવવા માંડે. સિનેમા જોવા જાઓ છો ત્યારે ગમતું ચિત્ર હોય તો બહુ હલન-ચલને ય ન કરે. એટલો અંદર સ્થિર થઈ જાય. એમ મહારાજની મૂર્તિમાં અંદર સ્થિર થાય ત્યારે હલન-ચલન ને દોડા-દોડ કરવાનું ક્યાં રહ્યું? બરાબર છે? એ એને ખબર નથી. જ્યારે સુખનો અનુભવ થાય, ત્યારે પાર આવે! બસ, અનુભવ કરવાનો. પછી ભગવાન પોતાની લીલાઓ બતાવે. બતાવવા ધારે તો બતાવે નહિ તો સુખમાં જ રહેવાનું કે બીજું કાંઈ? End of this pain, દુઃખનો અંત, પછી બધું પતી ગયું. ખીચડી ચડ્યા પછી તડ-

તડ-તડ માથાકૂટ થાય છે? અવાજ થાય છે? પછી સ્થિર થઈ જાય. ઘડો છલકાય ક્યારે? અધૂરો હોય ત્યારે, પછી ન છલકાય. એ સુખમાં રહેવાય ત્યારે પૂરું થયું કહેવાય. એવો કેફ રાખવો કે હું મહારાજના સુખમાં જ રમણ કરું છું. એ સુખમાં રહ્યા થકા બધી જ ક્રિયા ભગવાનની ઈચ્છાથી થાય છે. ભણાવનારા ભગવાન, અભ્યાસ કરનારા ભગવાન, વિચારનારા ય ભગવાન, બીજું બધું ય કરનારા ય એ જ. બધું જ એ કરે. અને બધાય ભગવાનના મુક્ત સ્વરૂપો છે. બધાય મૂર્તિમાં રહ્યા છે. મૂર્તિમાં રહેવાની વાત અલૌકિક છે. બરોબર! માટે મૂર્તિ સંભારવાની. મૂર્તિમાં રહે ત્યારે ખબર પડે કે નખશિખાંત છું.

આપણું કેમ થશે? એમ સંકલ્પ થાય, ત્યાં સુધી શ્રદ્ધામાં ફેર છે. ત્યાં સુધી સુખનો અનુભવ ન થાય. હું મહારાજના સુખમાં જ છું એમાં વિચાર સરખો ન કરવો અને નાસ્તિકપણાનો ભાવ લાવ્યા સિવાય આગળ વધવાનું. પછી એ ભગવાનની દયાથી અનુભવ થાય. જ્યાં સુધી ડગમગાટ હોય, ત્યાં સુધી દૃઢ કર્યા જ કરવું પડે. દૃઢતા ન થાય ત્યાં સુધી કેમ છે, કેમ નહિ એમ થાય. આ લોકના ભાવ જણાય. વળી પાછી વૃત્તિ ખેંચાઈને મૂર્તિમાંથી બહાર જતી રહે. સંકલ્પ - વિકલ્પ થાય. બીજું થાય, ત્રીજું થાય અને એમ થાય કે મૂર્તિમાં આપણે હશું કે કેમ? ત્યારે કૃપાસાધ્ય એનું નામ કે આ બધું છે છતાં તમે અમારા જોગમાં

આવ્યા એટલે તમને અમે મૂર્તિમાં રાખી દીધા છે. બધું છે તમારામાં. દોષો હોય, કેટલાય જનમ થાય એવું છે. એ બધાય જનમ ટાળ્યા છે. અને તમને અમે સુખમાં રાખ્યા છે. એણે રાખ્યા છે માટે રહ્યા છીએ. રાખ્યા તો આપણને મનાવું જોઈએને! ન મનાય તો એટલું કાચું. કોઈક પૂછે તમે ક્યાં છો? તો મહારાજની કૃપાથી હું મહારાજની મૂર્તિમાં છું એવું બોલવું જોઈએ બરોબર છે? એમણે રાખ્યા છે એવી શ્રદ્ધા ડગવી ન જોઈએ. રાખનારાએ રાખ્યા છે. પછી ગમે ત્યારે ગમે ત્યાં જાવ તો ય એમ લાગે કે હું મહારાજની મૂર્તિમાં જ છું. મહારાજની મૂર્તિમાં હોઈએ તો પૂરું રક્ષણ મળેને! ચિંતા માત્રનો અંત આવી જાય. પૂરા નિર્ભય થઈ ગયાને! ભગવાનની મૂર્તિમાં રહ્યા પછી કોઈ ભય ડરાવતો નથી. સહી સલામત થઈ ગયા. આ વાતનું મનન કરતાં કરતાં એ પાકું થઈ જાય ને સાક્ષાત્કાર થાય.

બીજા લોકો દોષો ટાળવા માટે દેહદમનની માથાકૂટ કર્યા જ કરે છે બરોબર છે! ઠીક છે, પણ ભગવાનની મૂર્તિનું સુખ પ્રાપ્ત કરવા માટે પહેલા તો આ અભ્યાસ પાકો કરવો પડે. પછી ભગવાનના સુખમાં રહી શકાય. પછી અંદર રહ્યા થકા મૂર્તિનાં દર્શન થાય. નખથી માંડીને શિખા પર્યંત દર્શન થાય. સળંગ દર્શન થાય. અંદર રહીને થાય. અંદર રહ્યા છીએ એવું જ લાગે. સરસ દર્શન થાય. બેઠા હોઈએ તો આમ જ બેઠા છીએ. મહારાજ જ આમ બેઠા છે એવો ભાવ

થાય. ત્યારે આ દિવ્યભાવમાં જ રાચવું. પછી અહીંના ભાવ જેવું ત્યાં (પરભાવમાં) રહેતું નથી. આમ બેઠા કે આમ બેઠા એવું રહેતું નથી. મુક્તોને મૂર્તિમાં કિલ્લોલ કરવાની રીત એવી છે કે જેવું માછલું કિલ્લોલ કરે છે ને એની પદ્ધતિ જુદી છે, બાકી જે Comparision (તુલના) આપીને! સુખ લેવાની, એમાં જેમ આનંદ આવે છે એવી રીતે કિલ્લોલ કરવાની એ રીત. એવો જ આનંદ આવે છે. વૈવિધ્યસભર. એ સવાચોસઠ તસુની મૂર્તિ, પણ મહાસાગરોના મહાસાગરો સમાઈ જાય એવડી મોટી છે. સુખમાં રમતાં એવું લાગે. અને છતાં ય અંદર ભગવાને સુખમાં રસબસ રાખ્યા છે, એમ અનુભવાય. એ વાત બહુ અલૌકિક છે. એ તો માણે એ જાણેને? એ કરવું પડે.

## ૧૮૫

## ભગવાનની મૂર્તિ સાથે અખંડ સબંધ રાખવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સારનો સાર કે બધા જ બ્રહ્મયજ્ઞનું ફળ એ ભગવાનની મૂર્તિ સાથે લગની લગાડવાનું છે. ભગવાનની મૂર્તિ સાથે જો અખંડ સંબંધ રહે તો કંઈ કરવાનું બાકી રહેતું નથી. ભગવાનની મૂર્તિ સાથે તો અખંડ સંબંધ ત્યારે જ રહે કે બાળપણથી જ ભગવાનની મૂર્તિ સાથે લગની લાગે. ભગવાનની મૂર્તિ જ ગમે. ખૂબ વહાલી લાગે. નાના

બાળકને જેમ મા વહાલી લાગે છે, તેમ એ ભગવાન વિષે સ્નેહ ઉત્પન્ન થાય છે, ત્યારે ભગવાન સિવાય બીજું કાંઈ જ ગમતું નથી. બધો આનંદ એ મૂર્તિનાં દર્શન કરવામાં. મૂર્તિમાં રહીને, મૂર્તિ જોવી એમ બાપાશ્રી કહે છે. એનો અર્થ જ એ કે અતિ સ્નેહે કરી અને એ મૂર્તિ સાથે રસબસ થઈ જવું. ભગવાનની કૃપા થતાં આમ થાય છે. ભગવાનનો સંબંધ થતાં મૂર્તિમાં જોડાતાં જોડાતાં ભગવાનની આપણા ઉપર કૃપા ઉતરે છે. એ કૃપાને લીધે મૂર્તિ ભૂલાતી નથી. મૂર્તિ ન ભૂલાય એ રીતે બધી જ ક્રિયા કરવી જોઈએ. ક્રિયા એવી ઉતાવળે ન કરવી જોઈએ કે જેથી મૂર્તિ ભૂલાય. કાર્ય બગડે તો વાંધો નહિ, પણ મૂર્તિ ન ભૂલાય એમ કરવું જોઈએ. મૂર્તિનો સંબંધ રાખતાં રાખતાં કીર્તન બોલવાં. મૂર્તિ સાથે જોડાઈ જતા જો કીર્તન બંધ થઈ જાય તો કંઈ જ વાંધો નહિ, પણ ભગવાનની મૂર્તિનો સંબંધ છે એ સર્વોપરી પ્રાપ્તિ છે. જ્યારે જ્યારે સમય મળે, ત્યારે ભગવાનની મૂર્તિમાં અખંડ જોડાવું. મૂર્તિનું ધ્યાન કરતાં વિક્ષેપ આવે એવી જગ્યાએ બેસીને ધ્યાન કરવું નહિ. નૈમિષારણ્ય ક્ષેત્ર એવા સદ્ગુરુઓના સાંનિધ્યમાં રહીને જો ધ્યાન થાય તો જલદી થાય.

# ૧૮૬

## શ્રીજીમહારાજની મૂર્તિમાં રહી મૂર્તિ જોવાની તેના વિશે સદ. શ્રી ગોપાળાનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

પ્રતિલોમ ધ્યાનમાં મહારાજ બધી ક્રિયા કરે. તો આપણે જમીએ ત્યારે મહારાજ જમેને! જો આ રીતે ધ્યાન પાકું થાય, તો જ્યારે જમવાનું જમાય, ત્યારે આપણે જમતા નથી. આપણને ભગવાન જમતા દેખાય. આપણે એનો દિવ્ય આનંદ લૂંટીએ છીએ. એ અલૌકિક સુખ માણીએ છીએ. ધ્યાન એટલે ભગવાનનું સ્વરૂપ સાક્ષાત્ લાગવું જોઈએ. આપણે ક્રિયા કરીએ છીએ એમ નહિ. શ્રીજીમહારાજ બધી ક્રિયા કરે છે એવું દેખાય, એવું દર્શન થાય, ત્યારે એ ખરું ધ્યાન. આમ બેઠા હો કે સૂતા હો, તો મહારાજ સૂતા છે એ અંદર રહીને જુઓ. એ મૂર્તિમાં રહીને મૂર્તિને જોવાની લટક છે. એ સહેલું થઈ ગયુંને! નહિતર તો કેવી રીતે ધ્યાન કરતાં આવડે? જમતી વખતે તમે જમતા જાવ તો કોને જમાડો બોલો? હું પૂછું કે મહારાજ કરે તો મહારાજ સામું ધ્યાન રાખું કે આમ લેતા જવું ને મૂર્તિનું ધ્યાન રાખવું બેય ક્રિયા કરવી? (સન્મુખભાવમાં જમાડતા હોય એવું ઈશારાથી બતાવે છે.) નહિ મહારાજ જમે છે એનાં દર્શન કરો. મહારાજ બધી ક્રિયા કરે છે અને એમ

કરતા કરતા કાંઈ ક્રિયા ન કરે (ક્રિયાનું અનુસંધાન ન રહે તો) તો મહારાજની મૂર્તિમાં જોડાઈ જવાનું.

પછી પૂજા, પાઠ, નહાવું - ધોવું ત્યાં તો કાંઈ (પરભાવમાં) છે જ નહિ. અક્ષરધામમાં તો અવરભાવની કોઈ ક્રિયા નથી. ત્યાં તો અપવિત્રપણું છે જ નહિ. દેહ અશુદ્ધ થાય છે, પણ ચૈતન્ય જ્યારે નિર્મળ બની જાય, ભગવાન જ્યારે આવરણોથી રહિત કરે, ત્યારે એ દિવ્ય સ્વરૂપમાં રહી જાય છે. પછી તો કોઈ ક્રિયા કરવાની રહેતી જ નથી. ત્યાંની સુખ ભોગવવાની રીતો પણ અલૌકિક છે. આ પરભાવની વાતોનો આનંદ તો ત્યારે જ આવે, જ્યારે અનુભવ થાય. મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા માટે આપણા દેહને ભૂલો. આવું ધ્યાન શીખવવાને માટે મહારાજે એક વાર ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી, તમે આકારે રહિત વર્તો. ત્યારે બધાને વિચાર આવ્યો કે આ તો મહારાજે નિરાકારની વાતો કરી નાંખી. આમ તો સાકાર મૂર્તિનું પ્રતિપાદન કર્યું છે અને આજે શું આના ઉપર ચડી ગયા? આજે મહારાજ શું એકદમ ભાવમાં આવી ગયા? બધાને વિચાર થયો, પણ કોઈએ મહારાજને પૂછ્યું નહિ. સ્વામી તો સ્તબ્ધ થઈને બેસી રહ્યા. સ્વામી બધું સમજી ગયા.

એક વાર સભા થઈ ત્યારે કહે મહારાજને પૂછવું કે આ શું કર્યું. પછી કહે રહેવા દોને! ગોપાળાનંદ સ્વામીને જ

પહેલા પૂછીએ. પછી કહે હા, ચાલો સ્વામીને આસને જઈને ગોપાળાનંદ સ્વામીને પૂછીએ. સ્વામી પાસે ગયા અને સ્વામીને પૂછ્યું કે મહારાજે વાત કરી કે આકારે રહિત વર્તો. સ્વામી, એ શું કાંઈ સમજાયું નહિ. સ્વામી કહે મહારાજ કહે છે, આપણે સદાય આ આકારે સહિત વર્તીએ છીએ એ દુઃખ મોટું છે. દેહભાવમાં વર્તીએ છીએ. આ આકાર ભૂલાતો જ નથી. માટે એમ કહ્યું કે આ (દેહનો) આકાર ભૂલીને અમારા આકારે વર્તવાનું, પુરુષોત્તમરૂપ બનવાનું.

પોલી વસ્તુમાં ન રહી શકાય, પણ દિવ્યમાં તો ત્યાગ-ભાગ જ નથી. એ દિવ્ય મૂર્તિની સાથે અનંત દિવ્ય મુક્તો રસ-બસ રહી શકે છે. છતાં મોટી સાગર જેવી, સિંધુ જેવી એ મૂર્તિ લાગે છે. એ સવાચોસઠ તસુની મહારાજની જે દિવ્ય મૂર્તિ છે એની અંદરનો જે પ્રવેશ અતિ સ્નેહે કરીને, અને એનો આનંદ એ એક સુખના સાગરમાં જેમ પડ્યા હોય એવી અલૌકિક વાત છે. ત્યારે આ હવે કેવી રીતે ખબર પડે? તો જ્યારે સાક્ષાત્કાર થાય, ત્યારે એની અલૌકિક રીતનો ખ્યાલ આવે છે. એ વગર ખ્યાલ આવતો નથી. આપણે એટલું કરીએ કે છેવટે ભગવાનનાં દર્શન તો ભગવાન વડે જ થાય ને? તો ભગવાન સ્વામિનારાયણ સાથે પહેલા જોડાઈ જવું. ગમે એમ કરીને એની સાથે લગન લગાડવી. પછી બધા દર્શન થઈ જશે.

## ૧૮૭

**સંકલ્પ શમાવે તે સંત અને સંત તે મારી મૂર્તિ રે તેમાં ફેર નહિ એક રતિ રે તેમાં વિરોધાભાસ આવે છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

મહારાજે એમ કહ્યું છે કે સંકલ્પ થાય અને શમાવે તે સંત, અને ન થાય તે ભગવંત. પાછો એનો અર્થ પણ સમજાવ્યો. અને બીજી રીતે મહારાજ એમ પણ બોલે છે કે સંત તે મારી મૂરતિ રે, તેમાં ફેર નહિ એક રતી રે. ક્યાં મેળ? પોતાની મૂર્તિ તુલ્ય હોય તેવા અનાદિમુક્ત સંત અને એક બાજુ કહે છે કે સંકલ્પ થાય અને શમાવે તે સંત. કેટલી બધી controversy (વિરોધાભાસ)? એને સમજવી ઘટે.

આપણે પંચ વર્તમાન પાળીએ, ભલે પચાસ ટકા પાળીએ, તો પણ સંત કહેવાઈએ. થોડું ઓછું-વત્તું પાળીએ તો પણ સંત કહેવાઈએ. તો એ સંતની કક્ષામાંથી સંત તે મારી મૂરતિ રે, તેમાં ફેર નહિ એક રતી રે. એવા કૈવલ્ય મુક્ત સુધી પહોંચી જવાનું મહારાજ કહે છે આપણને. અને આપણામાંથી કોઈ ત્યાં ન પહોંચે એવું હું તો દેખતો જ નથી. આ સત્ય કહું છું. તમારા કંઈ Praise (વખાણ) કરતો નથી. ખરેખર આ આખી દિવ્ય સભા ત્યાં જ બેઠી છે. મહારાજ એમ કહે છે કે, છે તો એમ જ, પણ કોઈને ખબર ન હોય તો તું બોલીશ નહિ. તને એમ પૂછે કે ભાઈ! તું અનાદિમુક્ત

છે? તો એમ કહેજે કે હા, ભગવાન સ્વામિનારાયણે આશીર્વાદ આપ્યા કે અમે તમને પૂર્ણકામ બનાવ્યા. પૂર્ણકામનો અર્થ એ જ કે: પૂર્ણ અને કામ. તો પૂર્ણતાને પામ્યા. એ અનાદિમુક્ત સિવાય કોણ બોલે? ગોપાળાનંદ સ્વામીએ કૈવલ્ય મુક્ત કહ્યા. તો એ સ્થિતિએ આપણે છતી દેહે જ પહોંચી જવું જોઈએ. અરે! આવડી મોટી કૃપા ભગવાન સ્વામિનારાયણ વરસાવે છે એમ અબજીબાપાએ મને કહ્યું. કૃપાસાધ્ય કોને કહેવાય? કૃપાસાધ્ય એટલે કંઈ કરવાનું જ બાકી નથી રાખ્યું. એમણે એમ કહ્યું હું બોલું અને તું હા પાડ બસ!

## ૧૮૮

### આપણને મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ કોણે આપ્યા?

મહારાજે બાપાશ્રી દ્વારા મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા છે.

## ૧૮૯

### મહારાજની મૂર્તિમાં જોડાવાની પાત્રતા જલદીથી ક્યારે આવે?

આપણને મહારાજે મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા એ અદ્ધરથી ઝીલીએ તો પાત્રતા જલદી આવી જાય.

વાર જ ન લાગે એ જ વખતે આવી જાય, પણ એ અદ્ધરથી ઝીલાતા નથી અંદર થોડો સંદેહ રહે છે કે આમ બનશે કે નહિ? એ ભાવ ન આવે તો પાત્રતા આવી જાય. અને એ ભાવ આવે, અદ્ધરથી ઝીલાય એ જ વખતે દેહભાવ છૂટી જાય.

## ૧૯૦

### મહારાજે મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા તેમ છતા મુક્તદશા કેમ થતી નથી?

મહારાજે મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા એ અધ્ધરથી ઝીલતા નથી અંદર થોડો સંદેહ રહે છે કે આમ બનશે કે નહિ? આપણા તો જરા ય દોષ ટળ્યા નથી, મુક્ત તો થયા નથી તો જેને સંદેહ થયો એ મુક્તદશાને ન પામ્યા.

## ૧૯૧

### અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીએ કઈ વાત કરીને મૂર્તિના સુખના આશીર્વાદ આપ્યા છે?

અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીએ કહ્યું કે પહેલાં અમે કરીએ છીએ અને પછી બોલીએ છીએ. તમારા ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો. તો પહેલાં મુક્ત કરી દીધા અને પછી મૂર્તિમાં રાખી દીધા. કેવડી મોટી

વાત થઈ ગઈ! આ વાત કરીને મૂર્તિના સુખના આશીર્વાદ આપ્યા છે.

## ૧૯૨

### મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા તે અદ્ધરથી કઈ રીતે ઝીલવા?

ભગવાનની વાણીમાં ભગવાનના વચનો અદ્ધરથી ઝીલવા, અને મૂર્તિમાં રહીને ઝીલવા. પુરુષોત્તમના કર્ણે કરીને ઝીલવા, સાંભળીને ઝીલવા, પુરુષોત્તમરૂપ થઈને ઝીલવા.

## ૧૯૩

### મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા તે પુરુષોત્તમની દૃષ્ટિએ કેવી રીતે ઝીલવા?

સમજણમાં એટલું જ રાખવાનું કે નિઃસંદેહ. ઊંડે-ઊંડે પણ સંદેહ ન થવો જોઈએ કે ભલે મારામાં બધા દોષો રહ્યા, ભલે મારામાં કલ્યાણકારી ગુણો નથી આવ્યા, પણ મને, મારા ચૈતન્યને મૂર્તિમાં રાખી દીધો એ વાત તો બરાબર? એ વચનો દેહભાવ રહિત થઈને ઝીલવા, નિઃસંદેહ થઈ ઝીલવા. એનો અર્થ એ થયો કે મન, બુદ્ધિ, ઇંદ્રિયો, અંતઃકરણ એ બધું દેહભાવમાં છે. ચૈતન્યને એ બધા

વળગેલા છે. હવે બાપાએ ચૈતન્યને પકડીને પોતાની સત્તાએ કરીને એને મુક્ત કરી નાંખ્યો. અને એ ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે.

## ૧૯૪

**અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીએ ચૈતન્યને દોષ રહિત કરીને એટકે કે મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યા પછી વધુ પાત્રતાની આવશ્યકતા કોને રહેતી નથી?**

બાપાશ્રીએ આપેલા આશીર્વાદ જેણે નિઃસંદેહ ઝીલી લીધા સંશય કોઈ દિવસ થાય જ નહિ, તો વાત પતી જાય.

## ૧૯૫

**મુક્ત થયા પછી શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ જીરવવા વધુ પાત્ર થવા માટે સંદેહરૂપી દોષો જે છે તેની સામે લડાઈ ચાલે છે એ કોણ કરાવે છે? કેવી રીતે?**

શ્રીજીમહારાજ પોતે કરાવે છે. જેથી ધીમે-ધીમે બળિયો થતો જાય, પાત્ર થતો જાય, પણ એને તો કદીયે સંશય નથી થતો કે હું મૂર્તિમાં નથી. એમ નિઃસંશય થઈને, મહારાજની મૂર્તિરૂપ થઈને મહારાજની આજ્ઞાનું ખૂબ પાલન કરતાં-કરતાં જીવનયાત્રા પૂરી કરી નાંખે. ભલે છતી દેહે સુખ આવે કે ન આવે. એ સુખ જીરવાય તો પાત્ર કરે.

નિઃસંશય થાય એટલે ચૈતન્ય પાત્ર થતો જાય છે. આમ બહુ જ ઝીણવટથી વાત સમજવા જેવી છે. અને અનુભવ થયા પછી તો ખબર જ પડે છે કે વાત તદ્દન સત્ય છે. દેહભાવ ટળાવી નાંખે અને ચૈતન્યને મૂર્તિમાં મુક્ત કરીને રાખ્યો છે એનો અનુભવ કરાવી દે. જીરવી શકે એવો કરે ત્યારે નિઃસંદેહ થાય. જો સંશય થાય તો એટલી ખોટ આવે, તો એટલી કાચપ રહી જાય. એમ હાથ ઝાલ્યો કીધોને એટલે હાથ પકડ્યો છોડે નહિ.

# ૧૯૬

## શ્રીજીમહારાજની મૂર્તિમાં મૂકતાં કોને આવડે?

બાપાશ્રીએ એમ કહ્યું, અમને બીજું ન આવડે. અમને મૂર્તિમાં મૂકતાં આવડે.

જેના નર ભેળા નારાયણ બિરાજતા હોય, એવા સમર્થ અનાદિમુક્ત હોય, એ આ કામ કરી શકે મૂર્તિમાં મૂકવાનું. ગાદી ઉપર બેસારવા હોય કે કોઈ ખુરશી ઉપર બેસારવા હોય ત્યારે એનો લાયક જે કોઈ વ્યક્તિ હોય એ કરી શકે આ અશક્ય નથી, પરંતુ મૂર્તિમાં મૂકવાની વાત તો અશક્ય છે. એ તો જેના હૃદયમાં સાક્ષાત્ નારાયણ, પુરુષોત્તમ નારાયણ બિરાજતા હોય એ જ આ કામ કરે.

## ૧૯૭

**ભગવાનની ચિત્રપ્રતિમા મૂર્તિ દેખાય એ કઈ મૂર્તિ છે?**

અક્ષરધામની. અક્ષરધામની મૂર્તિ અને ચિત્રમુર્તિમાં પ્રતિમારૂપે સાક્ષાત્ બિરાજતા ભગવાન એ બેયની એકતા છે.

## ૧૯૮

**મૂર્તિમાં રહીને કાર્ય કેવી રીતે થતું હશે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

મહારાજની મૂર્તિમાં રહીને બધું કરવાની જે મહારાજની વાત છે એ બરોબર દૃઢ કરીને એનું લક્ષ્યાર્થ કરવું જોઈએ તો એના ઉપર મહારાજની કૃપા થાય ને એને મૂર્તિમાં રહીને કાર્ય કરવાની લટક આવડે. આપણા ચૈતન્યની એકતા મૂર્તિ સાથે બરાબર થવી જોઈએ. જ્યાં જોઈએ ત્યાં એક મૂર્તિ જ દેખાય. તેમ કરતાં કરતાં મૂર્તિમય થઈ જવાય. મૂર્તિ આકારે દૃષ્ટિ થાય એટલે આ લોકનું ન દેખાય, મૂર્તિ જ દેખાય. પછી એમ થતાં થતાં મૂર્તિ આકારે વૃત્તિ છે એ મૂર્તિમય થઈ જાય. એટલે નખથી શિખા ચૈતન્ય મહારાજની મૂર્તિ સાથે એકમેક થઈ જાય. એટલે મૂર્તિનું સુખ ખૂબ આવે. તે સાધન આ કારણ સત્સંગમાં રહેવાથી આવે.

## ૧૯૯

## શ્રીજીમહારાજની મૂર્તિ સાથે એકતા કરવાની સૌથી સહેલી રીત કઈ છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મૂર્તિની પ્રાપ્તિ અને મૂર્તિ સાથે એકતા એ વાત જબરી છે અને જુદી છે. મહારાજની મૂર્તિ નખશિખાંત બરાબર અંતરમાં એટલે કે ચૈતન્યમાં ઊતારવી. અંતર એટલે અંદર. અંદર એટલે ચૈતન્યની અંદર. મહારાજની મૂર્તિ સાથે એકતા થઈ જાય એટલે આપોઆપ જ બધી એકતા થઈ જાય. મહારાજના તેજ સાથે ક્યાં એકતા કરવાની જરૂર રહી? એ આવડવું યે કઠણ. તેજ સાથે એકતા થાય તો તેજ તો નિરાકાર છે ને ચૈતન્ય પણ નિરાકાર. એમ નિરાકારે નિરાકાર સાથે એકતા થાય પછી મહારાજની મૂર્તિ દેખાય, પણ એના કરતાં ય મહારાજની મૂર્તિ સાથે સીધી એકતા કરીએ તે વધારે સારું. તેજમાં એકતા થાય, પછી મહારાજની મૂર્તિ દેખાય, પછી પરમએકાંતિકની સ્થિતિમાંથી અનાદિમુક્તની સ્થિતિમાં જવું પડે એના કરતાં સીધા જ મૂર્તિને બાઝી પડીએ તો? તેજને બાઝીએ એ કરતાં સીધા જ મહારાજની મૂર્તિને બાઝીએ તો? બેયની પ્રક્રિયા અલગ અલગ. તેજ સાથે પ્રેમ કેવી રીતે થાય? થાય? ન થાય. એ તો એક માર્ગ છે, પણ એ માર્ગ લાંબો છે થોડોક.

એ માર્ગે ઘણો ટાઈમ લાગે અને મૂર્તિ સાથે એકતા કરવાનો માર્ગ તો સાવ સહેલો છે.

## ૨૦૦

### શ્રીજીમહારાજે પોતાની મૂર્તિ સિદ્ધ કરવા કયો ઉપાય બતાવ્યો છે?

મહારાજે પોતાની મૂર્તિ સિદ્ધ થવાનો સરસ ઉપાય બતાવ્યો. નેત્ર મૂર્તિ સિવાય બીજું કાંઈ જ જુવે નહિ એ રીતે વૃત્તિ સ્થિર રાખવી જોઈએ. જેમ બાળક છે એ કામમાં પરોવાઈ જાય તો પછી એના નેત્રની વૃત્તિ બરોબર એમાં રહે છે. કારણ કે એની વૃત્તિઓ ફેલાયેલી નથી. એમ આપણી નેત્રની વૃત્તિ મહારાજની દિવ્ય મૂર્તિને વિશે એકાગ્રિત રાખવાની. દર્શન કરવા તો એવા કરવા કે જેથી એ મૂર્તિરૂપ થઈ જવાય. સારંગપુરના બીજા વચનામૃતનો મુખ્ય સાર મહારાજની દિવ્ય મૂર્તિ સિદ્ધ કરવી એ છે. સિદ્ધદશા પ્રાપ્ત તો જ થાય કે મહારાજની મૂર્તિ નીરખતાં બીજું કાંઈ નજરમાં ન આવે. જો ભગવાનને વિશે લગની લાગી હોય તો મનમાં પણ કોઈ વસ્તુ સ્ફૂરે નહિ. મહારાજની મૂર્તિ સિદ્ધ કરવા માટે ખૂબ ધીરજ જોઈએ. મૂર્તિ દેખાય કે ન દેખાય એની સામે જોઈ રહીને મૂર્તિ અંગોઅંગ નીરખવાની. અંગોઅંગ ચિત્તમાં ઉતારવાના. અને એ મૂર્તિ સદાકાળ આપણને દેખાય એવી રીતે મહારાજે સારંગપુરના વચનામૃતમાં

એકાગ્રતા કહી. મહારાજની મૂર્તિની એવી એકાગ્રતા કરવી કે એ મૂર્તિ સિવાય બીજું કાંઈ દેખાય જ નહિ. અર્જુનને જેમ મત્સ્યની આંખ સિવાય કાંઈ દેખાણું નહિ, એમ મહારાજની મૂર્તિ સિવાય આજુ-બાજુનો કોઈ ભાગ ન દેખાવો જોઈએ. મૂર્તિ જ દેખાવી જોઈએ. મૂર્તિની આજુ-બાજુની જગ્યા પણ ન દેખાવી જોઈએ. નેત્ર નીરખતા હોઈએ ત્યારે નેત્રમાં જ વૃત્તિ ચોંટી જવી જોઈએ. એમ મહારાજના એકે-એક અંગમાં એવી વૃત્તિ ચોંટાડી દેવી કે મૂર્તિ ઘડીકમાં સિદ્ધ થઈ જાય. તો આવી સ્થિર વૃત્તિથી મહારાજની મૂર્તિનું ધ્યાન કરીએ તો મૂર્તિ સિદ્ધ થતાં વાર લાગતી નથી.

## ૨૦૧

## મહારાજની મૂર્તિ વિશે લગની કેવી રીતે લાગે?

બાપાશ્રીએ એમ કહ્યું કે દિવ્ય મહિમાએ સહિત મહારાજની મૂર્તિનો મહિમા જો સમજાણો હોય તો મનની વૃત્તિ મહારાજમાં સ્થિર રહે. આ લોકમાં જુઓ બધા કાશ્મીર જાય, બાગ-બગીચામાં જાય ને બધું નવીન જુએ, ફૂલો જુએ ને એ જોઈને હરખાય. ત્યારે એ બધી સુંદર વસ્તુઓ આગળ મન બીજે જતું નથી. તેમ ભગવાનની મનોહર મૂર્તિ કે જેના સૌંદર્ય આગળ કોઈ સૌંદર્ય હિસાબમાં નથી. બીજું રૂપ જોવું ગમે નહિ. એના જેવું રૂપ બ્રહ્માંડમાં ક્યાંય છે જ નહિ પછી ક્યાં રહ્યું? એવું એ દિવ્ય સ્વરૂપનું મનોહર રૂપ છે. એવું

જ્ઞાન જો આપણને થાય તો મહારાજની મૂર્તિ વિશે લગની લાગે.

## ૨૦૨

### શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થતા કેટલો સમય લાગે? કેવી રીતે?

મહારાજ કહે, ચોવીસ કલાક નિર્વિકલ્પ થઈને જો એકે ઘાટ-સંકલ્પ વગર અમારી મૂર્તિમાં વૃત્તિ રહે તો ચોવીસ કલાકમાં અમારી મૂર્તિનો સાક્ષાત્કાર થાય.

## ૨૦૩

### અક્ષરધામરૂપ તેજ ને આધારે શ્રીજીમહારાજની મૂર્તિ છે કે શ્રીજીમહારાજને આધારે અક્ષરધામરૂપ તેજ છે?

આ સૂર્ય છે, એ એટલો દૂર છે, છતાં પણ ઉનાળામાં કેટલો તાપ લાગે છે. નજીક જઈએ તો વધારે ને વધારે તાપ લાગે. સૂર્યની દિશા લઈને જે તરફ સૂર્યનું અંતર ઘટે ત્યાં ખૂબ તાપ લાગે. જો વધારે ને વધારે નજીક જઈએ તો બળવાની સ્થિતિ પેદા થાય. અત્યારે જે અવકાશની શોધ થાય છે, તેમાં પણ એ તાપ કેટલો છે એની કોઈ કલ્પના આવતી નથી. એ તાપ ક્યાંથી નીકળે છે? સૂર્યમાંથી નીકળે છે. સૂર્યની અંદર જો કોઈ પ્રવેશ કરી જાય તો ત્યાં કેટલો

બધો તાપ હોય? આ પૃથ્વી છે. એમાંથી ગરમ પાણી નીકળે છે, પણ જો એ પૃથ્વીના પેટાળમાં પેસી જવાનું હોય તો એ ગરમીની સીમા રહે ખરી? તો તેજના આધારે મૂર્તિ નથી, પણ મૂર્તિના આધારે મહારાજનું અક્ષરધામરૂપ તેજ છે. એ મૂર્તિમાંથી સુખના ધોધ નીકળે છે. એમના દિવ્ય મુક્તો જે તેમની સમક્ષ ભરાઈ બેઠા છે. તેઓ દિવ્યરૂપે એ મહારસનું, એ દિવ્યરસનું પાન કરે છે. ભગવાનની મૂર્તિમાંથી દિવ્ય સુગંધી ઝરે છે, છૂટે છે. એ દિવ્ય મૂર્તિનો દિવ્ય આહાર કરી, દિવ્યરસ લઈ અને મુક્તો સુખ ભોગવે છે. ત્યારે જેમાંથી મૂર્તિના સુખનો ધોધ છૂટે છે એ દિવ્ય મૂર્તિની અંદર કેટલું બધું સુખ હશે? બાપા એમ કહે છે કે આ ગતિ તો સમજાય તેવી નથી. વચનામૃતમાં તો કહે જ છે. શિક્ષાપત્રીમાં પણ કહે છે, બ્રહ્માનંદ સ્વામીએ પણ કહી છે.

## ૨૦૪

## શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ થઈ જવું એ અલૌકિક સ્થિતિ કેવી હોય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બાપાશ્રી કહે, આ મૂર્તિ રહી, મૂર્તિ લઈ લો. કારણ કે બાપાશ્રી મહારાજની મૂર્તિરૂપ થઈને વર્તતા હતા. ભગવાનની સર્વોપરી ગોપીઓ એ ભગવાનના અનાદિમુક્ત છે. જેઓ ભગવાનની મૂર્તિમાં રહે છે. જેમ

અવકાશયાનમાંથી અવકાશ યાત્રીઓ પૃથ્વી ઉપર આવે ત્યારે કોઈ પૂછે, કે ભાઈ વજનવિહીન સ્થિતિમાં કેવું થાય છે એ તો કહો? ત્યારે તેઓ થોડી-થોડી વાતો કરે, પણ પેલાએ તો કલ્પના જ કરવી રહીને? જ્યાં તપેલી મૂકો ત્યાં રહે, કારણ કે અવકાશમાં ગરુત્વાકર્ષણ તો છે નહિ. ત્યારે કલ્પના થાય કે આ રીતે વસ્તુઓ અવકાશમાં કેમ રહેતી હશે? એ સ્થિતિ જ જુદી. એ તો જ્યારે અવકાશયાનમાં ઊડીને જાય ત્યારે એનો પ્રત્યક્ષ અનુભવ થાય. એ તો અનુભવથી જ ખબર પડેને? એ સિવાય તો ખબર પડે નહિ. આ તો સત્ય ઘટના છે. ત્યાં બુદ્ધિ કામ કરે નહિ. બુદ્ધિ કામ કરતી અટકી જાય. જેથી ભગવાનને પામવાની જીવને તાલાવેલી જાગે કે ઓ...હો...હો આવી વસ્તુ છે? બસ એ મય થઈ જાઓ. ત્યારે મૂર્તિમાં રહીને બોલો, મૂર્તિમાં રહીને જમો. તેનો અર્થ બાપાએ એમ કર્યો કે માનસીપૂજા કરો તો અર્ધા કલાક પછી તો મહારાજની મૂર્તિ તમે એક કોર મૂકી દો છો અને ભૂલી જાઓ છો. બરોબર? તો એ માનસીપૂજા અર્ધા કલાક પૂરતી જ છે. એવી માનસીપૂજા નહિ કરવાની. માનસીપૂજા કરતાં-કરતાં અખંડ માનસીપૂજા થવી જોઈએ. મહારાજને એક કોર મૂકી દે એ કેમ ચાલે? ત્યારે આવરણો તોડી નાંખનાર મહારાજના સંત અનાદિમુક્તો છે. એમના જેવા ઉપાસનાવાળા, ભગવાનના સાક્ષાત્કારવાળા સંતોના સમાગમથી આ વસ્તુ સમજાય છે.

એ ૬૪ તસુની મૂર્તિ જેમ છે તેમ છે. પોતે ભલે વિશ્વરૂપ ધારણ કરે, પણ મહારાજ એમ કહે છે, હું તો જેમ છું એમ જ છું. ૬૪ તસુની મારી મૂર્તિ છતાં પણ હું વિશ્વરૂપ ધારણ કરું છું, બધે રહ્યો છું, સર્વત્ર વ્યાપક છું. ત્યાં નથી એમ કહેવાય નહિ. હું તો સર્વત્ર છું. ત્યારે આવા ભગવાનના દિવ્ય સ્વરૂપની અંદર મુક્તો સુખમાં દોટો દે છે. મસ્તકે-મસ્તક, ચરણે-ચરણ એનો અર્થ એ છે કે મુક્તો રોમે-રોમનું સુખ ભોગવે છે. સળંગ સત્તાએ ચૈતન્ય સત્તાએ ભોગવે છે. ત્યાં એ સુખ સિવાય દર્શન અને સુખ ભોગવવું, સાંભળવું આ બધું જુદું નથી. બધું એક-મેક થઈ જાય છે. એ મૂર્તિમાં રહેવાની સ્થિતિની સમજણ અતિ દૃઢ રાખવાની. તો જેટલી સમજણ એટલી જ પ્રાપ્તિ થાય. અંતે તો એમ જ રાખવાનું કે એ દિવ્ય સુખમાં રહેવાય. એ દિવ્ય સ્વરૂપમાં તો અગાધ સુખ છે. જે પરમએકાંતિક મુક્તને પણ નથી મળતું. પરમએકાંતિક મુક્ત જે સુખ ભોગવે છે એ પણ અગાધ છે. ત્યારે અગાધનુંય અગાધ સુખ અનાદિમુક્ત લે છે. એ બાપાએ જોઈને કહ્યું. ભગવાન સ્વામિનારાયણે આ સ્થિતિ સમજાવવાને માટે એમને મોકલ્યા. બ્રહ્માનંદ સ્વામીએ કહી એ બધી વાત લોકો જીરવી શકે તેમ નહોતું એટલે બાપાએ જોર-શોરથી કહ્યું. બાપાએ નિર્ગુણદાસજી સ્વામીને કહ્યું કે, સ્વામી, મૂર્તિમાં રહેવાની વાતો કરો છો? સ્વામી કહે, બાપા, મૂર્તિમાં રહેવાની વાતો તો કોઈ જીરવી શકે એવું

નથી. ગતિ જ નથીને. એટલે મહારાજે મર્મમાં કહી છે. એ સમજે નહિ તો હું શું કરું? બાપાએ કહ્યું, તો સમજે એ રીતે તો કહો. અંતે કીધા વગર છૂટકો નથી. મહારાજની મૂર્તિમાં રહી અને મહારાજનાં દર્શન કરવા. મહારાજની માનસીપૂજા કરવી. દેહમાં જીવ રહી શકતો હોય તો મૂર્તિમાં અનંત અનાદિમુક્તો રહીને સુખ લે છે એ કેમ ન હોઈ શકે? સ્થૂળમાં રહે છે તો દિવ્ય વસ્તુ તો દિવ્યમાં રહી શકે જ ને? દિવ્ય વસ્તુ કાંઈ પોલી કે પોકળ નથી. દેહ પોલો છે. દિવ્ય વસ્તુમાં તો ત્યાગ-ભાગ નથી. ત્યાગ-ભાગનો શું અર્થ થયો? પોલાણપણું નથી. તો પોલાણમાં તો જેટલું સમાય એટલું રહે. એવું ત્યાં છે નહિ. આ દિવ્ય સ્થિતિ જબરજસ્ત છે. મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવવાની વાત સૌએ કરવી. ભલે બધાને પચે કે ન પચે. બરોબર? આ વાત વૈજ્ઞાનિક છે અને બધા વચ્ચે કહી શકાય એમ છે. કોઈ ના પાડી શકે એમ નથી. આ હકીકત છે. બાપાએ નિર્ભય થઈને જોર-શોરથી આ વાત કહી છે.

## ૨૦૫

**શ્રીજીમહારાજની પ્રાપ્તિ કરવી હોય તો તેમની મૂર્તિમાં અખંડ જોડાયેલા મહાઅનાદિમુક્તો - સંતો - હરિભક્તો વિશે માયિક સંકલ્પ-વિકલ્પ કરવા નહિ તેના માટે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

સાદીમાં સાદી એક વાત છે કે નાનું બાળક છ-બાર મહિનાનું હોય અને માતાના ખોળામાં રમતું હોય તો કોઈને કોઈ દિવસ સંકલ્પ થાય છે કે આ બાળકને કોઈ વિકાર થાય છે? જો હાડ-માંસનું બનેલું અજ્ઞાન બાળક એને જો વિકાર થાય નહિ, તો જે મહારાજના સુખમાં અખંડ રમતા હોય ને જે દેહ રહિત થઈ ગયા હોય તેને વિકાર થવાનો ક્યાં સવાલ છે? એ તો જેમ પારસને અડે તો પારસ થઈ જાય, એમ દિવ્ય વસ્તુને અડે તો દિવ્ય થઈ જાય. અંતરશત્રુ નાશ થઈ જાય અને દેહભાવ જતો રહે. તો જેને માથે મુક્તપુરુષનો હાથ પડે તે કેટલા ભાગ્યશાળી કહેવાય! ભગવાનની મૂર્તિમાં રહેલા સંત કે જેનો સ્પર્શ થતાં દિવ્ય થઈ જાય એ કંઈ થોડી વાત છે? માટે મોટા પુરુષને વિશે સંકલ્પ થાય એ બરાબર નથી. એ તો પોતાનું અજ્ઞાન છે. જે પરમાત્મામાં પણ વિકાર સમજે છે એ અજ્ઞાન છે, તે સમજવા જેવું છે. જે દેહ રહિત થઈ પ્રભુરૂપ થઈ ગયા તેને દેહભાવ છે જ નહિ. ત્યાગ-ભાગ નથી. એવા પ્રભુમય થયેલા સંત દ્વારા પ્રભુ માથે હાથ મૂકે અને સંકલ્પ કરવા જાય એ કેવળ અજ્ઞાન નથી તો બીજું શું છે? પ્રભુના દિવ્ય સત્પુરુષમાં મનુષ્યભાવ સમજાય તો દિવ્યભાવ સમજવા માટે પાત્ર થવા માટે હજારો જન્મની જરૂર રહે છે. જ્યારે પરમાત્માના દિવ્ય સ્વરૂપને વિશે મનુષ્યભાવ ન આવે, ત્યારે જ આ ભવસાગર તરાય. કારણ કે એ છે જ દિવ્ય. જે વિષયથી રહિત થઈ ગયા હોય

તેને વિષય રહ્યા જ ક્યાં? જ્યાં દેહભાવ જ નથી. દેહ જ નથી, કેવળ દિવ્ય વસ્તુ છે. હવે તે મનુષ્યરૂપે પ્રગટ થઈને આવે તો, અરે! ઊલટું કહેવું જોઈએ કે બાપા, તમે કલ્યાણ તો કરો. માથે હાથ મૂકીને આશીર્વાદ તો દો. ચાંદલો તો કરો. અમદાવાદમાં અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી પધાર્યા ત્યારે બધાને ચાંદલા કરતાં કંકુ ખૂટી ગયું. રસ્તામાં કોઈક કંકુ આપે તો ચાંદલો કરે. એક બાળક આવીને કહે, બાપા, હું રહી ગયો. બાપાએ ધૂળ લઈને હાથમાં રાખી. પછી બાળક કહે, બાપા મને ચાંદલો કરો. બાપાએ ધૂળનો ચાંદલો કર્યો તો કંકુનો થઈ ગયો. બાળક ખુશ ખુશ થઈ ગયો કે બાપાએ મને ચાંદલો કરી દીધો. બાપા તો મસ્ત થકા મૂર્તિમાં રહીને જોતા હતા. એમનાં દર્શન કરવા આપણને ન મળ્યા એનો અફસોસ થાય કે નહિ? કહો! તો આવી વાત સાંભળીને કોઈ સંકલ્પ કરે તો હું એને કહું કે ભાઈ, અનંત જન્મની મૂર્ખાઈ છે તે એક દહાડામાં ક્યાંથી જવાની હતી? આ જાય નહિને, કેવી રીતે જાય? ઘણા શાસ્ત્રો વાંચે, મંત્રો જપે, જપ જપે, પણ પેલા અખાએ કહ્યું તેમ તીરથ કરી કરી થાક્યા ચરણ, તો ય ન પહોંચ્યા હરિને શરણ. એમ શું કામ એણે કહ્યું ખબર છે? પગ ઘસાઈ જાય તો પણ ભગવાનની પ્રાપ્તિ નહિ થાય. ભગવાનની પ્રાપ્તિ કરવી હોય તો ભગવાન જેણે પ્રાપ્ત કર્યા હોય એની પાસે પહોંચવું જોઈએ, તો એ ભગવાન પાસે પહોંચાડી દે.

## ૨૦૬

**શ્રીજીમહારાજની મૂર્તિ એક ક્ષણ પણ ભૂલાય નહિ એનો અભ્યાસ કેવી રીતે કરવો જોઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

આપણે દરેક ક્રિયા કરતાં પહેલાં એક-બે સેકંડ મહારાજને સંભારવા. હું આમ ચશ્મા કાઢું તો ય એ વખતે ક્રિયા તો કરી જ ને? તો એ વખતે પણ એક સેકંડ મહારાજની મૂર્તિની સ્મૃતિ કરવાની. જમતી વખતે તો મહારાજની સ્મૃતિ તો તરત થવી જોઈએ. એ વખતે તો કંઈ કામ હોય નહિ. જમવા સિવાય કોઈ પ્રવૃત્તિ ખરી? તે વખતે મહારાજ જમે છે એવો ભાવ ન રહે? આપણે દૃષ્ટા રહેવાનું. મહારાજની મૂર્તિને નિત્ય નીરખવી. મહારાજનું જે સ્વરૂપ ગમે તેનું દરેકે દરેક અંગ કેવું છે તે બરાબર નીરખવાનું. આમ જુઓ ત્યારે એમ લાગે કે આ મહારાજની આંગળી દેખાય છે.

## ૨૦૭

**શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ અંતર્વૃત્તિ કરવી અને બાહ્યવૃત્તિ કાઢવા વિશે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

એક વાર ભગવાને રંગોત્સવ કર્યો. બધાને ખૂબ રંગે રમાડ્યા. એમાં મોટા મોટા સંતો હતા. રેલમછેલ બોલાવી દીધી. એ વખતે અ. મુ. ગોપાળાનંદ સ્વામી પોતાની ઓરડીમાં પોતાના આસને માથે ઓઢીને ધ્યાન કરતા હતા. કોઈને એમ થયું કે ગોપાળાનંદ સ્વામી બધા સંતો સાથે કેમ નથી? તો શોધ કરવા માંડ્યા. સ્વામી તો આસને બેસીને માથે ઓઢીને ધ્યાન કરતા હતા. સ્વામીએ ઓઢેલું ધોતિયું આમ ખસેડીને એક પાર્ષદ હરિભક્તે સ્વામીને જગાડ્યા.

અરે! સ્વામી, મહારાજે તો આજે સુખની રેલમછેલ બોલાવી દીધી. તમે ત્યાં ન આવ્યા ને માથે ઓઢીને બેસી રહ્યા! સ્વામી કહે ભાઈ, મહારાજે જેમ તમને રેલમછેલ બોલાવીને એમ મને ઉત્તમોત્તમ સ્વાદિષ્ટ, મીષ્ટાન્ન ભોજનો જમાડવામાંથી ઊઠવા દે તો ઊઠું ને? તમને શાકભાજી જમાડ્યા ને મને આ જમાડ્યું. અરે! કે શાકભાજી? મહારાજે અમને આવાં સુખ આપ્યાં એને તમે શાકભાજી કહ્યાં? સ્વામી, આ તો તમે અપમાન કર્યું કહેવાય. સ્વામી હસ્યા. કહે, રાજી રહેજો, માફ કરજો. સ્વામી તો ક્ષમા માગે એવા પુરુષ હતા. પછી આ ફરિયાદ મહારાજને કરી. પછી મહારાજ કહે, આનો ઉત્તર સભામાં કરીશ. પછી સભા બેઠી. સભામાં આ પ્રશ્ન નીકળ્યો. ત્યારે મહારાજે એમ કહ્યું કે આ જુદા જુદા ઉત્સવો પાછળ મારી મૂર્તિની સ્મૃતિ રહે એટલે આ ઉત્સવો કર્યા છે. એમાં અમારા પ્રભાવને લીધે

તમને સુખ આવે છે. તમારી પાત્રતા વધે છે. અંતરશત્રુઓ પીડતા નથી. એટલે અમારા સુખ તરફ ગતિ થાય એટલે આ બધા કાર્યો અમે ગોઠવ્યા છે. સ્વામી આ કાર્યોથી આગળ વધી ગયા છે. તમે નથી વધ્યા એટલે મેં તમને આવી રીતે સુખ આપીને આગળ વધાર્યા.

હવે સ્વામીને (ગોપાળાનંદ સ્વામીને) કંઈ કરવાનું બાકી નથી રહ્યું, તો હવે આ દિવ્ય ભોજન જ હોય ને? સર્વોપરી સુખના ભોજન જ જમે ને? બીજું શું ખાય? પછી બધા કહે, મહારાજ અમને... ત્યારે મહારાજ કહે, તમે અનંત જન્મો સુધી મારી સ્મૃતિ વગર આ જ ગોખે રાખ્યું છે ને એનો આનંદ માણ્યો છે. એટલે એટલી બધી બહિર્વૃત્તિ થઈ છે કે તમને મારી મૂર્તિમાં અખંડવૃત્તિ રહેતી નથી. થોડો વખત રહે, થોડો વખત ન રહે એમ થયા કરે છે. ત્યારે એટલી બધી બાહ્યવૃત્તિ કાઢવા માટે ગૃહસ્થાશ્રમ પૂરો થયા પછી આ પ્રક્રિયા શરૂ થવી જોઈએ. એમાં ભૂલ નહિ કરવી જોઈએ.

## ૨૦૮

## ભગવાનની મૂર્તિમાં સર્વોત્તમ પ્રવેશ ક્યારે થયો કહેવાય?

ભગવાનને સન્મુખ અંતર્દષ્ટિએ જોવું એ પણ મૂર્તિમાં પ્રવેશ છે, સ્વામિનારાયણ ભગવાનનું સતત સ્મરણ કરી અને ચિંતન કરવું અને મૂર્તિ યાદ કરવી એ પણ મૂર્તિમાં

પ્રવેશ છે. ભગવાન સ્વામિનારાયણના સન્મુખ રહી અને એમનું પરમએકાંતિક મુક્ત તરીકે સુખ લેવું એ પણ મૂર્તિમાં પ્રવેશ છે. પરંતુ છેવટનો સર્વોત્તમ પ્રવેશ તો છે અનાદિમુક્ત થવું તે. ભગવાનના સ્વરૂપમાં સળંગ રસબસ મૂર્તિમાં રસબસ થઈ રહેવું તે.

## ૨૦૯

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના તદાકારભાવને કેવી રીતે પમાય?

ભગવાને એમ કહ્યું કે સંત સમાગમ કીજે હો નિશદિન સંત સમાગમ કીજે. સંત કોણ? કે જે ભગવાન સ્વામિનારાયણના તદાકાર ભાવને પમાડી દે. કારિયાણીના પ્રથમ વચનામૃતમાં કહ્યું તેમ ભમરી ઈયળને ચટકો ભરતાં-ભરતાં જે ભમરીરૂપ થઈ જાય છે, એ રીતે ભમરીના તદાકાર ભાવને પામી જાય છે. ભગવાન સ્વામિનારાયણે કહ્યું કે જે સંતને ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય એવા સંતનો સમાગમ કરવાથી ભગવાન સ્વામિનારાયણના તદાકારભાવને પમાય. કારણ કે એ સંત પાસે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપનું જ ચિંતન-મનન થાય.

## ૨૧૦

## એકાંતિક સ્થિતિ અને પરમએકાંતિક સ્થિતિ કોને કહેવાય?

એકાંતિક સ્થિતિ થાય ત્યારે ભગવાનની કૃપા વરસવા માંડે છે. ત્યારે ભગવાન એકાંતિક સ્થિતિવાળાને ભાગવતીતનું આપી દે છે. બાપાએ જોઈને એકાંતિક શબ્દ વાપર્યો. એ સાધનદશામાં કૃપા વરસે છે. કૃપાપાત્ર થઈ ચૂક્યો છે. કારણ કે વાસના રહિત થઈ ગયો છે. ત્યાં વાસના નિર્મૂળ થઈ જાય છે. એનું નામ એકાંતિક. સો ટકા નિર્વાસિનીક. મૂર્તિ સિવાય કોઈ પ્રકારની વાસના રહે નહિ. એ સ્થિતિમાં ભગવાનની કૃપા વરસે છે. એકાંતિકની સ્થિતિમાં પૂર્ણ સાધનદશા છે. એ સ્થિતિમાં ભગવાનની કૃપા વરસે છે. ભગવાન કૃપા વરસાવે ત્યારે એકાંતિક ભક્તનો ચૈતન્ય દિવ્ય સ્વરૂપ ધારણ કરે છે. ત્યારે ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાય છે. અને ભગવાન સ્વામિનારાયણના તદાકારભાવને પામે છે. અને દિવ્ય આકૃતિ ધારણ કરે છે. અને પછી એ મૂર્તિનું સુખ ભોગવે છે. એ પરમએકાંતિક કહેવાય.

## ૨૧૧

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના અનાદિમુક્તની

**સ્થિતિ કેવી હોય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

ભગવાન સ્વામિનારાયણના તદાકારભાવને પામેલા પરમએકાંતિકને અતિ સ્નેહ પ્રગટ થાય તો ભગવાનની મૂર્તિમાં લક્ષ્મીજીની જેમ લીન થાય છે. આ સ્થિતિ અનાદિમુક્તની છે. એ સત્ય ઘટના છે, એમ બાપા નીરખીને કહે છે. બધા ધીરે-ધીરે એ વાત કબૂલ કરતા થઈ જશે. અવકાશયાનો ઊડતાં પહેલાં આઈનસ્ટાઈને કહેલું કે Atom is divisible. ત્યારે બધા આઈનસ્ટાઈનની હાંસી કરતા હતા, પણ જ્યારે એણે એટમ ડિવિઝિબલ કરી બતાવ્યો ત્યારે બધાએ કહ્યું, આઈનસ્ટાઈનની વાત સાચી છે. બરાબર? એમ બાપાશ્રીએ કહ્યું કે જ્યાં સુધી અનુભવ નહિ થાય, ત્યાં સુધી આ સ્થિતિ સમજાશે નહિ. ભલા થઈને અમારું કહ્યું માનજો. અમે જોઈને કહીએ છીએ. જો જોઈને ન કહેતા હોઈએ તો આ મહારાજની મૂર્તિના સમ છે. એટલે અમે સાચું કહીએ છીએ. મૂર્તિમાં રહીને મૂર્તિમાં સુખ લેવાની રીત અલૌકિક છે. માટે એ સ્થિતિ સમજવાનો પ્રયત્ન કરો અને મૂર્તિરૂપ બનો. આ દેહને ભૂલો. આકારે રહિત વર્તો. એટલે આપણે આકારે રહિત વર્તીએ અને પુરુષોત્તમરૂપ પુરુષોત્તમના આકારે વર્તીએ. આ માયિક આકારને તો શું ધોઈ પીવો છે. આવા તો કંઈક આકાર ગયા ને કંઈક નાશ પામ્યા. અરે અવતારોના આકારો પણ

મહારાજમાં લીન થઈ ગયા. રહ્યા કોઈ? એક પુરુષોત્તમનો આકાર જ કોઈમાં લીન થતો નથી. ત્યારે વિચાર તો કરો. એ એક જ અવિચળ સ્વરૂપ છે. બધા અવતાર અચળ સ્વરૂપો. એ અવતારમાં સર્વોપરી અવતાર શ્રીકૃષ્ણ. એ પણ અચળ સ્વરૂપ છે. એ અચળ સ્વરૂપ પણ અવિચળમાં લીન થઈ જાય છે. ત્યારે એ અવતાર સ્વરૂપ દેખાતું બંધ થઈ જાય છે. એટલે એક જ ભગવાન સ્વામિનારાયણનું અવિચળ સ્વરૂપ છે. એમાં સર્વ કોઈ લીન થાય છે. એ મૂર્તિમાં અલૌકિક સુખ છે. બાપા કહે છે, એ મૂર્તિમાં મુક્તો દોટો દે છે. જેમ જળમાં માછલાં કિલ્લોલ કરે છે. આ તો એક ભૌતિક દૃષ્ટાંત છે, પણ એ તો દિશ બતાવવા કહીએ છીએ. પણ મૂર્તિમાં સુખ ભોગવવાની વાત તો અલૌકિક છે. અનંત અનાદિમુક્તો એ મૂર્તિના સુખમાં કિલ્લોલ કરે છે. એ ૬૪ તસુની લાગતી મૂર્તિ તો અગાધ છે. બાપા એમ કહે છે કે બાજરીના દાણામાં બ્રહ્માંડ દેખાય. તો બાજરીમાં બ્રહ્માંડ દેખાય? ચોક્કસ દેખાય. ક્યાં દેખ્યું? એ જ અલૌકિક સ્થિતિ. ૬૪ તસુની મૂર્તિ તો સુખનો સાગર છે. સુખનો સિંધુ છે. એ સુખના સિંધુમાં અનંત અનાદિમુક્તો કિલ્લોલ કરે છે. દિવ્ય સુખના ભોક્તા બને છે. અને મહારાજની ઈચ્છાએ કરીને અંદર રહ્યા થકા ભગવાન જેટલું જ દેખે છે. ભગવાન જેટલું જ કાર્ય ભગવાનને લઈને કરે છે. એટલી એમની સત્તા છે, પણ બધું જ ભગવાનને લઈને છે. આવા

એ સ્વતંત્ર અનાદિમુક્તો છે.

## ૨૧૨

**શ્રીજીમહારાજના સુખમાં આપણે ક્યારે રહી શકીએ?**

મહારાજ કહે છે - મારા જેટલો નિર્મળ બને ત્યારે એ મારા સુખમાં રહી શકે. હવે એ નિર્મળ સ્વરૂપ ભગવાનના અક્ષરધામરૂપ તેજ સાથે અથવા તો ભગવાનની મૂર્તિ સાથે જોડાઈને એકરૂપ બની રહે ત્યારે સુખ આવે. પોતાના સ્વરૂપનો સંબંધ ભગવાન સાથે ત્યારે જ થાય, જ્યારે એ નિર્મળ બને. એટલે ભગવાન જેટલા નિર્મળ ત્યારે જ થવાય, જ્યારે ભગવાનનો સાચો આશ્રિત થાય.

## ૨૧૩

**શ્રીજીમહારાજનો મહિમા અને શ્રીજીમહારાજનું સ્વરૂપ કોના થકી સમજાય છે?**

દાખડો કરવા માટે મહિમા જોઈએ, પણ એ મહિમા પુસ્તક વાંચીને ન સમજાય. એ તો ગોપાળાનંદ સ્વામી જેવા અનાદિમુક્ત, એવા સત્પુરુષના જોગ થકી સમજે ત્યારે એ મહારાજનું સ્વરૂપ સમજાય એવું છે. એમ કાંઈ સમજાય એવું નથી. કાંઈ હાથ ન આવે! મહારાજનું સ્વરૂપ, મહારાજનો મહિમા સમજવા માટે એવા સત્પુરુષ જોઈએ.

મહારાજે એક વાર ગોપાળાનંદ સ્વામી સાથે મજાક કરી, આનંદ કર્યો, વ્યંગ કર્યો. મનુષ્ય ભાવ ભજવ્યો. તો શું કર્યું? સ્વામી, અમારી વાણી તમે કેમ સમજ્યા છો તે અમને કહો તો ખબર પડે. ગોપાળાનંદ સ્વામીએ થોડા વચનામૃતોથી મહારાજનું હાર્દ-સ્વરૂપ સમજાવ્યું. મહારાજને પોતે જે સમજ્યા હતા એ સમજાવ્યું. તો મહારાજ શું કહે છે તે ખબર છે? મહારાજ કહે, સ્વામી, અમારી વાણી તમે જેવી સમજ્યા છો એવી તો અમેય નહોતા સમજ્યા. અમને ખબર નહિ કે તમે આટલી સરસ રીતે સમજ્યા છો. તો હવે જુઓ, ભગવાન એમ કહેતા હોય, એટલે સત્પુરુષનો મહિમા સમજાવે છે કે આ અમારી વાણી જલદી નહિ સમજાય. સત્પુરુષ થકી જ સમજાશે. કારણ કે સત્પુરુષ અનુભવે કરીને સમજ્યા હોય. માત્ર વાંચીને, ગોખીને કે બુદ્ધિએ કરીને સમજ્યા હોય એમ ન હોય. બુદ્ધિએ કરીને સમજ્યા હોય તેમાં ક્ષતિ હોય. તેમાં સંપૂર્ણ માર્ગદર્શન ન હોય. આડા-અવળા જતા રહે. માટે આ ખૂબ જરૂરી છે કે ભગવાનનો આશ્રય કરનારે ભગવાનના સ્વરૂપને ઓળખવાને માટે આવા સત્પુરુષનો સમાગમ કરવો જોઈએ.

ત્યારે એમ થયું કે બાપાશ્રીને મહારાજે અહીં મોકલ્યા. પૃથ્વી ઉપર દૃષ્ટિગોચર બનાવ્યા. કારણ કે અનાદિમુક્ત મૂર્તિના સુખમાં રસબસ હોય છે. તે કદીયે જુદા પડતા નથી.

એ તો સંકલ્પે કરીને દૃષ્ટિગોચર બને છે. ત્યાં (પરભાવમાં) રહ્યા થકા એ મુક્તો જુદા જુદા બ્રહ્માંડોમાં પણ દૃષ્ટિગોચર થાય છે. એવા અનંત બ્રહ્માંડો છે કે જ્યાં મનુષ્યો રહે છે. આહીં તો સાત ગ્રહોમાં ફરે તો ય પાર ન આવે. આવા અનંત બ્રહ્માંડો છે, આવા મનુષ્યરૂપો છે જ્યાં મહારાજ દર્શન આપે છે. જ્યારે શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્તો પ્રગટે એના થકી આ વાત સમજાય. હવે એવા મુક્તો કોઈ વાર એટલી સ્થિતિવાળા (મુક્ત) કદાચ ન પણ હોય. કોઈ વાર એવું પણ બને. મહારાજના સંત કે મહારાજ વિચરતા જ હોય. એમાં ભગવાનના યમ-નિયમ, ધર્મ, આજ્ઞા પાળે અને ભગવદી હોય એનેય સંત કહેવાય. પણ આ સંતો (મુક્તો) ઠેઠ મહારાજની મૂર્તિમાં પહોંચેલા હોય એની વાત જુદી થઈ જાય. એવા સંતના સમાગમથી આ વાત સમજાય.

ગોપાળાનંદ સ્વામીએ વચનામૃતો ગુણાતીતાનંદ સ્વામીને અને શુકમુનિ જેવાને પણ સમજાવ્યા. એ કાગળ ઉપર નહોતા મુકાયા. એ સમજૂતી કાગળ ઉપર મુકાઈ નહિ. એટલે આપણને અત્યારે વાંચવા મળતી નથી. એ નથી મળતી એમ લાગ્યું એટલે શ્રીજીમહારાજે પોતાના મહાન અનાદિમુક્ત પૂજ્ય બાપાશ્રીને પૃથ્વી ઉપર દૃષ્ટિગોચર કર્યા. અને એમણે વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા લખી. એ બેસ્ટ ગાઈડ છે. પ્રમાણભૂત ગાઈડ છે. એ

પ્રમાણભૂત માર્ગદર્શિકા. સર્વોપરી તત્ત્વજ્ઞાનની પ્રમાણભૂત માર્ગદર્શિકા છે. આવી હજી સુધી લખાઈ નથી. અને કોઈ લખવા જાય છે તો ભૂલો કરે છે. કારણ કે ત્યાં (દિવ્ય સ્થિતિમાં) પહોંચ્યા ન હોય ને લખે એમાં શું ભલીવાર હોય? એવી આ ટીકા સત્પુરુષનું માર્ગદર્શન છે એવું સમજાવે છે. તો આ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા કરીને કેટલો બધો ઉપકાર કર્યો! એવા અનાદિ મુક્તરાજ બાપાશ્રીને સત્સંગ કેમ ભૂલી શકે? જો ભૂલી જાય તો થોડું કૃતઘ્નીપણું ન કહેવાય? સાચી વાત? એટલે નહિ ભૂલવું જોઈએ. એટલે એ પ્રદીપિકા ટીકા ભગવાનનો મહિમા, ભગવાનનું સ્વરૂપ સમજાવે છે.

## ૨૧૪

## અનાદિમુક્તનો અર્થ શું છે? અને અનાદિમુક્તની સ્થિતિ કેવી રીતે થાય?

અનાદિમુક્તની સ્થિતિનો અર્થ એ છે કે ભગવાન સર્વોપરી પરમાત્માના સ્વરૂપમાં રસબસ જોડાઈ જવાનો જે યોગ છે એને અનાદિમુક્તની સ્થિતિ કહે છે. અનાદિનો અર્થ એ છે કે આમ હતો અને આમ થયો એમ નહિ; સદાય આમ છું, પુરુષોત્તમરૂપ છું એવું લક્ષ્યાર્થ થાય તેનું નામ અનાદિમુક્તની સ્થિતિ. બાપાશ્રીએ પોતાના પ્રભાવથી, પોતાની દિવ્ય શક્તિથી અનેકને એ સ્થિતિના અધિકારી

બનાવી દીધા અને મૂર્તિનું સુખ ભોગવતા કરી દીધા. બાળકોને અને વિદ્યાર્થીઓને એમ કહ્યું કે તમે અભ્યાસ ભલે સુખેથી કરો, બધી પ્રવૃત્તિ કરો, પણ એ બધી પ્રવૃત્તિમાં મહારાજનું અનુસંધાન રાખજો. અનુસંધાનનો અર્થ એ છે કે ભગવાનને અંતર્યામીપણે જાણવા કે હું જે કંઈ કરું છું તે ભગવાનની આજ્ઞા મુજબ કરું છું કે કેમ? ભગવાન રાજી થાય તેમ કરું છું કે કેમ? હું એકે એક ક્રિયા કરું એ ભગવાનને ગમશે કે કેમ? એવી સ્મૃતિ સ્વરૂપ સાથે રાખવી એનું નામ અનુસંધાન રાખ્યું કહેવાય. સ્વરૂપ મુખ્ય છે, પણ એ સ્વરૂપ રાખીએ ત્યારે આ વાત નહિ ભૂલવી જોઈએ. માત્ર સ્વરૂપનું અનુસંધાન યાંત્રિક રીતે રાખવાથી એ દિવ્ય સ્થિતિને પમાતું નથી. દિવ્ય સ્થિતિને પામવાને માટે જે ભગવાનની આજ્ઞારૂપ થઈને, ભગવાનના કલ્યાણકારી ગુણો કેળવીને ભગવાનના સ્વરૂપમાં જોડાય છે તેમને જ અનાદિમુક્તની સ્થિતિ થાય છે.

આ કૃપાવર્ષાથી આપણા અવયવો કુદરતી રીતે ફરી જાય છે. આપણા સ્વભાવ-કર્મ બદલાઈ જાય છે, સ્વભાવ-કર્મ નાશ થઈ જાય છે. આવા પ્રસંગે હંમેશાં બધું જ માન મૂકીને ગમે તેવા નીચા આસને પણ બેસવું. ગમે ત્યાં રહ્યા થકા આપણે મૂર્તિમાં જ બેઠા છીએ. ઊંચું આસન હોય કે નીચું આસન હોય, બધું જ આસન ઊંચું જ છે. કારણ કે મહારાજે આપણને એના સ્વરૂપમાં રાખ્યા એવા આશીર્વાદ

આપી દીધા. એથી વિશેષ શું? ત્યારે આનું અનુસંધાન જો સતત રહે તો આવો અભ્યાસ કરતાં કરતાં અને આ આશીર્વાદના પ્રભાવથી અને અનાદિમુક્તના જોગથી અનાદિમુક્તની સ્થિતિ થાય.

## ૨૧૫

### શ્રીજીમહારાજના અનાદિમુક્તનો મહિમા વિશે સચ્ચિદાનંદ સ્વામીના પ્રસંગ અને અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીના જીવન દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સચ્ચિદાનંદ સ્વામીએ એમ કહ્યું કે મહારાજ! શાંતિનો ઉપાય બતાવો. તો કહે હું ઉપાય બતાવું તે કરશો? જરૂર, મહારાજ કરીશ. તો કહે જુઓ, અમારા મુક્ત પર્વતભાઈ છે. એમના ઘરના નળિયાનું તમે ધ્યાન કરો. તો સચ્ચિદાનંદ સ્વામી કહે મહારાજ! તમારી મૂર્તિ મૂકીને, તમારું સ્વરૂપ મૂકીને આ નળિયાનું ધ્યાન કરવાનું કેમ કહો છો? મહારાજ કહે કે તો ભલે, અમારા સ્વરૂપનું ધ્યાન કરો. એટલે સ્વામીએ છ મહિના સુધી ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવાનો પ્રયત્ન કર્યો, પણ અંતરમાં શાંતિ ન થઈ. ભગવાનનું સ્વરૂપ જ દેખાય નહિ. ફરીને મહારાજને પૂછ્યું. ત્યારે મહારાજ બોલ્યા કે સ્વામી! મેં તમને કહ્યું હતું ને કે પર્વતભાઈના નળિયાનું ધ્યાન કરો. ત્યાં જાવ,

નળિયા નીરખીને પછી તેનું ધ્યાન કરો તો તમને શાંતિ થઈ જશે.

પછી સચ્ચિદાનંદ સ્વામી અગતરાઈ જાય છે. ત્યાં પર્વતભાઈ તુંબરું જેવા ભક્ત હતા દાસત્વભાવવાળા. ત્યારે પર્વતભાઈએ પૂછ્યું તો કહે હું આપનાં દર્શન કરવા માટે આવ્યો છું. પર્વતભાઈ તો દર્શન કરવા લાગ્યા કે તમે તો સંત છો, હું તો તમારો ગૃહસ્થ દાસ છું. તો સ્વામી કહે ના, મને આપના નિવાસસ્થાને લઈ જાવ. નિવાસસ્થાને લઈ ગયા તો સ્વામી તો નળિયા નીરખવા લાગ્યા. જેમ જેમ નિરીક્ષણ કરતા ગયા, તેમ તેમ અંદર ને અંદર ઊતરતા ગયા. પછી આંખો મીંચીને ધ્યાન કર્યું તો શાંતિ થઈ ગઈ. નળિયાને બદલે મહારાજનું સ્વરૂપ દેખાવા લાગ્યું. પછી મહારાજ પાસે જઈને બેઠા. મહારાજે પૂછ્યું કે શાંતિ થઈ? સ્વામીએ કહ્યું કે મહારાજ! પૂરી શાંતિ થઈ. આનું રહસ્ય તો સમજાવો? મહારાજ કહે, આ પર્વતભાઈ અમારી મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત છે. તેઓ અમારા સંકલ્પથી અમારી સાથે આવ્યા છે. એમણે અમારી મૂર્તિ સિવાય કંઈ જોયું નથી. એમનું નિવાસસ્થાન એમને લીધે દિવ્ય થઈ ગયું છે. એ દિવ્યતા એમાંથી નીકળે છે. આ રીતે મહિમા સમજાવ્યો કે ભગવાનના આવા મહામુક્તો જ્યાં જ્યાં વિચરે છે ત્યાં બધી જ વસ્તુઓ દિવ્ય થઈ જાય છે અને એ દિવ્ય વસ્તુઓ જ્યારે આપણને સ્પર્શ કરે છે, ત્યારે અંતરના બધા સંકલ્પો

શાંત થઈ જાય છે.

આ કચ્છ પ્રદેશ તો ગરીબ હતો, આર્થિક વ્યવહાર દુર્બળ હતો. એ બધાયને ભગવાનની વાણી જીવનમાં ઉતારવા માટે, એ ધર્મને જીવનમાં ઉતારવાને માટે બાપાશ્રીએ ખૂબ દૃઢતા કરાવી. અને અત્યારે જોઈ શકો છો કે આ આખો કચ્છ પ્રદેશ સુખી છે. ભલે એ સૂકો પ્રદેશ છે, પણ આજે બધા સુખી છે એનું કારણ આ અનાદિ મહામુક્તરાજ અબજીબાપાના આશીર્વાદ, એમનો દિવ્ય પ્રભાવ, અહીં બધા ઉપર અમૃત નજર.

એ રીતે મહારાજના અનાદિમુક્તનો મહિમા સમજાવ્યો.

# ૨૧૬

## શ્રીજીમહારાજનાં દર્શન કરવા હોય અને પરમપદ પામવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

અઢાર વર્ષ સુધી અભ્યાસ કર્યો ત્યારે માંડ રોટલો કમાતા થયા. બરાબર? અથાક પરિશ્રમ આખો દિવસ મહેનત કરવાની – સવારથી સાંજ સુધી. આખો મહિનો મજૂરી કરે ત્યારે પાંચ-છ હજાર રૂપિયા હાથમાં મળે, આવી મોંઘવારીમાં.

તમે કેટલો પરિશ્રમ કર્યો? એ પરિશ્રમ કરતાં કંટાળો લાવીએ છીએ? લ્હેરથી કરીએ છીએ. તો પછી આ

મહાપ્રભુજીનાં દર્શન કરવા હોય તો કેટલો આનંદ થવો જોઈએ? તો શરૂઆત કરીએ છીએ. રાતોરાત થઈ જાય? તો પરમપદને પામવું હોય તો થોડોક સમય તો કાઢવો પડે ને? તો મહારાજ કહે છે બ્રાહ્મ મુહૂર્તમાં વહેલા ઊઠી જ જવું. રાત્રે જાગી જાવ તો તે સમયે શાંતિ હોય અથવા જે સમયે સાત્ત્વિક ગુણ પ્રવર્તતો હોય એ વખતે ધ્યાન કરવું કે જેથી બીજા ઘાટ-સંકલ્પ આવરણ કરે નહિ. બરોબર?

## ૨૧૭

## શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્તની અનુવૃત્તિમાં શા માટે રહેવું જોઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

શ્રીજીમહારાજ ને મુક્તોની અનુવૃત્તિ પ્રમાણે એમની સેવા કરવી. એ એક. અને બીજી અનુવૃત્તિ વર્તનની. એટલે કે શ્રીજીમહારાજ ને મહારાજના મુક્તોને જે ગમે છે કે અમે જે રીતે વર્તીએ છીએ, જે રીતે કહીએ તેવું તમારું વર્તન બનાવો. જો એવું વર્તન બને તો બધાંય દુઃખની નિવૃત્તિ થઈ જાય કે નહિ? જરૂર થઈ જાય. માટે અનુવૃત્તિ લખી છે. અનુવૃત્તિ આ પ્રમાણે બંને રીતે જળવાવી જોઈએ. અનુવૃત્તિ બહુ જ મોટી વસ્તુ છે.

## ૨૧૮

### ચૈતન્ય દોષ રહિત એટકે કે ચૈતન્ય મુક્ત થયા પછી વધુ પાત્રતાની આવશ્યકતા શા માટે રહે છે?

ચૈતન્ય મુક્ત થયા પછી દોષ તો જતા રહ્યા, પરંતુ દોષ ગયા પછી પણ પોતાને વધુ પાત્ર થવું પડે છે. એ મૂર્તિનું સુખ જીરવવા માટે.

## ૨૧૯

### આપણને અલૌકિક ધનાઢ્ય કોને બનાવી દીધા? તેના વિષે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બાપાશ્રી કહે, જા...વ તમારા ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યા. તો મૂર્તિમાં રહે એ અનાદિમુક્ત કહેવાય. તો અનાદિમુક્તની પદવી ઉપર બેસાડી દીધા એ કાંઈ થોડી વાત! એ તો મનુષ્યરૂપે જ્યારે પ્રગટ પધારે, ત્યારે આવા કામ કરી નાંખે. મહારાજના સંકલ્પથી બાપાશ્રી સાથે થોડી દિવ્ય મુક્તોની સેના પધારી અને સુખની રેલમ-છેલ બોલાવી દીધી. એમાં આપણે બધા આવી ગયા. એ ખંપાળીમાં. એ આપણા મોટા ભાગ્ય. કાંઈ નહોતું આપણામાં. ત્યારે બધું મૂકી દીધું અને પૈસાની, હીરા-માણેકની કૂંચી દઈ દીધી કે જાવ તમે ભગવાનની મૂર્તિમાં.

તો હવે મૂર્તિના સુખમાં મૂકી અને આપણને અલૌકિક ધનાઢ્ય બનાવી દીધા.

## ૨૨૦

### આપણે સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે કેવી દૃઢતા કરવી જોઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

શ્રીકૃષ્ણ ભગવાને તુલસીદાસજીને દર્શન આપ્યા ત્યારે તુલસીદાસજી કહે, મારા વાણી-વર્તન તો રામને અર્પણ થઈ ગયા છે. તો ભગવાન કૃષ્ણને કહે, ધનુષબાણ હાથમાં લઈને રામ બનો પછી મસ્તક નમાવીશ. એ રામ કરતાં શ્રીકૃષ્ણનો અવતાર મોટો હતો, એટલે તેઓ એ સ્વરૂપ ધારણ કરી શક્યા. પછી એમણે મસ્તક નમાવ્યું. તુલસીદાસજીને મન એક જ રામ સર્વસ્વ હતા. તો આ તો વાસ્તવિક વસ્તુ છે કે બધી ભૂમિકાથી આગળ ઉપર સ્વામિનારાયણ છે જ. એનો ભક્ત જ્યાં-ત્યાં મસ્તક નમાવતો ફરે તો કેવું કહેવાય? એ વિચારો. આ હકીકત છે. અરવિંદ (ઘોષ), રમણ મહર્ષિ જેવા પોતાના શિષ્યોને એમ કહેતા કે, શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન તને થાય, એ ભૂમિકાએ તું પહોંચી જાય, પછી પણ અટકતો નહિ. આગળ જજે. આગળ હજી ઘણું બધું છે. અપારપણું છે. શા માટે કહ્યું છે? એણે અનુભવે કહ્યું. હવે એ બતાવે છે કે

એમનાથી આગળ ભૂમિકા છે ખરી. ભગવાન બુદ્ધે પણ કહ્યું કે, નિર્વાણ સ્થિતિને પામ્યા પછી એમણે દૃષ્ટિ કરીને તો બીજું મહાનિર્વાણ દેખાયું. અરે! આ તો નિર્વાણથી પણ કંઈક આગળ છે. આ નિર્વાણ કંઈ છેલ્લું નથી. ભાઈ, મહાનિર્વાણ છે અને એનાથીય આગળ મહાનિર્વાણ છે. અને એમ કહ્યું, આગળ જાઓ - આગળ જાઓ. આગળ જઈને ભગવાન સ્વામિનારાયણ પાસે આવીને થશે કે હવે આગળ નથી જવાનું. આ હકીકત કહું છું.

ભગવાનના અનાદિમુક્ત અને બાપાશ્રી કહે છે બધી ભૂમિકાઓનાં દર્શન પછી થાય છે. હું પહેલા આકર્ષિત કરું એટલે બધું ભૂલાઈ જાય અને કોઈ ભૂમિકા જોવાની ઈચ્છા ન રહે. પછી જ્યારે એક મહારાજરૂપ થઈ જાય, પોતાનારૂપ પોતે બનાવી દે ત્યારે પોતાની ઈચ્છાથી બધી ભૂમિકાઓનાં દર્શન કરાવે, ત્યારે એમ લાગે કે ક્યાં મારા ધણી અને ક્યાં આ બધા. બોલો. હવે જો પહેલા એમાંથી પસાર કરેને તો ત્યાં જ બેસી જાય. એટલે મહારાજને મુક્તોએ કહ્યું, કે કોઈ તમારા ધામમાં કેમ નથી આવી શકતું? કેમ આટલા થોડા જ આવે છે ને બાકી ક્યાં રહી ગયા? અટવાઈ ગયા વચમાં. વચમાં પ્રલોભન થઈ ગયું તો ત્યાં રહી ગયા. આવશે ફરી પાછા. પણ એમાં ઘણો સમય જતો રહે. એ કરતાં સહિસલામત બાબત આ કે, તુલસીદાસજીને જેવી રામમાં હતી એવી સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન વિશે આવી

સ્થિતિ કરવી. એમાં રંચ માત્ર ફેરફાર ન થવો જોઈએ. કોઈ પણ સંજોગોમાં. આભ તૂટી પડે કે ગમે તે થાય તો પણ ન થવો જોઈએ. ત્યારે આ કીર્તનમાં છે ને, હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જો ને. પ્રથમ પહેલું મસ્તક મૂકી વળતાં લેવું નામ. ભગવાનને સર્વોપરી માન્યા પછી સંજોગો પલટે. ભગવાન પોતે સંજોગોનું સર્જન કરે છે. ભક્ત કેટલામાં છે એ જોવા માટે. એ વખતે એવું દુઃખ મૂકે કે એમ જ થાય કે આ રહેવાશે નહિ. અને કોઈક એમ કહે કે આ (વ્યક્તિ) દુઃખ કાઢે છે તો એમ થાય કે હું પણ ત્યાં જાઉં. આ દુઃખને કાઢતો હોય તો હું પણ એની પાસે જાઉં. એ વખતે આ નિર્વિકલ્પ નિશ્ચય રહેતો નથી. ત્યારે કોઈ પણ સંજોગોમાં કદી પણ ભગવાન સ્વામિનારાયણ સિવાય કોઈના વિશે એક લેશમાત્ર કર્તાપણું રાખવું નહિ. તો જ ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થાય, નહિ તો કેવી રીતે થાય?

## ૨૨૧

**શ્રીજીમહારાજ એક જ સ્થિતિમાં દર્શન આપે છે તો શ્રીજીમહારાજ કરે છે શું? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

અરે ભાઈ! જણ જણ પ્રત્યે જે ક્રિયા થાય છે એ મહારાજ પોતે કરે છે. અત્યારે આપણે બધા બેઠા છીએ. કોઈ હાથ હલાવે છે, કોઈ પરસ્પર સામું જુએ છે તો

મહારાજ એમ કરે છે. મહારાજ એક જ સ્થિતિમાં દર્શન આપે છે એનો અર્થ એ છે કે ભગવાનમાં કોઈ અસ્થિરતા કે કોઈ સંકોચ-વિકાસ અવસ્થા નથી. એ એક જ સ્થિતિમાં દર્શન આપે છે કે મહારાજ ભૂખ્યા રહ્યા કે તરસ્યા રહ્યા એવા જે ભાવ દેખાય એમ નથી એમાં. જ્યારે ભગવાનનો ભક્ત ભગવાનના સ્વરૂપમાં જોડાય અને પછી એ સ્વરૂપમાં જોડાઈને જે જે ક્રિયા કરે છે તો એ મહારાજ જ કરે છેને? અનંત બ્રહ્માંડોમાં ભગવાનના ભક્તો જે જે ક્રિયા કરે છે તે મહારાજ પોતે કરે છે. ક્રિયાનો ક્યાં પાર છે? એક જ ક્રિયા કરતા હોય કે બેસી રહે કે સિંહાસન ઉપર બેઠા હોય એવું ક્યાં છે?

## ૨૨૨

### પરભાવની દૃષ્ટિએ આશીર્વાદ એટલે શું? તે વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આશીર્વાદ એ મૂર્તિનું સુખ. સુખ એ આશીર્વાદ. એ સુખમાં મહારાજના અનંત સંતો કિલ્લોલ કરે છે. એ સુખમાં શ્રીજીમહારાજે આપણને બધાને રાખી દીધા છે. આ આશીર્વાદ. પરમ કૃપાળુ અનાદિમુક્ત બાપાશ્રીને પોતાના સંકલ્પથી પૃથ્વી ઉપર મોકલીને આપણને શ્રીજીમહારાજનું જેવું છે તેવું સુખ ઓળખાવ્યું. પરમ કૃપાળુ શ્રીજીમહારાજે બાપાશ્રી દ્વારા આપણને સૌને મૂર્તિના સુખમાં રાખ્યાના

આશીર્વાદ આપ્યા. ભક્તવત્સલ ભગવાન પોતાના સંત ઉપર એટલો બધો રાજીપો ને પ્રસન્નતા વરસાવે છે. એ રીતે આપણે તો અવરભાવનો વિનય નહિ ચૂકવો જોઈએ. ભગવાનને વહાલા એવા સંતને એમ કહીએ કે અમને સૌને આશીર્વાદ આપો તો મહારાજ રાજી થાય છે. પણ રહસ્યની વાત એમણે કહી એમ રાખવાની કે આશીર્વાદમાં બેઠા પછી આશીર્વાદ માંગવાની જરૂર હોતી નથી. એવું અનુસંધાન રહે કે આશીર્વાદમાં જ બેઠા છીએ તો કાંઈ કરવું રહેતું નથી. નિરંતર એ અનુસંધાન હોવું જોઈએ.

ભગવાન પોતાના સંત તે સ્વયંહરિ એવા મહાઅનાદિમુક્ત દ્વારા આવા શબ્દ બોલે છે. આશીર્વાદ આપે છે. મૂર્તિના સુખમાં રાખવાના આશીર્વાદ મહારાજ તેમના આવા અનાદિમુક્ત દ્વારા જ આપે છે. એ આશીર્વાદ ગમે ત્યાંથી નથી મળતા. આપણા બધાના પરમ ભાગ્ય છે કે મહારાજ એવા મહાઅનાદિમુક્ત બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, પર્વતભાઈ આદિ મહામુક્તને પોતાની સાથે લાવ્યા. તેમના દ્વારા શ્રીજીમહારાજે પોતાની મૂર્તિના સુખમાં અનેકને જોડી દીધા.

## ૨૨૩

**શ્રીજીમહારાજ પોતાના સંત ઉપર ખૂબ રાજી હોય છે તેના વેશે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી**

## નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજ એવા દયાળુ હતા અને એમના સંત ઉપર એવા રાજી હતા એનું એક દૃષ્ટાંત. સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી પોતાના નાનકડા સંત મંડળ સહિત ફરતા-ફરતા એક કોષ હતો ત્યાં આવ્યા. ત્યાં કોઈ એક મુમુક્ષુ મનુષ્ય કોષ હાંકતા હતા. મુમુક્ષુ ખરાને, એટલે સ્વામીશ્રીને જોઈને કામ પડ્યું મૂકી એમણે સ્વામીશ્રીનું આતિથ્ય કર્યું. આતિથ્યમાં તો બધું આવી જાયને. સ્વામીશ્રીને બેસાડ્યા ને ખૂબ સુંદર આતિથ્ય કર્યું. એટલે સ્વામી રાજી થઈ ગયા. તો સ્વામીશ્રીના મુખારવિંદમાંથી તેજ છૂટ્યું. એ તેજમાં પેલા મુમુક્ષુ અંજાઈ ગયા અને એ એમ બોલી ઉઠ્યા કે, ઓ હો હો! ભગવાન તમે મારે ઘરે આવ્યા!! એટલી વારમાં એ તેજ સ્વામીમાં પાછું વિલીન થઈ ગયું. પછી સ્વામીશ્રી કહે, કે હું ભગવાનને લઈને તમારી પાસે આવ્યો છું ખરો, પણ હું તો ભગવાનનો દાસ છું. ભગવાન નથી. કેટલીક વાર મુક્તમાં રહેલા પ્રત્યક્ષ મહારાજના જ્યારે ભક્તને દર્શન થાય ત્યારે એમની સાથે વૃત્તિ જોડાઈ જાય છે તો ભક્તે એમ કહ્યું, કે તમે જ મારા ભગવાન છો. થોડી વાર રહીને સ્વામીએ એને મહારાજની મૂર્તિ આપી કે આ સ્વરૂપનું ધ્યાન કરી અને માળા ફેરવજો. પછી એ કહે, સ્વામી, મારે આ મૂર્તિ નથી જોઈતી. મને તો તમારી મૂર્તિ આપો. એમ કહીને ગોપાળાનંદ-ગોપાળાનંદ એમ માળા ફેરવવા મંડ્યો. પછી

સ્વામી કહે, આ તો ઉન્મત્ત થઈ ગયા. મારું ભજન કરે છે. ખોટું કર્યું. એટલે સ્વામીએ ફરી કહ્યું, આ મૂર્તિનું ભજન કરજો સ્વામિનારાયણ-સ્વામિનારાયણ ત્યારે કહે, એવું મોટું નામ મને ન આવડે. હું તો ગોપાળાનંદ-ગોપાળાનંદ કરીશ. પછી સ્વામી કહે, સારું, આ ભજન કરજે. પછી તું ગઢડા આવજે. આ ગઢડા નજીકનું ગામ હતું. સ્વામી કહે, તું આવીશ ત્યારે તને ભગવાનનાં દર્શન કરાવીશ.

પેલાએ તો મહારાજને જોયેલા નહિ. સ્વામીનું ભજન કરે. તેની વૃત્તિ ખેંચાઈ ગયેલી. એ તો સામાન્ય મુમુક્ષુ હતો, પણ જ્યારે ભગવાનના સંતમાંથી તેજ જોઈ એની વૃત્તિ સ્વામીમાં ખેંચાઈ ગઈ. જેમ ભગવાન તેજોમય છે, તેમ તેમના સંત પણ એવા તેજોમય છે. થોડા વખત પછી તેને એમ થયું કે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું છે તો લાવ ગઢડા દર્શન કરી આવું. પછી ગઢડા આવ્યા. દર્શન કર્યા. મહારાજ ઢોલિયા ઊપર બિરાજમાન હતા. બાજુમાં સંતો બેઠા હતા. ગોપાળાનંદ સ્વામી પણ બિરાજમાન હતા. દર્શન કરતા આ તો પાગલ થઈ ગયા. કહે છે ને કે ભગવાન અને ભગવાનના સંતોને જોઈને કોઈવાર પાગલપણું પણ આવી જાય. તો સભામાં આવીને બોલ્યા ગોપાળાનંદ - ગોપાળાનંદ - ગોપાળાનંદ બધા મહારાજને પૂછે આ કોણ છે? આ કોણ આવે છે? મહારાજ કહે, અમારા ગોપાળાનંદ સ્વામી ફરતા-ફરતા પેલા કૂવા પાસે આવ્યા તો આમણે

સ્વામીનું આતિથ્ય કર્યું. એમણે અમને તો જોયા નથી. અને એને અતિ ભાવ થઈ ગયો. તેથી અમે રાજી થઈ ગયા. તો અમે ગોપાળાનંદ સ્વામીના મુખારવિંદમાંથી તેજ છોડ્યું. એ એના ઉપર પડ્યું. એટલે એની વૃત્તિ ગોપાળાનંદ સ્વામીમય થઈ ગઈ. એટલે એવું કરે છે.

પછી ગોપાળાનંદ સ્વામી ઉઠીને મહારાજને કહે, હવે એના ઉપર દયા કરો. મારું તે કંઈ ભજન કરાતું હશે? તમારું ભજન કરે તેવી પ્રાર્થના. પછી મહારાજે કહ્યું, તમારા ગુરુનું વચન સાંભળ્યું? તો કહે, હા, મેં સાંભળ્યું, પરંતુ તમે તો ગોપાળાનંદ સ્વામીના ભગવાન છો પણ મારા ભગવાન તો ગોપાળાનંદ છે. તો હું તો એનું જ ભજન કરું ને? એ તમારું ભજન કરે અને હું એમનું ભજન કરું. પછી ગોપાળાનંદ સ્વામી ઊભા થઈને કહે, અરે, હું તો એમના ચરણનો દાસ છું. તો કહે, તમે એમના દાસ હો કે ગમે તે હો તમારા એ ભગવાન છે, પણ હું તો તમારું ભજન કરીશ. મારું જે થવાનું હોય તે થાય. પછી મહારાજ કહે, ગોપાળાનંદ સ્વામી, તમે દુઃખી ન થઈ જશો. એ ભલે તમારું ભજન કરે. અંતે હું એને મારા સુખમાં લઈ જઈશ. સ્વામી કહે, મહારાજ! આ શું બોલ્યા? એ મારું ભજન કરશે તો બીજા બધા પણ મારું ભજન કરવા માંડશે. એ તો કેમ ચાલે? પછી મહારાજ કહે. આના સિવાય બીજો કોઈ તમારું ભજન નહિ કરે. તમે ચિંતા કરશો નહિ. ત્યારે બધા હરિભક્તો કહે, તો-

તો સારું મહારાજ. આમનો તો હવે ઉપાય જ નથી. એ તો હું જ્યારે અંતકાળે તેડવા જઈશને ત્યારે મારામય થઈ જશે. મહારાજના આમ કહ્યા પછી સ્વામી બેઠા.

બધા મહારાજ-મહારાજ કરે એટલે હરિભક્તને ખબર પડી ગઈ કે આ મહારાજ છે. એટલે કહે, હા મહારાજ, હું તો એમનું જ ભજન કરીશ. તમે પછી લેવા આવજો. મહારાજ કહે, સારું, બેસો ભક્તરાજ ભજન કરજો. એ ભક્તને અંતકાળે મહારાજ ગોપાળાનંદ સ્વામીને લઈને આવ્યા અને પોતાના મુક્તને ઓળખાવી દીધા અને પોતાના સુખમાં લીન કરી દીધા. આ દૃષ્ટાંત ભગવત્સ્વરૂપદાસજી સ્વામીએ મારી રૂબરૂમાં એક દરબારને આપેલું ત્યારે વાત થયેલી. ત્યારે મેં એમને પૂછ્યું, સ્વામી, આમણે ગોપાળાનંદ સ્વામીનું ભજન કર્યું ત્યારે બીજા કોઈ ગોપાળાનંદ સ્વામીનું ભજન કરે તો કેમ થાય? તો સ્વામીએ એમ કહ્યું કે, નારાયણભાઈ, એવા તો કોઈ અપવાદ હોય. એને ભગવાનને વિશે એવું પાગલપણું થઈ જાય. પાગલ થાય તો જ પ્રેમભક્તિ થાયને! મહારાજ કહે, પાગલ નથી થવાતું એટલી ખોટ છે.

## ૨૨૪

**અનાદિમુક્ત અને પરમએકાંતિક આ બંને મુક્તની દિવ્ય સ્થિતિમાં શું ફરક છે? અને પરમએકાંતિક મુક્ત**

## અનાદિમુક્ત ક્યારે થાય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાનના સાચા અનાદિમુક્ત નખશિખાંત ભગવાન સાથે ઓત પ્રોત થઈને મૂર્તિનું સુખ સુખભોક્તા થઈને ભોગવે છે. ભગવાન સુખદાતા. અનાદિમુક્તનું સ્વરૂપ અને પરમએકાંતિક મુક્તનું સ્વરૂપ મહારાજ જેવું જ છે, પણ બંનેના સુખમાં ફેર. અનાદિમુક્ત ખૂબ સુખ ભોગવે. તેમના સુખ આગળ પરમએકાંતિક મુક્તનું સુખ ઘણું જ ઓછું, છતાં પરમએકાંતિક મુક્તને એમ થાય છે કે આથી અધિક સુખ છે જ નહિ. માટે આગળ નથી જતા. પછી એ સુખમાં મસ્ત રહે છે. એ સુખ જેવું- તેવું નથી. કમ્પેરિઝન, સરખામણી કરતાં અનાદિમુક્તની સ્થિતિમાં જે સુખ છે એની પાસે પરમએકાંતિકનું સુખ ગણતરીમાં નથી. પરમએકાંતિક મુક્તને જ્યારે એમ લાગે કે આથી અધિક કોઈ સુખ છે જ નહિ. તો અનાદિમુક્તના સુખમાં પહોંચે કેવી રીતે?

એ પરમએકાંતિક મુક્તને અનાદિ થવા મહારાજ પૃથ્વી પર મોકલે છે પરંતુ તેઓ જબરજસ્ત પ્રભાવશાળી હોય હોં! ભાગવતીતનુ ધારેલ મુક્ત મૂર્તિના સુખભોક્તા થયા હોય એ કાંઈ જેવા-તેવા હોય? પૃથ્વી ઉપર જ્યારે પ્રગટ થાય, ત્યારે તેમનો મહાપ્રભાવ હોય. તેમની સાથે મહારાજ અનાદિમુક્તને પણ મોકલે છે. અનાદિમુક્તનો

સમાગમ કરીને પોતે જે સુખમાં છે તે સુખથી અધિક સુખ પણ છે તેમ સમજી એ સુખમાં પહોંચી જાય છે. વાર નથી લાગતી. જ્યારે એ સમજાય કે આથી અધિક કંઈક છે તો જ એ મેળવવા માટે વૃત્તિ થાયને? તો જ ચૈતન્યની એ બાજુ ગતિ થાયને? નહિતર ગતિ કેવી રીતે થાય? માટે પરમએકાંતિક મુક્તનું પ્રગટપણું થાય છે. પ્રાગટ્ય થાય છે. ત્યારે અનાદિમુક્ત દ્વારા મહારાજની મૂર્તિની અનાદિમુક્તની સ્થિતિ સમજી એ સુખમાં લીન થાય ત્યારે એમ થાય. આ... હા... હા...! ત્યારે ખબર પડી જાય. ભગવાન થોડીવાર જાણપણું પણ કરાવે પછી બંધ. પછી સુખનું જ જાણપણું રહે.

## ૨૨૫

### કારણ દેહ ક્યારે છુટે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજે કહ્યું કે આ દિવ્ય સભામાં એ અનુભવ થાય છે કે મૂર્તિ આકારે વર્તાય છે. ગોપાળાનંદ સ્વામી પૂર્ણ હતા. મહારાજે પૂર્ણ ગોપાળાનંદ સ્વામીને અપૂર્ણ કહીને બીજાને શિખવવાને માટે એવો ઉપદેશ કર્યો કે સ્વામીને કહે, સ્વામી, આકારે રહિત વર્તો. એનો અર્થ એવો થયો કે આ (દેહના) આકારે રહિત વર્તવું. મૂર્તિ આકારે વર્તો. દેહ આકારે નહિ વર્તો. ગોપાળાનંદ સ્વામીની પૂર્ણ સ્થિતિ હતી.

પૂર્ણને અપૂર્ણ કહી શા માટે એવો ઉપદેશ કર્યો? આપણને શિખવવાને માટે કે આપણે આ દેહ આકારે મટી જઈને મૂર્તિ આકારે બની જઈએ. મૂર્તિમાં રહીને કાર્ય કરવું એ મૂર્તિ આકારે સ્થિતિ થવાનું સુલભ સાધન છે. શ્રીજીમહારાજે પોતે કૃપાસાધ્ય બનીને એમ કહ્યું કે અમારી કૃપાથી આ કઠીનમાં કઠીન સાધન સુલભ બની જાય છે. મૂર્તિમાં રહીને મૂર્તિ જોવી. મૂર્તિમાં રહીને મહારાજને કર્તા-હર્તા દેખવા. મૂર્તિમાં એ બધું સુલભ થાય છે. સન્મુખ ભાવમાં ભગવાનને બધી ક્રિયા કરતા જોઈએ, તેમાં દેહભાવ છૂટતો નથી. મૂર્તિમાં રહીને કામ કરવા માટે ફક્ત એટલું જ કામ કરવાનું છે કે આપણે દેહની જગ્યાએ સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિને જોવી. શ્રીજીમહારાજે એ દિવ્ય મૂર્તિમાં આપણને રાખ્યા છે. ત્યારે અંદર એને બધી જ ક્રિયા શ્રીજીમહારાજ કરે છે એવો ભાવ થયા જ કરે અને એ ભૂલાય નહિ. એટલે કારણ દેહ છૂટી જાય છે. સ્થૂળ-સૂક્ષ્મ છૂટતાં ય વાર લાગે તો કારણ છૂટવાની વાત તો ક્યાં કરવી? એ તો કૃપાસાધ્ય ભગવાન મળે, કૃપાસાધ્ય મુક્ત મળે અને એ શ્રીજીમહારાજ કૃપા વરસાવે, ત્યારે આ ત્રણેય દેહ છૂટે, જ્યારે કારણ દેહ છૂટે અને મહારાજની મૂર્તિમાં રહીને એમાં રહ્યા થકા બધી જ ક્રિયા થાય એ માટે સાત્ત્વિક યજ્ઞો વારંવાર યોજવા.

## ૨૨૬

## અનાદિમુક્ત અને અનાદિમુક્તની સ્થિતિ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બાપાશ્રીએ મૂર્તિમાં રસબસ જોડાવાની વાત શીખવી. તે છે અનાદિમુક્તની સ્થિતિ. અનાદિમુક્તની સ્થિતિ એટલે શું? બધા બાળકો સમજી શકે એવી રીતે બાપાએ વાત કરી છે. એ કહું કે પૂર્વજન્મની આપણને સ્મૃતિ છે ખરી? કશી જ નથી. આંહીં કોઈ એવા છે કે જેમને પૂર્વજન્મની સ્મૃતિ હોય? ત્યારે અનાદિમુક્ત કોને કહેવાય? અનાદિમુક્તની સ્થિતિ કોને કહેવાય? કે હું આમને આમ અખંડ છું; આવો હતો અને ભગવાનનું ભજન કરતાં કરતાં આવો થયો એમ નહિ; હું અખંડ પુરુષોત્તમરૂપ છું અને ભગવાનની મૂર્તિમાં - પ્રભુના સ્વરૂપમાં રસબસ રહેલો મુક્ત છું એવું અનુભવાય એનું નામ અનાદિમુક્તની સ્થિતિ.

આ અનાદિમુક્તની સ્થિતિ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીએ કહેવા માંડી હતી ત્યારે એનો વિરોધ બહુ જ ઊઠ્યો હતો. કારણ કે મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર દષ્ટિગોચર થયા તે પહેલાં રામ-કૃષ્ણાદિક મહાન અવતારો પણ થયા. આ મહાન અવતારોનું પ્રધાનપણું લોકોમાં વિશેષ હતું. રામ-કૃષ્ણાદિક અવતારોથી પર કોઈ વસ્તુ છે એ સમજાવવું હોય

તો એની વિચારસરણી બદલવી પડે. એ વિચારસરણી બદલવાને માટે શું કરવું જોઈએ? એમણે પોતાનો દિવ્ય પ્રભાવ તો વાપર્યો. ઉપરાંત સમાધિ-પ્રકરણ વગેરે અનેક પ્રકરણો પણ પોતે અપનાવ્યા છતાં પણ એમણે એમ કહ્યું કે પરચા-ચમત્કારથી જો કોઈ અંજાઈ જાય તો એ સાચો ભક્ત ન બને, પણ એના હૈયામાં જો ભગવાનની મૂર્તિ કોઈ સંત કે ભગવાન- પ્રગટ ભગવાન પધરાવે તો જ સમજાય. એમણે પોતાનું સર્વોપરી સ્વરૂપ સમજાવવાને માટે પોતે પોતાની અગાધ કૃપા વાપરી. એ કૃપાને લીધે લોકો અંજાઈ ગયા. જોબન પગી જેવા મોટા મોટા લૂંટારાઓએ પણ પોતાનો લૂંટફાટનો ધંધો તથા હિંસામાર્ગ છોડીને હાથમાં અહિંસાની માળા પકડી લીધી! એ ભગવાન સ્વામિનારાયણ! એ કંઈ ઓછો દિવ્ય પ્રભાવ? અનાદિમુક્તની સ્થિતિમાં તો દરેકે પહોંચવાનું છે. ત્યાં સુધી અધૂરું છે. માનવજીવનનું ધ્યેય ત્યાં પહોંચે જ છૂટકો છે.

## ૨૨૭

**પરમએકાંતિક સ્થિતિવાળા મુક્તો શ્રીજીમહારાજનું સુખ કેવી રીતે ભોગવે છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

એકાંતિક કરતાં પરમએકાંતિક વિશેષ છે. પરમએકાંતિકની સ્થિતિ શું? કે સમુદ્રના કિનારે આપણે બેઠા

હોઈએ, મન-વિચારો શાંત થઈ ગયા હોય, ખુશનુમા વાતાવરણ હોય અને સમુદ્ર ઉપરથી ઠંડી લહેર આપણા ઉપર પડે, આજુબાજુ બાગ-બગીચાની સુંદર હવા આવતી હોય તો કેવી મજા પડે? આનંદ પડેને? લોકો બાગ-બગીચામાં ફરવા જતા હોય છે અને સમુદ્ર જો નજીક હોય તો અહોહો! તો પરમએકાંતિકની સ્થિતિ ભગવાન સ્વામિનારાયણની સન્મુખ રહીને સુખ ભોગવવાની છે. ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાંથી સુખની ધારાઓ નીકળે છે અને એ પરમએકાંતિક મુક્તો ઉપર પડે છે. એ મુક્તોને પછી એ જ આહાર. જો અત્યારે આપણને આહાર કર્યા વગર ચાલતું હોય તો કોઈ કડાકૂટ કરે ખરું? ભૂખ જ નો લાગે તો સૌથી વધારે સારું, એના જેવું એકે ય નહિ. તો ત્યાં ભૂખ જ નથી લાગતી. ત્યાં માયિકભાવ નથી. ત્યાં તો નર્યો દિવ્ય ભાવ છે. અને પરમાત્માનું દિવ્ય સુખ ભોગવે છે. એ દિવ્ય વસ્તુ છે, એ કંઈ માયિક વસ્તુ નથી.

એક કોઠીમાં પાંચ મણ ઘઉં સમાતા હોય અને પછી બીજા પાંચ મણ સમાવવા હોય તો એ કોઠી સમાવી શકે ખરી? કેમ? એ પોલી ય ખરી. એમ પોલી હોય તો પણ વધુ ન સમાવી શકે. એમ માયિક વસ્તુઓ પોલી છે એના ગુણધર્મો જુદા છે. જ્યારે દિવ્ય વસ્તુના ગુણધર્મો માયિક વસ્તુથી તદ્દન જુદા છે. થોડુંક સમજણ માટે કહી શકાય કે વિદ્યુતશક્તિ, ઉષ્માશક્તિ, લોહચુંબકત્વશક્તિ,

વીજશક્તિ, પ્રકાશશક્તિ આ બધી શક્તિઓ એકમેકમાં રહે છે. પરંતુ એક ટેબલ હોય અને એની અંદર બીજું એક ટેબલ રહી શકે? બાજુમાં જ મૂકવું પડે. દિવ્ય વસ્તુમાં એવું નથી. આ કાર્યશક્તિઓ એકમેકમાં રહે છે છતાં એમ કહી શકીએ કે આટલી વીજળી છે, આટલી ઉષ્મા છે, આટલી ચુંબકત્વશક્તિ છે? એવું બને? નહિ. એ શક્તિ એકમેક. એ તો થોડી દિશ બતાવવાનું છે. દિવ્ય વસ્તુનું વર્ણન કરવું શક્ય નથી. એ તો સ્વાનુભવનો વિષય છે. દિવ્ય વસ્તુને માનવી હોય તો એનો અનુભવ કર્યે જ છૂટકો છે. અને જે પુસ્તકમાંથી મેળવ્યું હોય તે ભૂલવું પડશે. જો એ નહિ ભૂલીએ તો ભગવાનની મૂર્તિ નહિ સાંભરે.

# ૨૨૮

## શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્તના સંપર્કમાં આવતા કોઈ પણ પદાર્થ કે વસ્તુની દિવ્યતાને વિશે સદ્. શ્રી સચ્ચિદાનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સચ્ચિદાનંદ સ્વામીએ મહારાજને કહ્યું કે મહારાજ! મારા અંતરમાં શાંતિ નથી મળતી. શું કારણ? કારણ તો તમે સમજી શકો. મહારાજ કહે કે તમારા હૈયામાં મારી મૂર્તિ દેખાય છે? સ્વામી કહે કે ના પ્રભુ. મહારાજ કહે કે તો પછી શાંતિ કેવી રીતે થાય? સ્વામી કહે કે શાંતિનો ઉપાય

બતાવો. મહારાજ કહે કે શાંતિનો ઉપાય ધ્યાન. ત્યારે મહારાજ પહેલાં શું કહે છે ખબર છે? પોતાના અનાદિમુક્ત જ્યાં રહેતા હોય તે નિવાસસ્થાન અને આજુબાજુની વસ્તુ પણ દિવ્ય થાય. તો એવું સચ્ચિદાનંદ સ્વામીના મિષે સમજાવી દીધું. સ્વામી કહે કે મહારાજ! તો તમારું ધ્યાન કરું તમે કહો એ રીતનું. મહારાજ કહે કે ના, મારું ધ્યાન કરવાની હમણાં જરૂર નથી. હું કહું ત્યારે કરજો મારું ધ્યાન. સ્વામી કહે કે તો અત્યારે હું શું કરું? હું શેનું ધ્યાન કરું? મહારાજ કહે કે તમે અગતરાઈ જાવ. ત્યાં અમારા મુક્ત પર્વતભાઈ છે. ત્યાં જઈ અને તેમના ઘરના નળિયાનું ધ્યાન કરજો. પહેલાં નળિયાને નીરખજો એમના નિવાસસ્થાનના અને એ નીરખી અને હૈયામાં એનું ધ્યાન કરજો એટલે શાંતિ થઈ જશે. સચ્ચિદાનંદ સ્વામીએ આપણા લોકો કેવું દોઢ-ડહાપણ કરે છે એ બતાવવા માટે પોતે કહે છે. તેમણે પોતે દોઢ-ડહાપણ કર્યું. એ પોતે દોઢડાહ્યા નહોતા એ તો મહારાજના અનાદિમુક્ત હતા, પણ પોતાને મિષે સમજાવી રહ્યા છે. અને ભગવાન એમનો દાખલો આપી અને જીવોને સમજાવે છે. તો સચ્ચિદાનંદ સ્વામીએ મહારાજને એમ કહ્યું કે મહારાજ! તમારી મૂર્તિ સિવાય તમારા અનાદિમુક્તનું ધ્યાન કરવાનું કહ્યું હોત તો ય ઠીક હતું. નળિયાનું ધ્યાન એ તો જડ વસ્તુ. તમે કંઈ બીજું ધ્યાન બતાવો. મહારાજ કહે કે ભલે અમારી મૂર્તિનું ધ્યાન કરો. પછી સ્વામીએ કેટલાય

કલાક મૂર્તિનું ધ્યાન કર્યું, પણ અંતરમાં મૂર્તિ દેખાય નહિ. વળી મહારાજને એમ પૂછ્યું કે મહારાજ! શાંતિ થતી નથી. તમારું સ્વરૂપ જોયામાં આવતું નથી. મહારાજ કહે કે મેં તમને કહ્યું હતું કે ત્યાં જઈ નળિયાનું ધ્યાન કરો તો શાંતિ થાય ને અમારું સ્વરૂપ દેખાશે. તમે એ કર્યું નહિ તો એ કેવી રીતે થાય? મારું સ્વરૂપ જોવા માટે અંતરને નિર્મળ બનાવવું પડેને સ્વામી? તો એ અંતર નિર્મળ કોણ કરે? નિર્મળ વસ્તુ હોય તે કરે. પર્વતભાઈના નળિયા દિવ્ય અને નિર્મળ છે; ત્યાં જઈને ધ્યાન કરો. એ નળિયા અંતરના અશાંતિરૂપ આવરણને હટાવી મૂકશે. સ્વામી કહે કે અહોહો મહારાજ! ત્યારે તો હું એનો પ્રયોગ કરું.

અને સ્વામી તો એ જ વખતે ઉપડ્યા અગતરાઈ. ત્યારે પર્વતભાઈ સામા ચાલી આવે. તો પર્વતભાઈને જ પૂછ્યું કે આ ગામમાં પર્વતભાઈ ક્યાં રહે છે? પર્વતભાઈ કહે કે અરે! હું જ પર્વતભાઈ. કયા પર્વતભાઈ જોઈએ છે? સ્વામિનારાયણનાને? એક બીજા ય પર્વતભાઈ છે. સ્વામી કહે કે મારે તો સ્વામિનારાયણ ભગવાનના પર્વતભાઈ જોઈએ છે. પર્વતભાઈ કહે અરે! એ હું. સ્વામી કહે અરે! તમે? તો સ્વામી દંડવત્ કરવા માંડ્યા. પર્વતભાઈ કહે કે અરે! તમે તો ગુરુ છો, મને અપરાધમાં નાંખશો એમ કરી અને પર્વતભાઈએ દંડવત્ કર્યા સ્વામીને. અને હજી પણ સ્વામી ધ્યાન કરતા નથી હો! પછી પર્વતભાઈએ કહ્યું કે

સ્વામી! ઘરે પધારો. ઘરે બેસાડ્યા. પર્વતભાઈ કહે કે મારા અહોભાગ્ય. આવા ગામડા ગામમાં આવા સંત ક્યાંથી પધારે? આપ મને મહારાજની વાતો કરો તો મને ખૂબ આનંદ આવશે, સ્વામી! આપનું આવવું - આપનું અહીં આગમન એ મારા માટે આશીર્વાદરૂપ નીવડશે અને તમને આનંદ થશે. સ્વામીને મહારાજની વાતો કરવાનું ખૂબ સારું અંગ તે મહારાજની ખૂબ જ વાતો કરી જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી અને નળિયાની વાત તો ભૂલી ગયા. વળી પાછા આવ્યા. મહારાજે પૂછ્યું કે સચ્ચિદાનંદ સ્વામી! હવે અમારી મૂર્તિ દેખાય છે? મહારાજ! હું તો નળિયાની વાત જ ભૂલી ગયો. મહારાજ કહે કે અરે! હીરો ઘોઘે જઈ આવ્યો! જાવ ફરીથી.

ફરીથી ઉપડ્યા અને જઈ પહેલાં પૃચ્છા કરી. પર્વતભાઈ એ વખતે લોટો લઈને બહાર જતા હતા એટલે ખ્યાલમાં નહિ આવ્યું. કોઈને કહ્યું કે પર્વતભાઈ ક્યાં? તો કહે આ જાય એ છે. લોટો લઈને એ. સ્વામીને એમ થયું કે શૌચ માટે એ જઈ રહ્યા છે તો હું અહીં જ બેસું. તો એ ભાગોળે બેઠા. પાછા આવે ત્યાં સુધી. આવ્યા. તો પર્વતભાઈ એકદમ દંડવત્ કરવા લાગ્યા અને બોલ્યા, અહોહો! મહારાજે ફરીથી મોકલ્યા? વાહ! વાહ! વાહ! એમ કરીને આંખમાં આંસુ આવવા લાગ્યા. સ્વામી કહે કે પર્વતભાઈ! તમે કહો છો એ બરાબર છે, પણ મારે

મહારાજની આજ્ઞા પાળવી કે નહિ? પર્વતભાઈએ કહ્યું કે મહારાજે શું આજ્ઞા કરી? સ્વામી કહે કે મને અંતરમાં શાંતિ થતી નથી અને મહારાજનું સ્વરૂપ દેખાતું નથી તો મહારાજે કહ્યું કે અગતરાઈ જઈ અને પર્વતભાઈના નિવાસસ્થાનના નળિયાનું ધ્યાન કરશો એટલે શાંતિ થઈ જશે. તો હવે મારે તમને ઉપદેશ આપવો નથી, ભગવાનની વાતો કરવી નથી. મને તમારું નિવાસસ્થાન બતાવો. ત્યાં જઈ મને એ નળિયા બરાબર દેખાય, હું નળિયા નીરખી શકું એવી રીતે ઊભો રાખો. પર્વતભાઈ કહે પણ આવું ન કરાય. મહારાજે તમને મારી કસોટી કરવા આવું કહ્યું હશે. સ્વામીએ કહ્યું તમે ગમે તેમ કહો. જો મારું વચન માનવાના હો, મને રાજી કરવો હોય તો મને એવી જગ્યાએ ઊભો રાખો કે હું આ નળિયા જોઈ શકું. તો ઊંચો એક ઓટલો હતો એના ઉપર ઊભા રહીને સ્વામીએ જોયું. તો જેમ જેમ નળિયા નીરખતા જાય એમ અંતરમાં શાંતિ થતી જાય! એમ બધા નળિયા એક પછી એક નીરખવા લાગ્યા. તો અંતરમાં સંપૂર્ણ શાંતિ છવાઈ ગઈ અને મહારાજની મૂર્તિનું દર્શન થવા લાગ્યું. વાહ! પર્વતભાઈ વાહ! ધન્ય છે તમને ને ધન્ય છે તમારા આ નળિયાને! મેં ભગવાન સ્વામિનારાયણનું વચન ન માન્યું તો આટલો હેરાન થયો. જો પહેલેથી જ માન્યું હોત તો આ તરખટ ન રહેત. એમ આપણે ભગવાનના વચનો બરાબર માનવા.

# ૨૨૯

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના મુક્તાવતાર કોને કહેવાય? અને તે મુક્તાવતારનો શો મહિમા છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક વાત કહું કે અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીએ મને આ વાત એમના મુક્તો દ્વારા સમજાવી. અને એ સંતો પણ જેમ અવતાર હોયને એ અવતારથી પણ ચડી જાય એટલી સામર્થીવાળા હતા એવું મને ખબર પડી. ભગવાન સ્વામિનારાયણના મુક્તાવતાર છે એ વાત બાપાશ્રીએ સમજાવી. અવતારો પ્રગટ થાય છે મૂર્તિમાંથી અને મૂર્તિમાં લીન થાય છે. કયા અવતાર? અરે! ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી કહે છે કે અન્ય અવતારોને તો મહારાજનાં દર્શન પણ નથી! કેવી રીતે થઈ શકે? ભગવાનનાં દર્શન કરવા હોય એ તો બગાસું ખાતા સાકરનો ગાંગડો મહારાજે આપણા મોઢામાં મૂકી દીધો એટલે આપણે ફાવી ગયા છીએ. એ અવતારોની ગણતરી આ મુક્તાવતાર પાસે શું છે? તે મુક્તાવતારનાં દર્શન કરવા -આ પર્વતભાઈનાં દર્શન કરવા- માટે અવતારો ને દેવો ફરે છે.

# ૨૩૦

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના તત્ત્વજ્ઞાનનો પાયો કયો છે? અને એક મુનિમાં અનેક મુનિના વૃંદ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આપણા સ્વામિનારાયણ ભગવાનના તત્ત્વજ્ઞાનનો પાયો નિષ્કામ વર્તમાનની દૃઢતા પર રચાયેલો છે. મહારાજ કહે છે કે જો નિષ્કામ વર્તમાન બરાબર પરિપક્વ થાય તો તેને મૂર્તિ સિવાય બધેથી વૃત્તિ તૂટી જાય. આસક્તિ જતી રહે. છતે દેહે ભગવાનનો સાક્ષાત્કાર કરવો એ જરૂર અઘરો છે. કારણ કે પહેલા વચનામૃતમાં કહ્યું છે કે મારા સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી તે કઠિનમાં કઠિન છે. જો કઠિનમાં કઠિન સાધન હોય તો સાક્ષાત્કાર કરવા માટે મહારાજના અનાદિમુક્તનો સહારો જોઈએ. એ મુક્ત તો દિવ્ય છે. કોઈને એમ થાય કે અહીંયા બ્રહ્માનંદ સ્વામી કે મુક્તાનંદ સ્વામીની મૂર્તિ કેમ નથી પધરાવી? એનો ઉત્તર એ છે કે ટોરડા જાવ તો ત્યાં ગોપાળાનંદ સ્વામી બિરાજે છે. ખાણમાં અને મૂળીમાં બ્રહ્માનંદ સ્વામી બિરાજે છે. એનો અર્થ એ નથી કે ટોરડામાં બ્રહ્માનંદ સ્વામી નથી કે મૂળીમાં ગોપાળાનંદ સ્વામી નથી. આ બધા મુક્તોના નામો અવરભાવના છે. તમે મહારાજના સ્વરૂપમાં કિલ્લોલ કરતા કોઈ પણ મુક્તને બિરાજિત કરો તે એક જ છે. કારણ કે એક

મુનિમાં અનેક મુનિના વૃંદ છે.

## ૨૩૧

### શ્રીજીમહારાજની ખરી કૃપા કોને કહેવાય? તેના વિશે શ્રીજીમહારાજના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજના એક ભક્ત ખૂબ સુખી હતા. કોઈ જાતની કચાશ નહિ. શરીરે એકદમ સુખી, તો મહારાજની પધરામણી કરી. મહારાજ કહે ભક્ત કેમ છો? આનંદમાં છો ને? ભક્ત કહે ઓ...હો....હો... મહારાજ તમારી કૃપાનો પાર નથી. ત્યારે કહે શું? અરે, કે જુઓ તો ખરા! આ બધું જુઓ કોઈ જાતની કચાશ નથી. હીંડોળા-ખાટ, ખાવું-પીવું, છોકરા-છૈયા બધા ય ભગવદી. મહારાજ આટલી તમારી કૃપા! ત્યારે મહારાજ કહે બોલશો નહિ. એ મારી કૃપા ન કહેવાય. ભક્ત કહે કેમ મહારાજ? તો કહે આમાં તો આસક્તિ રહી જાય. મહારાજની મૂર્તિમાં ન અવાય. હું બધું લઈ લઉં ત્યારે આસક્તિ જાય. એ મારી કૃપા છે. ઓ હો મહારાજ તો તો કેમ રહેવાય? અરે રહેવાય. મહારાજ કહે આ ગુણાતીતાનંદ સ્વામી છાશ અને રોટલો જમે છે. બાપાશ્રી કહેતા, અમે તો રાતડિયાનું શાક અને આ મઠની ખીચડી સિવાય કદી કોઈ દિવસ કાંઈ જમ્યા જ નથી અને જમતા નથી. તે એ કેમ જીવે છે? તો કહે મહારાજ, એ

તો તમારા મુક્ત હતા. ત્યારે તમે નથી? મહારાજ, હું એટલો કાચો. છતાં તમે એમ કેમ કહો છો કે તમારી કૃપા બહુ છે? એટલે હસવા મંડ્યા. તો કહે મહારાજ, એમના જેવા કરજો. તો કહે સારું મહારાજ કહે સારું કરશું. તો પછી એ ભક્તની બંને આંખે કુદરતી શું થયું કે બંને આંખ ચાલી ગઈ. અંધ થઈ ગયા. પછી રોવા મંડ્યા. હવે દર્શન કેમ થાશે મહારાજની મૂર્તિના? તો કોઈએ મહારાજને કહ્યું કે ભક્તની આંખો જતી રહી. તમને દયા કરી દર્શન દેવા બોલાવે છે. મહારાજ કહે હું આવીને શું કરું? મારા દર્શન તો એને થવાના નથી. તો કહે ના... ના મહારાજ, તમે આવો. મહારાજ કહે સારું. પછી મહારાજ પધાર્યા અને કહે ભક્તરાજ, કેમ છો? અરે મહારાજ, છે તો બધું ય પણ કામનું કાંઈ નહિ. તો કહે વાત તો બરોબર છે કામનું કાંઈ નથી. એક હું જ કામનો છું. તો કહે પણ મહારાજ, તમારા દર્શન તો થતા નથી. મહારાજ કહે તમને કેટલા વર્ષ થયા? સાઈઠ વર્ષ થયા. મહારાજ કહે સાઈઠ વર્ષ સુધી અમારી મૂર્તિ ચૈતન્યમાં કેમ ન પધરાવી? તો કહે મહારાજ ખબર નહિ. મહારાજ કહે આંખોનું શું કામ છે? મહારાજ કહે મને આ આંખે જોયા કર્યા અને અંદર મૂર્તિ તો ઊતારી નહિ. પછી રોવા મંડ્યા કહે મહારાજ હવે શું કરવું? મહારાજ કહે હવે કાંઈ નહિ તમે ભજન-સ્મરણ કર્યા કરો. હું ન દેખાઉં તો કાંઈ નહિ... હું તો તમને દેખું છું ને? આ દેહ પડી જશે

ત્યારે અંતકાળે હવે તમે દેખશો. આ વખતે હવે નહિ દેખો. માટે ચિંતા ન કરશો અને મારું ભજન કર્યા કરો.

પછી એને ભાન થયું કે જેને હું કૃપા માનતો હતો એ ખરી કૃપા નથી. હવે જ ખરી કૃપા થઈ. હે ભગવાન તમે આ આંખો ન લઈ લીધી હોત તો મેં તમને ખરેખર જેવા છે એવા ન ઓળખ્યા હોત. તમારી ખરી કૃપા શું છે એ મને ખબર જ ન પડત. એમ કરી એ સ્મરણ કરતા રહ્યા. મહારાજ તેડવા આવ્યા ત્યારે દર્શન દઈને સુખમાં મૂકી દીધા. જુઓ ભગવાનની કૃપા! ત્યારે આમાંથી એક વાત સમજીએ કે ભલે આપણને સુખમાં રાખ્યા, પણ એ બધું આપણું નહિ માનવાનું. આપણે ભાડાના ઘરમાં રહીએ છીએ અવરભાવની દૃષ્ટિએ, પરંતુ હવે ભાડાનું ઘર તો ખાલી કરવું જ પડે ને? એના માલિક મહારાજને બનાવવા. એટલે મહારાજ કહે છે, મારા સુખમાં મારી મૂર્તિરૂપી નિવાસમાં આવો ત્યારે તમે ભાડૂત મટી ગયા. તો મહારાજે આપણને ભાડૂત મટાડી દીધા અને બાપા કહે છે અમે તમને મૂર્તિના સુખમાં રાખી દીધા છે.

## ૨૩૨

## શ્રીજીમહારાજના અનાદિમુક્તને વિશે ઘાટ-સંકલ્પ થઈ જાય ત્યારે શું કરવું? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

કોઈકે બાપાને એમ પૂછ્યું કે બાપા, તમે એમ કેમ બોલ્યા કે અમે સુખમાં રાખી દીધા? મહારાજે સુખમાં રાખી દીધા કે તમે રાખી દીધા? એ સ્થિતિએ ન પહોંચ્યા હોય ત્યારે કોઈકને સંકલ્પ થાયને? ત્યારે કહે, તમને સુખમાં મૂકી દીધા એમ કોણ બોલ્યું એ તમને ખબર છે? અમારામાં રહીને મહારાજ બોલ્યા. આ...હા...હા... બાપા હવે બરોબર. બાપા કહે, સારું થયું તેં પૂછ્યું નહિતર એ સંકલ્પ જીવને હેરાન કરી નાખે. કોઈ પણ સંકલ્પ કે કોઈ પણ શંકા રહે એ અંદર સંઘરી ન રાખવી. પૂછી લેવાનું. પૂછીએ તો શંકા દૂર થઈ જાય કે નહિ? જો અંદર ને અંદર રહે તો એમાંથી અશ્રદ્ધા થઈ ને અંતે ભગવાનને પણ ભૂલી જાય. એવું થાયને? મુક્ત વિશે અપરાધ થઈ જાય. મુક્તમાં રહીને મહારાજ તો એમ બોલી શકેને કે અમે મૂર્તિમાં મૂકી દીધા. એમને તો અધિકાર ખરોને? મુક્ત તો માધ્યમ છે. સર્વોપરી માધ્યમ છે. એ માધ્યમ વગર તેઓ કામ ન કરે એવી એમની રીતિ છે. મહારાજ કહે, અક્ષરધામમાં બેઠા-બેઠા અમે ન કરી શકીએ? કરી શકીએ. પરંતુ અમારી અનાદિની રીત નથી. અમે અમારા અનાદિમુક્તોને માધ્યમ બનાવીને જીવોને અમારા સુખમાં લઈ જઈએ છીએ એ અમારી અનાદિની રીત છે. મહારાજ કહે છે, એનો અર્થ એ નથી કે અમારા કરતાં મુક્તને વિશે અધિક હેત કરવું. મુક્તને વિશે હેત કરવું, પરંતુ એ બીજા નંબરે છે. અમારે વિશે આસક્તિ

રાખવી. અમારા મુક્તને વિશે હેત રાખવું. જો હેત ન રાખો તો એ માધ્યમ એમના સુખમાં પહોંચાડવા માટે કામ કેવી રીતે કરે? તો સુખમાં પહોંચાડવા માટે, આપણને એ સુખમાં લઈ જવા માટે, એ કામ પૂર્ણ કરવા માટે એ માધ્યમનો મહિમા અને હેત રાખવાં જરૂરી છે. એ અનાદિમુક્તનું કાર્ય ક્યાં સુધી? મૂર્તિના સુખમાં પહોંચાડવા સુધી. મૂર્તિના સુખમાં પહોંચે એટલે પતી ગયું. એમનું કાર્ય પૂરું થઈ ગયું.

## ૨૩૩

## ભગવાન અને એમના સંતો-મુક્તો અજાણપણાની સ્થિતિ રાખે છે તેનું શું કારણ છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાન મનુષ્યરૂપે હતા ત્યારે બધું જાણવા છતાં ચિંતામાં મૂકી દેતા, કે હવે શું કરશું? બધું જાણતા હોય તો પણ. ભગવાન તો બધું જાણે ને? ભગવાન શું ન જાણે? ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા મુક્તોથી શું અજાણ્યું હોય? પણ જો એ અજાણપણું ન રાખે તો બધાની મતિ ભમી જાય. જેવું સુખ આવે એવું ન આવે. માટે ભગવાન અને ભગવાનના મુક્તો પોતાની અજાણપણાની સ્થિતિ રાખે છે. એ આશીર્વાદ છે. એના જેવી કોઈ વાત સારી નથી. એ વાત સારી છે, માટે રાખી છે. રાખવી જ પડે. અને એવી સ્થિતિ રાખીને આપણને આગળ વધારે છે.

નહિતર કોઈ શંકા કરે કે અજાણપણે સંકલ્પ પણ કરે. મુક્ત આપણને જ્ઞાન સમજવા માટેની બુદ્ધિ પ્રેરે છે. નહિતર જ્ઞાન કેવી રીતે થાય? પાત્ર કરવાને માટે એવું અજાણપણું રાખે છે જે આશીર્વાદ સમાન છે એટલે રાખે છે.

## ૨૩૪

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ એક અને અદ્વિતીય છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાન વડે ભગવાન મળે. તો એ ભગવાનને વળગી રહેવાનું. એ પ્રયોગ શરૂ કરી દેવાનો.

એ ભગવાનના સ્વરૂપ સાથે લગની લગાડીએ. જેવી મીરાંબાઈએ શ્રીકૃષ્ણ ભગવાનને વિશે લગાડી હતી એવી. સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી મહાપ્રભુજી એક અને અદ્વિતીય છે, તેવો મારો પોતાનો અનુભવ છે. એટલે તે આધારે કહું કે એમ માનવામાં કાંઈ જ ખોટું નથી. એ સત્ય છે. પ્રયોગ કરવાથી ખબર પડી જાય. પણ એ પ્રયોગ તો કરવો પડેને? એક વિદ્યાર્થી અઢાર વર્ષ સુધી મહેનત કરે, રોજ છ કલાક શાળામાં જાય, છ-સાત જેટલા શિક્ષકો એને ટ્યૂશન આપે, ઘરે ગૃહકાર્ય કરે. અઢાર વર્ષ આ સાધના કરે ત્યારે શું પ્રાપ્ત થાય? પોતાનો નિર્વાહ થાય એવું કોઈ પણ સાધન મળી આવે. પછી પાછા સાવ બધું ભૂલી જાય. એક દાખલો પૂછે તો કહે ભાઈ, એ તો હું ભૂલી ગયો. ત્યારે કશું

જ રહેતું નથી. તો આટલો બધો દાખડો કર્યો છતાં પ્રાપ્તિ કેટલી? થોડીક અને આ પ્રાપ્તિ કરવાને માટે થોડોક દાખડો તો કરવો પડેને? થોડા દાખડાથી પણ ભગવાન પ્રાપ્ત થઈ જાય છે. ભગવાન કહે છે, હું આટલો બધો સમય નહિ જવા દઉં. તું મારી સાથે પ્રેમથી વળગી રહે. જે બધી થોડી-ઘણી અણસમજણ હોયને એ દોષો મોટા પુરુષ થકી ટાળવા જોઈએ. સમજણથી દોષો ટળી જાય. અને એ ભગવાન તરફ લગની લાગી જાય. એ થઈ જાય તો કરવાનું બધું થઈ ગયું. અને એ થઈ જાય પછી તો આપો-આપ બધા જ કામ થઈ જશે. કોઈ કામ બાકી નહિ રહે. જ્યારે આ સુખનો અનુભવ થાય ત્યારે બધું પૂરું. તો પાત્રતા કેળવવી. એ કેળવાતાં ભગવાન પોતાની કૃપા જરૂર વરસાવે છે. કૃપા વરસાવ્યા વગર રહે જ નહિ. નહિતર એ ભગવાન ન કહેવાય. ભગવાન તો કૃપાસાધ્ય છે. એનું કામ જ કૃપા વરસાવવાનું. એ શોધે છે કે કોઈ મારા તરફ આવે છે? પોતે શોધવા જાય એવા પ્રભુ કૃપાળુ, કેટલા કરૂણા સાગર કહેવાય? તેઓ આપણને શોધે છે. શોધી, સુધારી, સારા બનાવી અને પોતાનું સુખ ભોગવે એવા બનાવી દે છે. આમ કૃપા વરસાવવી એ પોતાના મુક્તનું અંગ છે.

# ૨૩૫

## બ્રહ્મજ્ઞાન એટલે શું? ભગવાનની દિવ્ય શક્તિ-કૃપા દૃષ્ટિ કેવી રીતે કાર્ય કરે છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બ્રહ્મજ્ઞાન એ અન્વયશક્તિ. પેલું બ્રહ્મજ્ઞાન જુદું. બ્રહ્મજ્ઞાનમાં જે સમજણ છે એ અલગ-અલગ છે. બ્રહ્મ કહેતાં ભગવાનની દિવ્ય શક્તિ જે ઘટ-ઘટમાં વ્યાપેલી છે, જે અંતર્યામિ શક્તિ છે, જે પ્રારબ્ધ અને બધાનાં કર્મોની આપોઆપ નોંધ કરી નાંખે છે. એ પ્રભુની અન્વય શક્તિ કામ કરે છે. જીવ-જીવ પ્રત્યે જે જે કર્મો કરે એ કર્મ એના કારણ દેહ સાથે આપોઆપ જોડી દે છે. જેને વિધાતા શબ્દ વાપરીએ છીએ. તો આ કર્મો આપોઆપ વળગી જાય છે. એમાં જરા ય મિથ્યા થતું નથી. અનેક જન્મોના કર્મો આપણે અહીં આવ્યા ત્યારે આપણી સાથે જોડાયેલા છે. જ્યારે પ્રભુ મળે ત્યારે જેમ અગ્નિ તૃણને બાળી નાંખે છે, તેમ પ્રભુ જ્યારે કૃપાદૃષ્ટિ કરે ત્યારે કર્મો નાશ થઈ જાય. નહિ તો કર્મો કદી નાશ ન થાય. કર્મો તો પ્રભુની કૃપાથી જ નાશ થાય. ત્યારે કર્મબંધનો અને પ્રારબ્ધ નાશકર્તા એક સર્વોપરી મહાપ્રભુજી જ છે. જરૂર પ્રારબ્ધ દૂર થઈ જાય. ભલે શાસ્ત્રોમાં લખ્યું છે કે પ્રારબ્ધ તો ભોગવવા જ પડે. ન પણ ભોગવવા પડે. ભગવાન કહે છે કે મારી કૃપાને કોઈ શરત

નથી. બહુધા એ વાત સાચી છે કે પ્રારબ્ધ ભોગવવા જ પડે, પણ જો ભગવાન ઓળખાઈ જાય તો પ્રારબ્ધનો અંત આવે. આવા સરળ ભગવાન ઓળખાણા તો એ ભગવાનને લાગી પડવાનું. એને અંતરમાં રાખીને બધું જ કામ કરવાનું. કામ સરસ કરવાનું. તેમ છતાં કામ સારું કર્યું એનું અનુસંધાન રાખી કામ કરવા છતાં જો પ્રભુ આપણી બધી વૃત્તિઓ ખેંચીને કામ ન કરવા દે તો સમજવું કે આપણા ભાગે જે કર્તવ્ય છે એ પૂરું થઈ ગયું. જ્યારે પ્રભુમાં જોડાઈ જાય, ત્યારે કશું જ કરવાની શક્તિ રહેતી નથી. કરવાનું પૂરું થઈ ગયું. એમ થાય ત્યારે વાત જુદી છે. ત્યાં સુધી ભગવાન સાથે જીવ જોડી અને પોતાનું કર્તવ્ય નિરાસક્ત રહીને કર્યા જ કરવું.

## ૨૩૬

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના અનંત અનાદિમુક્તોમાંથી આપણે કોને મુખ્ય રાખવા જોઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ગોપાળાનંદ સ્વામીનો જે દિવ્ય પ્રભાવ હતો એ પણ ભગવાન સ્વામિનારાયણનો જ હતો; બ્રહ્માનંદ સ્વામી દ્વારા જે દિવ્ય પ્રભાવ પ્રસર્યો એ પણ ભગવાન સ્વામિનારાયણનો જ હતો. પર્વતભાઈમાં રહીને ભગવાને જે અજબ ચરિત્રો કર્યાં તે કોણે કર્યાં? મહારાજે જ કર્યાં.

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કર્યું હતું એમ કહીએ તો યે એ, પર્વતભાઈએ કર્યું હતું એમ કહીએ તો યે એ, બ્રહ્માનંદ સ્વામીએ કર્યું હતું એમ કહીએ તો યે એ. પરંતુ જેના સમાગમમાં આવીને આપણને ભગવાન ઓળખાયા એ તો આપણને મુખ્ય રહ્યાને? આ તો મહારાજે પણ કહ્યું છે કે જેના થકી ભગવાન ઓળખાય એ મુખ્ય રહે. તો જે જે દરેક ઘરેઘર સોમચંદબાપા ફર્યા એ બધા મુક્તોને એ મુખ્ય ન રહે? ગોપાળાનંદ સ્વામીએ જેમને સુખ આપ્યાં એમને ગોપાળાનંદ સ્વામી મુખ્ય રહ્યા. તો ગોપાળાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીમાં જે કાંઈ મહાન ચમત્કારો સર્જાયા એ ધણીના જ હતા. માટે એવો સંકલ્પ ન કરો, પણ એમ સમજો કે આ ભગવાન સ્વામિનારાયણનો જ દિવ્ય પ્રભાવ છે. એ સોમચંદબાપામાં રહીને કામ કોણે કર્યું અને શા માટે કર્યું? કે એ દિવ્ય સ્થિતિને- સર્વોચ્ચ સ્થિતિને - પામેલા મુક્ત હતા. ભગવાને એમને માધ્યમ બનાવ્યા. તો આ બધા અનાદિમુક્તોનો ત્યાં ભેદ નથી. સર્વે મહારાજનું સુખ ભોગવે છે અને બીજાને આપે છે. આ અનાદિમુક્તોની રીત. જેટલું સુખ અપાય એટલું આપે. ખરચ્યું ના ખૂટે એને ચોર ના લૂંટે! હું શું કામ ન આપું?

## ૨૩૭

## શ્રીજીમહારાજને શરણે જે જીવ આવ્યા અને આશ્રિત થયા હોય તેની સહાય શ્રીજીમહારાજ કેવી રીતે કરે છે?

જે ભગવાનના આશ્રિત હોય, જે શરણે આવે એ અનાદિમુક્તની પંક્તિમાં બેસી જાય. શરણે આવ્યા ક્યારે કહેવાય? કે કોઈ સૈનિક સેનાપતિને શરણે આવે એટલે સેનાપતિનું કહ્યું જ કરવું પડે, બધાં હથિયાર હેઠાં મૂકવા પડે. ત્યારે ભગવાનના આશ્રિત ક્યારે કહેવાય? કે આપણા ઠરાવ બધા પડ્યા મૂકવાના અને ભગવાન કહે તેમ કરવાનું. મહારાજની વાણી અને મહારાજનું સ્વરૂપ એ અભેદ છે. એમાં ભેદ નથી. તો એ વાણી આપણને આત્મસાત્ થાય ત્યારે આપણને મહારાજની મૂર્તિનું સુખ આવે. હવે આ દિવ્ય સ્થિતિ તરફ જવાનું બહુજન માટે શક્ય નથી. કારણ કે અનેક જન્મના એટલા બધા સંસ્કારો આપણા ચૈતન્ય -કારણ શરીર- સાથે આવરણરૂપે રહેલા છે કે મહારાજનું ધ્યાન કરીએ તો ય મહારાજની મૂર્તિ ન દેખાય. તો આપણું કલ્યાણ કેવી રીતે થઈ શકે? અનેક જન્મો થાય તો યે ન થાય એ દેખીતું છે. મહારાજના આ વચન એકેએક અંતરમાં - સોમચંદબાપાની જેમ ચૈતન્યમાં- ઊતારે તો એ દિવ્ય સ્થિતિને પમાય, એ પહેલાં ન પમાય. એ દિવ્ય સ્થિતિ પહેલાં જો મહારાજ કદાચ સુખ દેખાડે તો જીરવી ન શકાય

અને એ સુખ મૂર્તિમાં પાછું જતું રહે.

તો એક પ્રશ્ન એમ થાય કે બહુજનનું શું? તો બહુજનનું કામ કૃપાસાધ્ય ભગવાન કરે છે. એક કરોડાધિપતિ આપણને પાંચ હજાર રૂપિયા કે દસ હજાર રૂપિયા આપી દે તો હું ના પાડી શકું? હું એને એમ ન કહું કે તમે કેમ એને આપ્યા. એમ કહી શકાય નહિ. એને મરજી છે આપવાની. તેમાં જ તો ભગવાન સ્વામિનારાયણે એમ કહ્યું કે તમે પ્રામાણિક રીતે મારા વચનોનું પાલન થાય એટલું કરો. બાકીનું હું પૂરું કરી દઈશ.

## ૨૩૮

## એકાંતિક મુક્તની સ્થિતિ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજે એમ કહ્યું કે છતે દેહે મારા સુખને પામવું હોય તો પહેલાં એકાંતિક બનવું પડશે. પછી એકાંતિકમાંથી પરમએકાંતિકમાં જવું પડશે અને પરમએકાંતિક સ્થિતિમાંથી અનાદિમુક્તની સ્થિતિમાં જવું પડશે. અને ત્યારે તમે સર્વોચ્ચ દિવ્ય સ્થિતિ પ્રાપ્ત કરી ભગવાનનું સુખ પામ્યા એમ ગણો. ત્યારે એકાંતિક મુક્તની સ્થિતિ શું? કે ભગવાન સિવાય બીજે વાસના ન રહે અને પોતે બ્રહ્મરૂપે કરીને ભગવાનની ભક્તિ કરે. એ સ્થિતિ પ્રાપ્ત થાય તે એકાંતિક સ્થિતિ. તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને

માહાત્મ્યેયુક્ત ભક્તિ તે કેવી રીતે કરવી? બ્રહ્મરૂપે કરવી. જેથી ભગવાન સિવાય બીજે વાસના ન રહે. આપણે બધા અંતરશત્રુની વાત કરીએ, ઘાટ-સંકલ્પની વાત કરીએ તો એ ઘાટ-સંકલ્પ શેના થાય છે? આપણને વાસના છે તેથી થાય છે. કામ, ક્રોધ એ શું કામ થાય છે? કોઈ પણ ચીજ પાછળ આપણી વાસના છે. રાગ-દ્વેષની પાછળ પણ વાસના જ રહેલી છે. રાગ કેમ થાય છે? આપણને કોઈ વસ્તુ ખૂબ ગમે છે. માટે રાગ પાછળ પણ વાસના છે. આપણે એવી ઇચ્છા કરીએ છીએ કે એ પોતાથી મોટો ન દેખાય. એ દ્વેષ. તો એ પણ ઇચ્છા થઈ કે નહિ? તો વાસના ન થઈ? પૂર્ણ પુરુષોત્તમમાં તો એકેય દોષ નથી અને નરી દિવ્યતા જ છે તો એ ભગવંતની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે એકાંતિક તો થવું પડે ને? કેટલું અઘરું! બહુ જ અઘરું.

નેપોલિયને એમ કહ્યું કે મેં આખા વિશ્વને જીતવાનો પ્રયત્ન કર્યો. જીતી પણ લીધું ઘણું બધું, પરંતુ મેં અંતર જોયું તો મને તો એમ થયું કે મેં કંઈ મેળવ્યું નથી. અંદરનું તો કંઈ મેં પ્રાપ્ત કર્યું નહિ. એને એમ થયું કે હું કરી શક્યો એ બધા કરી શકશે, પણ અંદરનું કરવા માટે મેં પ્રયત્ન ન કર્યો. એ વખતે એમને સંતનાં દર્શન આપોઆપ થયા. તેણે તે સંતને એમ કહ્યું કે મેં ન કરવાનું કર્યું ને કરવાનું ન કર્યું. બરાબર? ત્યારે કરવાનું એ છે કે આપણો ચૈતન્ય આ જન્મે મહારાજના સુખમાં પહોંચી જવો જોઈએ. ઉધારો શા માટે?

## ૨૩૯

**બીજા અવતારોની ઉપાસના મૂકી અને સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉપાસના કરે તો ઉપાસના ભંગ થાય ખરી? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે એ તો અનુભવથી ખબર પડે. જ્ઞાનથી સમજાવી શકાય છે, પણ ખરું તો ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે એ તો અનુભવનો પ્રશ્ન છે. તો મારું કહેવું એમ છે કે આપણે એને ફરજ નહિ પાડવાની, પણ સમજાવી શકાય. તો જો એ પોતાના અવતારોની ઉપાસના મૂકી દે અને સર્વોપરી તત્ત્વમાં જોડાય, તો ઉપાસના-ભંગ ક્યાં રહ્યો? એ બધા અવતારો જેમાંથી પ્રગટ થાય છે ને જેમાં લીન થાય છે તેના શરણે જવામાં કયાં પતિવ્રતાની ભક્તિનો ભંગ થાય છે? ભંગ થતો નથી.

## ૨૪૦

**સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના અનાદિમુક્તો ઓળખાયા પછી આપણે કેવી સમજણ કેળવવી પડે?**

ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી મળ્યા પછી

માતાજી કે ગરબાનો મહિમા સમજીએ કે હનુમાનજીના મંત્ર-ચાલીસા ભણવા પડે? હનુમાનજી તો ભક્ત હતા. તો એમના ચાલીસા ભણવા કરતાં સ્વામિનારાયણ ભગવાનનું નામ ન લઈએ? ત્યાં શા માટે શ્રદ્ધા થાય? કારણ કે સમજણમાં ફરક છે, ખરી સમજણ મોટા મુક્ત થકી થઈ નથી. કોઈ જગ્યાએ સારપ્ય નહિ મનાવી જોઈએ. જો સારપ્ય મનાય તો સમજવું કે હજી આપણી સમજણ કાચી છે. આપણે આ સારપ્ય કાઢી નાખવી પડશે. અરે ભાઈ! કાઢતા તો એક સેકંડની વાર જ બસ. પોતાની સમજણ ને દૃષ્ટિબિંદુ બદલી નાખીએ એ ભેગું જ બધું ન બદલાઈ જાય? તો આપણે જ એવા મૂર્ખ થઈએ છીએ કે આપણી સમજણ જે શુદ્ધ નથી એ રહેવા દઈએ છીએ. ત્યારે એટલું જરૂર, આદર બધાનો કરીએ. ક્રિશ્ચિયનને એમ ન કહેવું કે તમે ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થાવ. સ્વામિનારાયણ સર્વોપરી છે, આશ્રિત થાવ તે અમે ઈચ્છીએ, પણ ન થાવ તો આગ્રહ નથી. પણ જ્યારે તમને એમ લાગે કે એ ઈસુ ખ્રિસ્ત તો Son of God છે, He is not God. તો પરમાત્મા જે સર્વોપરી છે એ પરમાત્માને વળગવામાં વાંધો શું? વળગવું જ જોઈએ.

કોઈ એમ કહે કે ભગવાન સ્વામિનારાયણે એમ કેમ કહ્યું કે શ્રીકૃષ્ણ ભગવાનના ડાબા પડખે રાધિકાજી રહ્યાં છે, વક્ષસ્થળમાં લક્ષ્મીજી રહ્યાં છે એ ભગવાનનું હું ધ્યાન કરું છું એમ કેમ કહ્યું? એમ કેમ ન કહ્યું કે હું પૂર્ણ પુરુષોત્તમ

ભગવાન છું, મારું ધ્યાન કરી અને બધાય મુક્તોને મારા સ્વરૂપમાં રાખું છું? મેં કહ્યું એમ જ કહ્યું છે. કારણ કે ભગવાને નિર્માનીપણું બતાવ્યું છે. અને પોતે મુક્ત તરીકે સેવકભાવે બોલ્યા છે. તો એનું નામ જ સર્વોપરી પરમાત્મા. એ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન પૃથ્વી ઉપર આવ્યા તે પહેલાં પૃથ્વી પરના લોકો તો શ્રીકૃષ્ણની ભક્તિથી રંગાઈ ગયેલા અને રામચંદ્રજીની ઉપાસનાથી રંગાઈ ગયેલા, ભગવાન શંકરની ઉપાસનાથી રંગાઈ ગયેલા. ચારેકોર એવું જ હતું. એમાં સર્વોપરી તત્ત્વને કેવી રીતે ઓળખે? એનો દાખલો આપું તમને. કે આઈન્સ્ટાઈને એમ કહ્યું કે સારું થયું કે મારી માએ મને એમ ન કહ્યું કે આ બિલાડી આડી ઊતરે તો આપણને નુકસાન કરે. નહિતર મારા મગજમાં એ પૂર્વગ્રહ જો પેસી ગયો હોત તો કાઢવો અઘરો પડત. કારણ કે Subconscious mind માં જે impression પડે એ પૂર્વગ્રહ જલદી હટતો નથી. તરત સાંભરે કે અત્યારે આ આડું ઊતર્યું. તો જો આઈન્સ્ટાઈન એમ કહેતો હોય તો વિચાર કરીએ કે જો આપણે પરાપૂર્વથી કોઈ સંસ્કાર આવ્યા હોય એ કાઢવા કેટલા અઘરા!

## ૨૪૧

**પૂજ્યશ્રી નારાયણભાઈએ આપણને દરરોજ ભગવાનની કઈ પ્રાર્થના કરવાનું કહ્યું છે?**

આપણે ભગવાનને દરરોજ પ્રાર્થના કરીએ કે હે મહારાજ! એક ક્ષણભર પણ તમારી મૂર્તિ ભૂલાય નહિ, તમે અમને તમારા સ્વરૂપમાં રાખ્યા છે એની દઢતા કદીયે ઓછી ન થાય, તમે અનાદિમુક્તની પંક્તિમાં બેસાડ્યા છે એ વિશ્વાસ કદીયે ડગે નહિ અને તમારી ઈચ્છા હોય ત્યારે તમે અમને દિવ્ય દર્શન આપીને સુખમાં મૂકજો, આજને આજ મૂકી દો એમ પણ કહેતા નથી, બધું તમને ખબર છે, તમને સોંપીએ છીએ. અમારો આખો ચૈતન્ય તમને સોંપ્યો છે, દયા કરીને તમે સંભાળી લેજો. અમને તમારા સુખમાં રાખજો એટલી જ પ્રાર્થના અને આપના સ્વરૂપ સિવાય કાંઈ ગમે નહિ એવી દયા કરજો. એવી પ્રાર્થના કરવી.

## ૨૪૨

**શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્ત પ્રગટ થાય ત્યારે તેમનું સ્વરૂપ મનુષ્યના જેવું સીમિત કેમ લાગે છે? અને તે મનુષ્ય સ્વરૂપ દિવ્ય ક્યારે જણાય છે?તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા જ્યારે પૃથ્વી ઉપર પ્રગટ થાય ત્યારે પોતાનું સર્વ ઐશ્વર્ય-સામર્થ્ય સાથે જ હોય, એના મુક્તો પણ સાથે હોય, પરંતુ ભગવાન એ બધું ઢાંકી રાખે છે. એટલે આપણને એ જે મનુષ્ય સ્વરૂપ છે એ સીમિત લાગે છે; પણ હકીકતમાં સીમિત નથી, જેવું છે એવું જ છે.

આપણી દૃષ્ટિ દિવ્ય થતાંની સાથે જ ખબર પડે છે કે ખરેખર એ અપાર, અનંત એવું એ દિવ્ય સ્વરૂપ છે.

## ૨૪૩

### કૃપાના આશીર્વાદ એટલે શું? તે આશીર્વાદ કોણે આપ્યા છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

શ્રીજીમહારાજે આપણને બાપાશ્રી દ્વારા કેવા આશીર્વાદ આપી દીધા! એ કયા આશીર્વાદ? કૃપાના આશીર્વાદ. કૃપા તુલ્ય કોઈ જ વસ્તુ નથી. કૃપા એટલે કૃપા. ભગવાનના સ્વરૂપમાં પહોંચવા માટે આ કૃપાવર્ષા વગર કોઈ શક્યતા નથી. બધા જ સાધનોનો અંત ત્યારે જ આવે છે કે જ્યારે એ કૃપા મળે. જો એ કૃપા મળે તો એ સાધન પરિપૂર્ણ થયા કહેવાય. એ કૃપામાં આપણે સર્વ બેઠા છીએ.

## ૨૪૪

### શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્ત ક્યારે એકલા હોય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક વાર એકલા પ્રેમાનંદ સ્વામી જ બેઠા હતા. બીજું કોઈ નહિ. સામે મહારાજની મૂર્તિ હતી. સ્વામી ઘણો વખત સુધી એ મૂર્તિ સમક્ષ કીર્તન ગાતા હતા. કીર્તન કરતાં કરતાં નૃત્ય કરતા હતા. Divine play! એક જણ બારીમાંથી

જોતા હતા કે પ્રેમાનંદ સ્વામી શું કરે છે? આવું એકાદ કલાક સુધી જોયું. અને સ્વામીને પૂછ્યું કે સ્વામી! એકલા એકલા તમે શું કરો છો? તમને શું મઝા આવે છે? સ્વામી કહે કે હું ક્યાં એકલો છું? તમે એકલા છો. શ્રીજીમહારાજ ભેગા અનંત દિવ્ય મુક્તો છે. જેને પ્રભુનો આ જાતનો મહિમા હોય, આટલી સમજણ હોય, તો એને કદીએ એકલાપણું લાગતું નથી. આપણે પણ કદીએ એકલવાયું ન લાગે એવી સ્થિતિ કરવી જોઈએ.

## ૨૪૫

**કૃપાસાધ્ય એટલે શું? અને કૃપાસાધ્ય કોણ છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

એક વાત યાદ રાખીએ કે મહારાજ કૃપાસાધ્ય છે. કૃપાસાધ્યનો અર્થ એ કે ભગવાન કોઈને કહે કે તમને મૂર્તિમાં રાખ્યા તો એ વચનમાં ફેરફાર ન થાય; ભલે પછી એનામાં અવગુણો ભર્યા હોય. પણ એક વાર એમ બોલે કે તને મૂર્તિમાં રાખી દીધો; એટલે પછી છોડે નહિ. વાત પતી જાય. ભલે એ પાપનો પર્વત હોય, પણ જો ભગવાન પાસે આવે ને જો ભગવાન રાજી થઈ જાય અને એક વાર કહે કે મેં તને મૂર્તિમાં રાખ્યો અને આ જ જન્મે મારા દિવ્ય સુખને પમાડી દઈશ, મારા સુખનો અનુભવ કરાવીશ તો એવું કરાવ્યા વગર છોડે નહિ. પણ કૃપાસાધ્ય ભગવાનનું વચન

અદ્ધરથી ઝીલાય એવો વિશ્વાસ માત્ર જોઈએ; કોઈ સાધન કરવાની જરૂર નહિ.

## ૨૪૬

### કૃપાસાધ્ય શ્રીજીમહારાજે અને એમના અનાદિમુક્તો દ્વારા દિવ્ય આશીર્વાદ આપ્યા છે તેમાં સંપૂર્ણપણે વિશ્વાસ રાખવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

કૃપાસાધ્યનો અર્થ જ એ કે સાધન કરવાની જરૂર જ ક્યાં છે? બરાબર છે. સાધન ક્યા કરવાના? પણ એવો વિશ્વાસ આવવો જોઈએને? બરોબર યાદ રાખીએ કે ભગવાન કૃપાસાધ્ય છે એ સમજવા માટે એવો વિશ્વાસ જોઈએ કે કોઈ પણ સંજોગો ઊભા થાય તો પણ એ વિશ્વાસ ડગે નહિ. જો એ ડગે અને સંજોગ પ્રમાણે જો સંકલ્પ થઈ જાય કે આમ કેમ? તો એનો અર્થ કે શંકા થઈ. Question પૂછ્યો કે ભગવાને આમ કેમ કર્યું? વાત પતી ગઈ. અદ્ધરથી ક્યાં ઝીલ્યું? માટે કૃપાસાધ્ય ભગવાનનું વચન જો અદ્ધરથી ઝીલે તો કશા સાધન ન કરે તો પણ પામી જાય. પણ જો એવો વિશ્વાસ હોય તો આપોઆપ વર્તન સહજ બની જાય. આ એક ખૂબી છે. એટલું નક્કી સમજવું કે સાર્ધ-શતાબ્દી મહોત્સવ વખતે છેલ્લા જન્મના આશીર્વાદરૂપે મહારાજના મુક્તો બોલ્યા એ કંઈ બધાયને રાજી કરવા સારુ નથી બોલ્યા. બધાંયને બળ મળે એટલે નથી બોલ્યા. સાર્ધ-

શતાબ્દી મહોત્સવ વખતે સર્વોપરી સ્વામિનારાયણ ભગવાને અને બાપાશ્રીએ આશીર્વાદ આપ્યા કે જાવ તમારો છેલ્લો જન્મ; તો એમાં સત્સંગી ન હોય એવા ય હતા. તો એનો પણ છેલ્લો જન્મ થઈ જાય. જો એમાં એને શંકા ન રહે તો થયા વગર રહે જ નહિ; આ જ જન્મે થઈ જાય.

એક વસ્તુ બરાબર પાકી કરવી, કે કૃપાસાધ્ય ભગવાનમાં વિશ્વાસ રાખવો કે મારો છેલ્લો જન્મ થઈ ગયો છે. જો એ વિશ્વાસ ડગે નહિ તો એ અદ્ધરથી ઝીલેલું વચન આપણા સમગ્ર ચૈતન્યનો ફેરફાર કરી નાખે છે. એમાં કોઈ શંકા નથી. અરે! આપણને ખૂબ મહારાજનું બળ હોય, મહારાજનું એકે એક વચન પાળતા હોઈએ અને અચાનક મોટો રોગ આપી દે તો? અને કોઈ આવીને કહે કે હું તારો રોગ હાલ મટાડી દઉં. એ વખતે આ ખ્યાલ રહેવો જોઈએ કે મને તો મૂર્તિમાં મૂક્યો. તો મૂર્તિમાં મૂક્યા પછી રોગ ક્યાં રહ્યો? એ રોગ તો સ્થૂળ દેહમાં રહ્યો. દેહ સળગી જાય એ ભેગો એ રોગે ય જવાનો જ છે. ચૈતન્યની અંદર કોઈ રોગ પ્રવેશતો નથી. જો ચૈતન્યમાં રોગ પ્રવેશે તો કોઈ દહાડો એ ચૈતન્ય ભગવાનને પામે જ નહિ. નિર્મળ થાય કેવી રીતે? ચૈતન્ય ઉપર તો આ જે પાપકર્મો કર્યા હોય એના આવરણો છે. એ આવરણો હટી જાય તો? એ ચૈતન્ય તો જેવો છે એવો નિર્મળ જ છે. આપણને એમ કહી દે છે મહારાજ કે તમને અમે મૂર્તિમાં રાખીને અમારા દિવ્ય સુખનો અનુભવ

કરાવશું, તો આ જન્મે કરાવી દે. આભ તૂટી પડે એટલું દુઃખ હોય તો પણ એમ જાણે કે હું તો સુખિયો જ છું, ભલે ગમે તેમ થાય. આવો અડગ નિશ્ચય કરીને જો એ વચન ઝીલે તો ભલે એ સાધન ન કરે તો પણ પામી જ જાય. પણ એ આવવું કઠણ છે ને? ત્યારે એ જ બરાબર સમજવાની ખૂબ જરૂર છે.

એક વાત યાદ રાખીએ કે આપણે મહારાજની મૂર્તિમાં રહ્યા પછી કદીયે એમ નહિ માનવાનું કે આપણને કોઈ વસ્તુ, આધિ-વ્યાધિ કે ઉપાધિનો સ્પર્શ થઈ શકે. જે કંઈ પણ થાય તે દેહરૂપે ભલે દેખાય. એવું બળ કેળવીએ. સહન કરતાં શીખીએ. ભલે મુક્તને પ્રાર્થના કરો, પણ પેલો વિશ્વાસ ડગવો જોઈએ નહિ. એ વિશ્વાસમાં જો ફેરફાર થઈ જાય કે પ્રશ્ન ઉઠે એ જ વાત ખોટી છે અને છેલ્લા જન્મનું થયું એમાં પ્રશ્ન શું ઉઠાવાનો? ત્યાં પ્રશ્ન ય નથી ને જવાબ ક્યાં આપવાનો રહ્યો? મને તો એમ લાગે છે કે આ સભામાં બેઠેલા બધા જ મુક્તો મૂર્તિમાં રહ્યા છે.

## ૨૪૭

## શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્ત જ્યાં પ્રગટ થયા હોય અને જે તે સ્થાનમાં વિચરણ કર્યું હોય તે સ્થાનોની દિવ્યતા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

દિવ્ય સ્થાનમાં દિવ્યસ્વરૂપ મહારાજના આવા અનાદિ મહામુક્ત પ્રગટ થયા મહારાજની ઈચ્છાથી તો એ

દિવ્યતા જતી રહે ખરી? દિવ્યતા કોઈ દિવસ ન જાય. પાકો રંગ જાય છે? તો દિવ્યતા કેવી રીતે જાય? આ સ્થાનમાં રહેનારા કે આવનારા એમની પાત્રતા પ્રમાણે બદલાય એટલા ખરા. કોઈવાર એવું પણ બને કે તેઓનું વર્તન આજ્ઞા વિરુદ્ધ હોય; એનો અર્થ એ નહિ કે આ સ્થાનની દિવ્યતા બદલાય. બે વસ્તુ તો અખંડ રહેવાની: એક શ્રીજીમહારાજ ને બાપાશ્રી અને આ દિવ્ય સ્થાનની રજે રજ જે દિવ્ય થઈ તે દિવ્ય જ રહેવાની. આવનાર બદલાય કે ન બદલાય, પણ આ સ્થાન દિવ્ય રહેવાનું. બધાને અહીં આવવું પડશે અને આવવાના. બધાય લોખંડ તો ખરા જ ને? અને સર્વશ્રેષ્ઠ લોહચુંબક જો કોઈ હોય તો તે પરમ તત્ત્વ સર્વોપરી પરમાત્મા ખરા કે નહિ? તો કયો જીવ એ ધારે તો ન આકર્ષાય?

## ૨૪૮

**શ્રીજીમહારાજનું અક્ષરધામનું સ્વરૂપ કેવું છે? અને તે સ્વરૂપનાં દર્શન આપણને ક્યારે થાય? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

અક્ષરધામમાં મહારાજ દિવ્ય સ્વરૂપે છે ને એને ઢાંકીને મનુષ્યરૂપે આવ્યા ત્યારે આપણે ખમી શકયા. પાત્ર થાવ ત્યારે એ દિવ્ય સ્વરૂપ બહુ શીતળતાથી સહન થાય છે, નહિતર ન થાય. મનુષ્યરૂપે આવ્યા ત્યારે અધૂરા નહોતા,

પણ ઐશ્વર્યને ઢાંકી રાખ્યું અને અક્ષરધામનું જે દિવ્ય સ્વરૂપ છે એ તો કોટી કામદેવ પણ હિસાબમાં નહિ એવું સુંદર છે. એવું સ્વરૂપ લઈને મનુષ્યરૂપે પ્રગટ ન થઈ શકે. કારણ કે અવરભાવની એક મર્યાદા હોય છે. અવરભાવની મર્યાદા ઓળંગીને પરભાવ સુધી પહોંચો એટલે એ દિવ્ય સ્વરૂપની ખબર પડે. પણ થોડી ઝાંખી કરાવે એટલે આપણને બળ આવે. એમ કલ્યાણસિંહજીને જે દર્શન કરાવ્યા એ પ્રતીતિ કરાવવા દિવ્ય ઝાંખી માત્ર કરાવી. મહારાજની મૂર્તિમાંથી જે પ્રકાશ નીકળે છે એ પ્રકાશ ઝીલી શકાય એવા પાત્ર હોય તો સુખ આવે તો મહારાજે એ શીતળ, શાંત, દિવ્ય પ્રકાશ કલ્યાણસિંહજીને બતાવ્યો કે જેથી એ સહન કરી શકે. એમને ખાતરી થઈ ગઈ કે વાત બરાબર છે. ત્યારે એ ઝાંખી થઈ ગઈ તો મૂર્તિરૂપ થયા. તો ભલે મહારાજ અત્યારે દિવ્ય દર્શન આપણને કરાવે કે ન કરાવે, પણ અંતે તો કરાવશે એ ચોક્કસ. શું કામ અધીરા થવું?

## ૨૪૯

**શ્રીજીમહારાજ અને અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી પોતાની સાથે અનેક દિવ્ય મુક્તોને સાથે લઈને પધાર્યા તે મુક્તોના અંગ (સ્વભાવ) જુદા જુદા હતા તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

શ્રીજીમહારાજ સાથે પાંચસો પરમહંસ આવ્યા. શું

જરૂર હતી? મહારાજ મનુષ્યરૂપે દૃષ્ટિગોચર થાય ત્યારે બધાયના ચિત્ત પલટાઈ જાય. તો આટલા બધા મુક્તોને દશ્યમાન કરવાની જરૂર શી? દૃષ્ટિગોચર કરવાની? બરાબર છે. એનાથી કોઈ વસ્તુ અશક્ય નથી. કારણ કે એ All Mighty છે. સર્વશક્તિમાન છે, પણ એની અનાદિની રીત છે. God ને પણ પોતાની અલૌકિક રીત છે કે પોતાને ઓળખાવવાને માટે મનુષ્યો એ બાધિત છે. એની ભૌતિક આંખની સામે આવરણો છે. આવા એક હજાર કાગળના આવરણો હોય એ એક પછી એક ખસેડતા જાઓ, એક રહે ત્યાં સુધી તમે નહિ જોઈ શકો.

પરમ પૂજ્ય દિવ્ય સ્વરૂપ સોમચંદબાપા, બાપાશ્રી સાથે જ આવેલા, પણ બધાની શિક્ષાને અર્થે સૌએ અલગ-અલગ રીતે, વિવિધતારૂપે જીવનનો પ્રારંભ કર્યો. શ્રીજીમહારાજ સાથે અને બાપાશ્રી સાથે જે દિવ્ય મુક્તો આવેલા એ દરેકના અંગ અલગ-અલગ હતાં. મનુષ્યે-મનુષ્યે સ્વભાવ અલગ-અલગ જોવા મળે છે. સ્વભાવ પણ અનંત થયા. તેમ આ મુક્તો પ્રગટ થયા, ત્યારે બધાયના અંગ અલગ-અલગ. જો અલગ-અલગ ન હોય તો જ્ઞાન વાસ્તવિક રીતે સમજાય નહિ. વાસ્તવિકરૂપે સમજવાને માટે વિવિધ અંગ ધારણ કરવાં પડે છે. નિષ્કુળાનંદ સ્વામીનું અંગ અલગ, ગોપાળાનંદ સ્વામીનું અલગ, બ્રહ્માનંદ સ્વામીનું અલગ, મુક્તાનંદ સ્વામીનું અલગ. દરેકના

અંગની એક પુસ્તિકા બહાર પાડી હોત તો મને લાગે છે કે જાણવાનું કંઈ જ બાકી ન રહે. એમાં બધું જ આવી જાય. કેટલા બધા પુસ્તકો બહાર પડે છે ક્યાં વાંચવા જાઓ? અને વાંચે કંઈ પાર આવે નહિ. ત્યારે આ ખરું તત્ત્વજ્ઞાન, ખરું જ્ઞાન મેળવવાને માટે મહાપુરુષોના અંગનો અભ્યાસ કરવો જોઈએ. એ અંગના અભ્યાસમાં એટલી બધી શક્તિ છે કે જીવનમાં, આપણા આચરણમાં ઊતરી જાય, ચૈતન્યનો પલટો થઈ જાય. ચૈતન્ય ઉપરના આવરણો હટી જાય, એવી એમાં તાકાત છે. એ અંગોનો અભ્યાસ કરો તો તરત જ ખ્યાલ આવશે કે આપણને અંતરમાં જે વિક્ષેપ થાય છે એ દૂર થઈ ગયેલો દેખાય છે.

નિષ્કુળાનંદ સ્વામીના વૈરાગ્યના અંગનો ઊંડાણથી જો વિચાર કરો તો જૈન ધર્મીઓ કે બીજા ધર્મીઓ વૈરાગ્ય કેળવવાના જે સાધનો કરે છે, જે કેટલું બધું તપ કરે છે એ કરવું ન પડે. કારણ કે એ એક અંગમાં જ એટલી શક્તિ છે કે આ બધા સાધનોનું કામ કરી નાંખે. આ હકીકત છે.

એ મુક્ત બનવું જોઈએ. મુક્તસ્વરૂપ બનવું એટલે? મુક્તે જે દેહ ધારણ કર્યો, એ આકાર ધારણ કર્યો એ રૂપ નહિ, પણ સ્વરૂપ બધાથી વિરક્ત હતું, બધાથી મુક્ત હતું, એ સ્વરૂપરૂપ થવું જોઈએ.

## ૨૫૦

**દિવ્ય પુરુષો-મુક્તોનું આલોકમાં પ્રગટ થવું અને તેમના ગૃહસ્થાશ્રમ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

સામાન્ય મનુષ્ય માટે જન્મવું અને મૃત્શું થવું એ બે જુદી પ્રક્રિયાઓ છે. જ્યારે મુક્તો ગર્ભમાં આવતા પણ નથી. એ એક ખૂબી છે. એ એક કલ્પનાનો જ વિષય રહે છે, પણ એ સ્થિતિને પમાય ત્યારે જેમ પાણીમાં કમળ, એવી જ રીતે એમનું પ્રગટ થવું છે.

પર્વતભાઈને કેટલા બધા દીકરા! બાપાને પણ દીકરા! તો શું એમણે જગતનો વ્યવહાર કર્યો? નહિ. એમને તો સંકલ્પ માત્રે કામ થયું. નહિ કે આ લોકના મનુષ્યની જેમ. હવે આવી કલ્પના કેવી રીતે આવે? જે બાયોલોજી ભણ્યા હોય, વિજ્ઞાન ભણ્યા હોય, એમ કેમ થયું એની કલ્પના કરી શકે નહિ, પરંતુ અત્યારે વિજ્ઞાનની પણ એક શાખા બાયોલૉજીકલ થિયરી ઑફ નૉલેજ નીકળી છે. એ બાયોલૉજીકલ થિયરીનો અભ્યાસ કરવો. એના માટે વિજ્ઞાનનું ખૂબ જ્ઞાન જોઈએ. એના ઉપરથી એમ નક્કી થાય છે કે દિવ્ય પુરુષો કોઈ પણ જાતના સંબંધ કર્યા વગર આપોઆપ પ્રગટ થાય છે. ગમે તે રીતે They Can Come એને એની સાથે કોઈ લેવા-દેવા નથી.

# ૨૫૧

## શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્તના વાણી અને વિચરણ વિશે અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

વચનામૃત શ્રીજીમહારાજના મુખમાંથી નીકળેલો દિવ્ય પ્રવાહ. અત્યારે એ જ સ્વરો સારાયે વિશ્વમાં હવામાં ગુંજન કરી રહ્યા છે. સમય આવશે ત્યારે વિજ્ઞાન દ્વારા એ સ્વરો વિશ્વના સર્વ મનુષ્યોને સાંભળવા મળશે. શ્રીજીમહારાજ મનુષ્યરૂપે હતા ત્યારે કેવો અવાજ હતો, એ સમય આવે જરૂર સાંભળવા મળશે. પરમ પૂજ્ય સોમચંદબાપાનો સ્વર તો અહીં આપણામાંના ઘણાના કર્ણમાં ગુંજન કરી રહ્યો છે. એ દિવ્ય ધ્વની ટેપરેકોર્ડર દ્વારા સાંભળી શકીએ છીએ. એ કેસેટમાં ઉતારવામાં પણ આવ્યો છે. એ આપણું સદ્‌ભાગ્ય છે. શ્રીજીમહારાજના સંકલ્પ સ્વરૂપ બાપાશ્રી પ્રગટ થયા તે વખતે શોધ તો થઈ હતી, પણ બહુ જ પ્રાથમિક અવસ્થામાં હતી. બાપાશ્રીનું સ્વરૂપ એવું અદ્‌ભુત હતું કે જે સંબંધમાં આવ્યા તે જાણી શકે. જેમ છે એમ જાણી શક્યા એ અહોભાગી બની ગયા, પરંતુ જ્યારે બાપાશ્રી અમદાવાદમાં પધાર્યા ત્યારે અમદાવાદની અટારીએ-અટારીએ માણસો એમનાં દર્શન કરવા ઊમટ્યા હતા. બાપા રસ્તામાં ચાંદલા કરતા આવે. એક વાર કંકુ

ખૂટી જતાં એક બાળકે કહ્યું. બાપા, મને ચાંદલો કરો. એણે ધૂળ હાથમાં લઈ બાપાને કહ્યું. એ ધૂળમાં પોતાનો અંગૂઠો બોળી બાપાએ ચાંદલો કર્યો તો એ કંકુનો થઈ ગયો. ધૂળ અને કંકુ એક બની ગયું. કંકુ અને ધૂળનું અંતિમ બંધારણ તો એક જ છે. વિજ્ઞાનની દૃષ્ટિએ, પણ પ્રક્રિયામાં ફેર. એકનો રંગ લાલ બન્યો અને બીજાનો રંગ ધૂળ જેવો ભૂખરો બન્યો.

## ૨૫૨

## શ્રીજીમહારાજના અનાદિમુક્તનું સામર્થ્ય વિશે અનાદિમુક્તશ્રી સોમચંદબાપાના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાનના દિવ્ય મુક્તોને કળવા એ ઘાંટી જબરી છે. એમની દૃષ્ટિ સામેથી આવરણો હટી ગયા. આથી મહારાજ જાણે એટલું એ જાણે છે. તેઓ જાણી શકે કે આપણા મનમાં શું વિચાર ચાલે છે. એ જોઈ શકે છે. ઘટ-ઘટમાં વ્યાપક છે. જ્યાં જ્યાં મહારાજ ત્યાં ત્યાં પોતે છે. પોતાને એમ થાય છે. I am everywhere. હું બધી જગ્યાએ છું. કણે કણમાં હું છું. મહારાજ કણે કણમાં તો મુક્ત પણ કણે કણમાં એવો અનુભવ થાય છે. થોડા સમય પછી આપણા મનમાં શું વિચાર ઉદ્‌ભવશે એની પણ ખબર પડે છે. ત્યારે વિચાર કરો કે ડિવાઈન એટલે દિવ્યતાને પામ્યા પછી કેટલું બધું જ્ઞાન પ્રગટ થાય છે.

એ દિવ્યજ્ઞાન સોમચંદબાપાના અનુસંધાનમાં જણાવું. એક વાર અમે સ્ટેશને જતા હતા. તો અચાનક સુખડની સુગંધી આવવા માંડી. મેં પૂછ્યું કે આ સુખડની સુગંધ ક્યાંથી? અહીં તો કોઈ દુકાન એવી છે નહિ કે અત્તરની સુગંધ આવે. આ સુગંધ ક્યાંથી આવે છે? મેં એમને પૂછ્યું તમને સુગંધ આવે છે ખરી? તો એમણે એમ ન કહ્યું કે મને સુખડની સુગંધ આવે છે. એમણે એમ કહ્યું કે મૂર્તિમાંથી અનેક વિવિધ પ્રકારની નવીન-નવીન ખૂશ્બુ નીકળે છે. એમાંની આ એક છે.

એક વાત એવી છે કે આટલું બધું સર્વજ્ઞપણું! મહારાજ સર્વજ્ઞ તો અનાદિમુક્ત પણ સર્વજ્ઞ કહેવાય. છતાં પણ કેટલું ઢાંકીને વર્તે છે. આપણને એક લૌકિક વસ્તુ પણ જીરવવી કઠણ પડે છે. એક સારું સ્વપ્ન આવે તો પણ ચાર-પાંચ જણાને કહી દઈએ છીએ. તો આટલી બધી અગાધ શક્તિ, આટલું બધું સામર્થ્ય. એને ઝટ-ઝટ વાપરી નાંખવાની ઈચ્છા પણ ન થાય એ કંઈ થોડી વાત છે? એ પાત્રતાનો વિચાર કરીએ તો ક્યાં આપણે ને ક્યાં એ! કીડી કુંજરનો મેળાપ. છતાં પણ એમ કહી દીધું કે તમારા ચૈતન્યને મુક્ત કરીને અમે મૂર્તિમાં રાખ્યો છે. કેટલી કૃપા કરી. કોણ કરી શકે? જે કરી શકે એ જ કરી શકે. બીજા નહિ કરી શકે. ગાંધીની દુકાને જાય ને કહે કે મારે હૃદયમાં કંઈક રોગ છે, તો તું જોઈ દેને, તો એ ન જોઈ શકે. એ એમ કહે કે હાર્ટ સ્પેશ્યાલિસ્ટને

મળ મને ખબર ન પડે. એમ જાત-જાતની પ્રકૃત્તિવાળાને જ્યાં-ત્યાંથી જાળવવા ન પડે? એ તો મહારાજના અનાદિમુક્તનું કામ.

## ૨૫૩

### આપણે શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્તમાં શ્રધ્ધા રાખવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજે કહ્યું, તમે પૂર્ણકામ થઈ ચૂક્યા બરાબર છે? તો આપણે કહ્યું હા. કેટલાકે એમ કહ્યું કે મહારાજ હા પડતી નથી તો એ પણ પૂર્વનો યોગ છે. હા પડી જવી એ પણ પૂર્વનો સંબંધ હોય એના લીધે શ્રદ્ધા આવે. એવી શ્રદ્ધા આવે કે ડગે પણ નહિ તો બહુ સરસ કહેવાય. એ તો રાખે જ છૂટકો. શ્રદ્ધાને ડગવા દેવી નહિ. Faith is a bridge to Akshardham. આપણી વચ્ચે અને અક્ષરધામ વચ્ચે શ્રદ્ધા એ પુલ છે. જેને અક્ષરધામમાં પહોંચવું હોય એને શ્રદ્ધા હોય તો મૂર્તિ સિવાય કોઈ જગ્યાએ પ્રતીતિ આવે જ નહિ. ગમે તેવા ચમત્કારો સર્જાય, અગમ-નિગમનું જાણતા હોય, અંતર્યામીપણે એ બધું કહી દે, એક જગ્યાએથી બીજી જગ્યાએ દેખાય, જાત-જાતના સ્વરૂપ ધારણ કરે, છતાં પણ બ્રહ્માનંદ સ્વામીનો છંદ છે એવા તો ઘણા શબ્દો છે. ઐશ્વર્ય હોવા છતાં પણ સબ માયા કા દાસ. એમ કહ્યું. જો આપણામાં ઉત્તરોત્તર શ્રદ્ધા ન વધે જો એ અંદર ઊતરીને

વિચાર કરીએ તો ખામી હશે જ. કંઈક મુશ્કેલીમાં આવે ત્યારે કોઈક કહે કે આ ભાઈ તારી મુશ્કેલી ટાળી દેશે. મુશ્કેલીથી એવો કંટાળેને. ભગવાન એવી પરીક્ષા કરે કે મટાડે પણ નહિ. ગમે એટલી પ્રાર્થના કરે તો વધે અને એ વખતે સહન ન થતાં ગમે તેને શોધે. શોધે એટલે શ્રદ્ધા નથી એમ નક્કી થઈ ગયું. બીજે પ્રતીતિ આવી જાય. નહિ આવવી જોઈએ. બીજું શું થવાનું હતું? દેહ પડી જવાનો. અરે આટલા બધા દેહ પડી ગયા તો ય કંટાળ્યા નહિ. કેટલા દેહ ધર્યા એનો પાર ખરો? તો ય થાક્યા નથી તો આ એક દેહ પડી જાય એમાં થાકી જવાનું? અરે, મૂવો પડી જાય તો. અરે મહારાજની મૂર્તિ સિવાય ક્યાંય શ્રદ્ધા ન રાખવી.

એક ભક્ત બળવાન હતા. એને અંગ પાકું નહોતું. પણ એવા એક મુક્ત મળી ગયાને શી ખબર? કૃપા જેને કહીએ. એને લીધે એવું બળ આવી ગયું કે ડગે જ નહિ. પણ ક્રિયા બધી સરખી નહિ. મહારાજની આજ્ઞા પણ બરાબર પાળે નહિ. એટલે એમના શરીરમાં પચાસ જેટલા ભૂત પેસી ગયા. હવે વીતાડે બહુ. એ ખાય-પીએ એકદમ. ભૂત ન ખાય? ખાય. હવે સોમચંદબાપાએ જેમ કૃપાની વાત કરી એમ ભગવાનની કૃપા વરસે ત્યારે શું નથી થતું? એના ઉપર કૃપા વરસી એટલે શ્રદ્ધા ડગે નહિ. કોઈકે કહ્યું કે આ મુસલમાન તારા બધા ભૂત કાઢી નાંખશે, ચાલ મારી જોડે. ત્યારે કહે, આ તો પચાસ ભૂત છે ને બીજા પચાસ પ્રવેશ કરે

તો પણ તારી જોડે ન આવું. ભલે રહ્યા અંદર શું નડે છે? એમ સમજશું કે જો આ શરીરમાં મળ, લોહી, હાડકાં શું નથી એ મને કહે? એ બધા ભેગા આ પણ વધારે. આ પણ એક જાતના મળ જ છે ને? એને એટલી બધી શ્રદ્ધા કે ડગી જ નહિ, કે સ્વામિનારાયણ સર્વ કર્તા-હર્તા છે. આવા ભલેને હજાર ભૂત મોકલે. મહારાજ એનું પણ ભેગું સારું કરશે. મારો દેહ પડશે ત્યારે ચૈતન્યનો મોક્ષ થશે. ત્યારે ભેગા એ પણ મોક્ષદશાને પામશે. કેટલો બળવાન બોલો! શ્રદ્ધા! એ શ્રદ્ધાને લીધે એ બધા ભૂતોની સદ્‌ગતિ થઈ ગઈ. એનામાં જે બધા ભૂતો હતા એ બધાની સદ્‌ગતિ થઈ ગઈ. કોણે કરી? શ્રદ્ધા, કૃપા. સોમચંદબાપા જેવા દિવ્ય સંતની કૃપા થકી થઈ.

શ્રદ્ધા જરા પણ ડગવી જોઈએ નહિ. ક્યાંય પ્રતીતિ નહિ. અરે ભલેને ગમે તે થઈ જાય. આપણે કરોડપતિ હોઈએ અને એક દિવસ એવો આવે કે આપણી પાસે કશું જ ન હોય.

## ૨૫૪

## શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્ત દૃષ્ટિગોચર હોય ત્યારે આપણે તેમની અનુવૃત્તિમાં રહેવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક હરિભક્તે મને પત્ર લખ્યો અને પાછા રૂબરૂ

મળ્યા. ભાઈ, હું તો આવો, આમ-તેમ તો તમે મને મુલાકાત આપો તો સારું. મેં એમને તરત જ કહ્યું તમે અમારા મુકામે જરૂર દર્શને આવો. તો એ આવ્યા પછી કહે ભાઈ, મારા એવાં શું ગુના કે મને આવી બધી હેરાનગતિ થાય છે? એમાં જ તમે મને મળતા નથી. મેં કહ્યું એમ નથી. તમે તો પ્રાણ કરતાં વહાલા છો, પણ મારી આ એક નહિ મળવાની કૂટેવ છે. વહાલા એવાને એવા, પરંતુ નહિ મળવાની એક જાતની શું ખબર એવી કૂટેવ કે કોઈને ન મળવું, પરંતુ વહાલા એવા જ. અંતર્વૃત્તિએ તરત જ મળું કોઈ પણ હરિભક્ત આવે ત્યારે મને એમ થાય કે આ તો મુક્તને મળવાનું ઓહો! બરોબર? એકેએકને મળું છું. એક પણ પત્ર આવે તો એક પણ પત્રનો જવાબ નથી આપી શકતો, પણ એ પત્રની નોંધ એ જ ક્ષણ લઈ લઉં છું. એમ નહિ સમજવાનું કે મને ખબર નહિ હોય. બધી જ ખબર હોય.

બધાને એક પ્રાર્થના કરું કે હું શા માટે નથી મળતો એ નહિ પૂછતા બરોબર? એ જણાવવાની ઈચ્છા કરતો નથી. કેમ નથી મળતો એ મહારાજની ઈચ્છા છે. મારે ઘણા કારણો હોયને? કેટલુંક કામ કરવાનું હોય એ કામ કોઈને ખબર ન પડે એવી રીતે કરવાનું ભગવાન કહેતા હોય. જો બધાને દેહે કરીને મળું તો એ કામ થાય નહિ. મહારાજ કહે કોઈને દેહે કરીને મળવાની જરૂર નથી. આ

અજ્ઞાન શું? બરાબર. બધા મળેલા જ છે. હવે મળવાની કંઈ જરૂરિયાત નથી.

## ૨૫૫

### હરિનો મારગ છે શૂરાનો કીર્તનમાં હરિનો મારગ શું? અને શૂરા કોને જાણવા? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક વાત યાદ રાખીએ કે આપણે ગમે ત્યાં જઈએ આપણી વાત એવી રીતે રજૂ કરીએ કે એનો ઉત્તર જ ન આપી શકે. મને યાદ નથી કે કોઈ સભામાં મેં મહારાજની મૂર્તિની કે બાપાશ્રીએ સમજાવેલી વાત કરી ન હોય. મહારાજ પોતે કહે છે કે અમારા અનાદિમુક્ત બાપાશ્રી તમને મળ્યા તો એની વાતો કેમ કરતા નથી? જો એ વાત કરતા ગભરામણ થતી હોય તો એ નબળાઈ દૂર કરવી પડે કે નહિ? કરવી જોઈએને? ગભરાઈને નહિ. સત્ય બોલવામાં ક્યાં ગભરાવાનું? અસત્ય બોલવામાં ગભરાવાનું. સર્વોપરી ભગવાનનું સ્વરૂપ સમજાવવું એ તો ઉત્તમ બાબત છે. એક વસ્તુ કરતાં બીજી વસ્તુ શ્રેષ્ઠ હોય તો એ શ્રેષ્ઠ વસ્તુની સમજ નહિ આપવી જોઈએ? એ શ્રેષ્ઠ વસ્તુ ગ્રહણ નહિ કરવી જોઈએ? કરવી જ જોઈએ. હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ. આ હરિનો મારગ તે હરિને સાચા સ્વરૂપમાં ઓળખી, અબજીબાપાશ્રીએ સ્વામિનારાયણ ભગવાનને

સાચા સ્વરૂપમાં ઓળખાવ્યા એનું નામ હરિનો મારગ. હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ. એ શૂરો. એ અબજીબાપાએ આપણને શૂરવીર ભક્ત બનાવી દીધા અને આપણે આ સત્સંગમાં રહીને બધાને આ વાતો કરવી છે.

## ૨૫૬

## સર્વોપરી ગુરુ કોને જાણવા? અને ગુરુપૂર્ણિમા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આજે આપણે અહીંયા આપણા સર્વોપરી ગુરુ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણની ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવા એકત્ર થયા છીએ. મહારાજના અનાદિમુક્તો એવા ગુરુ છે કે જે સર્વોપરી ગુરુ ભગવાન પાસે આપણને પહોંચાડી અને મૂર્તિમાં વિલીન થઈ જાય. એ સર્વોપરી ગુરુ એ સુખદાતા છે અને એ અનાદિમુક્તો સુખભોક્તા છે. એ સુખદાતા પ્રભુના હાથમાં આપણને એ અનાદિમુક્તો સોંપી દે છે. ભગવાન આપણો હાથ પકડી લે છે. કદી છોડતા નથી. એ પ્રભુને પામવાનો આજ ગુરુપૂર્ણિમાનો દિવસ ગણાય છે. આપણે તો જ્યારથી મહારાજના આશીર્વાદ મળ્યા, જ્યારથી મહારાજ જેમ છે તેમ ઓળખાયા ત્યારથી સદાય ગુરુપૂર્ણિમા છે. સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ એ સર્વોપરી ગુરુ છે. એ પૂર્ણતામાં એટલે કે એના દિવ્ય સુખમાં રહી અખંડ અનુસંધાન રાખીએ

એ જ ગુરુપૂર્ણિમા. ગુરુપૂર્ણિમાનો ધ્યેય એ એક જ. આજનો દિવસ જ ગુરુપૂર્ણિમા બની રહે એ પૂરતું છે? નહિ. ગુરુપૂર્ણિમા સદાય રહેવી જોઈએ. પૂર્ણમાં પૂર્ણ થઈને રહેવું, અનાદિમુક્ત, સેવક થઈને રહેવું એ જ ગુરુપૂર્ણિમાનો અંતિમ ધ્યેય છે. એ ભગવાન ગુરુ છે, એ પરમાત્મા ગુરુ છે. આપણે ગુરુ નથી. અવરભાવમાં જ્ઞાન આપે તે ગુરુ ગણાય; પણ એ ગુરુ પણ શિષ્ય જ છે, અંતે સેવક જ છે. તે સેવકનું કાર્ય એ છે કે પોતે જે સુખમાં પહોંચ્યા હોય એ સુખમાં બીજાને પહોંચાડી દેવા. તે આ કાર્ય ભગવાનના સંકલ્પથી જ કરે છે. મહારાજ હંમેશાં મુખ્ય રહેવા જોઈએ. આધ્યાત્મિક ગુરુ એ કેવળ પ્રેરણારૂપ છે. સહજાનંદ ગુરુ ભજે સદા એવું લખ્યું છેને? સહજાનંદરૂપી ગુરુ. એમની ઉપાસના કરવાની. અનાદિમુક્ત ગુરુ ખરા, પણ એ ઉપાસ્ય ગુરુ નથી. ઉપાસ્ય ગુરુ તો શ્રીજીમહારાજ એક જ. અદ્વિતીય. એના જેવો કોઈ નહિ. એવા એક ભગવાન સ્વામિનારાયણ. અનાદિમુક્તો આપણને એ સુખમાં લઈ જનારા છે, માટે એ આપણા ગુરુ. જે દિવ્ય સુખને પમાડે એ સાચા સાધુ. એવા અનાદિમુક્તો, એવા સદ્‌ગુરુઓ, એવા અનાદિ મહામુક્તો આપણને મળ્યા. હવે શું જોઈએ? અખંડ હવે એટલું જ કરવાનું રહ્યું કે આનંદથી કામ કરી અને આ જીવનયાત્રા પૂરી કરી નાંખવાની. તે જીવનયાત્રા કેવી બનાવવી? મૂર્તિના સુખના સંબંધવાળી. એમાં રહીને

આનંદ જ કરવાનો.

## ૨૫૭

## નિષ્કામ પ્રાર્થના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આપણે મહારાજનું ધ્યાન કરતાં પહેલાં એમના અનાદિ મહામુક્તોની સ્મૃતિ સહેજવાર કરવી. અને બળ મેળવીએ અને પ્રાર્થના કરીએ કે જે સુખમાં આપ રહો છો તે સુખમાં રહીને અમને સુખ અનુભવાય તથા મહારાજની મૂર્તિનું નખશિખા સરસ દર્શન સદાય રહ્યા કરે એવી તમે દયા કરજો. એવી અંતરની પ્રાર્થના કરવી. પ્રાર્થના પ્રાર્થનામાં પણ ફરક છે. આ લોકનું સુખ – ભલે તે શુભ હોય ગમે તેટલું છતાં પણ એની પ્રાર્થના એ સકામ છે અને ભગવાનના સુખમાં રહીને મહારાજની મૂર્તિનો સંબંધ રાખવાની પ્રાર્થના તે નિષ્કામ પ્રાર્થના છે. એવી પ્રાર્થના પણ નિરંતર કરવી પડે. તે પ્રાર્થના ક્યાં સુધી કરવી જોઈએ? જ્યાં સુધી આપણે એ મૂર્તિમાં મૂર્તિમય થઈ જઈએ, આપણે મટી જઈએ ત્યાં સુધી કરવી જોઈએ.

## ૨૫૮

## આપણો છેલ્લો જન્મ કોણે કર્યો છે? અને આપણે

**અનાદિમુક્ત કેવી રીતે થયા છીએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

આપણો આ સ્થૂળ દેહ તે આપણે નથી. આપણે તો મહારાજના સુખમાં રહેલા અનાદિમુક્ત છીએ. એની હા પડવી જોઈએ. ભલે અત્યારે આપણને આપણી પાત્રતા ઓછી લાગતી હોય, પણ એથી કંઈ મૂંઝાવાની જરૂર નથી. એવા ભગવાન મળ્યા છે કે કોઈ કસર રહેવા દે એવા નથી. મહારાજે આપણો આ છેલ્લો જન્મ કર્યો છે તે હકીકત છે. કોઈને એમ થાય કે અહોહો! છેલ્લો જન્મ! હા, છેલ્લો જન્મ. કરનારે કર્યો છે. જેના હાથમાં છે એ તો કરી શકે કે નહિ? આપણા ખિસ્સામાં સો રૂપિયા હોય તો આપણે કોઈને આપવા હોય તો આપી શકીએ કે નહિ? તો જો પ્રભુને પોતાના સુખમાં રાખવા હોય, તો તેને કોણ ના પાડી શકે? અરે! પશુ-પક્ષીઓ જેવી અધમ યોનિમાં રહેલા જીવોને પણ મુક્તાનંદ સ્વામી જેવાએ ભગવાનના સુખમાં પહોંચાડી દીધા. આપણે બધા આશીર્વાદથી-કૃપાથી થયેલા અનાદિમુક્ત છીએ. એવા આશીર્વાદ કેમ ભૂલાય? એ આશીર્વાદમાં રહી અને અખંડ આનંદમાં રહીએ એ જ કરવાનું. કદી પણ દુઃખનું ગાણું ગાવું નહિ. મહારાજ કહે છે કે હું કોઈ પણ દુઃખ આપતો જ નથી. મારી ઝોળીમાં તો સુખ જ ભર્યું છે; એમાં બીજું કાંઈ છે જ નહિ. જો એમની ઝોળીમાં સુખ હોય તો તે સુખમાં આપણને રાખ્યા તો આપણું દુઃખ

કોઈ રહ્યું ખરું? કદીએ ન માનવું કે હવે આપણને દુઃખ છે. અરે! દુઃખ ક્યાં? મહારાજની મૂર્તિના સુખમાં રહીને મઝા કરો.

## ૨૫૯

## આપણે દરેક કાર્ય શ્રીજીમહારાજની સ્મૃતિ સાથે કેવી રીતે કરી શકાય? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

પરમાત્મા આપણને મળ્યા છે. જેવી તેવી વસ્તુ નથી મળી. આથી આપણે આ વાતનું ધ્યાન રાખીને આપણે પોતે આ સ્થૂળ દેહ નથી એમ થઈ જવાનું. એટલે મહારાજ સર્વકર્તા રહ્યા કે નહિ? જરા પણ આપણે કંઈ કરીએ છીએ એમ માનવું નહિ. આપણે કંઈ કરતા જ નથી; છતાં કરીએ છીએ એવું દેખાય છે. વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય, કે આપણે ધંધો કરતાં હોઈએ તો આપણને એમ થાય કે સ્મૃતિ રાખીશું તો ધંધો સરખો નહિ થાય, કામ બગડી જશે. એ હકીકત છે. મૂર્તિમાં સ્મૃતિ અખંડ જોડાઈ રહે તો પ્રવૃત્તિ સરખી ન થાય ત્યારે શો ઉપાય કરવો? ઘણા સર્વિસ કરતા હોય ને જો મૂર્તિરૂપ થઈ જાય તો વૃત્તિઓ બધી મૂર્તિમાં ખેંચાઈ જાય. તો બધું કાર્ય પડ્યું રહે અને જેની નોકરી કરતા હોઈએ એ તો ચર્મચક્ષુથી આપણને દેખેને? તો એને તો એમ થાય કે આ બરાબર કામ નથી કરતા. કાં તો એમ થાય કે

આમનું કંઈ મગજનું ઠેકાણું નથી. એવું થાય. એટલે મહારાજ એવી આપણી સ્થિતિને રૂંધી રાખે છે કે જેથી આપણે બધી પ્રવૃત્તિ કરી શકીએ.

એક વાત કહી દઉં કે આપણે કદીએ મહારાજને ભૂલતા નથી. ભૂલીએ છીએ એવું લાગે છે તે ભ્રમણા છે. મૂર્તિમાં આપણને રાખ્યા, આપણી ભેળા એ રહે અને કહે કે હું અખંડ તમારા ભેળો છું; પછી ભૂલવાની વાત ક્યાં રહી? આપણે આખો દિવસ જમણો હાથ, ડાબો હાથ એમ સંભાર્યા કરીએ છીએ કે છે કે નહિ? એમ સંભારવાનું ક્યાં રહે? એ આપણા ભેળા થઈ ગયા. આપણે ધ્યાન જરૂર રાખીએ કે આપણી નોકરીનું કામ, પ્રવૃત્તિનું કામ કરતાં પહેલાં પાંચ સેકન્ડ ભગવાનની સ્મૃતિ કરીને શરૂ કરવું. એનાથી મહારાજ રાજી થાય અને ભેળા રહે. પછી જે જે કામ કરો એ મહારાજ કરે છે. આપણને એમ લાગે છે કે આપણે કરીએ છીએ. એ આપણે ભૂલી જવું. તો મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવી એ કઠિનમાં કઠિન સાધન મહારાજે સહેલું કરી દીધું કે નહિ? જમતી વખતે પણ સ્મૃતિ કરીને જમવું. કોઈ પણ પ્રવૃત્તિ કે કાર્ય કરતાં પહેલાં બેથી ત્રણ સેકન્ડ ભગવાનની સ્મૃતિ કરવાની. આ એક નિયમ રાખવો કે કોઈ પણ પ્રવૃત્તિમાં મહારાજની મૂર્તિનું ધ્યાન બે કે ત્રણ સેકન્ડ કરવું. આનાથી તે મૂર્તિ કેવી પાકી થઈ જાય તે વિચારજો. જો આટલું જ કરીએ તો મૂર્તિમાં અખંડવૃત્તિ જ

રહી. અરે! નિદ્રા જેવું પણ ના રહે. નિદ્રા પણ યોગનિદ્રા થઈ જાય. દેહ આરામ કરે ને ચૈતન્ય મૂર્તિના સુખમાં રમે! અગમ નિગમ તે સુગમ કરી દીધું!

# ૨૬૦

## નિષ્કામભાવે પ્રાર્થના કરવાથી કેવી પ્રાપ્તિ થાય છે? તેના વિશે સદ. શ્રી બ્રહ્માનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્ય શ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક છોકરો કોસ વડે કૂવામાંથી પાણી કાઢતો હતો. બ્રહ્માનંદ સ્વામી અને એવા દિવ્યસ્વરૂપ મુક્ત ત્યાંથી નીકળ્યા. સંતોને અને પોતાને જળપાન મહારાજને કરાવવું હતું. તે છોકરાને કહે કે થોડું પાણી જોઈએ છે, પણ કોસનું પાણી ન જોઈએ તો છોકરો કહે કે આ ઘડામાંથી કાઢી આપું? તો બ્રહ્માનંદ સ્વામી કહે કે આ સંતો છે તેને તું ઘડો આપ એ માંજીને પાણી કાઢશે. તું દોરડું આપ, મદદ કર. પછી સંતોએ ઘડાને માંજી કરીને સાફ કરીને પાણી કાઢ્યું. સાફ કરીને પાણી ગાળીને પીધું. પેલો છોકરો રાજી થયો અને કહે કે હું તો પામર જીવ છું, મારા ઉપર દયા રાખજો. તો બ્રહ્માનંદ સ્વામી કહે કે આ ફાંદ સંભારજે એટલે હું તને અંત સમયે તેડવા આવીશ અને ભગવાનના સુખને પમાડીશ. તો છોકરો કહે કે તમારી ફાંદ સાંભરે ખરી? હું તો પામર છું. તો બ્રહ્માનંદ સ્વામી કહે કે તું આજથી પામર મટી ગયો એમ

જાણ. છોકરો કહે કે એ વખતે ફાંદ ન સાંભરે. બ્રહ્માનંદ સ્વામી કહે કે કાંઈ નહિ, હું સંભારી આપીશ. છોકરો કહે કે તો ભલે. તો અંત સમયે બ્રહ્માનંદ સ્વામી મહારાજને લઈને તેડવા આવ્યા અને પોતાની ફાંદ ઉઘાડી કરી અને છોકરાને યાદી આપી. છોકરો કહે કે અહોહોહો! આવ્યા આવ્યા! કહેતા ભેગો જ ચૈતન્યને મુક્ત કરીને એને સુખમાં મૂકી દીધો! વિચાર કરો! એક આટલી નાની સરખી સેવા આપી. શું કામ એવું થયું? કે તેણે નિષ્કામભાવે એટલી સેવા કરી.

મહારાજ કહે છે કે કોઈ ભક્તને જો પોતાપણું બિલકુલ ન હોય અને હું સાથે છું અને હું જ કામ કરું છું. જો એમ રહે અને બધો યશ મને આપે તો હું એને ન્યાલ કરી નાંખુ છું. તો આપણે પણ એવું કરવું કે હે મહારાજ! આ બધો યશ તમને; મારામાં કાંઈ નથી. એ વાત તો બરાબર છેને? શું આપણું પોતાનું કહો? એ મળ્યા એ આપણી પાસે રહે તે આપણી મૂડી. એ અબજો રૂપિયા ખર્ચતાં ય ક્યાંય મળે? ત્યારે આપણે એ મૂડીના પીરસનારા-નિઃસ્વાર્થ પીરસનાર થવું. મહારાજ મારા દ્વારા પોતાનું જ્ઞાન બીજા જીવોને આપે છે એમ ધારવું. એવું કરીએ તો બીજા જીવને બીજબળ થાય કે નહિ? ધારો કે આપણે અત્યારે કંઈ ને કંઈ નોકરી કે કોઈક પ્રવૃત્તિ કરીએ ત્યાં આપણા સંબંધમાં બીજા નવા માણસો આવવાના. આપણે ભગવાનને સાથે રાખી રહ્યા છીએ. તો એ ભગવાનની દૃષ્ટિ એના ઉપર નહિ પડે? ચોક્કસ પડે.

ત્યારે એ ભગવાન આપણા દ્વારા આપણી સાથે રહીને તે પોતે બીજાના કલ્યાણ કરી નાંખે. તો આપણે આ જોગમાં આવી ગયા તો આપણો લાભ ભગવાન બીજાને આપે છે તે આપણા અહોભાગ્ય નહિ? એને જ કર્તા રાખવાના.

## ૨૬૧

**શ્રીજીમહારાજની કૃપાવર્ષામાં બધાએ એક વાર જરૂરથી આવી જવું જોઈએ તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

આપણા ઉપર પ્રસન્નતા અને કૃપાવર્ષા થઈ રહી છે. આવા ભાગ્ય ક્યાંથી મળે? એવી આ દિવ્ય સભા. સ્વામિનારાયણ ભગવાન કહે છે કે અમારા અનાદિમુક્તો દ્વારા અમે જે આશીર્વાદ વરસાવીએ છીએ તે આશીર્વાદ-વર્ષામાં એક વાર તો જરૂર બધાએ આવી જવું. ન આવ્યા હોય એને પણ એક વાર લઈ આવવા સમજાવીને. કારણ કે એ આશીર્વાદ એ સામાન્ય વડીલે આપેલા આશીર્વાદ નથી. એ તો ભગવાન સ્વામિનારાયણે એ અનાદિમુક્ત દ્વારા આપેલા અને મહારાજની મૂર્તિને પમાડે ત્યાં સુધી જંપે નહિ એવા એ આશીર્વાદ છે. એ આશીર્વાદ એ અજબ દિવ્ય શક્તિ છે. એ શ્રીજીમહારાજના આશીર્વાદરૂપ દિવ્ય શક્તિ જો એક જ વાર કોઈને સ્પર્શે એટલે કે એ કૃપાવર્ષામાં એક જ વાર જો કોઈ આવી જાય, તો એ આશીર્વાદ ધીમે ધીમે એના

આખા જીવનનું પરિવર્તન લાવે છે. ભગવાનના સન્મુખ ઊભો રહે એવા સંજોગો ઊભા કરે છે, જરૂર પડે તો શારીરિક શિક્ષા પણ કરે અને જરૂરી પાત્રતા આવે તો એ શિક્ષા પાછી પણ ખેંચી લે છે. એટલે એ આશીર્વાદ આ બધું જ કામ કરે છે અને ઠેઠ મૂર્તિના સુખને પમાડી દે ત્યારે એનો વિરામ થાય. આ સત્ય હકીકત છે. નહિતર તો બધી વાતો કેટલી અઘરી! ભગવાનને પામવા એ કેટલું અઘરું છે એ વાતની યાદ આપું છું. રાફડા વળી જાય તો પણ ભગવાનની પ્રાપ્તિ થતી નથી. ત્યારે એક વાર કૃપાવર્ષામાં આવી જવામાં પૈસા આપવા પડે છે? શું જોર પડે છે? અરે! ઊલટું મળે છે. ગુમાવવાનું તો કાંઈ છે જ નહિ. તો જ્યાં ગુમાવવાનું જ નથી, જ્યાં અવિચળ પ્રાપ્તિ મળે છે, ત્યાં શા માટે ન જવું? ત્યારે એવી આ દિવ્ય સભામાં ભગવાન સ્વામિનારાયણ કૃપાવર્ષા કરતા હોય એમાં શા માટે ન આવી જવું? આ એક વાત.

## ૨૬૨

**ભગવાનના મુક્ત અંતસમો બતાવે ત્યારે તેમના માટે પ્રાર્થના શા માટે કરવી જોઈએ? તે વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

સત્સંગમાં મહારાજના કેટલાક મુક્ત અદશ્ય થઈ મૂર્તિના સુખમાં પહોંચી જાય છે. કેટલાક મુક્તો

અવરભાવમાં ભગવાનના ભક્તોને ત્યાં જન્મ ધરે છે. કેટલાક મુક્તો અંત સમો બતાવે છે. એમ ભગવાનની ઈચ્છાથી આ કલ્યાણકારી કાર્ય ચાલ્યા કરે છે. શરૂઆતમાં આપણે ભગવાનના બે ભક્તો અદશ્ય થઈ મૂર્તિના સુખમાં પહોંચી ગયા તેમને માટે પ્રાર્થના કરવાની, જેથી ભગવાનના મુક્તો જે અદશ્ય થઈ ગયા છે તેમને શ્રીજીમહારાજ અવનવા સુખ ભોગવાવે અને જે મુક્તો અંતસમો બતાવે છે એ મુક્તોને દેહમાંથી મુક્ત કરીને ભગવાન પોતાના સુખમાં ખેંચી લે અને પોતાના સુખે સુખિયા કરે એવી પ્રાર્થના કરીએ અને ત્યાર પછી આપણે આપણું કામ આગળ શરૂ કરીએ. બે મિનિટ મૌન રાખી ભગવાનના ભક્તો માટે આ પ્રાર્થના કરીએ.

આ પ્રાર્થનાથી મહારાજ અને મુક્ત ખૂબ રાજી થયા. જે ભગવાનના મુક્ત માટે પ્રાર્થના કરી એ પણ ખૂબ રાજી થયા. એમનો રાજીપો મળ્યો. ભગવાનની ઈચ્છાથી એમની કૃપા મળી. જ્યારે જ્યારે ભગવાનના ભક્તો આ લોકમાંથી અદશ્ય થાય ત્યારે આ લોકમાં ખોટ પડે છે, પરંતુ એ પણ ભગવાનની ઈચ્છાથી થયા કરે છે. જ્યારે ભગવાનના ભક્તનું આ લોકમાં કાર્ય પૂરું થઈ જાય, ત્યારે આ દેહનો ત્યાગ કરી મહારાજના સુખમાં પહોંચી જાય છે. કારણ કે ભગવાનના ભક્તો એમ જાણે છે કે આપણું રહેવાનું દિવ્ય સ્થાન એ ભગવાનનું દિવ્ય સ્વરૂપ છે. એટલે આપણને તો

એ દિવ્ય સ્થાનમાં પહોંચી જવા ઉતાવળ તો હોય, પરંતુ કેટલુંક કામ કરવા માટે આ લોકમાં જરૂર હોય ત્યાં સુધી આપણને રાખે છે. ધામમાંથી આવેલા મુક્તો પણ આ લોકમાં રહી અને મોક્ષનું કાર્ય, આત્યંતિક મોક્ષનું કાર્ય કરી ગયા ને કરે છે. એ સદાવ્રત ચાલુ જ છે. અત્યારે પણ આપણી સભામાં એવા મહામુક્તો સારી એવી સંખ્યામાં બિરાજે છે અને એમના થકી આ જગતમાં ઘણા જીવોનું કામ થાય છે. આ સદાવ્રત જ્યાં સુધી પૃથ્વી ચાલશે, ત્યાં સુધી ચાલ્યા કરશે.

---

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે –

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ-બહેનને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધન કેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે

જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય તેવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

મહારાજ અને મહારાજના અનાદિમુક્ત
કહે તેમ કરીએ તો ભગવાનનું સુખ મળે.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org

Email: info@shriswaminarayandivinemission.com